ટ્રસ્ટની પ્રવૃત્તિઓના લાભો લોકો સુધી પહોંચાડનાર
'ગુજરાત ટુડે'
દૈનિકને રાજ્યના છેવાડાના ગામ સુધી પહોંચાડવા પ્રયત્નશીલ બનો.
(લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ દ્વારા જનહિતાર્થે પ્રકાશિત)

નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)

AHMEDABAD
SINCE-1991

**કરન્સી માર્કેટ**

| | |
|---|---|
| US.ડોલર | ૯૪.૪૯ |
| પાઉન્ડ | ૧૨૭.૬૫ |
| યુરો | ૧૦૯.૭૪ |
| સઉદી રિયાલ | ૨૫.૩૪ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૫૭,૯૦૦ |
| ચાંદી (૧ કિલો) | ૨,૫૦,૦૦૦ |

Regd. No.Guj.168/2026-2028 Valid up to Dt. 31-12-2028 permitted to Post at Ahmedabad Unaccountable L1 on Everyday & Published on Everyday● RNI. No. 48870/91 ● વર્ષ-૩૬ અંક-૪૧ ● તંત્રી : અઝીઝ ટંકારવી

### વડાપ્રધાન મોદીએ ગુજરાતના વડોદરામાં રૂા. ૩૫ હજાર કરોડથી વધુના વિકાસ કાર્યોની આપી ભેટ

# ચિપ્સથી લઈને શિપ્સ સુધી, ભારત હવે એક નવું ઉત્પાદન ભવિષ્ય બનાવી રહ્યું છે

## 'નારાજ ફૂફા' અને 'જૂઠ કી ગૂંજ' : ગુજરાતના કાર્યક્રમમાં મોદીએ વિપક્ષ પર ફરી એકવાર પ્રહાર કર્યા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે ગુજરાત અને મહારાષ્ટ્રના એકદિવસીય મહત્ત્વપૂર્ણ પ્રવાસે પહોંચ્યા છે. ગુજરાતના સાંસ્કૃતિક પાટનગર વડોદરા ખાતે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં આયોજિત 'નમો ૪ વિકસિત ભારત' કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને હજારો કરોડ રૂપિયાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ સમારોહમાં ખાસ કરીને ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના મહત્વના સેક્શન્સ દેશને સમર્પિત કરવામાં આવ્યા હતા. વડોદરા ખાતે જનમેદનીને સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે, ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર હવે ભારતના વિકાસ અને અર્થતંત્રની નવી 'લાઈફલાઈન' બની ચૂક્યો છે. આ વિકાસ ઉત્સવ દેશની પ્રગતિને નવી ઊંચાઈઓ પર લઈ જશે. આ સંબોધનમાં વડાપ્રધાન મોદીએ પ્રોજેક્ટમાં થયેલા ભૂતકાળના વિલંબને લઈને અગાઉની સરકારો સામે આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, આજે જે યુવાનો અહીં ઉપસ્થિત છે, તેમાંથી ઘણાંનો તો કદાચ જન્મ પણ નહીં થયો હોય જ્યારે વર્ષ ૨૦૦૪માં આ ફ્રેઈટ કોરિડોરનો વિચાર રજૂ થયો હતો અને ૨૦૦૬માં કંપની બની હતી. પરંતુ વાસ્તવિકતા એ છે કે ૨૦૧૪ સુધી માત્ર ફાઈલો એક ટેબલ પરથી બીજા ટેબલ પર ફરતી રહી. જો કે, હવે 'અટકતી, લટકતી, ભટકતી' ફાઈલોનો યુગ ગયો, હવે દેશમાં રેકોર્ડબ્રેક ગતિએ કામ થાય છે. Gen Zને સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે, શરૂઆતના સાતથી આઠ વર્ષોમાં ૧ કિલોમીટરનું પણ કામ પૂરું થઈ શક્યું હોતું. જો એ જ ગતિએ દેશ ચાલ્યો હોત તો ત્રણથી ચાર પેઢીઓ વીતી જાત તોય કામ પૂરું ન થાત. ૨૦૧૪માં તમે મને દિલ્હી મોકલ્યો અને આ ધરતીએ મને જે શીખવ્યું છે તેના બળે અમે તાત્કાલિક આ પ્રોજેક્ટને અભૂતપૂર્વ ગતિ આપી.



### ડેડિકેટેડ ફ્રેઈટ કોરીડોર એ ઝડપથી વિકસતા ભારતની જીવન રેખા : વડાપ્રધાન મોદી

તમને ભટકાવનારા ગલીએ ગલીએ છે પરંતુ તમારે સત્યનો રણકાર પારખવો પડશે. ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના કારણે પરિવહન અને રોડ ટ્રાન્સપોર્ટ સેક્ટર પર નકારાત્મક અસર પડશે તેવી આશંકા વ્યક્ત કરી રહેલા વિરોધીઓ PM મોદીએ વ્યંગ કરતાં કહ્યું કે, હવે આ નારાજ ફૂફાજીઓ બૂમો પાડશે કે આ ફ્રેઈટ કોરિડોર બનવાથી શું ટ્રક ડ્રાઈવરોને નુકસાન થશે ? હવે ટ્રકો ક્યાં જશે ? જે લોકોએ ટ્રક ખરીદી છે તેમનું શું થશે ? આ લોકો દરેક પ્રગતિશીલ પ્રોજેક્ટમાં માત્ર અડચણો અને નકારાત્મકતા જ શોધવાનો પ્રયાસ કરે છે. આ દરમિયાન તેમણે વિપક્ષ પર પ્રહાર કરતાં કહ્યું કે, છેલ્લા દાયકામાં ભારત રેલવે કોચ, મેટ્રો કોચ અને રેલ એન્જિનનું મોટું ઉત્પાદક બન્યું છે. વર્ષ ૨૦૧૪ પછી ભારતે અત્યાર સુધીમાં આશરે ૫૦,૦૦૦ આધુનિક ટ્રેન કોચ અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કર્યું છે. જ્યારે બીજી તરફ, અગાઉની સરકારે પોતાના ૧૦ વર્ષના શાસનમાં માત્ર ૫૦,૦૦૦ શૌચાલય પણ પૂરા બનાવ્યા નહોતા. વડાપ્રધાને કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ)ના ક્ષેત્રમાં ભારતને આગળ લઈ જવાની વાત કરી હતી. તેમણે યુવાનોને એઆઈના ક્ષેત્રમાં આગળ વધવા અને નવી ટેકનોલોજી અપનાવવા આહવાન કર્યું હતું. સરકાર દરેક ક્ષેત્રમાં કામ કરી રહી હોવાનું જણાવી તેમણે કહ્યું કે ભારત એઆઈ ક્ષેત્રે સુપર પાવર બનવા માટે આગળ વધી રહ્યું છે. મોદીએ કહ્યું કે આજના સમયમાં માત્ર ડિગ્રી પૂરતી નથી, પરંતુ કૌશલ્ય પણ જરૂરી છે. નવી શિક્ષણ નીતિ દ્વારા શિક્ષણ વ્યવસ્થાને નવા સ્વરૂપમાં પરિવર્તિત કરવામાં આવી છે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનોનો ઉલ્લેખ કરતાં મોદીએ કહ્યું કે લાખો યુવાનો પરીક્ષાની તૈયારી કરે છે અને કોચિંગ પાછળ મોટી રકમ ખર્ચાય છે. યુવાનોનો ખર્ચ બચાવવા માટે સરકાર મફત ઓનલાઈન કોચિંગની વ્યવસ્થા માટે અભિયાન હાથ ધરશે, તેવી જાહેરાત તેમણે કરી હતી. વડાપ્રધાને જણાવ્યું હતું કે, "વિકસિત ભારતની યાત્રાને ગતિ આપવા હું તમારી વચ્ચે આવ્યો છું. વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત માટે તમામને અભિનંદન." તેમણે સ્વચ્છતાથી સ્વાગત અભિયાન માટે વડોદરાના દરેક નાગરિકની સરાહના કરી હતી. છેલ્લા એક અઠવાડિયાથી વડોદરામાં સ્વચ્છતાનું વાતાવરણ જોવા મળ્યું છે. ભાષણના અંતે વડાપ્રધાને વડોદરાવાસીઓને ખાસ અપીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે વડોદરાને સ્વચ્છ બનાવવા માટે ઘણી મહેનત કરવામાં આવી છે. હવે નાગરિકોએ સંકલ્પ લેવો જોઈએ કે "વડોદરાને ગંદુ થવા નહીં દઈએ."તેમણે નાગરિકોને વડોદરા સ્વચ્છ રાખવાનો સંકલ્પ લેવા અપીલ કરી હતી. મોદીએ આત્મનિર્ભર ભારતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે હવે ભારત 'ચિપથી શિપ સુધી' નિર્માણની નવી ગાથા લખી રહ્યું છે. દેશને જરૂરી સામાન અને ઉત્પાદનો ભારતમાં જ બનાવવામાં આવે તે દિશામાં સરકાર કામ કરી રહી છે. સૌર ઊર્જા અંગે તેમણે જણાવ્યું હતું કે અગાઉ સૌર પ્રોજેક્ટ મોંઘા હતા, પરંતુ ભારતમાં જ ઉત્પાદન શરૂ થવાથી ખર્ચ ઘટાડવામાં મદદ મળી છે. પ્રધાનમંત્રી સૂર્ય ઘર યોજના હેઠળ ૫૫ લાખ ઘરો પર સૌર ઊર્જા પ્લાન્ટ લગાવવામાં આવ્યા છે, જેમાં ૧૧ લાખ ગુજરાતના ઘરોનો સમાવેશ થાય છે. આ પરિવારો વીજળીના ગ્રાહક સાથે વીજળી ઉત્પાદક પણ બન્યા હોવાનું તેમણે કહ્યું હતું.

# અલ્હાબાદ હાઈકોર્ટનો દુર્લભ આદેશ : ગ્રેટર નોઈડાના DM અને અધિકારીઓ સામે કડક વલણ, DMથી લઈને SHO સુધીના પગારમાંથી વસૂલાતનો આદેશ

### જો પરિસ્થિતિ પર અંકુશ નહીં લવાય તો ઉત્તરપ્રદેશ 'ઓર્વેલિયન ડિસ્ટોપિયા' (સરમુખત્યારશાહી રાજ્ય) બની શકે છે : હાઈકોર્ટની ગંભીર ચેતવણી

(એજન્સી) તા.૮

અલ્હાબાદ હાઈકોર્ટે દિલ્હી યુનિવર્સિટીની ૨૪ વર્ષીય લૉ સ્ટુડન્ટ અને એક્ટિવિસ્ટ આકૃતિ ચૌધરી વિરુદ્ધ નેશનલ સિક્યોરિટી એક્ટ (NSA) હેઠળ કરાયેલી અટકાયતને રદ કરી દીધી છે. તેની સાથે જ અદાલતે નોઈડાના જિલ્લા મેજિસ્ટ્રેટ (DM)ના વર્તન અને કાર્યવાહીની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી છે. જસ્ટિસ અતુલ શ્રીધરન અને જસ્ટિસ અચલ સચદેવની ખંડપીઠે આ ચૂકાદો આપતા જણાવ્યું કે, આકૃતિ ચૌધરીની અટકાયત બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ મળેલા તેના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. અદાલતે નિરીક્ષણ કર્યું કે અટકાયતનો આદેશ કોઈ પણ યોગ્ય આધાર કે પુરાવા વગર 'બુદ્ધિના ઉપયોગ વિના' (without application of mind) આપવામાં આવ્યો હતો.

**આકૃતિ ચૌધરીને રૂા.૫ લાખનું વળતર : અધિકારીઓના પગારમાંથી થશે વસૂલાત :** હાઈકોર્ટે ચેતવણી આપી હતી કે, જો નોકરશાહીની આવી અનિયંત્રિત મનમાની અટકાવવામાં નહીં આવે, તો ઉત્તરપ્રદેશ 'ઓર્વેલિયન ડિસ્ટોપિયા' (જ્યાં નાગરિકોની સ્વતંત્રતા છીનવાઈ જાય છે તેવી સ્થિતિ)માં ફેરવાઈ જશે. આ ગેરકાયદેસર અટકાયત બદલ કોર્ટે આકૃતિ ચૌધરીને રૂા.૫ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. અદાલતે આદેશ આપ્યો છે કે, આ વળતરની રકમ સરકારી તિજોરીમાંથી નહીં પરંતુ જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) ગૌતમ બુદ્ધ નગર, મેધા રૂમમ અને જવાબદાર પોલીસ અધિકારીઓથી લઈને સ્ટેશન હાઉસ ઓફિસર (SHO)ના અંગત પગારમાંથી વસૂલ કરવામાં આવે.



**નોઈડા શ્રમિક આંદોલન અને એનએસએ (NSA)નો દુરૂપયોગ :** આકૃતિ ચૌધરીની એપ્રિલ ૨૦૨૬માં નોઈડા ખાતે થયેલા શ્રમિકોના વિરોધ પ્રદર્શન દરમિયાન ધરપકડ કરવામાં આવી હતી. ત્યારબાદ તેની અને સાથી એક્ટિવિસ્ટ સત્યમ વર્મા સામે રાષ્ટ્રીય સુરક્ષા કાયદા (NSA) હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, નાગરિક અધિકારો અને સ્વતંત્રતાનું હનન કરનારી ગેરકાયદેસર કાર્યવાહીને સુધારવા માટે ન્યાયતંત્ર આવા કડક આદેશો આપી શકે છે. અદાલતે ગૌતમ બુદ્ધ નગરના જિલ્લા મેજિસ્ટ્રેટ મેધા રૂમમના વલણની તીખી આલોચના કરતા કહ્યું કે, 'આદેશ આપનાર જિલ્લા મેજિસ્ટ્રેટનું વર્તન તિરસ્કારપાત્ર છે.'

**કોર્ટના મહત્ત્વપૂર્ણ અવલોકનો અને તારણો :**

● **રેકોર્ડની ઊંડાણપૂર્વક તપાસનો અભાવ :** કોર્ટે નોંધ્યું કે NSA જેવા સખત કાયદાનો ઉપયોગ કરતા પહેલા ડીએમ પાસે રેકોર્ડ્સની ઊંડાણપૂર્વક તપાસ કરવાની અપેક્ષા હતી, જે તેમણે કરી નહોતી.

● **દાખલો બેસાડવાનો પ્રયાસ :** આકૃતિ એક મહિલા વિદ્યાર્થી કાર્યકર્તા છે જેનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. તેમ છતાં ડીએમ તેને સજા આપીને એક ઉદાહરણ સેટ કરવા માંગતા હતા જેથી અન્ય લોકો મજૂરોના હકની વાત કરવા માટે જાહેર મંચ પર વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો ઉપયોગ ન કરે.

● **સામાન્ય ગુનાહિત કાયદાનો વિકલ્પ નથી :** કોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે, NSA એક અપવાદરૂપ કાયદો છે અને તેનો ઉપયોગ સામાન્ય ફોજદારી કાયદાના વિકલ્પ તરીકે કરી શકાય નહીં. અટકાયતના આધારો માત્ર અટકળો અને વ્યક્તિગત અભિપ્રાયો પર આધારિત હતા, જેમાં કોઈ નક્કર પુરાવા નહોતા.

## 'જ્ઞાનેશ કુમારની પુત્રી' : અલ્હાબાદ હાઈકોર્ટે નોઈડાના DMને ફટકાર લગાવતા કોંગ્રેસે સાધ્યું નિશાન

### પિતા ભારત સ્તરે લોકશાહીની હત્યા કરી રહ્યા છે અને પુત્રી નોઈડામાં કરી રહી છે : કોંગ્રેસ નેતા શમા મોહમ્મદનો આરોપ

(એજન્સી) તા.૮

અલ્હાબાદ હાઈકોર્ટે દિલ્હી યુનિવર્સિટીની વિદ્યાર્થિની અને એક્ટિવિસ્ટ આકૃતિ ચૌધરી વિરુદ્ધ નેશનલ સિક્યોરિટી એક્ટ (NSA) હેઠળ કરાયેલી અટકાયતને રદ કરીને નોઈડાના જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) મેધા રૂપમને સખત ફટકાર લગાવી હતી. આ ચુકાદા બાદ કોંગ્રેસ સહિતના વિપક્ષી નેતાઓએ મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર અને તેમની પુત્રી મેધા રૂપમ પર રાજકીય નિશાન સાધ્યું છે. અદાલતે ન માત્ર આકૃતિ ચૌધરી સામેનો NSA ઓર્ડર રદ કર્યો પરંતુ તેને રૂા.૫ લાખનું વળતર



ચૂકવવાનો આદેશ આપ્યો હતો અને આ રકમ ડીએમ મેધા રૂપમ તથા અન્ય જવાબદાર અધિકારીઓના પગારમાંથી વસૂલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ ચુકાદાને ટાંકીને કોંગ્રેસ નેતા પવન ખેડાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે, 'અલ્હાબાદ હાઈકોર્ટે જ્ઞાનેશ કુમાર ગુપ્તાની પુત્રીને 'સરમુખત્યાર અધિકારી' (Despotic Officer) તરીકે ચિત્રિત કરી છે.'

**વિપક્ષી નેતાઓની આકરી પ્રતિક્રિયા અને આક્ષેપો :** ● તૃણમૂલ કોંગ્રેસ (TMC)ના સાંસદ મહુઆ મોઈત્રા : તેમણે X પર લખ્યું કે, 'જેવા શરમજનક પિતા તેવી જ શરમજનક પુત્રી - લોકશાહી અને કાયદાકીય પ્રક્રિયા માટે કલંક. નોઈડાના ડીએમ મેધા રૂપમ એ સીએમડી/સીઈસી જ્ઞાનેશ કુમારની જ પુત્રી છે. આપણે ભારતમાંથી આ દૂષણને સાફ કરવાની જરૂર છે.'

● **કોંગ્રેસ નેતા શમા મોહમ્મદ :** તેમણે ગંભીર આક્ષેપ કરતા લખ્યું કે, 'પિતા રાષ્ટ્રીય સ્તરે લોકશાહીની હત્યા કરી રહ્યા છે અને પુત્રી નોઈડામાં કરી રહી છે.'

● **કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સહ-સંયોજક સૌરવ દાસ :** ગૌતમ બુદ્ધ યુનિવર્સિટીના વિદ્યાર્થી અક્ષત ત્રિપાઠી પાસેથી CJPના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ રૂા.૫ લાખનો બોન્ડ માંગવાના આદેશ પર સવાલ ઉઠાવતા તેમણે જણાવ્યું કે, સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓને કાનૂની રક્ષણ છે. તેમણે ઉમેર્યું કે તેઓ કોઈ પણ વિદ્યાર્થીને નિશાન બનવા દેશે નહીં.

**હાઈકોર્ટનું સખત વલણ અને 'ઓર્વેલિયન ડિસ્ટોપિયા'ની ચેતવણી :** જસ્ટિસ અતુલ શ્રીધરન અને જસ્ટિસ અચલ સચદેવની ખંડપીઠે ચુકાદામાં સ્પષ્ટ કર્યું કે આકૃતિ ચૌધરીની અટકાયત બંધારણના અનુચ્છેદ ૨૧ હેઠળ મળેલા મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન કરે છે.

## નોઈડા DM ફરી વિવાદમાં : વિદ્યાર્થીને રૂા.૫ લાખની નોટિસ આપવા બદલ CJPએ ઉઠાવ્યા સવાલ

### પ્રદર્શનમાં ભાગ લેવા બદલ વિદ્યાર્થીને રૂા.૫ લાખની નોટિસ પાઠવતા ગૌતમ બુદ્ધ નગર વહીવટીતંત્ર ફરી ઘેરાયું

(એજન્સી) તા.૮

ગૌતમ બુદ્ધ નગરના જિલ્લા મેજિસ્ટ્રેટ (DM) મેધા રૂપમ અને સ્થાનિક વહીવટીતંત્ર સામે એક નવો વિવાદ ઊભો થયો છે. કોકરોચ જનતા પાર્ટી (CJP)ના વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવાના આક્ષેપ સર એક વિદ્યાર્થીને રૂા.૫ લાખનો બોન્ડ ભરવાની નોટિસ આપવામાં આવી છે, જેની સામે CJPએ ભારે વિરોધ નોંધાવ્યો છે. અલ્હાબાદ હાઈકોર્ટે વિદ્યાર્થી નેતા સામેના નેશનલ સિક્યોરિટી એક્ટ (NSA)ની અટકાયત મામલે વહીવટીતંત્રની આકરી ઝાટકણી કાઢી તેના ગણતરીના કલાકોમાં જ આ નવો મુદ્દો સામે આવ્યો છે.

**સુપ્રીમ કોર્ટના આદેશનો ભંગ કરવાનો આક્ષેપ :** ગૌતમ બુદ્ધ યુનિવર્સિટીના લૉ સેકન્ડ યરના વિદ્યાર્થી અને સ્ટુડન્ટ્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા (SFI)ના ઉત્તર પ્રદેશ સ્ટેટ કમિટી સભ્ય અક્ષત ત્રિપાઠીને આ નોટિસ પાઠવવામાં આવી છે. CJPના પ્રવક્તા સૌરવ દાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર સવાલ ઉઠાવ્યો હતો કે, શું ડીએમ મેધા રૂપમે સુપ્રીમ કોર્ટનો ૧ સપ્ટેમ્બરનો ઐતિહાસિક આદેશ વાંચ્યો નથી ? દાસે દાવો કર્યો હતો કે, સર્વોચ્ચ અદાલતના ચુકાદા મુજબ આંદોલનકારી વિદ્યાર્થીઓને કાનૂની કાર્યવાહી સામે 'કાયમી સુરક્ષા કવચ' (blanket immunity) મળેલું છે, તેથી અક્ષત ત્રિપાઠીએ રૂા.૫ લાખનો બોન્ડ ભરવાની કોઈ જરૂર નથી. તેમણે ઉમેર્યું કે તેઓ કોઈ પણ વિદ્યાર્થીને નિશાન બનવા દેશે નહીં અને કેન્દ્ર સરકારને આ સુપ્રીમ કોર્ટના ચુકાદાની નકલ જિલ્લા વહીવટીતંત્રને મોકલવા વિનંતી કરી છે.

**પોલીસ રિપોર્ટ અને વિદ્યાર્થીનો બચાવ :** ઈકોટેક-૧ (Ecotech-1) પોલીસ સ્ટેશનના રિપોર્ટના આધારે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમ ૧૨૬ અને ૧૩૫ હેઠળ આ નોટિસ જારી કરવામાં આવી છે, જેમાં વહીવટીતંત્રએ આશંકા વ્યક્ત કરી છે કે, વિદ્યાર્થી શાંતિ ભંગ કરી શકે છે. તેના પર 'સરકાર વિરોધી પ્રચાર' કરવાનો અને અન્ય વિદ્યાર્થીઓને CJPના પ્રદર્શનમાં જોડાવા માટે ઉશ્કેરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. બીજી તરફ, અક્ષત ત્રિપાઠીએ આ તમામ આરોપોને નકારી કાઢ્યા છે.

**ક્યા બાત હૈ ?!**




# માહોલ ગરમ : મુરાદાબાદની ઐતિહાસિક મુસ્તફા મસ્જિદને નોટિસ જારી, જ્યારે સંભલમાં મસ્જિદનો સર્વે ચાલુ

(એજન્સી તા.૮

જેમ જેમ યુપી વિધાનસભાની ચૂંટણી નજીક આવી રહી છે, તેમ તેમ વાતાવરણ ગરમાઈ રહ્યું છે. સહારનપુરમાં એક મસ્જિદ તોડી પાડવાની ઘટના બાદ, હવે મુરાદાબાદમાં મુસ્તફા મસ્જિદને તોડી પાડવા માટે નોટિસ જારી કરવામાં આવી છે. સહારનપુરમાં બીબીસીના ભૂતપૂર્વ પત્રકાર હુડા ઝરીવાલાની ધરપકડ કરવામાં આવી છે. મહારાષ્ટ્રમાં એક ચર્ચ તોડી પાડવામાં આવ્યો છે. ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં ધાર્મિક સ્થળો સાથે સંકળાયેલી ત્રણ અલગ-અલગ ઘટનાઓએ રાજકીય અને સામાજિક ચર્ચા જગાવી છે. વિકાસ સત્તાવાળાએ મુરાદાબાદમાં મુસ્તફા મસ્જિદના બાંધકામ અંગે નોટિસ જારી કરી છે. મ્યુનિસિપલ કોર્પોરેશને ગઈકાલે મોડી રાત્રે પુણેના પિંપરી-ચિંચવડમાં એક ચર્ચ તોડી પાડ્યો હતો, જેમાં ગેરકાયદેસર બાંધકામનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. સહારનપુરમાં કલેક્ટરેટ સંકુલમાં એક મસ્જિદ તોડી પાડવામાં આવ્યા બાદ, બીબીસીના ભૂતપૂર્વ પત્રકાર અને હવે યુટ્યુબર હુડા ઝરીવાલાની મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને



વહીવટ વિશે વાંધાજનક ટિપ્પણી કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે. મુરાદાબાદમાં દિલ્હી રોડ પર તીર્થંકર મહાવીર યુનિવર્સિટીની સામે આવેલી મુસ્તફા મસ્જિદ પર વિવાદ ઊભો થયો છે. મુરાદાબાદ ડેવલપમેન્ટ ઓથોરિટી (MDA) એ મસ્જિદ મેનેજમેન્ટ પાસેથી બાંધકામ મંજૂરી, નકશા અને અન્ય સંબંધિત દસ્તાવેજો માંગ્યા છે. અહેવાલો દર્શાવે છે કે મસ્જિદ આશરે ૩૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલી છે. MDAને બાંધકામ યોજનાને મંજૂરી ન આપવામાં આવી હોવાનો આરોપ લગાવતી ફરિયાદ મળી હતી. ઉત્તર પ્રદેશ ટાઉન પ્લાનિંગ એન્ડ ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૩ની કલમ ૧૪, ૧૫ અને ૨૭ ટાંકીને, ઓથોરિટીએ મેનેજમેન્ટ પાસેથી જવાબ માંગ્યો છે. ૨૧ ઓગસ્ટના રોજ જારી કરાયેલી નોટિસમાં પૂછવામાં આવ્યું હતું કે કથિત અનધિકૃત બાંધકામ કેમ દૂર ન કરવું જોઈએ. જવાબ માટે ૩ સપ્ટેમ્બરની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી. MDAના ઉપપ્રમુખ અનુભવ સિંહના જણાવ્યા અનુસાર, ફરિયાદના આધારે દસ્તાવેજો માંગવામાં આવ્યા છે અને તેમની તપાસ પછી જ આગળની કાર્યવાહીનો નિર્ણય લેવામાં આવશે. મસ્જિદના ઈમામ, મોહમ્મદ શાન અઝહરીએ બાંધકામને નવા તરીકે વર્ણવવા સામે વાંધો ઉઠાવ્યો છે. તેમનું કહેવું છે કે મસ્જિદ દાયકાઓ જૂની છે અને ત્યાં ઘણા સમયથી નમાજ અદા કરવામાં આવે છે. મસ્જિદ મેનેજમેન્ટે એમ પણ કહ્યું છે કે તે નિયમો મુજબ નોટિસનો જવાબ આપશે. આનો અર્થ એ છે કે વહીવટીતંત્ર હાલમાં અનધિકૃત બાંધકામની તપાસ કરવાનો દાવો કરી રહ્યું છે, જ્યારે મસ્જિદ પક્ષ બાંધકામની પ્રાચીનતા અને કાયદેસરતાનો બચાવ કરી રહ્યું છે. સંભલમાં એક મસ્જિદ પર પણ વિવાદ ફાટી નીકળ્યો છે. બાબા બહાઉદ્દીન શાહ મસ્જિદ તરીકે ઓળખાતી આ મસ્જિદ માટે સર્વેનો આદેશ આપવામાં આવ્યો છે. આ સંદર્ભમાં, આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા અને સાંસદ સંજય સિંહે આરોપ લગાવ્યો છે કે ભાજપ ચૂંટણી જીતવા માટે તમામ યુક્તિઓનો ઉપયોગ કરી રહી છે. સંજય સિંહે લખ્યું છે કે ભાજપ રમખાણો ભડકાવવાનું કાવતરૂં ઘડી રહી છે કારણ કે તે યુપીની ચૂંટણીમાં ખરાબ રીતે હારી રહી છે. હિન્દુ ભાઈઓએ ભાજપની નફરત સામે લડવા માટે આગળ આવવું જોઈએ. સહારનપુરમાં, આદેશ સીલ કરવાનો હતો, પરંતુ યોગી સરકારે મસ્જિદ તોડી પાડી હતી. હવે "ઈન્ડિયન ફાઈટીંગ પાર્ટી" સંભલ પહોંચી ગઈ છે, અને રેડિયો રવાન્ડા (ગોદી મીડિયા) પણ નફરત ફેલાવવા માટે તૈયાર છે. યુપીના લોકો, સાવધાન રહો, ભાજપની ગંદી રાજનીતિ સામે સાથે મળીને લડો, નહીંતર તમને પાંચ વર્ષ સુધી પસ્તાવો થશે. સંજય સિંહે પોતાના ટ્વીટ સાથે સંભલ સંબંધિત એક વીડિયો પણ શેર કર્યો. મંગળવારે બીબીસીના ભૂતપૂર્વ પત્રકાર અને યુટ્યુબર હુડા જરીવાલાની સહારનપુરમાં ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટના નિર્ણય બાદ વહીવટીતંત્રે તાજેતરમાં મસ્જિદ તોડી પાડી હતી. વહીવટીતંત્રે જણાવ્યું હતું કે મસ્જિદ સરકારી જમીન પર બનેલી હતી અને કોર્ટે તેને ગેરકાયદેસર જાહેર કરી હતી. જુલાઈમાં, સિટી મેજિસ્ટ્રેટ કોર્ટે મસ્જિદને ગેરકાયદેસર જાહેર કરી હતી અને તેને ખાલી કરવાનો આદેશ આપ્યો હતો. જિલ્લા અદાલતે ૨ સપ્ટેમ્બરે મસ્જિદ મેનેજમેન્ટની અપીલ ફગાવી દીધી હતી, જેના પગલે વહીવટીતંત્રે ૫ સપ્ટેમ્બરે તોડી પાડવાની શરૂઆત કરી હતી. કોર્ટના રેકોર્ડના વિશ્લેષણ મુજબ, આ વિવાદમાં આશરે ૩૧૫ ચોરસ મીટર સરકારી જમીનનો સમાવેશ થતો હતો, અને આશરે રૂા.૬.૪૧ કરોડનું વળતર આપવામાં આવ્યું હતું. તોડી પાડવા બાદ, સોશિયલ મીડિયા અને રાજકીય પ્લેટફોર્મ પર વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા. યુટ્યુબર અને સામાજિક કાર્યકર્તા હુડા જરીવાલાના એક વીડિયો સામે આવ્યો છે, જેમાં તેમણે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને સહારનપુર જિલ્લા મેજિસ્ટ્રેટ વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી છે. પોલીસે તેમની ધરપકડ કરી, શાંતિ ભંગનો આરોપ લગાવ્યો અને તેમને જેલમાં મોકલી દીધા.

# BAPS પ્રતિનિધિમંડળને સંડોવતા એફિલ ટાવર વિવાદથી વિદેશ મંત્રાલયે અંતર જાળવ્યું તેને સંસ્થાઓ વચ્ચેની બાબત ગણાવી

નવી દિલ્હીમાં મીડિયા બ્રીફિંગને સંબોધતા વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે, સરકાર BAPS સંગઠનના પ્રતિનિધિમંડળની પેરિસ મુલાકાતને લગતા અહેવાલોથી વાકેફ છે. અહેવાલોમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે, પ્રતિનિધિમંડળની મુલાકાત દરમિયાન મહિલા કર્મચારીઓને એફિલ ટાવરના ચોક્કસ વિસ્તારોમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવી ન હતી. જયસ્વાલે જણાવ્યું હતું કે, પેરિસ ક્ષેત્રમાં તાજેતરમાં BAPS સાથે સંકળાયેલા એક મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. જો કે, તેમણે એફિલ ટાવર સંબંધિત ચોક્કસ મુદ્દાને સંબંધિત સંગઠનો વચ્ચેનો મુદ્દો ગણાવ્યો હતો અને વધુ ટિપ્પણીઓ આપી ન હતી.

# ઓડિશાના જંગલમાં પાંચ બાળ ઓરંગુટાન મળી આવ્યા, તસ્કરીની શંકા

**ઓડિશાના બાલાસોર જિલ્લાના જંગલમાંથી પાંચ ઓરંગુટાન બાળક બચાવી લેવામાં આવ્યા, જેનાથી આંતરરાષ્ટ્રીય વન્યજીવ તસ્કરીની શક્યતા અંગે ચિંતા વધી ગઈ છે, વન અધિકારીઓએ જણાવ્યું હતું કે, કુદરતી સ્થળાંતર અશક્ય છે કારણ કે, ઓરંગુટાન ફક્ત દક્ષિણપૂર્વ એશિયાના વતની છે, આ પ્રાણીઓ પશુચિકિત્સા સંભાળ હેઠળ છે**

મંગળવારે ઓડિશાના બાલાસોર જિલ્લાના જંગલમાંથી પાંચ ઓરંગુટાન બાળક મળી આવતાં આંતરરાષ્ટ્રીય વન્યજીવ તસ્કરીની શક્યતા અંગે ચિંતા વધી ગઈ છે, વન અધિકારીઓએ જણાવ્યું હતું કે, કુદરતી સ્થળાંતર દ્વારા આ વિસ્તારમાં પ્રાઈમેટ પહોંચી શક્યા ન હતા. સ્થાનિક રહેવાસીઓએ સવારે ૯ વાગ્યે દરિયાકાંઠાના જિલ્લાના ભોગરાઈ વિસ્તારમાં બડપાદી ગામના જંગલ પાસે પાંચ કિશોર ઓરંગુટાન જોયા. અસામાન્ય દેખાવના સમાચાર ઝડપથી ફેલાઈ ગયા અને એક કલાકની અંદર હજારો લોકો ઘટનાસ્થળે એકઠા થઈ ગયા, જેના કારણે વન વિભાગે પ્રાણીઓને બચાવવા માટે કાર્યવાહી કરી.

# બિહારના એક શખ્સે ચોરીથી બચાવવા માટે ક્રેન વડે નવી SUVને બીજા માળની છત પર મૂકી

નવી દિલ્હી : બિહારના એક વ્યક્તિએ ગોપાલગંજમાં પોતાના ઘરના બીજા માળે SUV ઉપાડવા માટે ક્રેનનો ઉપયોગ કરીને પોતાની નવી ખરીદેલી મહિન્દ્રા સ્કોર્પિયો ક્લાસિકને ચોરીથી બચાવવા માટે એક અસામાન્ય રીત શોધી કાઢી. વાહનને હવામાં ઉંચકીને કાળજીપૂર્વક છત પર મૂકવામાં આવતો દર્શાવતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ટૂંકી ક્લિપમાં SUV ક્રેનથી લટકતી જોઈ શકાય છે કારણ કે તેને ધીમે ધીમે બે માળના મકાનની છત પર ઉંચી કરવામાં આવે છે. પછી વાહનને કાળજીપૂર્વક છત પર નીચે ઉતારવામાં આવે છે. આ SUV મનોજ યાદવની છે જેણે તાજેતરમાં જ તેને ખરીદી હતી. યાદવ ઈઝરાયેલમાં કામ કરે છે અને વિદેશમાં હતા ત્યારે વાહન ડ્રાઈવરને સંભાળવા માટે છોડી દીધું હતું. જોકે, પાછળથી ડ્રાઈવર ત્યાંથી ચાલ્યો ગયો. પછી પરિવારે કારને સંભવિત ચોરીથી બચાવવા માટે છત પર ખસેડવાનું નક્કી કર્યું. છતની લોડ-બેરિંગ ક્ષમતા અથવા ત્યાં વાહન રાખવાની સલામતી વિશે કોઈ સત્તાવાર માહિતી જાહેર કરવામાં આવી નથી. વાઈરલ વીડિયો અને સ્થાનિક રહેવાસીઓ પાસેથી મળેલી માહિતીના આધારે, 'છત પર સ્કોર્પિયો'નું અસામાન્ય દૃશ્ય ઓનલાઈન ચર્ચાનો વિષય બની ગયું છે.

# બેંગ્લુરુ એમેઝોન, ઈન્સ્ટામાર્ટ સ્ટોર્સમાંથી રૂા.૧.૩૮ કરોડનો એક્સપાયર્ડ થયેલ ખોરાક જપ્ત

કર્ણાટક ફૂડ સેફ્ટી અધિકારીઓ દ્વારા એક ખાસ અમલીકરણ અભિયાન દરમિયાન બેંગ્લુરુમાં એમેઝોન, સ્વિગી, ઈન્સ્ટામાર્ટ અને અન્ય ખાદ્ય સંગ્રહ અને પુરવઠા સુવિધાઓમાંથી રૂા.૧.૩૮ કરોડની મુદતવીતી ગયેલો અને ખોટી રીતે લેબલ કરાયેલ ખાદ્ય ઉત્પાદનો જપ્ત કરવામાં આવ્યા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, નિરીક્ષણના તાજેતરના રાઉન્ડમાં અન્ય રૂા.૪.૦૨ લાખનો દંડ પણ જપ્ત કરવામાં આવ્યો હતો. કર્ણાટક ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશને દેવનહલ્લી અને હોસકોટમાં સ્વિગી, ઈન્સ્ટામાર્ટ સુવિધા અનેકલ બેંગ્લુરુ અને તેની આસપાસના અન્ય ખાદ્ય સંગ્રહ અને પુરવઠા એકમોમાં એમેઝોનની સુવિધાઓ પર નિરીક્ષણ હાથ ધર્યું હતું. વિભાગના જણાવ્યા અનુસાર, અમલીકરણ કાર્યવાહી બેંગ્લુરુમાં આયોજિત "પેટાઇડ્સ પાર્ટી"ના સંદર્ભમાં પ્રાપ્ત બાતમીના આધારે કરવામાં આવી હતી. નિરીક્ષણ દરમિયાન, અધિકારીઓએ ફરજિયાત લેબલિંગ આવશ્યકતાઓ, ઉત્પાદનની તારીખ અને સમાપ્તિ તારીખ, શેલ્ફ લાઈફ અને અન્ય નિર્ધારિત ખાદ્ય સલામતી ધોરણોનું પાલન કરવા માટે ઓનલાઈન અને ઈ-કોમર્સ પ્લેટફોર્મ દ્વારા વેચાતા ખાદ્ય ઉત્પાદનોની તપાસ કરી. જરૂરી લાઈસન્સ વિના દવાઓનો સંગ્રહ પણ તપાસવામાં આવ્યો. બે એમેઝોન સુવિધાઓમાંથી, અધિકારીઓએ ખોટા અથવા અપૂરતા લેબલિંગ અને સમાપ્તિ તારીખ સહિતના ઉલ્લંઘનો માટે રૂા.૧૫ લાખના ખાદ્ય ઉત્પાદનો જપ્ત કર્યા.

# ભારતીય મૂળના યુએસ નાગરિકનો દાવો છે કે ગ્રીનલેન્ડમાં રજા ગાળ્યા પછી તેમને યુએસ બોર્ડર પર અટકાયતમાં લેવાયા

ભારતીય મૂળના અમેરિકન લેખક અને ઉદ્યોગસાહસિક નીલ બક્ષીએ આરોપ લગાવ્યો છે કે વેકેશન પરથી પાછા ફર્યા બાદ યુએસ બોર્ડર અધિકારીઓ દ્વારા તેમની પૂછપરછ માટે અટકાયત કરવામાં આવી હતી. ત્રણ દિવસ પહેલા પોસ્ટ કરાયેલા એક ઈન્સ્ટાગ્રામ વીડિયોમાં, બક્ષીએ કહ્યું હતું કે ગ્રીનલેન્ડથી યુએસ ઉતરાણ કર્યા પછી તેમને અટકાયતમાં લેવામાં આવ્યા હતા. ગ્લોબલ એન્ટ્રીનો ઉપયોગ કરવા છતાં, તેમણે દાવો કર્યો હતો કે તેમને વધારાની સ્ક્રીનિંગ માટે એક બાજુ ખેંચી લેવામાં આવ્યા હતા, અધિકારીઓએ તેમને કહ્યું હતું કે તે એક રેન્ડમ તપાસ હતી. ભારતીય ઈમિગ્રન્ટ્સના પુત્ર બક્ષીનો જન્મ અને ઉછેર અમેરિકામાં થયો હતો અને તેઓ અમેરિકન નાગરિક છે. તેમણે કહ્યું કે વધારાની સ્ક્રીનિંગ માટે રેન્ડમલી પસંદ થવું તેમના માટે નવું નહોતું, પરંતુ આ ખાસ મુલાકાત "ખૂબ જ અલગ" લાગી. "એજન્ટોએ મને અંત સુધી બાજુ રાખ્યો અને પાછળની તરફ લઈ જવામાં આવ્યો હતો. તેઓ મને એક મોટા વેઈટિંગ એરિયામાં લઈ ગયા જ્યાં અન્ય લોકો, પ્રક્રિયાની રાહ જોઈ રહ્યા હતા. બારી વગરનો ઓરડો હળવા પીળા પ્રકાશથી પ્રકાશિત હતો," તેમણે વીડિયોમાં સમજાવ્યું. લેખકે દાવો કર્યો હતો કે તેમને પાછળથી એક નાના રૂમમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં અધિકારીઓએ તેમની વ્યાપક વ્યક્તિગત માહિતી માંગી હતી અને ચોક્કસ જૂથો સાથેના તેમના જોડાણો વિશે પૂછપરછ કરી હતી. "અન્ય પરના ગાદલા ફાટી ગયા હતા અને બાથરૂમના દરવાજા પર કોઈ તાળું નહોતું. એક નાના રૂમમાં, મને દરેક વ્યક્તિગત માહિતી પૂછવામાં આવી હતી, ચોક્કસ જૂથો સાથેના મારા જોડાણો વિશે પૂછવામાં આવ્યું હતું.

# જયપુરના આમેર કિલ્લામાં જીપ ડ્રાઈવરે ટુરિસ્ટ ગાઈડ પર છરીથી હુમલો કર્યો, વિરોધ પ્રદર્શન ફાટી નીકળ્યું

જયપુર : માઓતા તળાવ વિસ્તારમાં થયેલા ઝઘડા બાદ સોનીને છરી મારીને મારી નાખવામાં આવ્યાના એક દિવસ પછી જયપુરમાં પોલીસે આરોપી તરીકે ઓળખાતા એક વ્યક્તિની ધરપકડ કરી છે, જે એક જીપ ડ્રાઈવર છે. સોમવારે ગંભીર હાલતમાં સવાઈ માન સિંહ હોસ્પિટલમાં દાખલ કરાયેલા સોનીનું મંગળવારે સારવાર દરમિયાન મૃત્યુ થયું. તેમના મૃત્યુ સાથે કેસ હુમલાના કેસમાંથી હત્યાના કેસમાં ફેરવાઈ ગયો છે. મૃત્યુના સમાચારથી મોટા જયપુર મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારના ભાગરૂપે, આમેર શહેરમાં વિરોધ પ્રદર્શન શરૂ થયા. વેપારીઓએ શટર પાડી દીધા, આમેર કિલ્લા પર હાથી સવારી અને પ્રવાસીઓની અવરજવર બંધ કરી દેવામાં આવી અને વિરોધીઓએ કિલ્લા તરફ જતો મુખ્ય રસ્તો બ્લોક કરી દીધો. સાવચેતી તરીકે આ વિસ્તારની શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. ઘટનાના સીસીટીવી કેમેરા ફૂટેજમાં આરોપીઓ સોની પાસે નારંગી કપડાં પહેરેલા જોઈ શકાય છે, જે તેની તરફ દોડી રહ્યો છે અને તેને છરીથી મારતો જોઈ શકાય છે. હુમલો આમેર કિલ્લાની સામે જ થયો હતો. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સોનીનું મૃત્યુ થયું પછી તણાવ વધી ગયો. વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને મોટી ફોર્સ તૈનાત કરવામાં આવી છે. પોલીસે કહ્યું છે કે, તેઓ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે અને રહેવાસીઓને અપીલ કરી છે કે, 'અમારી પાસે આરોપી કસ્ટડીમાં છે. અમારી પાસે તેની વિરૂદ્ધ પુરાવા છે,' આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ (ACP) આલોક ગૌતમે જણાવ્યું હતું.

# દિલ્હીમાં થયેલા ઝઘડા બાદ માર્યા ગયેલા મણિપુરી સંગીતકાર માટે ગૌરવ ગોગોઈએ ન્યાય માંગ્યો

**કોંગ્રેસના સાંસદ કહ્યું કે ઉત્તરપૂર્વ ચોંગથમ વિક્રમ સિંહના પરિવાર સાથે છે કારણ કે સંપૂર્ણ તપાસની માંગ વધી રહી છે**

કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈએ મંગળવારે મણિપુરી સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહ માટે ન્યાય માંગ્યો, જેનું દક્ષિણ દિલ્હીમાં તેમના ઘરની બહાર અવાજને લઈને થયેલા વિવાદ બાદ કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો અને બાદમાં તેમનું મૃત્યુ થયું હતું. લોકસભામાં વિરોધ પક્ષના નાયબ નેતા ગોગોઈએ સંગીતકારના મૃત્યુ પર દુઃખ વ્યક્ત કર્યું અને કહ્યું કે પૂર્વોત્તરના લોકો તેમના પરિવાર સાથે એકતામાં ઉભા છે. X પર એક પોસ્ટમાં સિંહને શ્રદ્ધાંજલિ આપતા, કોંગ્રેસના નેતાએ તેમને સંગીત પ્રત્યે સમર્પિત નમ્ર અને શાંતિપ્રિય વ્યક્તિ તરીકે વર્ણવ્યા. તેમણે કહ્યું કે સિંહે ન તો અહંકાર રાખ્યો હતો કે ન તો દુશ્મનાવટ હતી અને તેઓ ઓછી માન્યતા મળવા છતાં તેમણે તેમની કલામાં વ્યાપક યોગદાન આપ્યું હતું. શાંતિથી આરામ કરો. તમને ન્યાય મળે. સમગ્ર ઉત્તરપૂર્વ તમારા પરિવાર માટે પ્રાર્થના કરે છે," ગોગોઈએ લખ્યું. મણિપુરના વતની સિંહ, તેમના નિવાસસ્થાનની બહાર અવાજનો વિરોધ કર્યા બાદ ઝઘડામાં સામેલ થયા હતા અને કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. તેમને કથિત રીતે સંઘર્ષ દરમિયાન માર મારવામાં આવ્યો હતો અને બાદમાં તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટનાએ મણિપુરી અને વ્યાપક પૂર્વોત્તર સમુદાયમાં વ્યાપક શોક ફેલાવ્યો છે. તેનાથી સંગીતકારના મૃત્યુ પહેલા બનેલી ઘટનાઓની જવાબદારી અને વિગતવાર તપાસની માંગ પણ થઈ છે. પોલીસ ઘટનાઓનો ક્રમ સ્થાપિત કરવા, કથિત હુમલામાં સામેલ લોકોની ઓળખ કરે અને વિવાદની આસપાસના સંજોગો નક્કી કરે તેવી અપેક્ષા છે. ગોગોઈએ હસ્તક્ષેપથી રાષ્ટ્રીય રાજધાનીમાં રહેતા પૂર્વોત્તરના લોકોની સલામતી અને સારવાર અંગે પણ ચર્ચા ફરી શરૂ થઈ છે. સોશિયલ મીડિયા યુઝર્સે સિંહના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને જવાબદારોને ન્યાય અપાવવાની હાકલ કરી છે. આ કેસમાં ધરપકડ અથવા આરોપો વિશે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

# 'બ્રેઈન સ્ટ્રોક પછી કામ મેળવવું મુશ્કેલ' : ૫૮ વર્ષીય રાહુલ રોય કહે છે કે, તે 'લગ્નમાં નાચીને ૨-૪ લાખ રૂપિયા કમાય છે'

નવી દિલ્હી : આશિકી, ઝૂનૂન અને ફિર તેરી કહાની યાદ આઈ જેવી ફિલ્મો માટે જાણીતા અભિનેતા રાહુલ રોયે તાજેતરમાં ૨૦૨૦માં બ્રેઈન સ્ટ્રોકનો ભોગ બન્યા પછી પોતાની નાણાકીય મુશ્કેલીઓ અને કામ પર પાછા ફરવાના પોતાના પ્રયાસો વિશે ખુલાસો કર્યો. સ્ટ્રોકમાંથી સાજા થવામાં ઘણો સમય વિતાવ્યા પછી રાહુલ છેલ્લા કેટલાક વર્ષોથી પોતાની કારકિર્દી ફરીથી બનાવી રહ્યો છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા સાથેની એક મુલાકાતમાં અભિનેતાએ હાલમાં જે નાણાકીય દબાણોનો સામનો કરી રહ્યા છે તેના પર પણ ચર્ચા કરી, જેમાં તેમના અને તેમના ભાઈ વચ્ચે ચાલી રહેલા કાનૂની કેસનો પણ સમાવેશ થાય છે. તેમના મતે આ મામલો ૩૦ લાખ રૂપિયાનો છે, જેમાં તેઓ સમાધાન કરવા માંગે છે અને બંને ભાઈઓ તેને ઉકેલવા માટે કામ કરી રહ્યા છે. તેમણે છૂટાછેડા પછીની પોતાની નાણાકીય પરિસ્થિતિ વિશે પણ વાત કરી. રાહુલે કહ્યું કે, છૂટાછેડા દરમિયાન તેણે પોતાની સંપત્તિ તેની પત્નીને ટ્રાન્સફર કરી દીધી હતી અને હવે તે આર્થિક રીતે પોતાનું જીવન ફરીથી બનાવવા માટે કામ કરી રહ્યો છે. તેણે શેર કર્યું, 'મારા ખર્ચા છે અને મને પૈસાની જરૂર છે. ૨૦૨૦માં મારા મગજના સ્ટ્રોક પછી કામ મેળવવું મુશ્કેલ હતું. ત્યારથી પાંચ વર્ષ થઈ ગયા છે અને હું વસ્તુઓ ચાલુ રાખવા માટે મારાથી બનતું બધું કરી રહ્યો હતો. ક્યારેક, હું લગ્નોમાં નાચીને ૨ લાખ કે ૪ લાખ રૂપિયા કમાઉ છું. જે લોકો મને ટ્રોલ કરે છે તેઓ જાણતા નથી કે આ સખત મહેનત છે. મારે પણ મારું ઘર અને ઘર કમાવવાનું છે.'

# દિલ્હી : ઘોંઘાટની ફરિયાદ કર્યા બાદ મણિપુરી સંગીતકારની માર મારીને હત્યા કરવામાં આવી

**દક્ષિણપૂર્વ દિલ્હીમાં તેમના ઘર પાસે લોકોના એક જૂથને અવાજ ઓછો રાખવાનું કહેવા બદલ જાણીતા મણિપુરી સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહને માર મારીને હત્યા કરવામાં આવી, સિંહ લોકપ્રિય રોક બેન્ડ 'ફોનિક્સ'ના ગિટારવાદક હતા, તેઓ પ્રખ્યાત શાસ્ત્રીય ગાયિકા ચોંગથમ ઓંગબી કમલા દેવીના પુત્ર હતા અને દિલ્હીમાં એક સંગીત શાળા ચલાવતા હતા**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

દક્ષિણપૂર્વ દિલ્હીના કિલોકરી ગામમાં એક જાણીતા મણિપુરી સંગીતકારને મોટા અવાજે સંગીતની ફરિયાદ કર્યા બાદ માર મારીને હત્યા કરવામાં આવી હતી. ટાઈમ્સ ઓફ ઈન્ડિયા અનુસાર, ચોંગથમ વિક્રમ સિંહ મણિપુરી સંગીત ક્ષેત્રમાં એક જાણીતું નામ હતું. તેઓ લોકપ્રિય રોક બેન્ડ "ફોનિક્સ"ના ગિટારવાદક હતા. તેઓ પ્રખ્યાત શાસ્ત્રીય ગાયિકા ચોંગથમ ઓંગબી કમલા દેવીના પુત્ર અને ભારતના પ્રથમ બાફટા એવોર્ડ વિજેતા ફિલ્મના દિગ્દર્શક લક્ષ્મીપ્રિયા દેવીના પિતરાઈ ભાઈ હતા. તેઓ દિલ્હીમાં એક સંગીત શાળા ચલાવતા હતા. ૬ સપ્ટેમ્બરની મધ્યરાત્રિની આસપાસ, સિંહે તેમના ઘરની નજીકના એક રેસ્ટોરન્ટમાં ડિલિવરી અને સર્વિસ કર્મચારીઓને અવાજ ઓછો કરવા કહ્યું. ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના અહેવાલ મુજબ, જ્યારે તેઓ તેમની સાથે વાત કરવા માટે સીડીઓ પરથી નીચે ઉતરી રહ્યા હતા, ત્યારે જૂથ ઝડપથી તેમની પાસે આવ્યું અને શેરીમાં તેમના પર હુમલો કર્યો. અહેવાલો દર્શાવે છે કે તેમને ગંભીર રીતે માર મારવામાં આવ્યો હતો. ૫૫ વર્ષીય સિંહને હુમલામાં ગંભીર ઈજાઓ થઈ હતી. તેમના પુત્ર, યૈફાબા, તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયા, પરંતુ હોલી ફેમિલી હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું. યૈફાબાએ સમાચાર એજન્સી પીટીઆઈને જણાવ્યું, "મારા પિતા નીચે ગયા અને તેમને અવાજ ન કરવા કહ્યું કારણ કે અમે મુશ્કેલીમાં હતા. તેઓએ મારા પિતાને માર માર્યો." તેમણે વધુમાં સમજાવ્યું કે જ્યારે તેમણે દરવાજો ખોલ્યો, ત્યારે તેમણે તેમના પિતાને શર્ટલેસ અને આરોપીઓ દ્વારા માર મારતા જોયા. દીકરાએ ઉમેર્યું, "તેઓ ભાગી ગયા. હું મારા પિતાને ઈમરજન્સી રૂમમાં લઈ ગયો, જ્યાં ડૉક્ટરે કહ્યું કે તેમના બચવાની આશા ઓછી છે." બાદમાં, ડૉક્ટરે અમને કહ્યું કે તેમનું મૃત્યુ થયું છે. અહેવાલો અનુસાર, પોલીસે આઠ લોકોની અટકાયત કરી છે. ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૧૦૩(૨) (હત્યા) અને ૩(૫) (સામાન્ય ઈરાદો) હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. હિન્દુસ્તાન ટાઈમ્સના અહેવાલ મુજબ, ધરપકડ કરાયેલા વ્યક્તિઓની ઓળખ ભરત કુમાર (૧૯), પ્રમોદ (૨૬), રમઝાન ખાન (૨૨), વિજય (૩૬), દીપાંશુ (૨૧), મોહન વિશ્વકર્મા (૩૨) અને મજ્ઞુ (૨૬) તરીકે કરવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે તેમાંથી ચાર ઢાબા પર ડિલિવરી કામદારો તરીકે કામ કરતા હતા, બે પેકેજિંગ કામદારો તરીકે, જ્યારે મજ્ઞુ પિઝા કિઓસ્ક પર કામ કરતા હતા. ઈન્ડિયન એક્સપ્રેસે દક્ષિણ-પૂર્વ દિલ્હીના ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ વિનીત કુમારને ટાંકીને કહ્યું હતું કે, "મેં, અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે, પરિવાર અને અન્ય સમુદાયના સભ્યોને મળ્યા છીએ અને તેમને ઝડપી અને કાયદેસર કાર્યવાહીની ખાતરી આપી છે." બધા સાત આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, અને એક સગીરની ધરપકડ કરવામાં આવી છે. વધુ તપાસ ચાલુ છે. આ ઘટનાએ દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે તીવ્ર પ્રતિક્રિયાઓ ફેલાવી છે. વિપક્ષી નેતાઓએ ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ દ્વારા દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ પર સવાલ ઉઠાવ્યા છે. લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ લખ્યું, "મણિપુરના પ્રખ્યાત સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહ, તેમના ઘરની બહાર કેટલાક લોકોને અવાજ ઓછો કરવા માટે કહેવા માટે નીચે ગયા હતા.

# 'અન્ય નાગરિકો અમને ભારતીય કેમ ગણતા નથી ?' મણિપુરના સંગીતકારની ટોળાં દ્વારા લિંચિંગ પછી ફરી એકવાર જૂના જખમ તાજા થયા

**ચોંગથમ વિક્રમ સિંહના પાડોશી કહે છે કે, 'દિલ્હીમાં અમે હંમેશા જાતિવાદનો સામનો કરીએ છીએ, ઘણા લોકો અમને ચાઈનીઝ અથવા મોમો કહે છે, અમે ભારતીય છીએ અને અમને ગર્વ છે'**

(એજન્સી) તા.૮

દિલ્હીમાં મણિપુરના સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહની લિંચિંગ થઈ છે. જેમણે તેમના ઘરની બહાર અવાજ અને દારૂ પીવાની ફરિયાદ કરી હતી. આ અંગે જાહેર ચિંતા છે અને ઉત્તરપૂર્વ ભારતના દિલ્હીના રહેવાસીઓમાં દુખ છે. ઘણા લોકોએ આરોપ લગાવ્યો છે કે, તેઓ જાતિવાદી અપશબ્દો અને ભેદભાવનો સામનો કરી રહ્યા છે. ચોંગથમ વિક્રમ સિંહના પાડોશી કહે છે કે, 'દિલ્હીમાં અમે હંમેશા જાતિવાદનો સામનો કરીએ છીએ, ઘણા લોકો અમને ચાઈનીઝ અથવા મોમો કહે છે. અમે ભારતીય છીએ અને અમને ગર્વ છે.' રવિવારે મધ્યરાત્રિની આસપાસ તેના ઘરની બહાર કોઈનો અવાજ સાંભળીને, પાડોશી થોડીવાર માટે બહાર નીકળી હતી અને જોયું કે લોકો કોઈનો પીછો કરી રહ્યા હતા પરંતુ ડરથી તેણીએ દરવાજો બંધ કરી દીધો હતો. બીજા દિવસે સવારે તેણીને ખબર પડી કે આ પીડિત સિંહને માર મારવામાં આવ્યો હતો. આ પાડોશી તે જ બિલ્ડિંગના બીજા માળે રહે છે અને સિંહ ત્રીજા માળે રહે છે, તેણે આવા ઘાતજનક ઘટનાઓ યાદ કરી હતી. પોલીસના જણાવ્યા અનુસાર ૫૪ વર્ષીય સંગીતકાર (ગિટારવાદક) પર ડિલિવરી કામદારો અને ઢાબા સ્ટાફના એક જૂથ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, કારણ કે, તેણે દક્ષિણપૂર્વ દિલ્હીના કિલોકારી ગામમાં તેના એપાર્ટમેન્ટની બહાર બૂમો પાડવા અને દારૂ પીવાનો વિરોધ કર્યો હતો. પાડોશીએ કહ્યું કે, મેં કેટલાક લોકોને એક વ્યક્તિની પાછળ દોડતા જોયા, મને ખબર નહોતી કે તેઓ કોણ છે કારણ કે, બહાર અંધારૂં હતું. તેઓ તેની સાથે દુર્વ્યવહાર કરી રહ્યા હતા અને ડર અને મોડી રાત્રે, મેં મારો દરવાજો બંધ કરી દીધો. તેણીએ કહ્યું કે, સિંહ લગભગ નવ વર્ષથી આ વિસ્તારમાં રહેતા હતા. તે ખૂબ જ નમ્ર માણસ હતો. સિંહનો પીછો કરી રહેલા માણસો બૂમો પાડી રહ્યા હતા કે, જોરથી અવાજ સાંભળીને હું પણ અસુરક્ષિત અનુભવી રહી હતી. તેણીએ આરોપ લગાવ્યો કે આરોપી પહેલા સિંહના ઘરે ગયો હતો અને ત્યાં તેના પર હુમલો કર્યો હતો અને પછી તેનો પીછો કરીને બહાર હુમલો કર્યો હતો.

# દિલ્હીમાં મણિપુરના સંગીતકારને માર મારીને હત્યા કર્યા બાદ આરોપી ભાગી રહ્યો છે; CCTV ફૂટેજમાં દિલ્હીના કિલોકારી ગામમાં મણિપુરના સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહ પર થયેલા જીવલેણ હુમલા પછીની ઘટના કેદ : ૮ લોકોની ધરપકડ

(એજન્સી) તા.૮

આ વિસ્તારના સીસીટીવી ફૂટેજમાં મણિપુરના સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહ પર થયેલા કથિત હુમલા પછીની ઘટના દર્શાવે છે, જેમની દક્ષિણ-પૂર્વ દિલ્હીના કિલોકારી ગામમાં ઢાબા કામદારોના એક જૂથ દ્વારા માર મારીને હત્યા કરવામાં આવી હતી. રવિવારે મોડી રાત્રે સિંહ પોતાના ઘરની બહારના મોટા અવાજનો વિરોધ કરવા માટે નીચે ગયા હતા તે પછી આ ઘટના બની હતી. હુમલાના પછીની ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. ફૂટેજમાં ઘાયલ સિંહને એક વ્યક્તિના ખભા પર સીડી પરથી નીચે લઈ જવામાં આવી રહ્યો છે, જ્યારે કેટલાક કથિત હુમલાખોરો સીડી પરથી બહાર આવતા જોઈ શકાય છે. પોલીસ હુમલા દરમિયાન શું બન્યું તે જોવા માટે ફૂટેજની તપાસ કરી રહી છે. સિંહ, તેમના ઘરની સામે આવેલા ઢાબાના કામદારો અને ડિલિવરી કર્મચારીઓ દ્વારા બૂમો અને ઘોંઘાટથી નારાજ થયા હોવાના અહેવાલ છે. તેઓ અવાજ ઓછો કરવા માટે નીચે ગયા પરંતુ પરિસ્થિતિ ટૂંક સમયમાં હિંસક બની ગઈ. જ્યારે તેઓ તેમની સાથે વાત કરવા માટે નીચે આવી રહ્યા હતા ત્યારે ઘણા માણસો કથિત રીતે સિંહ તરફ ધસી આવ્યા હતા અને ગલીમાં તેમના પર હુમલો કર્યો હતો. હુમલામાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. સિંહના પુત્ર, યાયફાબા, તેમને હોલી ફેમિલી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પોલીસે આ કેસના સંદર્ભમાં આઠ લોકોની અટકાયત કરી છે, જેમાં એક સગીરનો પણ સમાવેશ થાય છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આરોપીઓ વિવિધ ખાણીપીણીમાં પેકેજિંગ અને ફૂડ ડિલિવરીના કામમાં કામ કરતા હતા. તપાસકર્તાઓ ઘટનાઓનો ચોક્કસ ક્રમ સ્થાપિત કરવા માટે સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓની તપાસ કરી રહ્યા છે. સિંહ મણિપુરના જાણીતા સંગીતકાર હતા અને તેમણે રાજ્યના અનેક લોકપ્રિય સંગીત બેન્ડ સાથે પર્ફોર્મ કર્યું હતું. તેઓ પ્રખ્યાત શાસ્ત્રીય ગાયક ચોંગથમ ઓંગબી કમલા દેવીના પુત્ર અને ભારતના પ્રથમ બાફટા એવોર્ડ વિજેતા ફિલ્મના દિગ્દર્શક લક્ષ્મીપ્રિયા દેવીના પિતરાઈ ભાઈ હતા. સિંહ દિલ્હીમાં એક સંગીત શાળા પણ ચલાવતા હતા.

# 'દરેક ઉત્તર-પૂર્વનું પરિવાર પૂછી રહ્યું છે' : સંગીતકારની નિર્દયતાપૂર્વક માર મારીને હત્યા કરાતાં રાહુલ ગાંધીના કેન્દ્ર સરકાર પર પ્રહાર

**'આવી અનેક ઘટનાઓ પછી દિલ્હીમાં વસતું ઉત્તર-પૂર્વનું દરેક પરિવાર આજે એક જ સવાલ પૂછી રહ્યું છે - શું આપણે અહીં સુરક્ષિત છીએ ?' : લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી**

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

દક્ષિણ-પૂર્વ દિલ્હીમાં પોતાના ઘરની બહાર ૫૪ વર્ષીય મણિપુરી સંગીતકારની નિર્મમતાપૂર્વક પીટી-પીટીને હત્યા કરી દેવાની ઘટના સામે આવ્યા બાદ રાજકારણ ગરમાયું છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ દિલ્હીમાં વધતી જતી કાયદા વિહોણી પરિસ્થિતિ અને ગુનાખોરી અંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના મંત્રાલય અને દિલ્હી પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. આ સાથે જ તેમણે આ મામલે ઝડપી અને નિષ્પક્ષ તપાસની માંગ કરી છે. મૃતક સંગીતકારની ઓળખ ચોંગથમ વિક્રમ સિંહ તરીકે થઈ છે, જેઓ રિટાયર્ડ મ્યુઝિશિયન હતા અને કિલોકરી ગામમાં રહેતા હતા. સોમવારે વહેલી સવારે તેમના ઘર બહાર કેટલાક ડિલિવરી બોય્ઝ અને ઢાબાના કર્મચારીઓ દારૂ પીને બૂમાબૂમ કરી હંગામો મચાવી રહ્યા હતા. વિક્રમ સિંહે આ ઘોંઘાટ અને ન્યુસન્સ સામે અવાજ ઉઠાવ્યો અને તેમને અવાજ ધીમો કરવા કહ્યું, જેનાથી ઉશ્કેરાઈને અસામાજિક તત્વોના ટોળાએ તેમના પર જીવલેણ હુમલો કરી દીધો હતો. ગંભીર રીતે ઘવાયેલા વિક્રમ સિંહને હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. આ મામલે પોલીસે અત્યાર સુધીમાં સાત શખ્સોની ધરપકડ કરી છે અને એક સગીરની અટકાયત કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર આકરા પ્રહારો કરતા રાહુલ ગાંધીએ લખ્યું કે, "મણિપુરના જાણીતા સંગીતકાર ચોંગથમ વિક્રમ સિંહ જી પોતાના ઘર બહાર થતા શોરબકોરને ઓછો કરવાનું કહેવા નીચે ગયા હતા, અને આ બાબતે તેમની હત્યા કરી દેવામાં આવી. દેશની રાજધાનીમાં જ એક પિતાની પોતાના ઘરની બહાર હત્યા કરી દેવાય છે." તેમણે વધુમાં ઉમેર્યું કે, "આવી અનેક ઘટનાઓ બાદ દિલ્હીમાં રહેતું દરેક નોર્થ-ઈસ્ટનું પરિવાર આજે એ જ સવાલ પૂછી રહ્યું છે કે - શું આપણે અહીં સુરક્ષિત છીએ ? શાહનું ગૃહ મંત્રાલય અને દિલ્હી પોલીસ આ વધતી કાયદા વિહોણી સ્થિતિને, ખાસ કરીને નોર્થ-ઈસ્ટના લોકો સામે થતા ગુનાઓને રોકવા માટે શું કરી રહ્યા છે ?" પોલીસના જણાવ્યા અનુસાર, સનલાઈટ કોલોની પોલીસ સ્ટેશનને હુમલા અંગે પીસીઆર કોલ મળ્યો હતો. મૃતક મેઈતેઈ (Meitei) સમુદાયના હતા અને તેઓ પૂર્વ મ્યુઝિશિયન હોવાની સાથે ગિટારના ક્લાસ ચલાવતા હતા. તેઓ 'અલ્ટ્રા વાયરસ', 'ફિનિક્સ' અને 'ઈસ્ટર્ન ડાર્ક' જેવા પ્રખ્યાત બેન્ડ્સ સાથે જોડાયેલા રહ્યા હતા. તેમના પુત્ર યાફિબા તેમને તાત્કાલિક હોલી ફેમિલી હોસ્પિટલ લઈ ગયા હતા.

# માંસાહારી ખોરાક પર ભાજપનું બેવડું વલણ : બંગાળે ધીરેન્દ્ર શાસ્ત્રીની અપીલ ફગાવી, કહ્યું; બંગાળીઓ માંસ ખાતા રહેશે

**બાગેશ્વર ધામ બાબા તરીકે જાણીતા ધીરેન્દ્ર શાસ્ત્રીએ દુર્ગા પૂજા દરમિયાન માંસ અને દારૂથી દૂર રહેવાની અપીલ કરી હતી, બંગાળ ભાજપ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ તેમની અપીલ ફગાવી દીધી, એમ કહીને કે બંગાળીઓ તેમની પરંપરાના ભાગરૂપે માંસ ખાય છે અને તે ખાતા રહેશે**

(એજન્સી) તા.૮

દુર્ગા પૂજા દરમિયાન માંસાહારી ખોરાકને લઈને પશ્ચિમ બંગાળમાં એક નવો વિવાદ ફાટી નીકળ્યો છે. પશ્ચિમ બંગાળ ભાજપ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ દુર્ગા પૂજા દરમિયાન માંસથી દૂર રહેવા અને માંસ અને દારૂની દુકાનો બંધ રાખવાની બાગેશ્વર ધામના વડા ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીની અપીલ સાથે સખત અસંમત છે. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, બહારથી કોઈ બંગાળના લોકોના ખોરાક અને કપડાં પર આદેશ આપી શકે નહીં. ધીરેન્દ્ર શાસ્ત્રીની અપીલનો જવાબ આપતા પશ્ચિમ બંગાળ ભાજપ પ્રમુખ સમિક ભટ્ટાચાર્યએ સ્પષ્ટપણે જણાવ્યું કે, કોઈ પણ ધાર્મિક વ્યક્તિ કે રાજકીય પક્ષને બંગાળના લોકોએ શું ખાવું કે પહેરવું તે નક્કી કરવાનો અધિકાર નથી. ભટ્ટાચાર્યએ કહ્યું, 'બંગાળીઓને પોતાની રીતે જીવવા દો. બંગાળીઓ એ જ ખાશે જે તેઓ હંમેશા ખાતા આવ્યા છે.' તેમણે પ્રશ્ન કર્યો કે શું બંગાળીઓ માછલી અને માંસ ખાઈ શકતા નથી. આ સંદર્ભમાં તેમણે સ્વામી વિવેકાનંદનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે, તેમના વિચારોને અવગણી શકાય નહીં. તેમણે કહ્યું કે, સંતને શાકાહારનો ઉપદેશ આપવાનો અધિકાર છે અને આમ કરવું ગુનો કે પાપ નથી પરંતુ 'દંભ' સહન કરી શકાતો નથી. ભટ્ટાચાર્યના મતે ધાર્મિક વ્યક્તિના વ્યક્તિગત અભિપ્રાયને બંગાળી સમાજ માટે નિયમ બનાવી શકાય નહીં. બંગાળની પરંપરાગત ખાદ્ય સંસ્કૃતિનો ઉલ્લેખ કરતા સમિક ભટ્ટાચાર્યએ કહ્યું કે, દુર્ગા પૂજા દરમિયાન પણ માંસાહારી ખોરાક બંગાળી પરંપરાનો એક ભાગ રહ્યો છે. તેમણે કહ્યું કે, બંગાળી પરિવારોમાં અષ્ટમી (આઠમા દિવસે) પર લુચી (પુરી) અને નવમી (નવમા દિવસે) પર બકરીનું માંસ ખાવાની પરંપરા છે. તેથી બહારના ધાર્મિક ઉપદેશકની અપીલને કારણે આ પરંપરાઓને છોડી દેવાનો કોઈ પ્રશ્ન જ નથી. માંસાહારી ખોરાક પર ભાજપ અને આરએસએસ વચ્ચેનો આ દ્વૈતભાવ પહેલીવાર નથી. અગાઉ આસામ અને અન્ય પૂર્વોત્તર રાજ્યોમાં ભાજપના નેતાઓએ કહ્યું છે કે, માંસ ખાવામાં કંઈ ખોટું નથી. જો કે, ઉત્તરપ્રદેશ અને બિહારમાં ભાજપ અને આરએસએસના નેતાઓએ મુસ્લિમો સામે માંસ ખાવાનો મુદ્દો બનાવ્યો છે. આ માંસ ખાવાના વિવાદને કારણે દેશમાં લિંચિંગ પણ શરૂ થયું છે. ભટ્ટાચાર્યએ એમ પણ કહ્યું કે, બંગાળમાં દેવી કાલીને બકરીનું માંસ ચઢાવવાની પરંપરા છે. તેમણે દલીલ કરી હતી કે, બંગાળની ધાર્મિક પરંપરાઓને સમગ્ર દેશમાં પ્રવર્તતી એક જ શાકાહારી ધાર્મિક વ્યવસ્થાના પ્રતિબિંબ તરીકે જોઈ શકાતી નથી. રાજ્યમંત્રી દિલીપ ઘોષે પણ આ વિવાદમાં સમિક ભટ્ટાચાર્યના વલણને ટેકો આપ્યો. તેમણે કહ્યું કે, દેવી કાલી અને અન્ય ઘણા દેવતાઓને પશુ બલિ આપવાની પરંપરા બંગાળમાં લાંબા સમયથી પ્રચલિત છે. ઘોષના મતે કેટલીક જગ્યાએ નવમી પર દેવી દુર્ગાને પ્રાણીઓનું બલિદાન આપવાની અને પછી તેનું માંસ પ્રસાદ તરીકે ખાવાની પરંપરા પણ છે. તેમણે એમ પણ કહ્યું કે, ઘણી જગ્યાએ દેવીને પ્રસાદ તરીકે માછલી પણ ચઢાવવામાં આવે છે. અર્થશાસ્ત્રી સંજીવ સાન્યાલે પણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પરના વિવાદનો જવાબ આપ્યો. જો કે તેમણે તેમની પોસ્ટમાં ધીરેન્દ્ર શાસ્ત્રીનું નામ સીધું જણાવ્યું ન હતું, તેમનો સંદેશ વિવાદ સાથે સંબંધિત માનવામાં આવ્યો હતો. સાન્યાલે જણાવ્યું હતું કે, શાક્ત હિન્દુ ધર્મમાં માંસનું મહત્ત્વનું સ્થાન છે અને પ્રાચીન ધાર્મિક વિધિઓમાં દેવી દુર્ગા અને કાલીને તે ચઢાવવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે, ઘણી પરંપરાઓમાં માંસ એ દુર્ગા પૂજાની નવમી/દશમી પર ભક્તો દ્વારા ખાવામાં આવતો પ્રસાદ છે અને આ ધાર્મિક પરંપરામાં કોઈપણ દખલ સ્વીકારવી જોઈએ નહીં.

# હલ્દવાની શુદ્ધિકરણ : શું રાહુલ ગાંધી વિરુદ્ધ FIR નોંધાવનાર વ્યક્તિ વાલ્મીકિ નથી ? સમુદાયનો દાવો છે કે, તેમણે ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી હતી

**વાલ્મીકિ સમુદાયના સભ્યોએ હલ્દવાનીના સ્થાનિક પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, રાહુલ ગાંધી વિરુદ્ધ FIR નોંધાવનાર વ્યક્તિ અમિત વાલ્મીકિ નહીં પરંતુ અમિત કુમાર છે, એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે, તેમણે ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી હતી, પોલીસ તપાસની માંગ કરવામાં આવી છે**

(એજન્સી) તા.૮

ઉત્તરાખંડમાં રાહુલ ગાંધી વિરુદ્ધ હલ્દવાની શુદ્ધિકરણ કેસમાં એક નવો વળાંક આવ્યો છે. વાલ્મીકિ સમુદાયના સભ્યોએ સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાવી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે, રાહુલ ગાંધી વિરુદ્ધ ફરિયાદ નોંધાવનાર વ્યક્તિ અમિત વાલ્મીકિ નહીં પરંતુ અમિત કુમાર છે અને તેમણે સમુદાયની ઓળખનો દુરૂપયોગ કર્યો છે. સમુદાયના પ્રતિનિધિઓએ માંગ કરી છે કે, પોલીસ સમગ્ર મામલાની નિષ્પક્ષ તપાસ કરે અને ફરિયાદીની સાચી ઓળખ જાહેર કરે. વાલ્મીકિ સમુદાયનું એક પ્રતિનિધિમંડળ હલ્દવાનીના સ્થાનિક પોલીસ સ્ટેશન પહોંચીને લેખિત ફરિયાદ સુપરત કરી છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ ફરિયાદમાં જણાવાયું છે કે, રાહુલ ગાંધી વિરુદ્ધ FIR નોંધાવનાર વ્યક્તિનું નામ ખરેખર અમિત કુમાર છે પરંતુ તેણે પોતાની ઓળખ 'અમિત વાલ્મીકિ' તરીકે આપી હતી. સમુદાયના સભ્યોનો દાવો છે કે, અમિત કુમારનો વાલ્મીકિ સમુદાય સાથે કોઈ સંબંધ નથી અને તેમણે રાજકીય હેતુઓ માટે સમુદાયના નામનો ઉપયોગ કર્યો હતો. ફરિયાદમાં એવો પણ આરોપ છે કે, અમિત કુમાર સ્થાનિક ભાજપ નેતાના સંબંધી છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ વાલ્મીકિ સમુદાયના પ્રતિનિધિઓનો દાવો છે કે, અમિત કુમારે અગાઉ ભારતીય જનતા પાર્ટીની ટિકિટ પર મ્યુનિસિપલ ચૂંટણી લડી હતી. જો કે, પોલીસ કે કોઈપણ સરકારી એજન્સી દ્વારા આ વાલ્મીકિ સમુદાયે માંગ કરી છે કે, પોલીસ ફરિયાદકર્તાના વાસ્તવિક નામ અને તે ખરેખર વાલ્મીકિ સમુદાયનો છે કે નહીં તેની તપાસ કરે. અહેવાલ મુજબ હલ્દવાની શહેરના પોલીસ અધિક્ષક (SP) મનોજકુમાર કાત્યાલે જણાવ્યું હતું કે, આ કેસની તપાસ તથ્યોના આધારે કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, તપાસમાંથી જે પણ તથ્યો બહાર આવશે તેના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે. હલ્દવાની કોતવાલી પોલીસે ૩૦ ઓગસ્ટના રોજ રાહુલ ગાંધી વિરુદ્ધ FIR દાખલ કરી હતી. FIRમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની કલમો અને ભારતીય દંડ સંહિતાની સંબંધિત કલમોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે, હલ્દવાનીના રામલીલા મેદાનમાં આયોજિત 'શુદ્ધિકરણ યજ્ઞ' અંગે રાહુલ ગાંધીના નિવેદનથી અનુસૂચિત જાતિ સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચી હતી. હલ્દવાનીમાં મલ્લિકાર્જુન ખડગે દ્વારા હાજરી આપેલી રેલી પછી એક જમણેરી જૂથે 'શુદ્ધિકરણ' (શુદ્ધિકરણ) વિધિ કરી હોવાનો આરોપ છે. ૮ ઓગસ્ટના રોજ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ હલ્દવાનીના રામલીલા મેદાનમાં કોંગ્રેસની 'વિજય શંખનાદ' જાહેર સભાને સંબોધિત કરી. થોડા દિવસો પછી શ્રી રામ સેના ચેરિટેબલ સર્વિસ ટ્રસ્ટ જેવા હિન્દુ સંગઠનોએ તે જ મંચ પર હવન (અગ્નિ યજ્ઞ) કરીને 'શુદ્ધિકરણ' વિધિ કરી. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો. કોંગ્રેસ પાર્ટીએ આને જાતિ ભેદભાવ અને અસ્પૃશ્યતાનું અભિવ્યક્તિ ગણાવ્યું. ખડગેએ રાજ્યસભામાં જણાવ્યું હતું કે, તેમને અસ્પૃશ્ય માનીને તેમના પર શુદ્ધિકરણ વિધિ કરવામાં આવી હતી, જે તેમનું અને દેશના દરેક દલિતનું અપમાન હતું. તેમણે FIR અને ધરપકડની માંગ કરી હતી. રાહુલ ગાંધીએ પણ તેને અસ્પૃશ્યતા ગણાવી અને FIRની માંગ કરી હતી. પાર્ટીએ કહ્યું કે, તે બંધારણીય મૂલ્યોની વિરુદ્ધ છે. ૨૯ ઓગસ્ટના રોજ રાહુલ ગાંધીએ હલ્દવાનીના રામલીલા મેદાનમાં આયોજિત કથિત 'શુદ્ધિકરણ વિધિ'ની ટીકા કરી હતી, તેને અસ્પૃશ્યતા અને દલિત વિરોધી માનસિકતા સાથે જોડી હતી. તેમણે તેને સામાજિક ભેદભાવનું ઉદાહરણ ગણાવ્યું હતું. જો કે, કાર્યક્રમના આયોજકોએ રાહુલ ગાંધીના આરોપોને ફગાવી દીધા હતા અને કહ્યું હતું કે, શુદ્ધિકરણ વિધિનો જાતિ કે કોઈ સમુદાય સાથે કોઈ સંબંધ નથી. આ દરમિયાન કોંગ્રેસ પાર્ટીએ પણ સમગ્ર મામલા પર ઉત્તરાખંડ સરકાર વિરુદ્ધ ઝુંબેશ શરૂ કરી છે. સોમવારે કોંગ્રેસના કાર્યકરોએ દહેરાદૂનના પરેડ ગ્રાઉન્ડથી મુખ્યમંત્રીના નિવાસસ્થાન સુધી કૂચ કરી હતી, જેમાં હલ્દવાની રામલીલા મેદાનમાં શુદ્ધિકરણ વિધિ માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

# સહારનપુર કલેક્ટરેટ પરિસરમાં મસ્જિદના ડિમોલિશન સ્થળેથી પ્રાચીન કૂવો મળી આવતા રાજકીય વિવાદ વધ્યો

**ASIના અધિકારીઓએ આ માળખું ૨૦૦થી ૨૫૦ વર્ષ જૂનું હોવાનો અંદાજ લગાવ્યો છે પરંતુ તેનો સાચો ઈતિહાસ સ્થાપિત કરવા માટે વધુ તપાસ જરૂરી હોવાની સ્પષ્ટતા કરી છે**

(એજન્સી) તા.૮

ઉત્તરપ્રદેશના સહારનપુર કલેક્ટરેટ પરિસરમાં આવેલી મસ્જિદના ડિમોલિશન બાદ મકાનનો કાટમાળ હટાવતી વખતે તેની નીચેથી આશરે ૨૦ ફૂટ ઊંડો કૂવો મળી આવ્યો છે. આ પ્રાચીન કૂવો મળી આવ્યા બાદ રાજ્યના રાજકારણમાં એક નવો વિવાદ ઊભો થયો છે. ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ની ટીમે સોમવારે આ સ્થળની મુલાકાત લીધી હતી અને કૂવાની ઉંમર, બાંધકામની શૈલી અને તેના ઐતિહાસિક મહત્ત્વની તપાસ હાથ ધરી હતી.

લખનૌથી સ્થળ પર પહોંચેલા ASIના આસિસ્ટન્ટ આર્કિયોલોજિકલ ઓફિસર મનોજકુમાર યાદવે જણાવ્યું હતું કે, કૂવામાં વપરાયેલી સામગ્રી અને નિર્માણ શૈલીનો અભ્યાસ કરવામાં આવી રહ્યો છે. પ્રારંભિક અવલોકનો દર્શાવે છે કે, આ કૂવો ઉત્તર અને મધ્ય ગંગા ઘાટીના ઉત્તર-મધ્યકાલીન યુગના સ્થાપત્યની સામ્યતા ધરાવે છે. તેમાં 'લખૌરી' ઈંટો અને 'ચૂના-સુરખી'ના ગારાનો ઉપયોગ થયો છે, જે જૂના સમયના બાંધકામોમાં સામાન્ય રીતે જોવા મળતો હતો. ઈંટો અને નિર્માણ પદ્ધતિના આધારે અધિકારીઓએ પ્રાથમિક અંદાજ લગાવ્યો છે કે, આ કૂવો ૨૦૦થી ૨૫૦ વર્ષ જૂનો હોઈ શકે છે. જો કે, અધિકારી મનોજકુમાર યાદવે સ્પષ્ટ કર્યું હતું કે, આ આંકડો અંતિમ નથી. કૂવાની અંદર હજુ પણ કાટમાળ ભરાયેલો હોવાથી સંપૂર્ણ તપાસ શક્ય બની નથી. આ માળખું મુગલ સમ્રાટ શાહજહાંના સમયનું છે કે, કોઈ પ્રાચીન મંદિર અથવા અન્ય ધાર્મિક સ્થળ સાથે જોડાયેલું છે તે અંગે અટકળો શરૂ થઈ ગઈ છે પરંતુ ASIના અધિકારીઓએ પૂરતા પુરાવા વિના કોઈ પણ નિષ્કર્ષ પર ન પહોંચવાની સલાહ આપી છે. આ શોધ બાદ રાજ્યમાં રાજકીય નિવેદનબાજી પણ તેજ થઈ છે. ડેપ્યુટી સીએમ બ્રિજેશ પાઠકે આ મુદ્દો કોર્ટ સમક્ષ હોવાનું કહીને કોઈ ટિપ્પણી કરવાનો ઈન્કાર કર્યો હતો અને કાયદો તથા વ્યવસ્થા જાળવી રાખવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બીજી તરફ, રાજ્યના મંત્રી નરેન્દ્ર કશ્યપે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ પર પ્રહાર કરતા દાવો કર્યો હતો કે, મસ્જિદના નિર્માણ પહેલા આ કૂવાને પૂરવામાં આવ્યો હતો અને ત્યાં બળજબરીપૂર્વક ધાર્મિક માળખું ઊભું કરવામાં આવ્યું હતું. તેમણે આ ડિમોલિશનને કાયદાકીય પ્રક્રિયા મુજબ યોગ્ય ગણાવ્યું હતું. અન્ય એક મંત્રી ઓ.પી. રાજભરે પણ જણાવ્યું હતું કે, મસ્જિદનું ડિમોલિશન અદાલતના આદેશ મુજબ જ કરવામાં આવ્યું છે અને કૂવાની તપાસથી સ્થળ અંગેના વધુ સત્યો સામે આવી રહ્યા છે. હાલમાં ASI દ્વારા કૂવાની સાચી ઉંમર, તેનો મૂળ હેતુ અને અન્ય કોઈ ઐતિહાસિક કે ધાર્મિક બાંધકામ સાથેનો સંબંધ નક્કી કરવા માટે કૂવાની અંદર રહેલો કાટમાળ હટાવીને આગળની ઊંડી તપાસ કરવાની તૈયારી દર્શાવવામાં આવી છે.

# PM મોદીના મુંબઈ કાર્યક્રમ પહેલા PMOના બોગસ અધિકારી અને સશસ્ત્ર 'બોડીગાર્ડ'ની ધરપકડ

**ઘટના PM મોદીના નિર્ધારિત કાર્યક્રમના સ્થળ નજીક બની, જોકે પોલીસે વડાપ્રધાનની મુલાકાત સાથે કોઈ સંબંધ હોવાનો ઈન્કાર કર્યો**

(એજન્સી) તા.૮

મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) સ્થિત જિયો વર્લ્ડ પ્લાઝા ખાતેથી વડાપ્રધાન કાર્યાલય (PMO)ના નામે નકલી આઈડી કાર્ડ બતાવનાર ૨૮ વર્ષીય યુવક અને તેના સશસ્ત્ર બોડીગાર્ડની ધરપકડ કરવામાં આવી છે. આ ઘટના સોમવારે સાંજે બની હતી, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના મુંબઈ સ્થિત જિયો વર્લ્ડ કન્વેન્શન સેન્ટર ખાતેના કાર્યક્રમના એક દિવસ પહેલાની છે. જો કે, મુંબઈ પોલીસે સ્પષ્ટતા કરી છે કે આ ઘટનાને વડાપ્રધાનની સુરક્ષા કે તેમની મુલાકાત સાથે કોઈ લેવાદેવા નથી. અદાલતે આરોપી રોહન પારેખને ૧૧ સપ્ટેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. પોલીસ તપાસ અનુસાર, ડ્રોન ટેકનોલોજીનો બિઝનેસ ચલાવતો રોહન પારેખ જિયો વર્લ્ડ પ્લાઝામાં પ્રવેશ્યો હતો. આ દરમિયાન તેનો બોડીગાર્ડ દિલીપ કુંડે થોડીવાર પછી પહોંચ્યો હતો, પરંતુ મેટલ ડિટેક્ટર ચેકિંગ વખતે તેની પાસે હથિયાર હોવાની જાણ થતાં સુરક્ષા કર્મચારીઓએ તેને અટકાવ્યો હતો. દિલીપ કુંડેએ રોહન પારેખને ફોન કરીને બોલાવતા, રોહને પ્રવેશદ્વાર પર આવીને સુરક્ષાકર્મીઓને PMO દ્વારા જારી કરાયેલું હોવાનો દાવો કરતું એક શંકાસ્પદ આઈડી કાર્ડ બતાવ્યું હતું, જેમાં તેને 'ગ્રેડ C અધિકારી' તરીકે દર્શાવવામાં આવ્યો હતો. સુરક્ષા કર્મચારીઓએ ધ્યાન આપ્યું કે કાર્ડ પર ઈશ્યૂ તારીખ હતી પરંતુ તેની માન્યતા (validity)નો સમયગાળો નહોતો. ઉપરાંત, ઈશ્યૂ કરનારના હસ્તાક્ષર હતા પરંતુ હોદ્દો દર્શાવવામાં આવ્યો નહોતો. કાર્ડ બોગસ હોવાની આશંકા જણાતાં બંનેની અટકાયત કરી પોલીસને સોંપાયા હતા. તપાસમાં બોડીગાર્ડ કુંડે પાસેનું હથિયાર લાયસન્સવાળું હોવાનું બહાર આવ્યું છે. કોર્ટમાં રોહન પારેખના વકીલે દાવો કર્યો હતો કે તેમના અસીલને PMOના સલાહકાર તરીકે નકલી નિમણૂક પત્ર આપીને છેતરવામાં આવ્યો હોઈ શકે છે. બચાવ પક્ષ અનુસાર, રોહનને સત્તાવાર લાગતા દસ્તાવેજો,



ઈમેલ અને આઈડી કાર્ડનો સ્ક્રીનશોટ મળ્યો હતો, પરંતુ ભૌતિક (ફિઝિકલ) કાર્ડ ક્યારેય મળ્યું નહોતું. તેને બોડીગાર્ડ રાખવાની પણ સૂચના આપવામાં આવી હતી. વકીલે વધુમાં જણાવ્યું કે રોહન માત્ર તેની મંગેતર માટે પરફ્યુમ ખરીદવા મોલમાં ગયો હતો અને તેણે પોલીસ તપાસમાં પૂરો સહકાર આપ્યો છે. છેતરપિંડી સાબિત કરવા માટે તેણે તમામ ઈમેલ અને દસ્તાવેજો તપાસ માટે પોલીસને સોંપી દીધા છે. આ મામલે BKC પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ સરકારી કર્મચારીનો સ્વાંગ રચવા બદલ એફઆઈઆર (FIR) નોંધી દેવામાં આવી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ હાલ મોલના સીસીટીવી (CCTV) ફૂટેજ, રોહનના ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને દસ્તાવેજો ચકાસી રહી છે. પોલીસ સાથે આ કેસમાં સંકળાયેલા પ્રથમેશ બાગુલ નામના ત્રીજા શખ્સની શોધખોળ હાથ ધરી છે અને આ નકલી PMO આઈડી ક્યાંથી બનાવવામાં આવ્યું હતું તેની તપાસ કરી રહી છે.

# ઓફર લેટર અને આઈડી કાર્ડ મળ્યા હતા : નકલી PMO અધિકારી રોહન પારેખના વકીલની કોર્ટમાં રજૂઆત

**મુંબઈ પોલીસે જણાવ્યું કે, ત્રણ શખ્સોએ શંકાસ્પદ સરકારી આઈડીનો ઉપયોગ કરીને જિયો વર્લ્ડ પ્લાઝામાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો; વડાપ્રધાનની મુલાકાત સાથે કોઈ સંબંધ ન હોવાની સ્પષ્ટતા**

(એજન્સી) તા.૮

મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) સ્થિત જિયો વર્લ્ડ પ્લાઝામાં PMOના શંકાસ્પદ ઓળખપત્રનો ઉપયોગ કરવા બદલ પકડાયેલા ૨૮ વર્ષીય રોહન પારેખને પોતે વડાપ્રધાન કાર્યાલય (PMO) માટે કામ કરે છે તેવો ભ્રમ ઊભો કરીને છેતરવામાં આવ્યો હોઈ શકે છે, તેમ તેના વકીલે મંગળવારે કોર્ટમાં જણાવ્યું હતું. અદાલતે રોહન પારેખને ૧૧ સપ્ટેમ્બર સુધી પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યો છે. આ ઘટના ત્યારે સામે આવી જ્યારે તેના બોડીગાર્ડ દિલીપ કુંડેને પ્રવેશદ્વાર પર હથિયાર સાથે અટકાવવામાં આવ્યો હતો, જેના કારણે સુરક્ષાકર્મીઓએ પારેખની ઓળખ અંગે પૂછપરછ કરી હતી. મુંબઈ પોલીસે સ્પષ્ટ કર્યું છે કે, આ ઘટના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જિયો વર્લ્ડ સેન્ટર ખાતેના નિર્ધારિત કાર્યક્રમના એક દિવસ પહેલા બની હતી અને તેને વડાપ્રધાનની મુંબઈ મુલાકાત કે સુરક્ષા સાથે કોઈ સંબંધ નથી. પોલીસના જણાવ્યા અનુસાર, કાર્યક્રમની તૈયારીઓ ચાલી રહી હતી ત્યારે પારેખે પરિસરમાં પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ તેનો બોડીગાર્ડ દિલીપ કુંડે હથિયાર સાથે પહોંચ્યો હતો, પરંતુ ડોર ફ્રેમ મેટલ ડિટેક્ટર (DFMD) તપાસ દરમિયાન તેને રોકી દેવાયો હતો. કુંડેએ પારેખનો સંપર્ક કરતા, પારેખે પાછા આવીને પોતાનું આઈડી કાર્ડ બતાવ્યું હતું. આ આઈડી કાર્ડમાં પારેખને PMOના 'ગ્રેડ C અધિકારી' તરીકે દર્શાવાયો હતો, પરંતુ તેમાં ઘણી



વિસંગતતા હતી. કાર્ડ પર ઈશ્યૂ તારીખ હતી પરંતુ સામાન્ય સરકારી કાર્ડ્સની જેમ માન્યતા (સમાપ્તિ) તારીખ નહોતી. ઉપરાંત, ઈશ્યૂ કરનારની સહી હતી પરંતુ હોદ્દો દર્શાવવામાં આવ્યો નહોતો. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ હાલ સીસીટીવી ફૂટેજ ચકાસીને વધુ તપાસ ચલાવી રહી છે અને આ કેસમાં અન્ય એક વ્યક્તિની શોધખોળ ચાલુ છે. કોર્ટ સુનાવણી દરમિયાન પારેખના વકીલે દાવો કર્યો હતો કે, રોહનને PMOમાં પદ મળ્યું હોવાનો સાચો વિશ્વાસ અપાવીને તેની સાથે છેતરપિંડી કરવામાં આવી હતી. વકીલે ખુલાસો કર્યો કે તરૂણ કપૂર નામના વ્યક્તિએ પારેખને PMOમાં કામ કરવાની ઓફર કરી હતી. આ ઉપરાંત, તેને 'ડિફેન્સ એક્વિઝિશન પોલિસી' અંગે ઈમેલ મળ્યા હતા અને PMO તરફથી ઓફર લેટર, આઈડી કાર્ડ તથા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સહી ધરાવતો પત્ર તેમજ PMOના એડિશનલ સેક્રેટરીનો ઈમેલ પણ મળ્યો હતો. ગણિત અને વિજ્ઞાનમાં B.Sc.ની ડિગ્રી ધરાવતા પારેખને આ તમામ ઈમેલ અને દસ્તાવેજો સાચા લાગ્યા હતા, જેના કારણે તે ગેરમાર્ગે દોરાયો હતો. વકીલે ઉમેર્યું કે, પારેખે તપાસ અધિકારીને તમામ ઈમેલ, દસ્તાવેજો અને સંપર્કો ચકાસણી માટે સોંપી દીધા છે. બચાવ પક્ષે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે, પારેખને PMO આઈડી કાર્ડની કોઈ ભૌતિક (ફિઝિકલ) કૉપી ક્યારેય મળી નહોતી, પરંતુ માત્ર એક સ્ક્રીનશોટ મોકલવામાં આવ્યો હતો. આ ઉપરાંત, તેને ડિસેમ્બર ૨૦૨૪થી જ એક વ્યક્તિગત બોડીગાર્ડ રાખવાની પણ સૂચના આપવામાં આવી હતી, જેનું તેણે પાલન કર્યું હતું. ઘટનાના દિવસે પોતાની હાજરી અંગે સ્પષ્ટતા આપતા વકીલે જણાવ્યું કે, પારેખને પીઠની તકલીફ છે અને તે માત્ર પોતાની મંગેતર માટે પરફ્યુમ ખરીદવા મોલમાં ગયો હતો. પૂછપરછ માટે બોલાવવામાં આવતા તેણે પોલીસને પૂરો સહકાર આપ્યો હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, બોડીગાર્ડ દિલીપ કુંડે પાસેનું હથિયાર લાયસન્સવાળું હતું. આ કેસમાં બે લોકોની ધરપકડ કરવામાં આવી છે જ્યારે ત્રીજા આરોપીની શોધખોળ ચાલુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જિયો વર્લ્ડ સેન્ટર ખાતે 'ગ્લોબલ ફિનટેક ફેસ્ટ ૨૦૨૬'નું ઉદ્‌ઘાટન કરવાના છે. જોકે, મુંબઈ પોલીસે પુનઃસ્પષ્ટતા કરી છે કે, આ સુરક્ષા ઘટનાને વડાપ્રધાનના કાર્યક્રમ સાથે કોઈ લિંક નથી અને ક્રાઈમ બ્રાન્ચ નકલી આઈડી કાર્ડ મેળવવા પાછળના મુખ્ય હેતુની તપાસ કરી રહી છે.

# મુંબઈના મોલમાં હથિયાર સાથે પ્રવેશવા બદલ ઉની અટકાયત; પોલીસે PM મોદીના કાર્યક્રમ સાથેની લિંક નકારી

**જિયો વર્લ્ડ પ્લાઝામાં શંકાસ્પદ સરકારી આઈડી અને હથિયાર સાથે ઘૂસવાનો પ્રયાસ કરવા બદલ ત્રણ લોકોની અટકાયત, બીકેસી પોલીસ સ્ટેશનમાં એફઆઈઆર નોંધાઈ**

(એજન્સી) તા.૮

મુંબઈના બાંદ્રા કુર્લા કોમ્પ્લેક્સ (BKC) વિસ્તારમાં આવેલા જિયો વર્લ્ડ પ્લાઝા મોલમાં શંકાસ્પદ સરકારી ઓળખપત્રનો ઉપયોગ કરીને અને સુરક્ષાકર્મીઓની મંજૂરી વિના બળજબરીથી પ્રવેશવાનો પ્રયાસ કરવા બદલ મુંબઈ પોલીસે ત્રણ પુરૂષોની અટકાયત કરી છે. પ્રવેશવાનો પ્રયાસ કરનારાઓમાંથી એક વ્યક્તિ પાસે હથિયાર પણ હતું. આ ઘટના સોમવારે બની હતી. આ મામલે બીકેસી (BKC) પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા (BNS)ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે, જેમાં સરકારી કર્મચારીનો સ્વાંગ રચવો અને હથિયાર સાથે ગેરકાયદેસર પ્રવેશ કરવા સંબંધિત કલમોનો સમાવેશ થાય છે. મુંબઈ પોલીસના જણાવ્યા મુજબ, જપ્ત કરવામાં આવેલું હથિયાર લાયસન્સવાળું હોવાનું બહાર આવ્યું છે અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચ આ કેસની વધુ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુંબઈમાં આયોજિત 'ગ્લોબલ ફિનટેક ફેસ્ટ' (GFF) ૨૦૨૬માં હાજરી આપવાના છે, જ્યાં તેઓ વિશ્વ પરિષદની સાતમી આવૃત્તિનું ઉદ્‌ઘાટન કરશે. આ વૈશ્વિક ફિનટેક પરિષદ ૮ સપ્ટેમ્બરથી ૧૧ સપ્ટેમ્બર દરમિયાન યોજાઈ રહી છે. પોલીસે સ્પષ્ટ કર્યું છે કે, મોલમાં બનેલી સુરક્ષા ઘટનાને વડાપ્રધાનની મુંબઈ મુલાકાત સાથે કોઈ સંબંધ નથી. વર્ષ ૨૦૨૦થી GFFએ એક આંતરરાષ્ટ્રીય પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે, જે નાણાકીય ક્ષેત્રના ભવિષ્ય અંગે ચર્ચા કરવા માટે નીતિનિર્માતાઓ, નિયમનકારો, સેન્ટ્રલ બેંકો, નાણાકીય સંસ્થાઓ, ફિનટેક અને ટેક્નોલોજી કંપનીઓ, રોકાણકારો તેમજ વૈશ્વિક હિસ્સેદારોને એકમંચ પર લાવે છે. આ પરિષદમાં મુખ્યત્વે એજન્ટિક AI, પ્રોગ્રામેબલ ફાઈનાન્સ અને ક્વોન્ટમ ટેક્નોલોજી જેવી ઉભરતી તકનીકો વૈશ્વિક અર્થતંત્રો અને નાગરિકો માટે કેવી રીતે વિશ્વાસપાત્ર પરિણામો લાવી શકે તે વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. આ અગાઉ, વડાપ્રધાન મોદીએ ગુજરાતના વડોદરા ખાતે રૂા.૩૫,૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત, ઉદ્‌ઘાટન અને રાષ્ટ્રને સમર્પણ કર્યું હતું. ત્યારબાદ નવસારી ખાતે એક વિશાળ જાહેર રેલીને સંબોધતા PM મોદીએ જણાવ્યું હતું કે, દક્ષિણ ગુજરાતના આ વિસ્તારમાં ભારતીય જનતા પાર્ટીની લાંબા સમયથી રહેલી મજબૂત ઉપસ્થિતિ એ સત્તાના અહંકારને કારણે નહીં પરંતુ પક્ષના કાર્યકરોની સમર્પિત સેવા ભાવનાને આભારી છે.

# ભારતની પ્રથમ મુસ્લિમ મહિલા ન્યુરોસર્જન

**ઉર્દૂ માધ્યમથી ન્યુરોસર્જરી સુધી, ડૉ. મેરીયમ અફીફાની પ્રેરણાદાયી સફર**

(એજન્સી) તા.૮

હૈદરાબાદની ઓસ્માનિયા મેડિકલ કોલેજની પૂર્વ વિદ્યાર્થિની ડૉ. મેરીયમ અફીફા અન્સારીએ ભારતની પ્રથમ મુસ્લિમ મહિલા ન્યુરોસર્જન તરીકે ઓળખ બનાવી છે. ઓસ્માનિયા મેડિકલ કોલેજના સત્તાવાર ન્યૂઝલેટરમાં પણ તેમની આ સિદ્ધિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના માલેગાંવમાં ઉર્દૂ માધ્યમથી અભ્યાસ શરૂ કરનાર અફીફાએ આગળ જતાં ઓસ્માનિયા મેડિકલ કોલેજમાંથી MBBS અને જનરલ સર્જરીમાં ઉચ્ચ અભ્યાસ કર્યો. ૨૦૨૦ની NEET-SS પરીક્ષામાં તેમણે ૧૩૭મો



રેન્ક મેળવ્યો હતો, જેના આધારે તેમને ન્યુરોસર્જરીમાં MCh માટે પ્રવેશ મળ્યો. તેમની શૈક્ષણિક સફરમાં Royal College of Surgeons of Englandની MRCS લાયકાત સહિત અનેક મહત્વપૂર્ણ તબક્કાઓ રહ્યા છે. ડૉ. અફીફાની સફળતા માત્ર તબીબી ક્ષેત્રની સિદ્ધિ નથી, પરંતુ મુશ્કેલ પરિસ્થિતિઓ વચ્ચે શિક્ષણ અને મહેનતથી આગળ વધવા માંગતી યુવતીઓ માટે પ્રેરણાનો સંદેશ પણ છે. ખાસ કરીને મુસ્લિમ યુવતીઓને તેમણે મહેનત ન છોડવા અને પોતાના લક્ષ્યને હાંસલ કરવાની પ્રેરણા આપી છે.

# સહારનપુર મસ્જિદ તોડી પાડવાના મામલે યુપીના મુખ્યમંત્રીની ટીકા કરવા બદલ પત્રકાર હુડા જરીવાલાની ધરપકડ

**જરીવાલાએ અગાઉ સાઉદી ટીવી ચેનલ ૨, બીબીસી લંડન અને ભારત અને યુએઈમાં અનેક મીડિયા સંગઠનો સાથે કામ કર્યું છે**

(એજન્સી) નવી દિલ્હી/સહારનપુર, તા.૮

પત્રકાર, આમ આદમી પાર્ટીના પૂર્વ પ્રવક્તા અને સામાજિક કાર્યકર્તા હુડા જરીવાલાની સોમવારે સહારનપુર કલેક્ટરેટ સંકુલની અંદર એક ઐતિહાસિક મસ્જિદ તોડી પાડવાના મામલે ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વિરૂદ્ધ વાંધાજનક ટિપ્પણી કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, જરીવાલાના નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યા બાદ સોમવારે સવારે એડવોકેટ દુષ્યંત સિંહે સહારનપુરના સદર બજાર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. વીડિયોમાં, તેણી કહેતી સંભળાય છે : 'મુસ્લિમોની મસ્જિદ શહીદ થઈ ગઈ છે. આ એક ગુનાહિત કૃત્ય છે. તેમને મસ્જિદ તોડી પાડવાનો અધિકાર કોણે આપ્યો ? સમગ્ર મુસ્લિમ સમુદાય આવા લોકો સામે ઉભો છે. અમે ચૂપ રહીશું નહીં.' ફરિયાદીએ આરોપ લગાવ્યો હતો કે જરીવાલાએ મુખ્યમંત્રી વિરૂદ્ધ પણ અપમાનજનક ટિપ્પણી કરી હતી, તેમને 'ગુનેગાર' ગણાવ્યા હતા, અને તેમના નિવેદનથી લોકો ગુસ્સે થયા હતા. ફરિયાદના આધારે કાર્યવાહી કરતા, પોલીસે જરીવાલાને સહારનપુરના સર્કિટ હાઉસમાં તોડી પાડવાનો વિરોધ કરવા પહોંચી ત્યારે તેની અટકાયત કરી. સહારનપુરના એસએસપી અભિનંદન સિંહે જણાવ્યું હતું કે પોલીસે દુષ્યંત સિંહની ફરિયાદના આધારે કેસ નોંધ્યો છે અને વાયરલ વીડિયો અને કથિત ટિપ્પણીઓની તપાસ કરી રહી છે. સોશિયલ મીડિયા વીડિયો અને કથિત ટિપ્પણીઓની તપાસ કરવામાં આવી રહી છે,'' સિંહે જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે તપાસ દરમિયાન એકઠા થયેલા પુરાવાના આધારે વધુ કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. જરીવાલાએ અગાઉ સાઉદી ટીવી ચેનલ ૨, બીબીસી લંડન અને ભારત અને યુએઈમાં અનેક મીડિયા સંગઠનો સાથે કામ કર્યું છે. શનિવારે (૫ સપ્ટેમ્બર) સવારે લગભગ ૫ વાગ્યે તોડી પાડવામાં આવેલી મસ્જિદ સહારનપુર જિલ્લા મેજિસ્ટ્રેટ ઓફિસ સંકુલની અંદર ૩૧૫ ચોરસ મીટર જમીન પર સ્થિત હતી. જ્યારે વહીવટીતંત્ર તેને ૭૦ વર્ષ જૂનું માળખું ગણાવે છે, ત્યારે મસ્જિદ સમિતિ અને સ્થાનિક લોકો દાવો કરે છે કે તે લગભગ ૧૫૦ વર્ષ જૂનું છે, જેનો રેકોર્ડ ૧૯૧૧નો છે. બજરંગ દળના પૂર્વ પ્રાંતીય સંયોજક વિકાસ ત્યાગીની ફરિયાદ બાદ કાનૂની કાર્યવાહી શરૂ થઈ હતી. ત્યાગીએ આરોપ લગાવ્યો હતો કે મસ્જિદ સંવેદનશીલ સરકારી પરિસરમાં ગેરકાયદેસર બાંધકામ હતું અને તેના રૂમોમાંથી ભાડું વસૂલવામાં આવી રહ્યું હતું, જેમાં અંદર કાર્યરત પોસ્ટ ઓફિસનો પણ સમાવેશ થાય છે.



ફરિયાદ બાદ, માર્ચ ૨૦૨૫માં, એક લેખપાલે સરકારી મિલકત પર અનધિકૃત કબજો કરવા બદલ કેસ દાખલ કર્યો હતો, અને એપ્રિલ ૨૦૨૫માં ઉત્તર પ્રદેશ જાહેર પરિસર (અનધિકૃત કબજેદારોને ખાલી કરાવવા) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ નોટિસ જારી કરવામાં આવી હતી. ૧૭ જુલાઈના રોજ, સિટી મેજિસ્ટ્રેટની કોર્ટે મસ્જિદને 'અનધિકૃત માળખું' જાહેર કર્યું હતું અને ૩૦ દિવસની અંદર તેને ખાલી કરવાનો આદેશ આપ્યો હતો, સાથે જ કથિત અતિક્રમણ બદલ લગભગ ૬.૪૧ કરોડ રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. મસ્જિદ સમિતિએ આદેશને પડકાર્યો હતો. ૪ સપ્ટેમ્બરના રોજ, જિલ્લા ન્યાયાધીશની કોર્ટે અપીલ ફગાવી દીધી હતી અને તોડી પાડવાના આદેશને સમર્થન આપ્યું હતું. બીજા દિવસે સવારે, બુલડોઝરોએ SDM, સિટી મેજિસ્ટ્રેટ અને ભારે પોલીસ તૈનાત, PAC અને RAFની પાંચ વધારાની કંપનીઓ સહિત, ની હાજરીમાં માળખું તોડી પાડ્યું હતું. કૈરાનાથી સમાજવાદી પાર્ટીના સાંસદ ઈકરા હસને આરોપ લગાવ્યો કે તેમને સહારનપુર જતા અટકાવવા માટે રાતોરાત તેમના કૈરાના નિવાસસ્થાને નજરકેદ કરવામાં આવ્યા હતા. હસને કહ્યું, 'મારા કૈરાના નિવાસસ્થાને રાતોરાત મોટી પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી હતી, અને મને સહારનપુર જતા અટકાવવા માટે મને નજરકેદ કરવામાં આવ્યો હતો.' BSPના વડા માયાવતી, AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી, સહારનપુરના કોંગ્રેસના સાંસદ ઈમરાન મસૂદ અને ભીમ આર્મીના વડા ચંદ્ર શેખર આઝાદે આ કાર્યવાહીની નિંદા કરી છે. ઓવૈસીએ ઉતાવળ પર સવાલ ઉઠાવતા કહ્યું કે, 'ઉચ્ચ અદાલતોમાં આ મામલો સાંભળવા માટે રાહ કેમ ન જોવી ?' અને દલીલ કરી કે મસ્જિદ કલેક્ટર કચેરી પહેલાની છે. ઈમરાન મસૂદે તેને 'સહારનપુરના લોકો માટે કાળો દિવસ' ગણાવ્યો અને કહ્યું કે વક્ફ બોર્ડને પક્ષકાર બનાવવામાં આવ્યો ન હોવાનો આરોપ લગાવતા કોર્ટમાં લડાઈ ચાલુ રહેશે.

## મોંઘવારી માટે ઈરાન યુદ્ધ અને હોર્મુઝ કટોકટી જવાબદાર

# અમેરિકામાં કારમી મોંઘવારી, લેબર ડેએ ગેસોલિનના ભાવ પ્રતિ ગેલન ૪.૧૪ ડોલર

(એજન્સી) વોશિંગ્ટન, તા.૮

અમેરિકનાએ આ વખતના લેબર ડેએ ગયા વર્ષના લેબર ડેની તુલનાએ ટેન્ક ફુલ કરાવવી વધુ અઘરી પડી હતી. આ વખતના લેબર ડેએ ગયા વર્ષની તુલનાએ એક ડોલર વધારે ગેસોલિનનો ભાવ છે. ગેસોલિનના પ્રતિ ગેલન ૪.૧૪ ડોલર જેટલા ઊંચા ભાવના લીધે ઘણા અમેરિકનોએ તેમની ટ્રિપ રદ કરવાની ફરજ પડી હતી. આ બતાવે છે કે ઈરાન યુદ્ધની અસરથી અમેરિકા પણ બાકાત રહી શક્યું નથી.અમેરિકા અને ઈઝરાયેલે ઈરાન પર હુમલો કર્યા પછી ગેસોલિનના ભાવ સતત વધ્યા છે અને તેમા રાહત મળી જ નથી. તેના કારણે ગાડીઓમાં ટ્રિપ માટે જાણીતા અમેરિકનોના ખિસ્સા પર મોંઘવારીનો બોજ વર્તાવવા માંડયો છે. અમેરિકનોએ હવે તેમના મોજશોખના ખર્ચમાં કાપ મૂકવાના દિવસો આવ્યા છે. આમ જે અમેરિકનો માટે ગાડીઓમાં ફરવુ, વીકેન્ડમાં બહાર જવું સામાન્ય માનવામાં આવતુ હતુ. ઈંધણના ઊંચા ભાવના લીધે તેમને હવે બધા પર કાપ મૂકવો પડી રહ્યો છે. ટેક્સાસ ક્રિશ્ચન યુનિવર્સિટીના એનર્જી ફાઈનાન્સ પ્રોફેસર ટોમ સેંગે જણાવ્યું હતું કે બધુ ઈરાન યુદ્ધ અને હોર્મુઝની બંધ ખાડીના કારણે સર્જાયેલી સ્થિતિને આભારી છે. ઊર્જાસચિવ ક્રિસ રાઈટે પણ જણાવ્યું હતું કે ભાવ અત્યારે ગયા વર્ષની તુલનાએ ઊંચા છે, પરંતુ અમે તેને ઘટાડવા માટે શક્ય તેટલા પ્રયત્નો કરી રહ્યા છીએ. જો કે આશ્વાસન લેવા જેટલી બાબત ફક્ત એટલી છે કે હજી પણ ગેસોલિનના ભાવ જુન ૨૦૨૨માં પ્રતિ ગેલન ૫.૦૨ ડોલર જોવા મળ્યો હતો તેના કરતાં ઘણો ઓછો છે. જો કે ડીઝલના મોરચે સ્થિતિ જુદી છે અને તેનો ભાવ પ્રતિ ગેલન છ ડોલરને આબવા જઈ રહ્યો છે. લેબર ડે વીકેન્ડે તેનો ભાવ પ્રતિ ગેલન ૫.૯૦



### દક્ષિણ લેબેનોનના ઈઝરાયેલના હિઝબુલ્લાહ પર હુમલામાં ૧૨નાં મોતનો આરોગ્ય મંત્રાલયનો દાવો

ડોલર હતો. લેબેનીઝ આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઈઝરાયેલે દક્ષિણ લેબનોનના ગામડામાં કરેલા હુમલામાં બે બાળક સહિત બારના મોત થયા છે. ઈઝરાયેલના લશ્કરે પણ જણાવ્યું હતુ કે તેઓએ હીઝબુલ્લાહના આતંકીઓ પર હુમલો કર્યો છે, તેણે શસ્ત્રોને ટ્રાન્સફર કરવાનો આરોપ મૂક્યો હતો. અલી તાહેર પહાડી પર ઈઝરાયેલે કબ્જો કર્યો છે. ત્યાં કાર્યરત ઈઝરાયેલના જવાનો પર હીઝબુલ્લાહના આતંકીઓએ ડ્રોન હુમલા કર્યા તેના જવાબમાં ઈઝરાયેલે કરેલા વળતા હુમલામાં ૧૨ના મોત થયા છે. આ ઉપરાંત વેસ્ટ બેન્કમાં હજા ખાતે ઈઝરાયેલી રહેવાસીઓ સાથેના સંઘર્ષમાં એક પેલેસ્ટીની માર્યો ગયો હતો. યુનાઈટેડ આરબ અમીરાતે જણાવ્યું હતું કે હોર્મુઝની માલિકી કોઈપણ એક દેશની નહીં રહે. યુએઈએ હોર્મુઝ પર ઈરાનના કબ્જાનો વિરોધ કર્યો છે. યુએઈએ જણાવ્યું હતું કે અમારી નિકાસોને અમે કોઈ એક દેશ આ રીતે અટકાવી ન શકે. અમારો વેપાર અને આર્થિક પ્રવૃત્તિઓ કોઈ એક દેશની દયા પર નિર્ભર ન રહી શકે. યુએઈએ જણાવ્યું હતું ઈરાને અમેરિકા સાથેના યુદ્ધને લઈને હોર્મુઝમાં જહાજનું આવાગમન અટકાવીને અને ખાડી દેશો પર હુમલા કરીને દાયકાઓ જૂના સંબંધોને દાવ પર લગાવી દીધા છે. આના લીધે ખાડી દેશો માટે ઈરાનનો ભરોસો કરવો અઘરો પડશે. ઓમાને જણાવ્યું હતું કે સાઉદીની માલિકાના જહાજ પર હુમલો થયા પછી તેના ૨૫માંથી ૧૬ ક્રૂ મેમ્બરને તેણે બચાવી લીધા છે. જ્યારે બાકીના સભ્યોનું શું થયું તેના અંગે તેણે કોઈપણ પ્રકારની ટિપ્પણી કરવા ઈન્કાર કર્યો હતો. હવે જો બાકીના સાત સભ્યો મૃત્યુ પામ્યા હોય તો ૨૮મી સપ્ટેમ્બરે યુદ્ધ શરુ થયા પછી આ કોઈ કોમર્સિયલ જહાજ પર અત્યાર સુધીનો સૌથી મોટો હિચકારો હુમલો હશે, જેમા આટલા મોટાપાયે લોકો મૃત્યુ પામ્યા હોય.હુથી બળવાખોરોએ દાવો કર્યો છે કે તેમણે સાઉદીનું શસ્ત્રસજ્જ એરક્રાફ્ટ તોડી પાડ્યું છે.

# શાળા છોડી દીધી... નોકરી છોડી દીધી પછી માખણ વેચતા-વેચતા ૧૦૦૦ કરોડની કંપની ઊભી કરી દીધી

**એક ખેડૂતના દીકરાએ ૧૩ વર્ષની ઉંમરે શાળા છોડી દીધી અને નોકરી શરૂ કરી, આ સમય દરમિયાન તેને માખણ વેચવાનો વિચાર આવ્યો પછી તેણે નોકરી છોડી દીધી અને આ વ્યવસાય શરૂ કર્યો અને આજે તે ૪૦ દેશોમાં ફેલાયેલી ૧૦૦૦ કરોડની ડેરી ફૂડ કંપનીનો માલિક છે**

(એજન્સી) તા.૮

એવું કહેવાય છે કે, સખત મહેનત અને જુસ્સાથી કંઈપણ મુશ્કેલ નથી. વ્યક્તિ સૌથી મહત્ત્વાકાંક્ષી લક્ષ્યો પણ પ્રાપ્ત કરી શકે છે. આવી જ રસપ્રદ વાર્તા GRB ડેરી ફૂડ્સના સ્થાપક GR બાલાસુબ્રમણ્યમની છે. નાણાકીય મુશ્કેલીઓને કારણે, તેણે શાળા પણ છોડી દીધી અને સાયકલ પર શેરી-શેરીમાં માખણ વેચતા નોકરી શરૂ કરી પરંતુ તેણે ક્યારેય હાર માની નહીં અને આજે તેની કંપની, GRB ડેરી ફૂડ્સનું મૂલ્ય રૂા.૧૦૦૦ કરોડથી વધુ છે. GRB ડેરી ફૂડ્સના સ્થાપક GR બાલાસુબ્રમણ્યમની સફળતાની વાર્તા એનું ઉત્તમ ઉદાહરણ છે કે, કેવી રીતે સખત મહેનત કોઈપણ ધ્યેય પ્રાપ્ત કરી શકે છે અને વ્યક્તિને સામાન્યથી ઉચ્ચ કક્ષાના બનાવી શકે છે. તેમની વ્યવસાયિક યાત્રા પર નજર કરીએ તો તે GRBની સ્થાપના પહેલા પણ શરૂ થઈ હતી. તમિલનાડુના પલાનીના એક નાના ગામ ચિન્ના કરટ્ટુપટ્ટીના રહેવાસી બાલાસુબ્રમણ્યમ છ બાળકોના પરિવારમાં મોટા થયા હતા અને ૧૩ વર્ષની ઉંમરે બેંગ્લુરૂમાં કામ કરવા માટે શાળા છોડી દીધી હતી. બાલાસુબ્રમણ્યમના પિતા ખેડૂત હતા અને સાયકલ પર ગામડે ગામડે મુસાફરી કરતા હતા, કૃષિ ઉત્પાદનો ખરીદતા અને વેચતા હતા. તેમણે



લગભગ ૧૪ વર્ષ સુધી બેંગ્લુરૂમાં તેમના સાળાની માખણની દુકાનમાં કામ કર્યું. તે પછી તેમને કંઈક નવું કરવાનો વિચાર આવ્યો અને તેમણે નોકરી છોડી દીધી. અહેવાલો સૂચવે છે કે, તે સમયે તેમની પાસે ફક્ત રૂા.૬૦૦૦ બચત હતી. તેમણે આ પૈસાનો ઉપયોગ માખણનો વ્યવસાય શરૂ કરવા માટે કર્યો, GRB ડેરી ફૂડ્સનો પાયો નાખ્યો. બાલાસુબ્રમણ્યમે માખણના વ્યવસાયની જટિલતાઓ શીખી, તેની બહેન અને સાળાને તેમના વ્યવસાયમાં મદદ કરી અને તેણે આ કુશળતાનો ઉપયોગ પોતાનો વ્યવસાય શરૂ કરવા માટે કર્યો. શરૂઆતમાં તેણે નાના ઉત્પાદકો પાસેથી માખણ ખરીદીને બેંગ્લુરૂમાં વેચીને પોતાનો વ્યવસાય શરૂ કર્યો. તેણે માખણને ઘીમાં રૂપાંતરિત કર્યું, તેને પેક કર્યું અને પછી તેનું ઉત્પાદન શરૂ કર્યું. શરૂઆતમાં તેણે એક નાના ઓરડામાંથી પોતાનો વ્યવસાય શરૂ કર્યો. પોતાના વ્યવસાયને વિસ્તૃત કરવા માટે બાલાસુબ્રમણ્યમે એક ચિટ ફંડ કંપનીની સ્થાપના કરી. તેણે તેના સાળાના વ્યવસાયમાંથી પ્રક્રિયા શીખી હતી. તેણે તે મોડેલને તે જાણતા લોકોને સમજાવ્યું અને એક મજબૂત જૂથ બનાવ્યું. તેણે એકઠા કરેલા પૈસા તેના માખણના વ્યવસાયમાં રોકાણ કર્યા. હવે તેને માખણ ઝડપથી બગડવાની સમસ્યાનો સામનો કરવો પડ્યો, તેથી તેણે તેને ઘીમાં રૂપાંતરિત કર્યું અને તેને બજારમાં લોન્ચ કર્યું. જેમ-જેમ તેનો વ્યવસાય વધતો ગયો તેમ-તેમ તેની આવક અને કાર્યબળમાં પણ વધારો થયો. GRB ડેરી ફૂડ્સની પ્રથમ ફેક્ટરી ૧૯૯૧માં બેંગ્લુરૂમાં ખોલવામાં આવી હતી, ત્યારબાદ હોસુરના ડિંડીગુલમાં એક પ્લાન્ટ શરૂ થયો. તેમણે પેકેજડ ઘી સહિત અન્ય ડેરી ઉત્પાદનોનો સમાવેશ પોતાના વ્યવસાયમાં કર્યો અને ક્યારેય પાછળ વળીને જોયું નહીં. GRB ડેરી ફૂડ્સની વેબસાઈટ પરની વિગતો અનુસાર કંપનીની આવક હવે રૂા.૧૦૦૦ કરોડથી વધુ છે. તેના ઉત્પાદનો વિશ્વભરના ૪૦ દેશોમાં હાજર છે. ઉત્પાદન પોર્ટફોલિયોમાં ૭૦થી વધુ ડેરી ઉત્પાદનોનો સમાવેશ થાય છે.

અમદાવાદ વિભાગીય નિયામક ધ્યાન આપશે ખરા ?

# ધોળકા એસટી ડેપોનો વહીવટ કથળતા રોજિંદા મુસાફરો-નોકરિયાતો અને વિદ્યાર્થીઓ પરેશાન

ધોળકા, તા.૮

ધોળકા એસટી ડેપોનો વહીવટ દિન-પ્રતિદિન કથળી રહ્યો હોવાની ફરિયાદો વચ્ચે મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ધોળકાથી અમદાવાદ રોજગારી, ધંધા તેમજ અભ્યાસ માટે મોટી સંખ્યામાં નોકરિયાતો અને વિદ્યાર્થીઓ અપડાઉન કરતા હોવા છતાં બસોના યોગ્ય આયોજનના અભાવે મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હોવાની બૂમ ઉઠી છે. અમુક સમયે સાંજે ગીતા મંદિર સ્ટેન્ડે એકસાથે બે-ત્રણ બસો ઉપલબ્ધ હોવા છતાં કેટલાક ડ્રાઈવર-કંડક્ટર બસ તાત્કાલિક ઉપાડવાને બદલે કઈ બસ પહેલા ઉપડે તેની રાહ જોતા બેસી રહે છે. પરિણામે મુસાફરોનો સમય બગડે છે અને લાંબા સમય સુધી બસ સ્ટેન્ડ પર રાહ જોવી પડે છે. રાત્રે ૮ વાગ્યા બાદ ગીતા મંદિરથી ધોળકા તરફની બસો ખૂબ ઓછી થઈ જતી હોવાથી નોકરિયાતો સહિતના મુસાફરોને પરેશાની ભોગવવી પડે છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે રાત્રે ૮થી ૧૦ વાગ્યા દરમિયાન દર ૨૦ મિનિટે ધોળકા માટે બસનું આયોજન કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે. ધોળકા એસટી બસ સ્ટેન્ડ પરથી બપોરના ૧૨થી ૧ વાગ્યા દરમિયાન અમદાવાદ તરફ જવા માટે માંડ એકાદ બસ મળતી હોવાની ફરિયાદ છે. આથી બપોરે ૧૨થી ૧ દરમિયાન દર ૧૫ મિનિટે અમદાવાદ તરફ બસ દોડાવવામાં આવે તેવી મુસાફરોએ માંગ કરી છે. તા. ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ધોળકા એસટી સ્ટેન્ડ પર બપોરે ૧.૨૦ કલાકે અને ૧.૩૦ કલાકે પાલડી જવા માટે બે બસો મૂકવામાં આવી હતી. માત્ર ૧૦ મિનિટના અંતરે પાલડીની બે બસો મૂકાતા મુસાફરોમાં નારાજગી ફેલાઈ હતી. કારણ કે આ બસોનો લાભ મુખ્યત્વે પાલડી તરફના મુસાફરોને મળ્યો, જ્યારે ગીતા મંદિર તરફ જવા ઈચ્છતા મુસાફરો માટે જરૂરી બસ વ્યવસ્થા થઈ ન હતી. હાલ અમદાવાદમાં રિક્ષાચાલકોની ચાર દિવસની હડતાલ ચાલી રહી હોવાથી જાહેર પરિવહન ઉપર મુસાફરોનું ભારણ વધ્યું છે. આવા સમયે બસોના રૂટ અને સમયનું વધુ અસરકારક આયોજન કરવાની જરૂરિયાત હોવાનું મુસાફરો જણાવી રહ્યા છે. પાલડી શટલનો ઉપયોગ પણ વધુ અસરકારક રીતે થાય તે માટે બપોરના બદલે સાંજે ૬ અને ૭ વાગ્યે પાલડીથી શટલ બસો મૂકવામાં આવે, તો નોકરી-ધંધાથી પરત ફરતા પાલડીના મુસાફરોને વધુ લાભ મળી શકે તેમ હોવાનું મુસાફરોનું કહેવું છે.ધોળકા એસટી ડેપોમાં ફરજ બજાવતા એક કંટ્રોલર અંગે પણ મુસાફરોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. મુસાફરો બસના સમય, રૂટ કે ઉપલબ્ધતા અંગે પૂછપરછ કરે ત્યારે સંતોષકારક જવાબ આપવામાં આવતો ન હોવાની ફરિયાદો ઉઠી છે. ધોળકા એસટી ડેપોની કંટ્રોલ કેબિનનું લાઉડ સ્પીકર લાંબા સમયથી બંધ છે. જેના કારણે કયા પ્લેટફોર્મ ઉપર કયા ગામ કે શહેરની બસ ઊભી રાખવામાં આવી છે તેની જાહેર જાહેરાત મુસાફરોને સાંભળવા મળતી નથી.અમદાવાદ એસટી વિભાગીય નિયામક અંગત રસ લઈને ધોળકા એસટી ડેપોના વહીવટ અને બસોના સંચાલનની સમીક્ષા કરે, મુસાફરોને યોગ્ય જવાબ ન આપતા અથવા ફરજમાં બેદરકારી દાખવતા કર્મચારીઓ સામે નિયમ મુજબ તપાસ કરી શિક્ષાત્મક કાર્યવાહી કરે તથા જરૂર જણાય ત્યાં પનીશમેન્ટ ટ્રાન્સફર સહિતની કાર્યવાહી હાથ ધરે તેવી મુસાફર જનતામાંથી ઉગ્ર માંગ ઉઠી છે.

# અમરેલી પોલીસે સાયબર ફ્રોડનો પર્દાફાશ કર્યો : ૧૫થી ૩૦ ટકા વળતરની લાલચે રાજ્યભરમાં છેતરપિંડી, છ આરોપી ઝડપાયા

## ૧૨ એકાઉન્ટમાં કુલ ૮૩ ફરિયાદ થઈ છે અને ૨૩ કરોડથી વધુનો શંકાસ્પદ વ્યવહાર થયો હોવાનું ખુલ્યું

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૮

રોકાણ પર ૧૫થી ૩૦ ટકા સુધીનું આકર્ષક વળતર આપવાની લાલચ આપી SD PAY નામની એપ્લિકેશન મારફતે સમગ્ર રાજ્યમાં અનેક લોકો સાથે છેતરપિંડી કરવાના કૌભાંડનો અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે જણાવ્યા અનુસાર ૧૨ એકાઉન્ટમાં કુલ ૮૩ ફરિયાદ થઈ છે અને ૨૩ કરોડ ઉપરના શંકાસ્પદ વ્યવહારો થયા હોવાનું ખુલ્યું છે. સાવરકુંડલામાં નોંધાયેલી ફરિયાદના આધારે પોલીસે આ કૌભાંડમાં સંડોવાયેલા છ આરોપીઓને ઝડપી પાડ્યા છે, જ્યારે મુખ્ય આરોપી ધવલ પટેલ સહિત અન્ય આરોપીઓની શોધખોળ અને વધુ તપાસ ચાલુ છે. પકડાયેલા આરોપીઓમાં આરિશભાઈ છગનભાઈ ગેડીયા, ભાવેશભાઈ ધીરૂભાઈ ચૌહાણ, નીતી સત્યનારાયણ પ્રસાદ, સોહિલભાઈ જીતેન્દ્રકુમાર મકવાણા, નિરવકુમાર અરવિંદભાઈ પટેલ (શિહોરા) તથા સૂર્યસિંહ જગતસિંહ રાઠોડ (રાજપૂત)નો સમાવેશ થાય છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓ દ્વારા બનાવવામાં આવેલી SD PAY એપ્લિકેશનમાં રોકાણ કરનાર વ્યક્તિને અન્ય લોકોને જોડવા માટે રેફરલ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવતો હતો. તપાસ દરમિયાન આરોપીઓના રેફરન્સથી પ્રથમ લેવલમાં જ કુલ ૨૭૧ લોકોને રોકાણ કરાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે. ત્યારબાદ અલગ અલગ લેવલમાં વધુ લોકોને જોડીને મોટી સંખ્યામાં રોકાણ કરાવવામાં આવ્યું છે. આ એપ્લિકેશનની પ્લે સ્ટોર પર તપાસ કરતા તેમાં ૧૦ લાખથી વધુ યુઝર્સ જોડાયેલા હોવાનું પણ જાણવા મળ્યું છે. આરોપીઓ દ્વારા રોકાણની રકમના આધારે અલગ અલગ ટકા પ્રમાણે વળતર આપવાની લાલચ આપી લોકોને આકર્ષવામાં આવતા હોવાનું સામે આવ્યું છે. અમરેલી સાયબર ક્રાઈમ પોલીસે આરોપીઓના જુદાં જુદાં બેંક ખાતાઓની તપાસ કરતા કુલ ૧૨ બેંક ખાતાઓ વિરૂદ્ધ નેશનલ સાયબર ક્રાઈમ રિપોર્ટિંગ પોર્ટલ (NCCRP) પર ૮૩ સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાયેલી હોવાનું સામે આવ્યું છે. આ ફરિયાદોમાં કુલ રૂા. ૨૩,૦૮,૭૩,૫૬૭થી વધુની રકમના ફ્રોડની વિગતો સામે આવ્યાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. પોલીસે આ સમગ્ર કૌભાંડમાં ઉપયોગમાં લેવાયેલા મોબાઈલ ફોન, બેંક એકાઉન્ટ અને અન્ય ડિજિટલ પુરાવાઓની તપાસ હાથ ધરી છે. પોલીસ તપાસમાં S.D. HUB (OPC) PVT. LTD. સહિત વિવિધ કંપનીઓની ભૂમિકા પણ સામે આવી છે. અમરેલી પોલીસે છ આરોપીઓને ઝડપી લઈને વધુ તપાસ શરૂ કરી છે. આ કૌભાંડમાં મુખ્ય આરોપી SD pay નામની એપ્લિકેશન માલિક ધવલ પટેલ અન્ય કેટલા લોકો અને કંપનીઓ સંકળાયેલા છે તેમજ લોકો સાથે કુલ કેટલી રકમની છેતરપિંડી થઈ છે તે દિશામાં સઘન તપાસ ચાલી રહી છે.

### અમરેલીનો એક ટાબરિયો અંદાજે ૫૦ કરોડ નું કરીને નાસી ગયો છે તેની સામે ક્યારે તપાસ...?

અમરેલીમાં બે વર્ષ પહેલા એક ટાબરિયો ૧૫થી ૪૦ ટકા વળતર આપવાની લાલચ આપી લગભગ અંદાજે ૫૦ કરોડનું કૌભાંડ કરી ને અમરેલીમાંથી ભાગી ગયો છે તેની સામે ક્યારે તપાસ...? તે સવાલ નાણાં ખોનાર લોકોમાંથી ઉઠી રહ્યો છે. જોકે આ ટાબરિયા સામે કોઈ ફરિયાદ થયેલ નથી પરંતુ પોલીસ આ મામલે જાતે તપાસ કરે તો અનેક લોકોના કરોડો રૂપિયાનું ફૂલેકું ફેરવી નાસી જનાર ટાબરિયાને પકડી પૂછપરછ કરવામાં આવશે તો અનેક ફરિયાદો પણ સામે આવશે. આ ટાબરિયા દ્વારા શરૂઆતમાં ૧૫થી ૪૦ ટકા રકમ આપવામાં આવી હતી લોકોમાં વિશ્વાસ આવતા રોકાણકારો વધતા લોકોએ લાખો રૂપિયા આપ્યા હતા. આ લંબર મૂછિયો ટાબરિયો રાતોરાત કરોડો રૂપિયાનું ફૂલેકું ફેરવી નાસી ગયો હતો. પોલીસ આ મામલે પણ તપાસ ચલાવી આ ટાબરિયાને પકડી પાડે તો પોલીસ સમક્ષ અનેક નાણાં ગુમાવનાર લોકો ફરિયાદો કરવા આવશે.

# મહેસાણા : ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકે ઊજવ્યો સ્થાપના દિવસ



મહેસાણા, તા.૮

ડાક વિભાગના ઉપક્રમ રૂપે સ્થાપિત ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે તેના ૯મા સ્થાપના દિવસના અવસરે દેશમાં ડિજિટલ બેંકિંગ, ડોરસ્ટેપ બેંકિંગ અને નાણાકીય સમાવેશની તેની નોંધપાત્ર સફરને ઉજાગર કરી હતી. આ પ્રસંગે અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉત્તર ગુજરાત ક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે કેક કાપીને કાર્યક્રમનો શુભારંભ કર્યો હતો. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ‘અંત્યોદય’ના સંકલ્પને સાકાર કરતા ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંકે ‘છેલ્લા છેવાડા સુધી સેવા’ની પરિકલ્પનાને નવી ઊંચાઈઓ આપી છે. વર્ષ ૨૦૧૮-૧૯માં ભારતમાં અંદાજે ૫૬ લાખ ગ્રાહકો સાથે પોતાની સફર શરૂ કરનાર ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ્સ બેંક આજે ૧૩.૨૫ કરોડ ગ્રાહકો સાથે જોડાઈ ચૂકી છે. ગુજરાત સર્કલમાં ૪૫.૫૦ લાખ આઈપીપીબી ખાતાઓ કાર્યરત છે. આઈપીપીબી કરોડો ભારતીયોના જીવનમાં એક વિશ્વસનીય સાથી બનીને તેમને પોતાના નાણાંનું સંચાલન કરવા, પોતાના હકની રકમ મેળવવા અને આત્મવિશ્વાસ સાથે પોતાના સપનાઓ તરફ આગળ વધવા માટે સશક્ત બનાવી રહી છે. આ પ્રસંગે સહાયક નિદેશક રિતુલ ગાંધી, આઈપીપીબીના આસિસ્ટન્ટ જનરલ મેનેજર સંદીપ કુમાર, ચીફ મેનેજર અભિજિત જીભકાટે, સિનિયર મેનેજર પ્રિયંકા કુમારી, સહાયક ડાક અધિક્ષક જીનેશ પટેલ, રમેશ પટેલ, રોનક શાહ, ડાક નિરીક્ષક પાયલ પટેલ, ભાવિન પ્રજાપતિ, સિદ્ધાર્થ રાવલ, સંતોષ કુમાર સહિતના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ આઈપીપીબીના ગ્રાહકો ઉપસ્થિત રહ્યા.

## ડોક્ટરોના અભાવે દર્દીઓ પરેશાન

# સુરેન્દ્રનગરની સાર્વજનિક હોસ્પિટલ ખાતે દર્દીઓની મોટી લાઈનો લાગી



(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૮

સુરેન્દ્રનગર શહેરમાં હાલમાં રોગ ચાળાએ અજગરી ભરડો લીધો હોવાનું સામે આવ્યું છે અને સુરેન્દ્રનગર શહેરની સરકારી સાર્વજનિક હોસ્પિટલ ખાતે દર્દીઓની મોટી માત્રામાં લાઈનો જોવા મળી હતી અને કેસ બારી ઉપર અંદાજિત ૫૦૦ દર્દીઓ ગેસ કઢાવવા માટે લાઈનોમાં લાગેલા હતા. વહેલી સવારથી સુરેન્દ્રનગર જિલ્લાની સાર્વજનિક હોસ્પિટલ ખાતે દર્દીઓનો રાફડો ફાટ્યો હતો અને લોકો દર્દમાં પીસાઈ રહ્યા હોવાનું સામે આવ્યું હતું. સુરેન્દ્રનગર શહેરમાં હાલમાં ચોમાસાની સિઝનમાં મેલેરીયા ટાઈફોડ અને ડેન્ગ્યુ જેવા કેસો જોવા મળ્યા હતા ત્યારે સુરેન્દ્રનગરની સાર્વજનિક હોસ્પિટલ ખાતે ડોક્ટરોની પણ અછત હોવાના કારણે એક ડૉક્ટર કેટલા દર્દીઓને તપાસી શકે તે પણ એક પ્રશ્ન ઉપસ્થિત થયો હતો. સુરેન્દ્રનગર શહેરની સાર્વજનિક હોસ્પિટલ ખાતે દર્દીઓને અને સમયસર સારવાર ન મળવાનું પણ દર્દીઓ દ્વારા જણવા મળ્યું છે.

# વાપીની સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલમાં શિક્ષક દિનની ભવ્ય ઉજવણી




(તસવીર : શકીલ સૈયદ, વાપી)

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૮

વાપીની સેન્ટ ઝેવિયર્સમાં ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ઝેવિયરાઈટ્સ દ્વારા શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આ દિવસ ભારતના મહાન શિક્ષણશાસ્ત્રી અને તત્ત્વચિંતક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતિ નિમિત્તે ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમનું આયોજન ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. શિક્ષકોનું બેજ પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું અને સુંદર પ્રાર્થના તથા બાઈબલ વાચનથી કાર્યક્રમની શરૂઆત થઈ.ત્યારબાદ સ્વાગત પ્રવચન, શિક્ષક દિનનું મહત્ત્વ, વિવિધ મનોરંજક રમતો અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા કાર્યક્રમને આનંદમય બનાવવામાં આવ્યો.મેનેજિંગ ડિરેક્ટર ડૉ. ગ્રેસ પિન્ટો મેડમ અને ડિરેક્ટર ડૉ. સ્નેહલ પિન્ટોના પ્રેરણાદાયી સંદેશે શિક્ષકોના સમર્પણને બિરદાવ્યું.વિદ્યાર્થીઓ દ્વારા વક્તૃત્વ, હસ્તાક્ષર, કાવ્યલેખન, નિબંધ લેખન અને આભાર કાર્ડ જેવી સર્જનાત્મક પ્રવૃત્તિઓ પણ યોજવામાં આવી. તમામ શિક્ષકોને શિક્ષક દિનની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# વિરમગામ-પાલીતાણા રૂટની બસ નિયમિત કરવાની મુસાફરોની માંગ

(સંવાદદાતા દ્વારા)

વઢવાણ, તા.૮

તહેવારો દરમિયાન મુસાફરોની સુવિધા માટે એસટી વિભાગ દ્વારા એક્સ્ટ્રા બસો દોડાવવાની જાહેરાતો કરવામાં આવે છે, પરંતુ તેની સામે રેગ્યુલર રૂટની બસો જ બંધ કરી દેવામાં આવતી હોવાની સ્થિતિ સામે આવતા એસટી વિભાગના વહીવટ સામે સવાલો ઊભા થયા છે. વિરમગામ એસટી ડેપોથી ચાલતી વિરમગામ-પાલીતાણા રૂટની બસ છેલ્લા કેટલાક સમયથી અવારનવાર અનિયમિત રહેતી હોવાના કારણે મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. રોજિંદા કામકાજ, નોકરી, વેપાર તથા અન્ય જરૂરી કામગીરી માટે આ રૂટનો ઉપયોગ કરતા મુસાફરો બસની અનિશ્ચિતતાને કારણે મુશ્કેલીમાં મુકાયા છે. મુસાફરોના જણાવ્યા મુજબ, તહેવારોના દિવસોમાં અન્ય વિસ્તારોના રેગ્યુલર રૂટની બસો બંધ કરીને તે જ બસોને એક્સ્ટ્રા બસ તરીકે દોડાવવાની સ્થિતિ સર્જાય છે. પરિણામે એક તરફ તહેવારોમાં વધારાની બસો મૂક્યાનો દેખાડો થાય છે, તો બીજી તરફ નિયમિત મુસાફરોને પોતાના રૂટની બસથી વંચિત રહેવું પડે છે.આ અંગે વિરમગામ એસટી ડેપોના ડેપો મેનેજરનો ટેલિફોનિક સંપર્ક કરતાં તેમણે જણાવ્યું હતું કે, તહેવારો દરમિયાન એક્સ્ટ્રા બસો મૂકવાની થતી હોવાથી કેટલાક રેગ્યુલર રૂટ બંધ કરવા પડે છે.એક રૂટના મુસાફરોને સુવિધા આપવા બીજા રૂટના મુસાફરોને મુશ્કેલીમાં મૂકવાની નીતિ કેટલા અંશે યોગ્ય છે ? વિરમગામ-પાલીતાણા રૂટની બસ નિયમિત કરવામાં આવે અને તહેવારો દરમિયાન રેગ્યુલર રૂટને અસર ન થાય તે માટે યોગ્ય વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવે તેવી મુસાફરોમાં માંગ ઉઠી છે.

# સિદ્ધપુર ખાતે વિનામૂલ્યે દંત ચેકઅપ કેમ્પ યોજાયો



પબ્લિક હેલ્થ ડેન્ટિસ્ટ્રી વિભાગ, સિદ્ધપુર ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ દ્વારા શ્રાવણ માસના ત્રીજા અને ચોથા સોમવાર તેમજ જન્માષ્ટમી મેળા નિમિત્તે વટેશ્વર મહાદેવ ખાતે ઓરલ હાઈજીન જાગૃતિ અને વિનામૂલ્યે દંત ચેક-અપ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.આ કેમ્પ મોઢાંના આરોગ્યનું મહત્ત્વ, દાંતના રોગોથી બચાવ, તમાકુથી થતા રોગો/કેન્સર વિશે માહિતી અને સિદ્ધપુર ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ ખાતે ઉપલબ્ધ વિવિધ અદ્યતન સારવારો વિશે જાગૃતિ ફેલાવવામાં આવી હતી.૭૦૦૦થી વધુ શ્રદ્ધાળુઓ અને મુલાકાતીઓને મોઢાંના સ્વાસ્થ્ય વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.

# રામગઢી બજારમાંથી યુવકનું અપહરણ કરી માર મારનાર ચાર આરોપી જેલ હવાલે

## આડાસંબંધની શંકાએ ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૮

અરવલ્લીના મેઘરજ તાલુકાના રામગઢી અને મુડશી-નવાઘરી ગામ વચ્ચે યુવકને બોલેરો ગાડીમાં બેસાડી અપહરણ કરી ગેરકાયદેસર રીતે અટકાયતમાં રાખી માર માર્યાની ઘટના સામે આવી છે. સમગ્ર મામલે મેઘરજ પોલીસ મથકે ચાર શખ્સો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.ફરિયાદ મુજબ, મુડશી (વાઘોરા) ગામના ૨૨ વર્ષીય લાલાભાઈ ડામોર રામગઢી ગામે રીંગ બોરની ઈલેક્ટ્રિક મોટર રિપેરિંગમાં મુકેલી હોવાથી તે લેવા માટે ગયા હતા. તેમની પાસે પૈસા ઓછા પડતા તેઓ રામગઢી ગામે સ્ટેશનરીની દુકાન ધરાવતા વિજયભાઈ ડામોર પાસેથી પૈસા લેવા ગયા હતા અને દૂધ મંડળી સામે ઉભા હતા. આ દરમિયાન આરોપીઓ બોલેરો ગાડી નં.GJ-11-CD-3063 લઈને ત્યાં પહોંચ્યા હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે. ફરિયાદી પાસે આવી ગાડી ઉભી રાખી ચારેય આરોપીઓ નીચે ઉતરી દોડી આવ્યા હતા અને ફરિયાદીને તેમના કુટુંબી સુરેશભાઈ ભાથીભાઈ ડામોરની પત્ની આશાબેન સાથે આડા સંબંધ રાખે છે તેમ કહી ગાળો બોલી હતી. ત્યારબાદ ફરિયાદીને પકડી બોલેરો ગાડીમાં બેસાડી અપહરણ કરી ભાથીભાઈ રત્નાભાઈ ડામોરના ઘરે લઈ જવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. ત્યાં ઘર આગળ કણજાના ઝાડ સાથે દોરડાથી બાંધી ગેરકાયદેસર અટકાયતમાં રાખી ગડદાપાટુનો માર મારવામાં આવ્યો હતો. સાથે જ જાનથી મારી નાખવાની ધમકી આપી હોવાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ છે. આ સમગ્ર મામલે મેઘરજ પોલીસ મથકે દિલીપભાઈ સોમાભાઈ ડામોર, રેશીબેન સોમાભાઈ ડામોર, મંગુબેન ભાથીભાઈ ડામોર તેમજ કાયદાના સંઘર્ષમાં આવેલ યુવક સહિત ચાર આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા વિવિધ કલમ હેઠળ ગુનો નોંધાયો છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હથ ધરી છે જોકે મેઘરજ પોલીસે ગણતરીના કલાકોમાં અપરહરણ કરનાર ચારે આરોપીઓને ઝડપી પાડવાંમાં સફળતા હાથ લાગી છે.

# અરવલ્લીના ધોલવણી નજીક કારમાંથી રૂા. ૨.૮૯ લાખના દારૂ સાથે બુટલેગરને ઝડપ્યો

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૮

અરવલ્લી એલસીબીએ દેશી-વિદેશી દારૂની હેરાફેરી અને વેપલો કરતા બુટલેગરો સામે તવાઈ બોલવી છે ભિલોડાના ધોલવણી નજીક સ્વીફ્ટ કારમાં દારૂની ખેપ નિષ્ફળ બનાવી ૨.૮૯ લાખના દારૂ સાથે ઈડર પાંચ ગામડાના મનહર ડામોરને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો. અરવલ્લી લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઇ એમ. એચ.ઝાલા અને તેમની ટીમે ભિલોડા નજીક વધુ એક વાર દારૂની હેરાફેરીનો પર્દાફાશ કરતા સ્થાનિક પોલીસની કામગીરી શંકાના દયારામાં આવી ગઈ છે. એલસીબીની ટીમે ધોલવણી ત્રણ રસ્તા પર નાકાબંધી કરી વાહનોનુ ચેકીંગ હાથ ધરતા રાજસ્થાન તરફથી બે બુટલેગરો સ્વીફ્ટ કારમાં વેદેશી દારૂ ભરી પસાર થવાના હોવાની બાતમી મળતા એલસીબી પોલીસ સતર્ક બની બાતમી આધારિત કાર આવતા તેને ઉભી રાખવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે બુટલેગરો કાર રોડ પર ઉભી રાખી દોટ લગાવતા પોલીસે મનહર રત્ના ડામોર (રહે,પાંચ ગામડા,ઈડર-સાબરકાંઠા)ને દબોચી લીધો હતો. એલસીબી પોલીસે કારમાં સંતાડેલ વિદેશી દારૂ અને બિયર ટીન નંગ -૫૦૦ કિ.રૂા.૨૮૯૩૦૦ અને મોબાઈલ તેમજ કાર મળી રૂા.૭.૯૯ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ફરાર બુટલેગર લાલો (રહે, બુધરાસણ-ભિલોડા) અને દારૂની હેરાફેરીમાં સંડોવાયેલ પ્રકાશ સળુ ગામેતી (રહે,પાંચ ગામડા,ઈડર-સાબરકાંઠા) વિરૂદ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટ હેઠળ ગુન્હો નોંધાવી બંને બુટલેગરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# ખેડા જિલ્લા કોંગ્રેસ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર સુપ્રત



GPSCની ભરતી પ્રક્રિયામાં પારદર્શિતા, નિષ્પક્ષતા અને બંધારણીય સમાનતા જળવાય તે માટે ખેડા જિલ્લા કોંગ્રેસ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ખેડા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ મહેન્દ્રસિંહ રાણાની ઉપસ્થિતિમાં પૂર્વ પ્રમુખ ભારતસિંહ પરમાર, પ્રવક્તા દિલીપસિંહ સોઢા, લઘુમતી સેલના ઐયુબભાઈ પઠાણ, એસ.સી. સેલ પ્રદેશ મહામંત્રી દિનેશચંદ્ર રાઠોડ, જિલ્લા આગેવાન નિતીનભાઈ પટેલ તથા ઉપપ્રમુખ કૌશિકભાઈ પરમાર દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર સુપરત કરવામાં આવ્યું હતું. **(તસવીર : આરીફ મલેક, નડિયાદ)**

# અંકલેશ્વર નગરપાલિકા દ્વારા ‘સ્વર્ણિમ લેકવ્યુ પાર્ક’ ખાતે વૃક્ષારોપણ કરાયું



(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૮

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણ જાળવણી અર્થે દર મહિનાના પ્રથમ રવિવારે ‘વૃક્ષારોપણ અને સૂકાઈ ગયેલ રોપાઓની ફેરબદલી’ થીમ આધારિત વિશેષ ઝુંબેશ હાથ ધરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. જેના ભાગરૂપે અંકલેશ્વર નગરપાલિકા દ્વારા તારીખ ૬/૯/૨૦૨૬, રવિવારના રોજ ‘સ્વર્ણિમ લેકવ્યુ પાર્ક’ ખાતે સઘન વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ નગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસર હરિશચંદ્ર અગ્રવાલના માર્ગદર્શન હેઠળ તેમજ સબ રજિસ્ટ્રાર (જ.મ.) અને ગાર્ડન ઈન્ચાર્જ રઘુવીરસિંહ જે. મહિડાના સંકલનથી સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

પાર્કમાં અગાઉ સૂકાઈ ગયેલા ૨૭ જેટલા રોપાઓની ઓળખ કરી તે સ્થાને નવા ૨૭ છોડનું પુનઃ વાવેતર કરાયું. પર્યાવરણ જાગૃતિ વધારવાના ભાગરૂપે સ્થળ પર ઉપસ્થિત નાગરિકોને ૫૫ જેટલા રોપાઓનું નિઃ શુલ્ક વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે નગરપાલિકા ઉપપ્રમુખ વિરલબેન મકવાણા, શહેર ભાજપા પ્રમુખ ધર્મેન્દ્રભાઈ પુષ્કર્ણા, રિક્રિએશન કમિટી ચેરમેન હેતલબેન ગાંધી, હેલ્થ એન્ડ સેનિટેશન કમિટી ચેરમેન નરેન્દ્રભાઈ પટેલ, વાહન કમિટી ચેરમેન અંકિતભાઈ રાઠોડ, ડિસ્પેન્સરી કમિટી ચેરમેન દીક્ષિતાબેન રાણા, સભ્ય તરૂણભાઈ પટેલ તેમજ વિવિધ સંગઠન મોરચાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં સ્થાનિક નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત તમામ મહાનુભાવો અને નાગરિકોએ પર્યાવરણ સુરક્ષાનો સંકલ્પ લઈ વૃક્ષારોપણ પ્રવૃત્તિમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# હરિદ્વાર-વેરાવળ ટ્રેન ફરી શરૂ કરવા મધુર સોશિયલ ગ્રુપની રેલવે મંત્રીને રજૂઆત

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૮

જૂનાગઢના મધુર સોશ્યલ ગ્રુપે કેન્દ્રીય રેલવે મંત્રીને પત્ર લખી રજૂઆત કરતાં જણાવેલ છે કે વેરાવળ હરિદ્વાર ટ્રેન અચાનક બંધ કરી દેતા મુસાફરોને હાલાકી પડતા આ ટ્રેન પુર્નઃ શરૂ કરવા માંગ કરી છે.પત્રમાં વધુમાં જણાવેલ છે કે જૂનાગઢ અને સોમનાથ વૈશ્વિક પર્યટન તરીકે જાણીતી છે ત્યારે વેરાવળ જૂનાગઢમાં લાંબા અંતરની ટ્રેનોની આવશ્યકતાનાં પગલે બુલંદ થયેલી લોકમાંગને ન્યાય આપીને વેરાવળ હરીદ્વાર ટ્રેન શરૂ થઈ હતી. અઠવાડીયામાં એકવાર ચાલતી આ ટ્રેનમાં ફુલ ટ્રાફિક અને વેઈટીંગમાં લાઈન લાગતી હતી. આ ટ્રેન માત્ર એક મહિનો ચલાવીને બંધ કરી દેવાતા મુસાફરોમાં ભારે કચવાટ ઉભો થયો છે. આ ટ્રેન ઓગસ્ટમાં જ બંધ થઈ ગઈ આ અંગે સાંસદ રાજેશભાઈ ચુડાસમાએ રેલ્વે મંત્રીને રજૂઆત કરી હતી છતાં ટ્રેન ચાલુ કરવા રેલવે તંત્ર વિલંબ કરી રહ્યું છે. મધુર સોશ્યલ ગૃપનાં પ્રમુખ સલીમભાઈ ગુજરાતી, અમીનભાઈ ગોસાઈ, રાજેશભાઈ શ્રીવાસ્તવ, નરેશભાઈ શાંશીયા સહીતનાએ રેલવે મંત્રી સહિતના પદાધિકારીઓને રજૂઆત કરીને વેરાવળ હરીદ્વાર, હરીદ્વાર વેરાવળ સાપ્તાહિક ટ્રેન ફરીથી શરૂ કરવા માંગ કરી છે.

# પાલિતાણાની ઝવેરચંદ મેઘાણી પ્રાથ.શાળાને નવતર પ્રવૃત્તિ માટે મળ્યું અનુદાન



(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

(સંવાદદાતા દ્વારા)પાલિતાણા, તા.૮

પાલિતાણાની શ્રી ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળાને નવતર પ્રવૃત્તિ માટે નમોકાર ફાઉન્ડેશન દ્વારા પ્લાસ્ટિક મુક્ત શાળા અને સાયકલ ડ્રાઈવિંગ સ્કૂલ માટે પસાચ હજારનું દાન.. નવી સાત સાઈકલોનું અનુદાન અપાયું છે. જે બાળકો પ્લાસ્ટીકનો વપરાશ નહીં કરે તેના માટે વિવિધ ગિફ્ટ આપવામાં આવશે. ભાવનગર જિલ્લા પંચાયત સંચાલિત શ્રી ઝવેરચંદ મેઘાણી પ્રાથમિક શાળાને વિવિધ પ્રવૃતિ બદલ વિવિધ સંસ્થાઓ દ્વારા અનુદાન મળતું આવે છે ત્યારે નમોકાર ફાઉન્ડેશન મુંબઈના અશોકજી મેહતા દ્વારા પસાચ હજારનું યોગદાન આપી બાળકોના સર્વાંગીણ વિકાસમાં પોતાનું યોગદાન આપ્યું હતું. પાલીતાણાની તીર્થભૂમિમાં દાદા આદિનાથની કૃપાથી ઘણા સારા કાર્યો થાય છે, ત્યારે શત્રુંજય યુવક મંડળ સંચાલિત સાયકલ ડ્રાઈવિંગ સ્કૂલ માટે સાયકલ અને પ્લાસ્ટિક મુક્ત શાળા માટે કાપડની થેલીઓ આપવામાં આવી હતી. ભવિષ્યમાં નમોકાર ફાઉન્ડેશન દ્વારા પસાચ હજાર જેવી કાપડી થેલીઓ આપી સમગ્ર પાલીતાણાને પ્લાસ્ટિક મુક્તનું અભિયાન ચલાવવામાં આવશે. આ અભિયાન અંતર્ગત ભવિષ્યમાં પ્લાસ્ટિકનો પુનઃ ઉપયોગ માટે શાળા સ્વસ્છતાનું માધ્યમ બનશે. આમ શાળા વિકાસમાં સામાજિક સંસ્થાના યોગદાનથી શાળાના આચાર્ય સહિત સમગ્ર શાળા પરિવારે નમોકાર ફાઉન્ડેશનના અશોકજી મેહતાનો આભાર વ્યક્ત કર્યો હતો.

**હદીસ બોધ**

જે લોકો બીજાઓ સાથે ખરાબ વર્તાવ કરે છે, તેઓ અલ્લાહના કરમથી વંચિત રહે છે.
(હદીસ બોધ)

**બોધ વચન**

સારા પુસ્તકનો ઉદ્દેશ માણસને પોતાની રીતે વિચારતો કરી મૂકવાનો છે. -રિચી કોલ્ડર

**આજની આરસી**

૯ સપ્ટેમ્બર બુધવાર ૨૦૨૬
૨૬ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૮
શ્રાવણ વદ તેરસ સંવત ૨૦૮૨
સુબ્હ સાદિક ૫-૦૪
ખત્મે ઝવાલ ૧૨-૩૭
તુલૂએ આફતાબ (સૂર્યોદય) ૬-૨૫
ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) ૬-૫૦

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી. - વ્યવસ્થાપક

### અમદાવાદમાં ૧૨ ઓગસ્ટની રાત્રે વાહન અકસ્માત થયાના બનાવના મૂળ સુધી પહોંચી પોલીસ

# ભાઈ-પિતાનું ઓનર કિલિંગ : દીકરીની હત્યા કરી અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ નિષ્ફળ

### યુવક સાથેનો વીડિયો વાયરલ થતાં પ્લાન ઘડ્યો : હથોડીના ઘા મારી પતાવી


મૃતક સોફિયા


આરોપી પિતા-પુત્રએ ૩ મહિના પહેલાં સોફિયાની હત્યાનો પ્લાન ઘડ્યો હતો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮

અમદાવાદમાં ૧૨ ઓગસ્ટની રાત્રે અકસ્માતમાં ભાઈ સાથે જતી યુવતીનું મોત થયું હતું. પોલીસે અકસ્માત કેસની તપાસ કરતા ભાઈ અને પિતાએ જ ભેગા થઈ દીકરીની હત્યા કરી હોવાનો ખુલાસો થયો છે. યુવક સાથેનો વીડિયો વાઈરલ થતાં પિતા અને ભાઈએ યુવતીને હથોડીથી મોતને ઘાટ ઉતારી હત્યાને અકસ્માતમાં ખપાવવાનું કાવતરૂં ઘડ્યું હતું. પોલીસે હત્યાનો ગુનો નોંધી બંનેની ધરપકડ કરી છે.

શહેરના ફતેવાડી વિસ્તારમાં રહેતી ૨૨ વર્ષીય સોફિયા બોપલની નિકી હોસ્પિટલમાં નોકરી કરતી હતી. ૧૨ ઓગસ્ટની રાત્રે સોફિયાનો ભાઈ મોહમ્મદ હાબિલ બાઈક પર તેને લઈને આવી રહ્યો હતો, ત્યારે રસ્તામાં સમૃદ્ધ ડેરીની પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા સોફિયા અને હાબીલને ગંભીર ઈજા પહોંચી હતી, જેમાં સોફિયાનું મોત થયું હતું. ટ્રાફિક પોલીસને જાણ થતાં એમ ડિવિઝન પોલીસે અકસ્માત અંગે તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં ભાઈ હાબિલે જે રસ્તે અકસ્માત થયો હોવાનું જણાવ્યું હતું ત્યાં કોઈ અકસ્માત થયો નહોતો. પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસતા આ સમગ્ર મામલો શંકાસ્પદ લાગ્યો અને મૃતકના ભાઈ હાબિલની તપાસ કરી હતી. પોલીસની પૂછપરછમાં હાબિલ અને તેના પિતા મોહમ્મદ ફારૂકે ભેગા મળી હત્યા કરી હોવાની કબૂલાત કરી હતી.

મૃતક સોફિયાનો થોડા સમય અગાઉ એક યુવક સાથેનો વીડિયો વાઈરલ થયો હતો. જેનાથી સમાજમાં બદનામી થાય તેમ હતું. જે અંગે મૃતક યુવતીને ભાઈ અને પિતાએ સમજાવી હતી, પરંતુ સોફિયાના અન્ય વ્યક્તિ સાથેના સંબંધ હોવાની બંનેને શંકા હતી. જેથી ૩ મહિના અગાઉથી પિતા અને ભાઈએ સોફિયાની હત્યા કરવાનું કાવતરૂં ઘડ્યું હતું. ૧૨ ઓગસ્ટે વરસાદ હોવાને કારણે બંનેએ હત્યાને અંજામ આપ્યો હતો. સોફિયા જે હોસ્પિટલમાં નોકરી કરતી હતી ત્યાં હાબિલ અને ફારૂક બાઈક લઈને લેવા પહોંચ્યા હતા. બંને સોફિયાને બાઈક પર બેસાડી બોપલથી પરત ફરતા હતા. આ દરમિયાન પ્લાન મુજબ હાબિલ સાથે હથોડી લઈને આવ્યો હતો જે સોફિયાના માથાના ભાગે મારી હતી. સોફિયા બેભાન થતા તેણે બાઈક પરથી નીચે ફેંકી માથામાં હથોડીના બીજા બે ઘા માર્યા હતા. સોફિયાનો શ્વાસ બંધ ન થયો ત્યાં સુધી બાપ-દીકરો રાહ જોતા રહ્યા હતા. સોફિયાનો જીવ જતો રહ્યો તે બાદ બંને પિતા-પુત્ર સોફિયાની લાશ લઈ બાઈક પર ફરતા રહ્યા. થોડે આગળ જઈ સોફિયાને પાડી પર સુવડાવી હાબિલે પોતાના શરીર પર ઈજા પહોંચાડી અને બાઈકને અકસ્માત થયો હોય તેમ નુકસાન પહોંચાડ્યું હતું. સમગ્ર ઘટનાને અંજામ આપ્યા બાદ ફારૂક સ્થળ પરથી ચાલતો નીકળી ગયો હતો. બનાવની જાણ થતાં ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસે શરૂઆતમાં અકસ્માત અંગે તપાસ કરી બાદમાં હત્યાની જાણ થતાં પિતા-પુત્રની ધરપકડ કરી હતી.

### કોડીન ઘટક ધરાવતી દવાઓના ગેરકાયદે ઉપયોગ-વેચાણ સામે રાજ્ય વ્યાપી ઝૂંબેશ

# રાજ્યમાં કોડીનયુક્ત દવાઓના ગેરકાયદે વેચાણ સામે સ્પે. ડ્રાઈવ : ૮૩ લાખનો જથ્થો સ્થગિત





### એક પેઢીનો પરવાનો કાયમી રદ : સાત પેઢીને અપાઈ કારણદર્શક નોટિસ

(સંવાદદાતા દ્વારા)
ગાંધીનગર, તા.૮

ગુજરાતમાં કોડીન ઘટક ધરાવતી દવાના ગેરકાયદે સંગ્રહ, અનધિકૃત વેચાણ અને ગેરઉપયોગ સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યવ્યાપી સ્પેશ્યલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી છે. ૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ શરૂ કરાયેલી આ ઝૂંબેશમાં અમદાવાદ અને મહેસાણા સહિતના વિસ્તારોમાં દવાના હોલસેલ તથા રિટેલ વેપારીઓની સઘન તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બાલાજી ફાર્માનો રૂા.૮૩.૦૭ લાખથી વધુનો કોડીનયુક્ત દવાનો જથ્થો પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. સાથે જ કુલ ૭ પેઢીને કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે, જ્યારે એક પેઢીનો દવા વેચાણનો પરવાનો કાયમી રદ કરી દેવાયો છે.

અમદાવાદ ગ્રામ્ય-ગાંધીનગરની બાલાજી ફાર્મામાં તપાસ દરમિયાન કોડીન ઘટક ધરાવતી Rexton-T Syrupની ૩૭,૭૬૨ બોટલ મળી આવી હતી. એક બોટલની MRP 220 રૂપિયા મુજબ આ જથ્થાની કિંમત રૂા.૮૩,૦૭,૬૪૦ થાય છે. દવાનો વધુ ઉપયોગ કે વેચાણ ન થાય તે માટે સમગ્ર જથ્થો પ્રતિબંધિત કરવામાં આવ્યો છે. ઉપરાંત નિયમ મુજબ પૃથ્થકરણ માટે દવાનો નમૂનો લેવામાં આવ્યો છે. ખરીદ-વેચાણના રેકર્ડની તપાસમાં પેઢી મુખ્યત્વે કોડીનયુક્ત દવાનો વેપાર કરતી હોવાનું સામે આવતા કારણદર્શક નોટિસ પાઠવી ખુલાસો માંગવામાં આવ્યો છે. કલોલની હેલ્થ પોઈન્ટ ફાર્મામાં ૩૧ ઓગસ્ટે થયેલી તપાસ બાદ ક્ષતિઓ અંગે કારણદર્શક નોટિસ અપાઈ હતી. જો કે પેઢીનો ખુલાસો સંતોષકારક ન જણાતા તેનો દવા વેચાણનો પરવાનો રદ કરવામાં આવ્યો છે. ચાંગોદરની ફાર્માલિન લાઈફસાયન્સિસ, સાંતેજની રેઈન રેમેડીઝ, વિસનગરની કેપિટલ ફાર્મા, અમદાવાદ-૧ની HRDM ગ્લોબલ સોલ્યુશન્સ અને જય અંબે ડિસ્ટ્રિબ્યુટર્સ સામે પણ તપાસ કરવામાં આવી છે. ખરીદ-વેચાણના બિલો, રેકર્ડ અને અન્ય દસ્તાવેજોની ચકાસણી દરમિયાન ક્ષતિઓ જણાતા કારણદર્શક નોટિસ પાઠવવામાં આવી છે. અમદાવાદની જય અંબે ડિસ્ટ્રિબ્યુટર્સમાંથી કોડીન ઘટક ધરાવતી R Tuss TD Syrupની ૫૭ બોટલ મળી આવી હતી. રૂા.૧૫૮ની MRP મુજબ તેની કિંમત રૂા.૯,૦૦૬ થાય છે. આ જથ્થો પણ વધુ ઉપયોગ કે વેચાણ ન થાય તે માટે પ્રતિબંધિત કરાયો છે. પેઢીના રેકોર્ડની તપાસમાં મુખ્યત્વે કોડીનયુક્ત દવાઓનો વેપાર થતો હોવાનું જણાયું હતું. આ જ રીતે કઠવાડાની કૃષ્ણા ફાર્મામાં પણ તપાસ દરમિયાન ક્ષતિઓ સામે આવી છે અને પેઢીને કારણદર્શક નોટિસ પાઠવવાની પ્રક્રિયા ચાલી રહી છે. તમામ પેઢીઓના કોડીનયુક્ત દવાઓના ખરીદ-વેચાણના રેકોર્ડ, બીલો અને સંબંધિત દસ્તાવેજોની વધુ તપાસ ચાલુ છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ જણાવ્યું હતું કે, કોડીનયુક્ત દવાઓના ગેરકાયદે સંગ્રહ, અનધિકૃત વેચાણ અને ગેરઉપયોગ સામે સરકાર ઝીરો ટોલરન્સની નીતિ સાથે કાર્યવાહી કરી રહી છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર પેઢીઓ સામે કાયદા અને નિયમો મુજબ કડક પગલાં લેવામાં આવશે. કોડીનયુક્ત દવાઓનો ઉપયોગ માત્ર માન્ય તબીબી પ્રિસ્ક્રિપ્શન અને કાયદેસર માર્ગે થાય તે સુનિશ્ચિત કરવા તપાસ અને દેખરેખની કાર્યવાહી રાજ્યભરમાં સતત ચાલુ રહેશે.

### કિંજલના અપહરણની વાત બાદ તેનો વીડિયો અને પો.કમિશનરને કરાયેલ અરજીને લઈ તપાસ

# ગાયિકા કિંજલ રબારીને નિવેદન માટે શોધી રહી છે પોલીસ : PSI પર હુમલા અંગે ૧૦ની અટકાયત

### રબારી સમાજના આગેવાનની બંને સમાજના લોકોને તટસ્થ રહેવા અપીલ

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૮

અમદાવાદના ચાંદખેડામાંથી ગાયિકા કિંજલ રબારીનું ૬ સપ્ટેમ્બરે અપહરણ થયા બાદ એક બાદ એક વળાંક આવી રહ્યા છે. પતિ મુકેશ દેસાઈની ફરિયાદ બાદ કિંજલનો એક વીડિયો સામે આવ્યો. જેમાં કિંજલે સ્વેચ્છાએ ગઈ હોવાનું અને અપહરણની વાત નકારી. ત્યારબાદ એક અરજી પણ પોલીસ કમિશનરને કરવામાં આવી. જો કે, હજી સુધી કિંજલ પોલીસ સમક્ષ નિવેદન નોંધાવવા રૂબરૂ ન આવી હોઈ પોલીસ તેના નિવેદન માટે લોકેશન મેળવી રહી છે. કિંજલના રૂબરૂ નિવેદન બાદ જ સમગ્ર મામલે સ્પષ્ટ થવાની શક્યતા છે. તો બીજી તરફ કિંજલના પીયર સીનાડ ગામમાં પોલીસ પર થયેલા હુમલા પ્રકરણમાં ૧૦ આરોપીઓની અટકાયત કરી લેવામાં આવી છે. કિંજલ રબારી સાથે મૈત્રી કરાર કરી રહેતા પતિ નરસિંહ ઉર્ફે મુકેશ દેસાઈની ફરિયાદ બાદ ચાંદખેડા પોલીસ તપાસ કરી



રહી છે. આ દરમિયાન કિંજલ રબારીનો એક વીડિયો અને એક અરજી સોશિયલ મીડિયાના માધ્યમથી સામે આવી. જેમાં પોતાના અપહરણની વાતનો ઈન્કાર કરી સ્વેચ્છાએ જ પૂર્વ પતિ અશોક ચૌધરી પાસે ગઈ હોવાનો દાવો કરી રહી છે. જો કે, અપહરણની ફરિયાદ બાદ હજી સુધી કિંજલ રબારી પોલીસ સમક્ષ રૂબરૂ આવીને નિવેદન આપ્યું નથી. ચાંદખેડા પોલીસ સ્ટેશનના PI જયેશ મકવાણાએ જણાવ્યું કે, કિંજલ રબારીના અપહરણની જ અમને ફરિયાદ મળી છે. કિંજલ રબારીનો વીડિયો અને અરજી સોશિયલ મીડિયાના માધ્યમથી મળી છે. કિંજલ રૂબરૂ આવીને કોઈ નિવેદન આપ્યું નથી. કિંજલનું લોકેશન અમે તપાસી રહ્યા છે. લોકેશન મળ્યા બાદ કિંજલ સુધી પહોંચી નિવેદન લેવામાં આવશે. કિંજલ નિવેદન બાદ આગળની કાર્યવાહી કરાશે. કિંજલ રબારી સાથે જોડાયેલા વિવાદ વચ્ચે રબારી સમાજના આગેવાન નાગજીભાઈએ સમગ્ર મામલે પોતાનું મંતવ્ય વ્યક્ત કરતા જણાવ્યું કે, "બંને સમાજોમાં કોઈ દોષિત હોય તો કિંજલ રબારી છે, તે જ બધાને ગેરમાર્ગે દોરે છે. લગ્નનો નિર્ણય વ્યક્તિ પોતે કરે છે અને કોઈએ દબાણથી ફેરા ફેરવ્યા નથી." તેમણે બંને સમાજના લોકોને આ મામલે ઉશ્કેરાવાની કે નિરાશ થવાની જરૂર ન હોવાનું જણાવી તટસ્થ રહેવાની અપીલ કરી હતી. સીનાડ ગામમાં PSI પર થયેલા હુમલા અંગે તેમણે યુવાનોને લાગણીમાં આવીને ઉશ્કેરાઈ ન જવા અપીલ કરી હતી. નાગજીભાઈએ અપીલ કરતાં કહ્યું હતું કે, "કિંજલ રબારી માટે નહીં, કોઈ ગરીબ દીકરી માટે આંદોલન કરજો." તેમણે સ્પષ્ટ કર્યું કે કિંજલના મામલે સમાજના યુવાનોએ લાગણીમાં આવીને આંદોલન કરવાની જરૂર નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, કિંજલ રબારીના ગામ સીનાડમાં ૭ સપ્ટેમ્બરે થયેલા ઘર્ષણમાં PSI પર હુમલો કરાયો'તો. જે મામલે પોલીસે ૧૦ આરોપીઓની અટકાયત કરી લીધી છે. સિંગર કિંજલ રબારી લગ્ન વિવાદમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ સર્જાઈ રહી છે, જેમાં બે જ્ઞાતિ સામસામે આવી ગઈ હોવાથી આ મામલો વધુ ઉગ્ર બની શકે છે. તો બીજી તરફ કિંજલે અમદાવાદ પોલીસ કમિશનરને પત્ર લખી તેનું અપહરણ ના થયું હોવાનું જણાવ્યું છે. કિંજલે પત્રમાં લખ્યું છે કે, અશોક ચૌધરી સાથે ક્યારેય છૂટાછેડા લેવા ન્હોતા, પરિવારે બળજબરીપૂર્વક હાઈકોર્ટમાં જવાબ અપાવ્યો હતો અને બળજબરીથી મુકેશ દેસાઈને સોંપી દીધી હતી. તે મારી સાથે બળજબરી કરતો હતો.

### ચર્ચાસ્પદ એવો ટોલ પ્લાઝા કૌભાંડ; 'MobData' અને 'Any' એપથી વસૂલી

# ૧૦૦ ટોલ પ્લાઝા પર નકલી ટેક્ષ વસૂલી મામલે ED દ્વારા ૧૪ સ્થળોએ સામૂહિક દરોડા

### ૧.૦૩ કરોડ રોકડા અને ૮ બેંક લોકર ફ્રીઝ કરાયા; NHAIને કરોડોનું નુકસાન

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૮

અમદાવાદ સહિત દેશભરમાં ચકચાર મચાવનારા બહુચર્ચિત ટોલ પ્લાઝા કૌભાંડ મામલે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દેશવ્યાપી આકરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કેન્દ્રીય તપાસ એજન્સી ED દ્વારા ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, મધ્યપ્રદેશ, જમ્મુ-કાશ્મીર, પશ્ચિમ બંગાળ અને દિલ્હી સહિત ૬ રાજ્યોમાં કુલ ૧૪ જેટલા સ્થળોએ સામૂહિક દરોડા પાડવામાં આવ્યા છે. નકલી મોબાઈલ એપ્લિકેશનનો ઉપયોગ કરીને દેશના વિવિધ ટોલ પ્લાઝા પર ગેરકાયદેસર રીતે ટોલ ટેક્સની વસૂલી કરીને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાને કરોડો રૂપિયાનું મોટું આર્થિક નુકસાન પહોંચાડવાના ગુના હેઠળ આ કડક પગલાં લેવામાં આવ્યા છે.

તપાસમાં બહાર આવેલી વિગતો અનુસાર, કૌભાંડીઓ દ્વારા 'MobData' અને 'Any' નામની બોગસ એપ્લિકેશન્સ બનાવીને અંદાજે ૧૦૦ જેટલા ટોલ પ્લાઝા પરથી ગેરકાયદેસર રીતે કરોડો રૂપિયાની વસૂલાત કરવામાં આવતી હતી. આ સમગ્ર નેટવર્કમાં ખાનગી ટોલ એજન્સીઓની સીધી મિલીભગત હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે. ED દ્વારા પાડવામાં આવેલા દરોડા દરમિયાન સ્થળ પરથી રૂા.૧.૦૩ કરોડની શંકાસ્પદ રોકડ રકમ જપ્ત કરવામાં આવી છે, જ્યારે કૌભાંડ સાથે સંકળાયેલા ૮ બેંક લોકર્સને તાત્કાલિક અસરથી ફ્રીઝ કરી દેવામાં આવ્યા છે. આ ઉપરાંત, કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે અનેક ડિજિટલ ઉપકરણો, લેપટોપ, હાર્ડ ડિસ્ક અને શંકાસ્પદ દસ્તાવેજો કબજે લેવાયા છે. NHAIને કરોડો રૂપિયાનો ચૂનો ચોપડનારા આ ટેકનોલોજી આધારિત મોટા કૌભાંડનું નેટવર્ક અત્યંત ઊંડું અને દેશના અનેક રાજ્યોમાં ફેલાયેલું હોવાથી ED દ્વારા સમગ્ર સિન્ડિકેટ અંગે ઊંડાણપૂર્વક તપાસ ચલાવવામાં આવી રહી છે. નકલી એપ્લિકેશન ડેવલપ કરનારા ટેક્નિકલ નિષ્ણાતોથી લઈને ટોલ સંચાલકો સુધીના તમામ નામો અને નાણાકીય વ્યવહારોની બારીકાઈથી છાનબીન થઈ રહી છે. EDના આ દેશવ્યાપી દરોડા બાદ આ કૌભાંડમાં સામેલ અનેક મોટા આકાઓ તથા એજન્સીઓ પર કાયદાનો શિકંજો વધુ તંગ બનવાની અને આગામી દિવસોમાં મોટા નામો સામે આવવાની પૂરેપૂરી સંભાવના છે.

### અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીના રિક્ષાની ફરિયાદો મુદ્દે તપાસના આદેશ

# સ્કૂલ રિક્ષામાં જોખમી રીતે વિદ્યાર્થીઓને ઠાંસીને બેસાડવા મુદ્દે એક્શન : થશે સરપ્રાઈઝ ચેકિંગ

### તપાસ રિપોર્ટ બાદ સ્કૂલોને નોટિસ આપી કાર્યવાહી કરાશે : ચૌધરી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૮

અમદાવાદમાં સ્કૂલ રિક્ષામાં વિદ્યાર્થીઓની જોખમી સવારીની ફરિયાદો અને તેના વીડિયો વાયરલ થયા બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શિક્ષણ નિરીક્ષકને તપાસના આદેશ આપ્યા છે. મિરઝાપુર, દરિયાપુર અને રિલીફ રોડ સહિતના વિસ્તારોની સ્કૂલોના વિદ્યાર્થીઓને સ્કૂલ રિક્ષાચાલકો જોખમી સવારી કરાવે છે તેની સ્થળ તપાસ કરી વીડિયોના આધારે રિપોર્ટ તૈયાર કરવા સૂચના આપી છે. વીડિયોના આધારે સ્કૂલો પાસે પણ જવાબ માંગવામાં આવ્યો છે.

સોમવારથી સરપ્રાઈઝ ચેકિંગ શરૂ કરવામાં આવશે. સ્કૂલોની બેદરકારી સામે આવશે તો નોટિસ ફટકારી કડક કાર્યવાહી કરવામાં આવશે. વાલીઓ પોતાની જવાબદારી લેતા હોય તો લેખિતમાં તેમની બાહેંધરી લેવી.

અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, આ ખૂબ જ ગંભીર સ્થિતિ લાગે છે. કોઈપણ સ્કૂલના વિદ્યાર્થીઓને આ રીતે બેસાડવા કે પછી બેસવા દેવા એ વિદ્યાર્થી અને સ્કૂલ બંને માટે જોખમી છે. પોલીસ અને RTOના ધ્યાને આ બાબત કેમ નથી આવતી તે પણ વિચાર કરવા જેવી બાબત છે.

અમે અમારા ક્ષેત્રની તમામ સ્કૂલોમાં અને ખાસ કરીને જે વીડિયો સામે આવ્યા છે તેના આધારે પણ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. મિરઝાપુર અને દરિયાપુર વિસ્તારની સ્કૂલોના વિદ્યાર્થીઓ સાથે આ પ્રકારે થતું હોવાનું જાણવા મળ્યું છે. જેથી તેના આધારે તપાસના આદેશ આપવામાં આવ્યા છે. રિક્ષામાં બાળકો જાય તો તે સુરક્ષિત જાય તે સ્કૂલની જવાબદારી છે. એક રિક્ષામાં જેટલા વિદ્યાર્થીઓ બેસવા પાત્ર છે તેના કરતા વધારે બેસાડવામાં આવે છે તો તે જોવાની જવાબદારી સ્કૂલોની છે. વાલીઓએ પણ સહકાર આપવો જોઈએ અને સ્કૂલોએ પણ કડક કાર્યવાહી કરવી જોઈએ. હવે આગામી સોમવારથી કોઈપણ સ્કૂલમાં સરપ્રાઈઝ ચેકિંગ પણ કરવામાં આવશે. સ્કૂલને માત્ર શૈક્ષણિક કાર્ય કરવાની જ તેમની જવાબદારી નથી. સ્કૂલોને રિક્ષાચાલકનું લાઈસન્સ, ફિટનેસ સર્ટિફિકેટ અને કેટલા વિદ્યાર્થીઓ બેઠા તેની ચકાસણી કરવા માટે સૂચના આપવામાં આવી છે. સ્કૂલો આ પ્રકારની બાબતોમાં બેદરકાર રહેશે તો જરાય પણ ચલાવી નહીં લેવાય. જો વધુ વિદ્યાર્થીઓ હોય તો વધુ રિક્ષાનું આયોજન કરવામાં આવે તે માટે સ્કૂલોને સૂચના આપવામાં આવશે. વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈ કામગીરી કરવામાં આવે તે માટે તમામ સ્કૂલોને એલર્ટ કરવામાં આવશે. તપાસ રિપોર્ટ બાદ સ્કૂલોને નોટિસ આપી તેમના સામે પણ કાર્યવાહી કરવામાં આવશે. બાળક ઘરેથી આવે છે અને ઘર સુધી પહોંચે છે તે જોવાની જવાબદારી સ્કૂલોની રહેશે. જો અત્યારસુધી ભૂલ થઈ હોય તો સુધારી લેવા સમય આપીએ છીએ. વાલીઓ પોતાની જવાબદારી લેતા હોય તો લેખિતમાં તેમની બાહેંધરી લેવાની રહેશે.

### અમદાવાદ મુસ્લિમ ધોબી સમાજ દ્વારા રક્તદાન શિબિર તથા કેમ્પનું આયોજન

# તેજસ્વી વિદ્યાર્થીઓ તથા હાફીઝ-આલીમ વગેરેનો સન્માન કાર્યક્રમ યોજાયો





અમદાવાદ, તા.૮

અમદાવાદ મુસ્લિમ ધોબી સમાજ દ્વારા તા.૬ સપ્ટેમ્બર, રવિવારના રોજ ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ, દાણીલીમડા, અમદાવાદ ખાતે સવારે ૧૦થી બપોરે ૩ સુધી પ્રથમા બ્લડ સેન્ટરના સહયોગથી સ્વૈચ્છિક રક્તદાન શિબિરનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમાજના તમામ વયજુથના લોકો તેમજ યુવાનો અને યુવતીઓએ અંદાજે ૯૮ બોટલ રક્તદાન કરી સકારાત્મક સંદેશ પહોંચાડ્યો હતો.

આ સાથે આયુષમાન કાર્ડ અને આવકના દાખલા બનાવવા માટેના કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં નાગરિકોએ યોજનાનો લાભ લીધો હતો. આ સેવાકીય કામમાં અકીલ સાકીવાલાએ પોતાનું યોગદાન આપ્યું હતું. ઉપરોક્ત પ્રસંગોએ ખાડિયા વોર્ડના મ્યુનિ. કાઉન્સિલરો એડવોકેટ ઈલ્યાસખાન પઠાણ, બીરજુબેન ઠક્કર, દરિયાપુરના મ્યુનિ.કાઉન્સિલર સમીરાબેન મોહંમદયુસુફ શેખ (માર્ટીન), જમાલપુર વોર્ડના મ્યુનિ. કાઉન્સિલર ફૈઝુ મારફતિયાએ ઉપસ્થિત રહી અમદાવાદ મુસ્લિમ ધોબી સમાજ શહેર અને રાજ્યના વિકાસમાં પોતાનું યોગદાન આપે છે તે માટે સમાજના કારોબારી સભ્યો અને લોકોની ઉત્કૃષ્ટ કામગીરી બદલ પ્રસંશા કરી હતી. સાંજે ૫-૩૦ કલાકે સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. જેમાં મંચ ઉપર ઉપસ્થિત તમામ મહેમાનોનું મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું. હાફીઝ, કારી જેવા દીની તાલીમ મેળવનાર વિદ્યાર્થીઓની સાથે ધો. ૧૦-૧૨, ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ તેમજ ડોક્ટર, એડવોકેટ જેવા વિવિધ ક્ષેત્રે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને મેડલ તેમજ ટ્રોફી અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. સેક્રેટરી સરફરાજભાઈ કાલુભાઈ શેખે જણાવ્યું હતું કે, સમાજના દરેક માતા-પિતાએ પોતાના બાળકોને તેજસ્વી બનાવવા હોય તો તેઓને સારૂં - ઉચ્ચ શિક્ષણ જરૂરથી આપવું સમયની માંગ છે. આજના યુગમાં શિક્ષણનું મહત્ત્વ વધી ગયું છે, ત્યારે મુસ્લિમ ધોબી સમાજ દ્વારા તેજસ્વી તારલાઓના સન્માનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે તે ઉત્તમ કાર્યની સાથે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં મદદરૂપ બનશે.

એલ.ડી. એન્જિ. કોલેજના પ્રોફેસર - ડો. મઝહરભાઈ અફઝલભાઈ શેખ અને આદિલભાઈ ઈકબાલભાઈ શેખે સમારોહમાં ઉપસ્થિત તમામ લોકોના શાબ્દિક સ્વાગતની સાથે સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરી સેવાકીય કાર્ય પૂરૂં પાડ્યું હતું. રિયાઝભાઈ શેખ (કેપીટલ) અને શબ્બીરભાઈ શેખે કાર્યક્રમને સફળ બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ઉપરોક્ત બંને કાર્યક્રમમાં સમાજના કારાબોરી સભ્યો, આગેવાનો, તમામ વયજૂથના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# સેટેલાઈટમાં જીએસટી ઈન્સ્પેક્ટરના બંધ મકાનમાં તસ્કરો ત્રાટક્યા

### પોલીસે CCTV ફૂટેજ આધારે અજાણ્યા તસ્કરોને ઝડપવા તપાસ હાથ ધરી

(સંવાદદાતા દ્વારા)
અમદાવાદ, તા.૮

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલા મહિલા પશ્ચિમ પોલીસ સ્ટેશન નજીકના સ્વયંભૂ એપાર્ટમેન્ટમાં ચોરીનો બનાવ સામે આવ્યો છે. અહીં રહેતા જીએસટી ઈન્સપેક્ટરના બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો ઘરમાં ઘૂસ્યા હતા. ચોર ટોળકી ઘરમાંથી સોના-ચાંદીના કિંમતી દાગીના તેમજ રોકડ મળી કુલ ૩.૬૨ લાખ રૂપિયાની મત્તા ચોરીને ફરાર થઈ ગઈ હતી.

મળતી માહિતી મુજબ, આ મકાનમાં નિરવ દરજી અને તેમનાં પત્ની પ્રિયંકાબહેન દરજી રહે છે. નિરવ દરજી જીએસટી ઈન્સપેક્ટર તરીકે ફરજ નિભાવે છે, જ્યારે પ્રિયંકાબહેન છેલ્લાં ૮ વર્ષથી જિલ્લા શિક્ષણાધિકારી (DEO)ની કચેરી ખાતે જુનિયર ક્લાર્ક તરીકે કાર્યરત છે. મકાનમાંથી કિંમતી સામાન અને દાગીના ગાયબ હોવાનું ધ્યાને આવતાં જ પ્રિયંકાબહેને તાત્કાલિક સેટેલાઈટ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ઘટનાની જાણ થતાં જ સેટેલાઈટ પોલીસની ટીમ સ્થળ પર દોડી ગઈ હતી. પોલીસે આ મામલે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધીને સઘન તપાસ હાથ ધરી છે. આરોપીઓને વહેલી તકે ઝડપી પાડવા માટે સોસાયટી તથા આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

# ગાઝા યુદ્ધની ટીકા બદલ ઈઝરાયેલી યુનિવર્સિટીઓએ ૧૦૦ પેલેસ્ટીની વિદ્યાર્થીઓને હાંકી કાઢ્યા

(એજન્સી) તા.૮

પેલેસ્ટીની સંચાલિત અધિકાર જૂથ અદાલાહે સોમવારે જણાવ્યું હતું કે, ઈઝરાયેલી યુનિવર્સિટીઓએ ઓકટોબર ૨૦૨૩થી ગાઝામાં યુદ્ધની ટીકા કરવા બદલ ૧૦૦ પેલેસ્ટીની વિદ્યાર્થીઓને કાયમી અથવા અસ્થાયી રૂપે હાંકી કાઢ્યા છે. આ આંકડા 'ઈઝરાયેલી એકેડેમિયામાં રંગભેદ: ૭ ઓકટોબર ૨૦૨૩ પછી પેલેસ્ટીની વિદ્યાર્થીઓ' શીર્ષક ધરાવતા જૂથ દ્વારા એક અહેવાલમાં પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આ અહેવાલમાં તપાસ કરવામાં આવી છે કે, ૮ ઓકટોબર, ૨૦૨૩ના રોજ ગાઝા પર યુદ્ધ શરૂ થયા પછી ઈઝરાયેલી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓએ પેલેસ્ટીની વિદ્યાર્થીઓ પ્રત્યેના તેમના વર્તનમાં કેવી રીતે ફેરફાર કર્યો છે. તે એવા કિસ્સાઓનું દસ્તાવેજીકરણ કરે છે જેમાં ઈઝરાયેલી યુનિવર્સિટીઓએ પેલેસ્ટીની વિદ્યાર્થીઓને સસ્પેન્ડ કર્યા, તેમની સામે શિસ્તબદ્ધ કાર્યવાહી શરૂ કરી અને તેમની સોશિયલ મીડિયા પોસ્ટ્સને 'આતંકવાદને સમર્થન' તરીકે વર્ગીકૃત કરી. '૮૦થી વધુ કેસોમાં, સંસ્થાઓએ કોઈપણ સુનાવણી હાથ ધરતા પહેલા અને કથિત ઉલ્લંઘન થયું છે કે કેમ તે નક્કી કરતા પહેલા જ કામચલાઉ સસ્પેન્શન લાદ્યું હતું,' કેન્દ્રએ જણાવ્યું હતું. '૨૦ કેસોમાં, વિદ્યાર્થીઓને એકથી પાંચ વર્ષ સુધીના સમયગાળા માટે




કાયમી ધોરણે હાંકી કાઢવામાં આવ્યા હતા અથવા તેમના અભ્યાસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા,' તેમણે ઉમેર્યું. કેન્દ્રએ જણાવ્યું હતું કે, આ પગલાં અભિવ્યક્તિના વિવિધ સ્વરૂપોને લક્ષ્યાંકિત કરે છે, જેમાં સરકાર અને સૈન્ય નીતિઓ અને ગાઝા પરના યુદ્ધની ટીકા, તેમજ પ્રદેશમાં પેલેસ્ટીનીઓ સાથે એકતાની અભિવ્યક્તિનો સમાવેશ થાય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, 'કેટલાક કિસ્સાઓમાં, ફક્ત પોસ્ટની 'લાઈક', પ્રોફાઈલ પર પેલેસ્ટીની ધ્વજ અથવા 'પેલેસ્ટીન' શબ્દ પ્રદર્શિત કરવો, સમાચાર અહેવાલ શેર કરવો અથવા ગાઝાના રહેવાસીઓ માટે પ્રાર્થના પોસ્ટ કરવી ફરિયાદ અથવા શિસ્તબદ્ધ કાર્યવાહી શરૂ કરવા માટે પૂરતું હતું.' અદાલાહે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓને 'ફરિયાદના વિષયની જાણ કર્યા વિના' શિસ્ત સમિતિઓ સમક્ષ હાજર થવા માટે સમન્સ મોકલવામાં આવ્યા હતા. અન્ય કિસ્સાઓમાં તેમણે જણાવ્યું હતું કે, સંસ્થાઓ સામગ્રી ક્યારે પોસ્ટ કરવામાં આવી હતી અથવા સોશિયલ મીડિયા એકાઉન્ટ આરોપી વિદ્યાર્થીનું હતું કે નહીં તે ચકાસવામાં નિષ્ફળ રહી હતી.

# યમન યુદ્ધ : હૌથી અને સઉદી સમર્થિત દળો વચ્ચે ભીષણ યુદ્ધ

## યમની દળોએ હૌથી સામે વળતી લડાઈ શરૂ કરી, સના પાછું મેળવવાની ખાતરી આપી

(એજન્સી) તા.૮

યમનની આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત સરકાર વફાદાર દળોએ ઈરાન સમર્થિત હૌથી વિદ્રોહીઓ સામે મોટો વળતો હુમલો શરૂ કર્યો છે. સરકારી અધિકારીઓએ આ વિગતો આપતા જણાવ્યું છે કે, તેમનો મુખ્ય ઉદ્દેશ્ય હૌથી દળોના કબજામાંથી દેશની રાજધાની સનાને મુક્ત કરાવવાનો અને ફરીથી પોતાના નિયંત્રણ હેઠળ લાવવાનો છે. બીજી તરફ, સઉદી અરેબિયાના દક્ષિણ વિસ્તારોમાં આવેલા શહેરો અને આર્થિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હૌથી વિદ્રોહીઓ દ્વારા કરવામાં આવેલા સતત સ્ટ્રાઈક્સ અને હુમલાઓમાં ઓછામાં ઓછા ૭૩ નાગરિકો ઘાયલ થયા છે. રિયાધે હૌથી વિદ્રોહીઓને આવા ચાલુ હુમલાઓ સામે ગંભીર પરિણામોની ચેતવણી આપી છે.

**મુખ્ય આંકડા અને પરિસ્થિતિની એક નજરે સમીક્ષા :**

● **તેલના ભાવ :** અરામકો સુવિધાઓ પરના હુમલાને કારણે બેન્ટ ક્રૂડ ૧૦૦ ડૉલર પ્રતિ બેરલની નજીક પહોંચ્યું.

| Submission of Physical Applications (Syndicate Non-Retail, Non- Individual Applications of QIBs and NIBs where Bid Amount is more than ₹ 0.50 million | Only between 10.00 a.m. and up to 12.00 p.m. IST |
| Modification/ Revision/cancellation of Bids | |
| Upward revision of Bids by QIBs and NIBs categories | Only between 10.00 a.m. on the Bid/Offer Opening Date and up to 4.00 p.m. IST on Bid/Offer Closing Date |
| Upward or downward Revision of Bids or cancellation of Bids by RIBs | Only between 10.00 a.m. on the Bid/Offer Opening Date and up to 5.00 p.m. IST on Bid/Offer Closing Date |

* *UPI mandate end time and date shall be at 5.00pm on Bid/Offer Closing Date.*

\# *QIBs and NIBs can neither revise their Bids downwards nor cancel/withdraw their Bids.*

**Bid/Offer Period**

| Event | Indicative Date |
|---|---|
| Bid/Offer Opens on[1] | Wednesday, September 9, 2026 |
| Bid/Offer Closes on[2][3] | Friday, September 11, 2026^ |
| Finalization of Basis of Allotment with the Designated Stock Exchange | On or about Tuesday, September 15, 2026 |
| Initiation of refunds (if any, for Anchor Investors)/unblocking of funds from ASBA* | On or about Wednesday, September 16, 2026 |
| Credit of Equity Shares to demat Accounts of Allottees | On or about Wednesday, September 16, 2026 |
| Commencement of trading of the Equity Shares on the Stock Exchanges | On or about Thursday, September 17, 2026 |

*[1]Our Company, in consultation with the BRLMs and subject to applicable law, may consider participation by Anchor Investors. The Anchor Investor Bidding Date shall be one Working Day prior to the Bid/ Offer Opening Date in accordance with the SEBI ICDR Regulations.*

*[2]Our Company, in consultation with the BRLMs and subject to applicable law, may decide to close the Bid/ Offer Period for QIBs one Working Day prior to the Bid/ Offer Closing Date in accordance with the SEBI ICDR Regulations.*

*[3]UPI mandate end time and date shall be at 5:00 pm on the Bid/Offer Closing Date.*

**In case of (i) any delay in unblocking of amounts in the ASBA Accounts (including amounts blocked through the UPI Mechanism) exceeding two Working Days from the Bid/Offer Closing Date for cancelled / withdrawn / deleted ASBA Forms, the Bidder shall be compensated at a uniform rate of ₹100 per day or 15% per annum of the Bid Amount, whichever is higher from the date on which the request for cancellation/ withdrawal/ deletion is placed in the Stock Exchanges bidding platform until the date on which the amounts are unblocked (ii) any blocking of multiple amounts for the same ASBA Form (for amounts blocked through the UPI Mechanism), the Bidder shall be compensated at a uniform rate ₹100 per day or 15% per annum of the total cumulative blocked amount except the original application amount, whichever is higher from the date on which such multiple amounts were blocked till the date of actual unblock; (iii) any blocking of amounts more than the Bid Amount, the Bidder shall be compensated at a uniform rate of ₹100 per day or 15% per annum of the difference in amount, whichever is higher from the date on which such excess amounts were blocked till the date of actual unblock; (iv) any delay in unblocking of nonallotted/partially allotted Bids, exceeding two Working Days from the Bid/Offer Closing Date, the Bidder shall be compensated at a uniform rate of ₹100 per day or 15% per annum of the Bid Amount, whichever is higher for the entire duration of delay exceeding two Working Days from the Bid/Offer Closing Date by the SCSB responsible for causing such delay in unblocking. The BRLMs shall, in their sole discretion, identify and fix the liability on such intermediary or entity responsible for such delay in unblocking. The Bidder shall be compensated in the manner specified in the SEBI ICDR Master Circular, which for the avoidance of doubt, shall be deemed to be incorporated in the agreements to be entered into between our Company with the relevant intermediaries, to the extent applicable.*

**ASBA**# Simple, Safe, Smart way of Application!!!

\# Applications supported by blocked amount (ASBA) is a better way of applying to issues by simply blocking the fund in the bank account. For further details, check section on ASBA.

**Mandatory in public issues. No cheque will be accepted.**

UPI UNIFIED PAYMENTS INTERFACE

**UPI-Now available in ASBA for Retail Individual Investors and Non - Institutional Investor applying for amount upto ₹ 5,00,000/-, applying through Registered Brokers, DPs and RTAs. UPI Bidder also have the option to submit the application directly to the ASBA Bank (SCSBs) or to use the facility of linked online trading, demat and bank account. Investors are required to ensure that the bank account used for bidding is linked to their PAN. Bidders must ensure that their PAN is linked with Aadhaar and are in compliance with CBDT notification dated February 13, 2020, issued by the Central Board of Direct Taxes and the subsequent press releases, including press releases dated June 25, 2021 and September 17, 2021 and CBDT circular no.7 of 2022, dated March 30, 2022 read with press release dated March 28, 2023 and any subsequent press releases in this regard.**

ASBA has to be availed by all the investors except Anchor Investors. UPI may be availed by (i) Retail Individual Investors in the Retail Portion; (ii) Non-Institutional Investors with an application size of up to ₹ 0.50 million in the Non-Institutional Portion. For details on the ASBA and UPI process, please refer to the details given in ASBA form and abridged prospectus and also please refer to the section ***"Offer Procedure"*** on page 477 of the RHP. The process is also available on the website of Association of Investment Bankers of India ("**AIBI**") and Stock Exchanges and in the General Information Document. ASBA bid-cum-application forms can be downloaded from the websites of the Stock Exchanges and can be obtained from the list of banks that is displayed on the website of SEBI at www.sebi.gov.in/sebiweb/other/OtherAction.do?doRecognisedFpi=yes&intmId=35 and https://www.sebi.gov.in/sebiweb/other/OtherAction.do?doRecognisedFpi= yes&intmId=43, respectively as updated from time to time. For the list of UPI apps and banks live on IPO, please refer to the link: www.sebi.gov.in. UPI Bidders Bidding using the UPI mechanism may apply through the SCSBs and mobile applications whose names appear on the website of SEBI, as updated from time to time. HDFC Bank Limited and Kotak Mahindra Bank Limited have been appointed as Sponsor Banks for the Offer, in accordance with the requirements of the SEBI Circular dated November 1, 2018 as amended. For Offer related queries, please contact the BRLM on its email IDs as mentioned below. For UPI related queries, investors can contact NPCI at the toll free number: 18001201740 and mail Id: ipo.upi@npci.org.in.

## THE EQUITY SHARES OF OUR COMPANY WILL GET LISTED ON MAIN BOARD PLATFORM OF THE STOCK EXCHANGES

In case of any revision in the Price Band, the Bid/ Offer Period shall be extended for at least three additional Working Days after such revision of the Price Band, subject to the total Bid/Offer Period not exceeding 10 Working Days. In cases of force majeure, banking strike or similar unforeseen circumstances, our Company, in consultation with the BRLMs, for reasons to be recorded in writing, may extend the Bid / Offer Period for a minimum of one Working Day, subject to the Bid/ Offer Period not exceeding 10 Working Days. Any revision in the Price Band, and the revised Bid/ Offer Period, if applicable, shall be widely disseminated by notification to the Stock Exchanges by issuing a public notice and also by indicating the change on the respective websites of the BRLMs and at the terminals of the members of the Syndicate and by intimation to the Self-Certified Syndicate Banks **("SCSBs")** and by intimation to Designated Intermediaries and Sponsor Bank(s), as applicable.

The Offer is being made in terms of Rule 19(2)(b) of the Securities Contracts (Regulation) Rules, 1957, as amended (the **"SCRR"**), read with Regulation 31 of the SEBI ICDR Regulations. The Offer is being made in accordance with Regulation 6(1) of the SEBI ICDR Regulations, through the Book Building Process wherein not more than 50% of the Offer shall be available for allocation on a proportionate basis to Qualified Institutional Buyers **("QIBs")** (such portion referred to as **"QIB Portion"**), provided that our Company in consultation with the BRLMs, may allocate up to 60% of the QIB Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI ICDR Regulations (the **"Anchor Investor Portion"**), of which up to 40% of the Anchor Investor Portion shall be reserved in the following manner: (i) 33.33% shall be reserved for allocation to domestic Mutual Funds, and (ii) up to 6.67% shall be reserved for life insurance companies and pension funds, subject to valid Bids being received from domestic Mutual Funds, life insurance companies and pension funds respectively at or above the price at which allocation is made to Anchor Investors (**"Anchor Investor Allocation Price"**), in accordance with the SEBI ICDR Regulations. In the event of under-subscription in (ii) above, the allocation may be made to domestic Mutual Funds. In the event of under-subscription or non-allocation in the Anchor Investor Portion, the balance Equity Shares shall be added to the QIB Portion (excluding the Anchor Investor Portion) (the **"Net QIB Portion"**). Further, 5% of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to Mutual Funds only, and the remainder of the Net QIB Portion shall be available for allocation on a proportionate basis to all QIB Bidders (other than Anchor Investors), including Mutual Funds, subject to valid Bids being received at or above the Offer Price. However, if the aggregate demand from Mutual Funds is less than 5% of the Net QIB Portion, the balance Equity Shares available for allocation in the Mutual Fund Portion will be added to the remaining Net QIB Portion for proportionate allocation to all QIBs. Further, not less than 15% of the Offer shall be available for allocation on a proportionate basis to Non-Institutional Investors out of which (a) one-third of such portion shall be reserved for applicants with application size of more than ₹0.20 million and up to ₹1.00 million; and (b) two third of such portion shall be reserved for applicants with application size of more than ₹1.00 million, provided that the unsubscribed portion in either of such sub-categories may be allocated to applicants in the other sub-category of Non-Institutional Investors and not less than 35% of the Offer shall be available for allocation to Retail Individual Investors in accordance with the SEBI ICDR Regulations, subject to valid Bids being received at or above the Offer Price. All potential Bidders (except Anchor Investors) are required to mandatorily use the Application Supported by Blocked Amount **("ASBA")** process providing details of their respective ASBA accounts, and UPI ID in case of UPI Bidders, if applicable, in which the corresponding Bid Amounts will be blocked by the SCSBs or by the Sponsor Bank(s) under the UPI Mechanism, as applicable, to the extent of the respective Bid Amounts. Anchor Investors are not permitted to participate in the Offer through the ASBA process. For further details, see ***"Offer Procedure"*** on page 477 of the RHP.

**Bidders/ Applicants should ensure that DP ID, PAN, Client ID and UPI ID (for UPI Bidders bidding through the UPI Mechanism) are correctly filled in the Bid cum Application Form. The DP ID, PAN and Client ID provided in the Bid cum Application Form should match with the DP ID, PAN, Client ID available in the Depository database, otherwise, the Bid cum Application Form is liable to be rejected. Bidders/ Applicants should ensure that the beneficiary account provided in the Bid cum Application Form is active. Bidders/Applicants should note that on the basis of the PAN, DP ID, Client ID and UPI ID (for UPI Bidders bidding through the UPI Mechanism) as provided in the Bid cum Application Form, the Bidder/Applicant may be deemed to have authorised the Depositories to provide to the Registrar to the Offer, any requested Demographic Details of the Bidder/Applicant as available on the records of the depositories. These Demographic Details may be used, among other things, for giving Allotment Advice or unblocking of ASBA Account or for other correspondence(s) related to the Offer. Bidders/Applicants are advised to update any changes to their Demographic Details as available in the records of the Depository Participant to ensure accuracy of records. Any delay resulting from failure to update the Demographic Details would be at the Bidders'/Applicants' sole risk. Investors must ensure that their PAN is linked with Aadhaar and are in compliance with CBDT notification dated February 13, 2020 and press release dated June 25, 2021, read with press release dated September 17, 2021 and CBDT circular no.7 of 2022, dated March 30, 2022 read with press release dated March 28, 2023 and any subsequent press releases in this regard.**

**Contents of the Memorandum of Association of our Company as regards its objects:** For information on the main objects of our Company, please see the section ***"History and Certain Corporate Matters - Main Objects of our Company"*** on page 210 of the RHP. The Memorandum of Association of our Company is a material document for inspection in relation to the Offer. For further details, please see the section titled "***Material Contracts and Documents for Inspection***" on page 555 of the RHP.

**Liability of the members of our Company:** Limited by shares

**Amount of share capital of our Company and Capital structure:** As on the date of the RHP, the authorised share capital of the Company is ₹5,000,000,000 divided into 500,000,000 Equity Shares of face value of ₹10 each. The issued, subscribed and paid-up share capital of the Company is ₹3,248,971,400 divided into 324,897,140 Equity Shares of face value of ₹10 each. For details, please see the section titled ***"Capital Structure"*** beginning on page 87 of the RHP.

**Names of signatories to the Memorandum of Association of our Company and the number of Equity Shares subscribed by them:** The names of the initial signatories of the Memorandum of Association of our Company are: Jyotin Mehta, R. Vedasagar, Krishnan Ranganathan, Vijaya Rao, Nilesh Trivedi, Pramod Rao and Rajesh S. Chawathe. For details of the share capital history of our Company, please see the section titled ***"Capital Structure"*** beginning on page 87 of the RHP.

**Listing:** The Equity Shares offered through the Red Herring Prospectus are proposed to be listed on the Stock Exchanges. Our Company has received in-principle approvals from BSE and NSE for listing of the Equity Shares pursuant to their letters each dated September 19, 2025. For the purposes of the Offer, NSE shall be the Designated Stock Exchange. A signed copy of the Red Herring Prospectus and the Prospectus shall be filed with the RoC in accordance with Section 26(4) and 32 of the Companies Act, 2013. For details of the material contracts and documents available for inspection from the date of the Red Herring Prospectus up to the Bid/Offer Closing Date, see ***"Material Contracts and Documents for Inspection"*** on page 555 of the RHP.

**Disclaimer Clause of the Securities and Exchange Board of India ("SEBI"):** SEBI only gives its observations on the Offer documents and this does not constitute approval of either the Offer or the specified securities stated in the Offer Documents. The investors are advised to refer to page 455 of the RHP for the full text of the disclaimer clause of SEBI.

**Disclaimer Clause of NSE (Designated Stock Exchange) :** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the RHP and read with Addendum. The investors are advised to refer to page 457 of the RHP for the full text of the disclaimer clause of NSE.

**Disclaimer Clause of BSE :** It is to be distinctly understood that the permission given by BSE should not in any way be deemed or construed that the RHP and read with Addendum has been cleared or approved by BSE nor does it certify the correctness or completeness of any of the contents of the RHP. The investors are advised to refer to page 457 of the RHP for the full text of the disclaimer clause of BSE.

**General Risk:** Investments in equity and equity-related securities involve a degree of risk and investors should not invest any funds in this Offer unless they can afford to take the risk of losing their entire investment. Investors are advised to read the risk factors carefully before taking an investment decision in this Offer. For taking an investment decision, investors must rely on their own examination of our Company and the Offer, including the risks involved. The Equity Shares of face value of ₹10 each in the Offer have not been recommended or approved by the SEBI, nor does SEBI guarantee the accuracy or adequacy of the contents of the Red Herring Prospectus and read with Addendum. Specific attention of the investors is invited to ***"Risk Factors"*** on page 24 of the RHP.

| BOOK RUNNING LEAD MANAGERS | | | REGISTRAR TO THE OFFER | COMPANY SECRETARY AND COMPLIANCE OFFICER, HEAD CSR |
|---|---|---|---|---|
| IIFL CAPITAL | IDBI capital | JM Financial | MUFG MUFG Intime | Ameet Ashok Kela<br>The Ruby, 10th Floor, 29 Senapati Bapat Marg,<br>Dadar (West), Mumbai – 400 028<br>Maharashtra, India<br>**Tel:** +91 22-66581300<br>**E-mail:** cs@arcil.co.in |
| **IIFL Capital Services Limited**<br>*(formerly known as IIFL Securities Limited)*<br>24th Floor, One Lodha Place, Senapati Bapat Marg,<br>Lower Parel (West), Mumbai - 400 013, Maharashtra, India<br>**Tel:** +91 22 4646 4728<br>**E-mail:** arcil.ipo@iiflcap.com<br>**Website:** www.iiflcapital.com<br>**Investor Grievance E-mail:** ig.ib@iiflcap.com<br>**Contact Person:** Nishita Mody/ Pawan Kumar Jain<br>**SEBI Registration No.:** INM000010940 | **IDBI Capital Markets & Securities Limited**<br>6th Floor, IDBI Tower, WTC Complex, Cuffe Parade<br>Mumbai - 400 005, Maharashtra, India<br>**Tel:** +91 22 4069 1953<br>**E-mail:** arcil.ipo@idbicapital.com<br>**Website:** www.idbicapital.com<br>**Investor Grievance E-mail:** redressal@idbicapital.com<br>**Contact Person:** Indrajit Bhagat/ Sri Krishna Tapariya<br>**SEBI Registration No.:** INM000010866 | **JM Financial Limited**<br>7th Floor, Cnergy, Appasaheb Marathe Marg, Prabhadevi<br>Mumbai - 400 025, Maharashtra, India<br>**Tel:** +91 22 6630 3030<br>**E-mail:** arcil.ipo@jmfl.com<br>**Website:** www.jmfl.com<br>**Investor Grievance E-mail:** grievance.ibd@jmfl.com<br>**Contact Person:** Prachee Dhuri<br>**SEBI Registration No.:** INM000010361 | **MUFG Intime India Private Limited**<br>*(Formerly Link Intime India Private Limited)*<br>C-101, 1st Floor, 247 Park, Lal Bhadur Shastri Marg, Vikhroli (West)<br>Mumbai - 400 083, Maharashtra, India<br>**Tel:** +91 810 811 4949<br>**E-mail:** arcil@in.mpms.mufg.com<br>**Website:** www.in.mpms.mufg.com<br>**Investor grievance e-mail:** arcil@in.mpms.mufg.com<br>**Contact Person:** Shanti Gopalkrishnan<br>**SEBI Registration No.:** INR000004058 | Investors may contact the Company Secretary and Compliance Officer or the Registrar to the Offer in case of any pre-Offer or post-Offer related grievances including non-receipt of letters of Allotment, non-credit of Allotted Equity Shares in the respective beneficiary account, non-receipt of refund orders or non-receipt of funds by electronic mode, etc. For all Offer related queries and for redressal of complaints, Investors may also write to the BRLMs. |

**AVAILABILITY OF THE RHP:** Investors are advised to refer to the RHP, read with Addendum and the section titled ***"Risk Factors"*** on page 24 of the RHP, before applying in the Offer. A copy of the RHP is available on website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE Limited and National Stock Exchange of India Limited at www.bseindia.com and www.nseindia.com, respectively, and on the website of the website of the Company at www.arcil.co.in; and on the websites of the BRLMs, i.e. IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)*, IDBI Capital Markets & Securities Limited and JM Financial Limited at www.iiflcapital.com, www.idbicapital.com and www.jmfl.com, respectively.

**AVAILABILITY OF THE ABRIDGED PROSPECTUS:** A copy of the abridged prospectus shall be available on the website of the Company, the BRLMs and the Registrar to the Offer at www.arcil.co.in, www.iiflcapital.com, www.idbicapital.com, www.jmfl.com and www.in.mpms.mufg.com, respectively.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:** Bid cum Application Forms can be obtained from the Registered and Corporate Office of **ASSET RECONSTRUCTION COMPANY (INDIA) LIMITED, Tel:** +91 22-66581300; **BRLMs : IIFL Capital Services Limited (*formerly known as IIFL Securities Limited*), Tel:** +91 22 4646 4728, **IDBI Capital Markets & Securities Limited, Tel:** +91 22 4069 1953 **and JM Financial Limited, Tel:** +91 22 6630 3030 at the select locations of the Sub-syndicate Members (as given below), SCSBs, Registered Brokers, RTAs and CDPs participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of BSE and NSE and the Designated Branches of SCSBs, the list of which is available at websites of the Stock Exchanges and SEBI.

**Syndicate Members:** JM Financial Services Limited,

**Sub-Syndicate Members:** Almondz Global Securities Limited, Ambit Capital Limited, Anand Rathi Share & Stock Brokers Limited, Asit C Mehta Financial Services Limited, Axis Capital Limited, Bajaj Financial Securities Limited, Centrum Capital Advisors Limited, Centrum Finverse Ltd, Eurekha Stock & Share Broking Services Limited, Globe Capital Market Limited, HDFC Securities Limited, ICICI Securities Limited, Jobanputra Fiscal Services Pvt. Ltd., Keynote Capital Limited, KJMC Capital Market Services Limited, Kotak Securities Limited, LKP Securities Limited, Motilal Oswal Financial Services Limited, Nuvama Wealth and Investment Limited, Nuvama Wealth Management Limited, Pantomath Financial Services Limited, Prabhudas Lilladher Private Limited, Pravin Ratilal Share and Stock Brokers Limited, Religare Securities Limited, RR Equity Brokers Private Limited, SBICAP Securities Limited, Sharekhan Limited, SMC Global Securities Limited, Standard Chartered Securities, Tradebulls Securities Private Limited, Trust Securities Limited and YES Securities (India) Limited

• **Escrow Collection Bank** : HDFC Bank Limited • **Public Offer Account Bank and Refund Bank :** Kotak Mahindra Bank Limited • **Sponsor Banks :** HDFC Bank Limited and Kotak Mahindra Bank Limited

**UPI:** UPI Bidders can also bid through UPI mechanism

**All capitalized terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the RHP and read with Addendum.**

For **ASSET RECONSTRUCTION COMPANY (INDIA) LIMITED**
On behalf of the Board of Directors
Sd/-
**Ameet Ashok Kela**
Company Secretary and Compliance Officer, Head CSR

Place: Mumbai
Date: September 8, 2026

**ASSET RECONSTRUCTION COMPANY (INDIA) LIMITED** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and filed the RHP with RoC and the Stock Exchanges on September 1, 2026 and read with Addendum dated September 7, 2026. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of our Company at www.arcil.co.in; and on the websites of the BRLMs, i.e. IIFL Capital Services Limited *(formerly known as IIFL Securities Limited)*, IDBI Capital Markets & Securities Limited and JM Financial Limited at www.iiflcapital.com, www.idbicapital.com and www.jmfl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see *'Risk Factors'* beginning on page 24 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges, and should instead rely on the RHP, read with Addendum, for making any investment decision.

The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act or any state securities laws in the United States, and unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside the United States in 'offshore transactions' as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdictions where such offers and sales are made.

Adfactors 355/26

# બેરોજગાર યુવાનોના અન્યાય મુદ્દે પાટણ કલેક્ટરને આવેદનપત્ર અપાયું

## જી.પી.એસ.સી. ચેરમેનના રાજીનામાની માંગણી



(સંવાદદાતા દ્વારા) પાટણ, તા.૮
પાટણ જિલ્લા કલેક્ટર કચેરીમાં ઓબીસી, એસસી, એસટી અને લઘુમતી સમાજના યુવાનો અને આગેવાનોએ આવેદનપત્ર આપી ગૌણ સેવા પસંદગી મંડળ અને જીપીએસસીની પરીક્ષાઓમાં અન્યાય અને ગેરરીતિઓ થતી હોવાનો આરોપ લગાવ્યો છે.

આ આવેદનપત્ર દ્વારા હસમુખ પટેલના રાજીનામાની માંગ કરવામાં આવી છે. જો અન્યાય બંધ નહીં થાય તો આગામી સમયમાં ઉગ્ર આંદોલન અને ધરણા કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી.બાબુજી ઠાકોરે કહ્યું કે, ભાજપ સરકાર ગુજરાતના યુવાનોને શિક્ષણ, રોજગારી અને સરકારી નોકરીઓમાં અન્યાય કરી રહી છે. યુવાનોનું ભવિષ્ય સુરક્ષિત રહે તે માટે હસમુખ પટેલને વહેલી તકે હોદ્દા પરથી હટાવવાની માંગ કરાઈ છે.તેમણે વધુમાં કહ્યું કે, મૌખિક પરીક્ષામાં ઓબીસી, એસસી, એસટી અને લઘુમતીના વિદ્યાર્થીઓ ૩૦૦માંથી ૨૬૦ કે ૨૮૦ ગુણ મેળવે છે. તેમ છતાં તેમને ૧૦૦માંથી ફક્ત ૨૦,૧૯,૧૪ કે ૧૫ જેવા ઓછા ગુણ આપીને તેમનું ભવિષ્ય બગાડવામાં આવી રહ્યું છે. હવે સરકાર મૌખિક પરીક્ષાના ૧૦૦ ગુણને બદલે ૧૫૦ ગુણ કરીને વધુ વિદ્યાર્થીઓને નુકસાન પહોંચાડવાની તૈયારીમાં છે. આ અન્યાય રોકવા માટે હસમુખ પટેલનું રાજીનામું લેવાય તેવી સ્પષ્ટ માંગ સાથે કલેક્ટરને આવેદનપત્ર અપાયું છે. ગઢવી મેહુલદાને જણાવ્યું કે, પાટણ જિલ્લા કલેક્ટર કચેરીમાં પાટણ જિલ્લાના વિદ્યાર્થીઓ ભેગા થયા હતા. જીપીએસસીની પરીક્ષામાં થતી ગેરરીતિઓ અને ઓબીસી, એસસી, એસટી સમાજના વિદ્યાર્થીઓ સાથે થતા અન્યાયના વિરોધમાં કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે. જરૂર પડશે તો ધરણા પર પણ બેસવાની ચીમકી ઉચ્ચારી છે.

# ડુમસના વેપારી સાથે જમ્મુ કાશ્મીરની ટોળકીએ રોકાણના નામે રૂા.૫.૮૮ કરોડની છેતરપિંડી કરી

(સંવાદદાતા દ્વારા)
સુરત, તા.૮
સુરત શહેરના ડુમસ સાયલન્ટ ઝોન વિસ્તારમાં રહેતા વેપારીને શેર બજારમાં રોકાણ કરવાથી સારા નફાની લોભામણી સ્કીમ આપી જમ્મુ કાશ્મીરની ટોળકીએ રોકાણના નામે કુલ રૂપિયા ૫.૮૮ કરોડ પડાવી લીધા હોવાની ફરિયાદ પોલીસ મથકમા નોંધાઈ છે. પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર ડુમસ સાયલન્ટ ઝોનના અવધ કોપર સ્ટોનમા રહેતા ૨૮ વર્ષિય ચેતનભાઇ મંગલસીંગ મન્હાસ વેપારી છે. બે વર્ષ પહેલા ચેતનભાઇનો જમ્મુ કાશ્મીર, કઠુઆના લોગેટ ખાતે રહેતા ગૌરવ અશ્વિનકુમાર ચૌધરી, ગૌરવ કેવલ સિંધ, જસબીરસીંગ ક્રિશનસિંગ ઉર્ફે જસ્સી સિંધ, લોકેશ્વરસિંથ ઉફે શિવમ અનુપમસિંઘ અને રાહુલ કેવલસિંધ શર્માએ ફોન પર સંપર્ક કર્યો હતો. ત્યારબાદ ચેતનભાઇને ફસાવવા માટે તમામે શેરબજારમાં ટ્રેડીંગમાં રોકાણ કરવાથી સારો નફો મળશે હોવાની લોભામણી સ્કીમો આપી હતી. ચેતનભાઇ ઝાંસામા આવી ગયા હતા. ત્યારબાદ તમામે તા.૧૨ ડિસેમ્બર ૨૦૨૪થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધીમાં તેમનો સંપર્ક કરી શેરબજારમાં ટ્રેડીંગમાં રોકાણ કરવાથી સારો નફો મળશે તેવી લોભામણી સ્કીમ આપી વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ ચેતનભાઇ પાસેથી યુએસડીટીમા રોકાણ કરવાના નામે ટુકડે ટુકડે કરી કુલ ૫,૮૮,૭૫, ૮૭૦ પડાવી લીધા હતા. આ ટોળકીએ રકમ પડાવી લીધા બાદ નફો કે રોકાણ કરેલ મુડી પરત નહી કરી તેમની સાથે છેતરપિંડી કરી હતી. આ બનાવ અંગે ચેતનભાઇ મન્હાસે ડુમસ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

### જૂનાગઢ જિલ્લામાં શ્રેષ્ઠ આચાર્ય તરીકે પુરસ્કાર મળવા બદલ

# માંગરોળ ભૂતડીકાદી સીમ શાળાના આચાર્ય નાહીદખાન લિગારીનું સન્માન



માંગરોળ, તા.૮
જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના ભૂતડીકાદી સીમ શાળાના આચાર્ય નાહીદખાન નુરખાન લિગારીનું આજે શાળાની એસએમસી અને વાલીઓ દ્વારા ફૂલહાર અને સાલ ઓઢાડી બહુમાન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય નાહીદખાનને તાજેતરમાં જુનાગઢ જિલ્લા શિક્ષણ અધિકારી દ્વારા જિલ્લાના શ્રેષ્ઠ આચાર્ય તરીકેનો પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. જે મુસ્લિમ સમાજ અને ભૂતડીકાદી સીમ શાળા માટે ગૌરવજનક બાબત છે. આચાર્ય નાહીદખાન લિગારીની ખંતપૂર્વક કરેલી અથાગ મહેનતે શાળાની સાથે પોતાની પ્રતિષ્ઠા વધારી છે. નાહીદખાનને અગાઉ પણ ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા ખૂબ જ પ્રતિષ્ઠિત પૂરસકાર નેશનલ આઈસીટી એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા. તદુપરાંત વોડાફોન આઈડિયા અને પોરબંદર સાંદિપનિ એવોર્ડ પણ મળ્યા છે. આચાર્ય નાહીદખાનની સફળતાને બિરદાવવા માટે શાળાની એસએમસીએ આજ રોજ તેઓના સન્માનનો કાર્યક્રમ યોજયો હતો. જેમા અતિથિ તરીકે જમીયત ઉલ્મા-એ-હિન્દના જિલ્લા સેક્રેટરી યુસુફભાઈ ચુડલી ઉપસ્થિત રહ્યા હતા. આ તકે એસએમસી અધ્યક્ષ ફારૂકભાઈ પટેલ (લાલી), ઉપાધ્યક્ષ ઈસ્માઈલભાઈ કોતલ, સુલેમાનભાઈ વાણોત, ઈસ્માઈલભાઈ પડાયા, સુલેમાનભાઈ બુમડીયા, ઐયુબભાઈ બુમડીયા, અબ્બાસભાઈ અલાદ, ઈકબાલભાઈ કલૂડા, ઉમરભાઈ ભીમા, અફઝલ હાલણ, સલીમભાઈ પટેલ, હનીફભાઈ બુમડીયાએ આચાર્ય નાહીદખાનને ફૂલહાર અને સાલ ઓઢાડી સન્માન કર્યું હતું. અને તેમની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી અભિવાદન કરવામાં આવ્યું હતું. આ સાથે શાળાના શિક્ષક હારૂનભાઈ કરૂડ, કાદરભાઈ બિલ્લી, ભાવેશભાઈ સોંદરવા સહિતના શિક્ષકો પણ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્ય નાહીદખાને પણ એસએમસી અને વાલીઓની શૈક્ષણિક જાગૃતતાને બિરદાવી હતી.

### આરોપી સામે હત્યા સહિતના ૧૦૨ ગુના નોંધાયેલા છે

# સુરત : ડુંભાલ ફાયર ક્વાર્ટરમાં લાખોનો હાથફેરો કરનાર રીઢો ઘરફોડ ચોર ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮
સુરત શહેરમાં ઘરફોડ ચોરીના વણશોધાયેલા ગુનાઓનો ભેદ ઉકેલવા પોલીસ દ્વારા કરવામાં આવેલી ટેકનિકલ તપાસમાં એક રીઢા ગુનેગારનો પર્દાફાશ થયો છે. ડુંભાલ ફાયર સ્ટેશન ક્વાર્ટરમાં ફાયર બ્રિગેડના ઘરે લાખોની ચોરી કરવાના પ્રકરણમાં લિંબાયત પોલીસની સર્વેલન્સ ટીમે આરોપીને ઝડપી પાડ્યો છે. નાયબ પોલીસ કમિશનર ડો. કાનન દેસાઈ (ઝોન-૨)ના સુપરવિઝન હેઠળ તથા પોલીસ ઈન્સ્પેક્ટર ડી.ડી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જ્યારે પીએસઆઇ કે.પી. જાડેજા સહિતની ટીમે ટેકનિકલ વર્કઆઉટ શરૂ કર્યું હતું. પોલીસે સુરત શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલા આશરે ૧૨૦ સ્થળોના સીસીટીવી ફૂટેજ તપાસ્યા હતા. દરમિયાન લિંબાયતના નિલગીરી સર્કલના ખુલ્લા મેદાનમાંથી આરોપી નિલેશ અંકુશ કાલેની ધરપકડ કરી હતી.પકડાયા બાદ આરોપીએ પોતાનું નામ કિરણ ચુનીલાલ મોરેકર, રહેવાસી મધ્ય પ્રદેશ હોવાનું જણાવ્યું હતું. જોકે તેના વર્તન અને જવાબો શંકાસ્પદ લાગતાં પોલીસે તેની ઓળખ અંગે વધુ તપાસ કરી હતી. પોલીસે તેનો ફોટો ફેસ મેચ એપમાં ચેક કરતાં તેની સાચી ઓળખ નિલેશ અંકુશ કાલે તરીકે સામે આવી હતી.ત્યારબાદ આઇસીજેએસ પોર્ટલ પર તેની ગુનાહિત કુંડળી તપાસતાં પોલીસને હત્યા, ઘરફોડ ચોરી અને મારામારી જેવા ગંભીર ગુનાઓનો આશરે ૧૦૨ ગુનાનો ઈતિહાસ મળી આવ્યો હતો. માત્ર સુરત જ નહીં પરંતુ મહારાષ્ટ્ર અને તેલંગાણા સહિતના વિસ્તારોમાં નોંધાયેલા અનેક ગંભીર ગુનાઓનો રેકોર્ડ મળી આવ્યો હતો.આરોપીની ધરપકડ બાદ પોલીસે તેની પાસેથી સોના અને ચાંદીના દાગીના કબજે કર્યા છે. પોલીસ મુજબ કુલ ૧૧૬.૯૭ ગ્રામ સોનાના દાગીના અને ૨૪૭.૪૬૦ ગ્રામ ચાંદીના દાગીના મળી આવ્યા છે. પોલીસે તમામ દાગીનાની કુલ કિંમત આશરે રૂ.૧૫ લાખ હોવાનું જણાવ્યું છે. વધુ પૂછપરછ દરમિયાન આરોપીએ સુરત અને મહારાષ્ટ્રમાં કરેલી પાંચ ઘરફોડ ચોરીની કબૂલાત કરી હોવાનું પોલીસે જણાવ્યું છે.

# સુરેન્દ્રનગરના ગુંદિયાળા ગામે પીવાનું પાણી ન મળતા ગ્રામજનોમાં રોષ

(સંવાદદાતા દ્વારા)
સુરેન્દ્રનગર, તા.૮
સુરેન્દ્રનગરના વઢવાણ તાલુકાના ગુંદિયાળા ગામે ૩૫૦૦ ની વસ્તી ધરાવતું ગામ છે ત્યારે આ ગામમાં ધોળીધજા મારફતે પીવાનું પાણી પૂરૂં પાડવામાં આવી રહ્યું છે પરંતુ તેના ૪૫ દિવસથી પાઈપલાઈન મારફતે પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં વિતરણ કરવામાં ન આવતા અને પહોંચાડવામાં ન આવતા ગામમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા સર્જાઇ છે આ અંગે ગામના સરપંચ દ્વારા પાણી પુરવઠા મંત્રીને રજૂઆત કરવામાં આવી છે તે છતાં પણ પ્રશ્નનો નિવેડો આવી રહ્યો નથી.આ અંગે નાયબ કાર્યપાલક એન્જિનિયરને ગુંદિયાળા ગ્રામ પંચાયત દ્વારા લેખિતમાં રજૂઆત પણ કરવામાં આવી છે તે છતાં પણ તેમના પ્રશ્નનો નિવેડો આવે તે માટે કામગીરી પણ કરવામાં આવતી નથી. છેલ્લા ૪૫ દિવસથી ગ્રામજનો મોળું અને બોરનું પાણી પીવામાં વાપરતા હોવાના કારણે શરીરમાં રોગચાળો પ્રસરી જવા પામ્યો છે તો ચામડીના દર્દીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સંપની અંદર પૂરતું પાણી નાખવામાં આવે અને મીઠું પાણી ગામમાં પૂરૂં પાડવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે હાલના તબક્કામાં ડેમ ૧૬ ફૂટની પાણીની સપાટીથી ભરેલો છે તે છતાં પણ તંત્રની અનાવડત અને પાણી પહોંચાડવા માટેની નિયત ન હોવાના કારણે આ પ્રકારની સમસ્યા સર્જાઇ રહી છે તેમ અને ગ્રામજનો કહી રહ્યા છે.

# કચ્છ કોંગ્રેસે ભૂજ જ્યુબિલી સર્કલ ખાતે મોંઘવારીના મુદ્દે કાર્યક્રમ યોજ્યો



(સંવાદદાતા દ્વારા)
ભૂજ, તા.૮
કચ્છ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ભૂજ ખાતે ગુજરાત સહિત દેશમાં વધતી જતી મોંઘવારી સામે ભાજપ સરકાર શરમ કરોના નારા સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજીનામું આપે તે માંગ સાથે વિરોધ પ્રદર્શનના જિલ્લા પ્રમુખ વી.કે. હુંબલની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.વધુમાં હુંબલે આક્રોશપૂર્વક જણાવ્યું હતું કે ભાજપ સરકારની નિષ્ફળ નીતિઓને કારણે મોંઘવારી આસમાને પહોંચતા સામાન્ય જનતાનું જીવવું દુષ્કર બન્યું. દેશ અને રાજ્યમાં સતત વધી રહેલી કમરતોડ મોંઘવારી અંગે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા વી.કે. હુંબલે જણાવ્યું કે વર્તમાન સરકારની આર્થિક ગેરવહીવટ અને ખોટી નીતિઓના કારણે આજે મોંઘવારીએ તમામ હદો વટાવી દીધી છે. જેના લીધે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોનું બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. કોંગ્રેસ પક્ષે માંગ કરી છે કે સરકાર તાત્કાલિક અસરથી જીવનજરૂરી વસ્તુઓ પરનો ટેક્સ ઘટાડે અને સામાન્ય જનતાને આર્થિક રાહત આપવા માટે નક્કર પગલા ભરે. જો આગામી દિવસોમાં મોંઘવારી પર અંકુશ લાવવામાં નહીં આવે, તો કોંગ્રેસ જનતાના હિત માટે રસ્તા પર ઉતરીને ઉગ્ર જનઆંદોલન કરશે.આ વિરોધ પ્રદર્શન કાર્યક્રમમાં જિલ્લા પંચાયત વિરોધ પક્ષના નેતા રાજેશ આહીર, અરજણ ભુડિયા, રામદેવસિંહ જાડેજા, ગની કુંભાર, રાણુભા જાડેજા, જુમ્માભાઈ નોડે સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### પિતા-પુત્રની ધરપકડ કરાઈ

# વડોદરામાં લગ્નની લાલચ આપી, ૧૭ વર્ષની સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮
વડોદરા શહેરના કપુરાઈ પોલીસ મથક વિસ્તારમાં ૧૭ વર્ષની સગીરાને લગ્નની લાલચ આપી તેનું અપહરણ કરી દુષ્કર્મ આચર્યાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. બનાવ બાદ સગીરાના પરિવારજનોને ધમકી આપવાના આરોપમાં કપુરાઈ પોલીસે પિતા-પુત્રની ધરપકડ કરી છે.

મળતી માહિતી મુજબ તરસાલી બાયપાસ પાસે આવેલ આકૃતિ હાઉસમાં રહેતા આરોપી દીપ વિશાલભાઈ બર્મને સગીરાને લગ્ન કરવાની લાલચ આપી વિશ્વાસમાં લીધી હતી. ત્યારબાદ દીપે સગીરાને લગ્નનું આશ્વાસન આપી પરિવારથી દૂર લઈ જઈ તેના પર દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ છે. બનાવની જાણ થતાં સગીરાના પરિવારજનોએ પોલીસનો સંપર્ક કર્યો હતો.

આ દરમિયાન આરોપી દીપ અને તેના પિતા વિશાલ બર્મને સગીરાના પરિવારજનોને ધમકી આપતા સગીરાના પરિવારજનો દ્વારા ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ કપુરાઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપી પિતાપુત્રની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ડીસામાં રૂા.૧૬.૨૦ લાખના હેરોઈન સાથે મુખ્ય સપ્લાયર મહેશ ઉર્ફે બલ્લો ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)
ડીસા, તા.૮
એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ એ ડીસામાં સપાટો બોલાવ્યો છે. એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ ટીમે બાતમીના આધારે દરોડો પાડીને રૂા.૧૬.૨૦ લાખની બજાર કિંમત ધરાવતું ૮૧ ગ્રામ શુદ્ધ હેરોઈન જપ્ત કર્યું છે. ડીસા નશાયુક્ત પદાર્થોનું હબ બને તે પહેલાં જ પોલીસે મુખ્ય ડ્રગ સપ્લાયર મહેશ ઉર્ફે બલ્લો ઠાકોરને સ્થળ પરથી જ રંગેહાથ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે આરોપી મહેશ ઠાકોર લાંબા સમયથી સ્થાનિક વિસ્તારમાં ગેરકાયદેસર ડ્રગ્સનું નેટવર્ક ચલાવી રહ્યો હતો. આ મામલે ટીમ દ્વારા ગુનો નોંધી તેની સઘન પૂછપરછ શરૂ કરવામાં આવી છે. પકડાયેલો આરોપી આ હેરોઈનનો જથ્થો ક્યાંથી લાવ્યો હતો, આ પાછળ કયા મુખ્ય આકાઓ છે અને આગળ કોને સપ્લાય કરવાનો હતો ? તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.હેરોઈનનો મોટો જથ્થો ઝડપતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

ડીસા શહેર અને આસપાસના વિસ્તારોમાં ડ્રગ પેડલરો અત્યંત સક્રિય બન્યા હોવાની સ્થાનિક રહીશોમાં ભારે બૂમો ઊઠવા પામી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરના અનેક પાન-પાર્લરો, હાઈવે હોટેલ વિસ્તારો તેમજ ટી.સી.ડી. ગ્રાઉન્ડ જેવા જાહેર સ્થળોએ આ પેડલરો અવારનવાર નશાકારક પદાર્થોનું વેચાણ અને સપ્લાય કરતા નજરે પડે છે.

# વડોદરાના બાજવા વિસ્તારમાં માતા-પુત્ર પર ગાય તૂટી પડી

## સમગ્ર ઘટના CCTVમાં કેદ, રખડતા ઢોર સામે કાયમી ઉકેલની માંગ



(તસવીર : અતિક શેખ, વડોદરા)

(સંવાદદાતા દ્વારા)
વડોદરા, તા.૮
વડોદરાના બાજવાના એક આંતરિક માર્ગ પર માતા પોતાના નાના પુત્ર સાથે પસાર થઈ રહી હતી. દરમિયાન અચાનક એક ગાય તેમની તરફ ધસી આવી હતી અને માતા-પુત્રને અડફેટે લીધા હતા. ગાયે બાળકને શિંગડે ભરાવી ફંગોળવાનો પ્રયાસ કરતાં માતા પણ ગભરાઈ ગઈ હતી. જોકે, બાળકને બચાવવા માટે માતાએ હિંમતપૂર્વક ગાયનો સામનો કર્યો હતો.

અચાનક બનેલી આ ઘટનાને પગલે આસપાસના લોકોમાં પણ દોડધામ મચી ગઈ હતી. સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી અને બાળકને સામાન્ય ઈજાઓ થઈ હોવાનું જાણવા મળે છે. સમગ્ર ઘટનાના CCTV દૃશ્યો સામે આવતા રખડતા ઢોરની સમસ્યા ફરી એક વખત ચર્ચામાં આવી છે.વડોદરા શહેરમાં રખડતા ઢોરની સમસ્યા લાંબા સમયથી યથાવત્ છે. રસ્તાઓ, સોસાયટીના માર્ગો અને મુખ્ય વિસ્તારોમાં રખડતા ઢોરના કારણે વાહનચાલકો ઉપરાંત રાહદારીઓમાં પણ ભયનો માહોલ જોવા મળે છે. ખાસ કરીને બાળકો અને મહિલાઓ માટે રસ્તા પર અવરજવર જોખમી બની રહી હોવાની ફરિયાદો ઉઠી રહી છે.

બાજવાની આ ઘટના બાદ સ્થાનિકોમાં ફરી રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માગ છે કે માત્ર ઢોર પકડવાની કાર્યવાહી પૂરતી ન રાખી, રખડતા ઢોરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

# ભાઠેનામાં ડમ્પરે બાઈકને અડફેટે લેતા યુવકનું મોત, અન્ય એક ગંભીર

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૮
સુરત શહેરના ભાઠેના ખાતે મોડી રાત્રે બેફામ દોડી રહેલા મનપાના ડમ્પરે બાઈક પર સવાર બે યુવકોને અડફેટે લેતાં એક યુવકનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. જ્યારે એક અન્ય યુવકને ગંભીર ઈજાઓ પહોંચતાં તાત્કાલિક સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.પોલીસ સૂત્રો દ્વાર પ્રાપ્ત થતી માહિતી અનુસાર આગામી ગણેશોત્સવના તહેવારને ધ્યાને રાખીને ગત મોડી રાત્રે ૨.૩૦ વાગ્યાની આસપાસ છ યુવકો ત્રણ બાઈક પર શ્રીજીની પ્રતિમાનાં ડેકોરેશનની કામગીરી જોવા માટે નીકળ્યા હતા. આ દરમિયાન પ્રતિમાનું ફાઈનલ ડેકોરેશનનું કામ બાકી હોવાને કારણે શંકર ચરાટે અને સાગર રીટ પોતાનાં અન્ય ચાર મિત્રો સાથે બાઈક પર જઈ રહ્યા હતા. ભાઠેના ચાર રસ્તા પાસે બાઈક પર વાતચીતમાં મશગુલ હતા. ત્યારે આ તમામ મિત્રોને સ્વપ્રે પણ ખ્યાલ ન હતો કે પાછળથી બેફામ દોડી રહેલા ડમ્પરનો ચાલક તેઓને અડફેટેમા લશે. શંકર ચરાટે અને સાગર બાઈક પરથી નીચે પટકાયા હતા. ગોઝારા અકસ્માતને પગલે અન્ય મિત્રો પણ હેબતાઈ ગયા હતા. તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો. જો કે, એમ્બ્યુલન્સ આવે તે પૂર્વે જ શંકર ચરાટેનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે સાગર રીટને ગંભીર ઈજા પહોંચતાં તેને ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યો છે.

# કોડીનાર તાલુકામાં શિંગોડા યોજનાની ડાબા કાંઠાની કેનાલ વિસ્તારવા રજૂઆત



(સંવાદદાતા દ્વારા) કોડીનાર, તા.૮
કોડીનાર તાલુકાના ખેડૂતોને સિંચાઈની વધુ સુદઢ સુવિધા મળી રહે તે માટે કોડીનારના ધારાસભ્ય અને રાજ્યના મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ મહત્વપૂર્ણ રજૂઆત કરી છે. તેમણે રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલને રૂબરૂ મળી પત્ર સોંપી શિંગોડા સિંચાઈ યોજનાની ડાબા કાંઠાની કેનાલનો વિસ્તાર વધારી વધુ ગામોને સિંચાઈના કમાન્ડ વિસ્તારમાં આવરી લેવા માંગ કરી હતી. હાલ શિંગોડા ડેમથી વિઠ્ઠલપુર ગામ સુધી કેનાલ કાર્યરત છે. આ કેનાલને આગળ લંબાવી જામવાળા, ભિયાળ, વેળવા, અળવી, બોડીદર, પાંચપીપળવા, ડોળાસા અને ચીખલી સહિતના ગામો સુધી પહોંચાડવામાં આવે તો મોટી સંખ્યામાં ખેડૂતોને સિંચાઈનો સીધો લાભ મળી શકે તેમ રજૂઆતમાં જણાવાયું હતું. કેનાલ વિસ્તારવાથી સ્થાનિક તળાવો પાણીથી ભરાશે, જેના પરિણામે ભૂગર્ભ જળસ્તરમાં વધારો થશે તેમજ પીવાના પાણી અને સિંચાઈની સમસ્યામાં રાહત મળશે. ખેડૂતોની વર્ષો જૂની માંગણીને ધ્યાને લઈ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ સ્થાનિક આગેવાન ભગુભાઈ પરમારને સાથે રાખી સંબંધિત અધિકારીઓને સત્વરે જરૂરી કાર્યવાહી હાથ ધરવા માટે જળસંપત્તિ મંત્રી સમક્ષ આગ્રહપૂર્વક રજૂઆત કરી હતી.

# નડિયાદમાં સુપર બેકર્સ દુકાન-ગોડાઉન સીલ

નડિયાદ, તા.૮
નડિયાદ સંતરામ રોડ પર આવેલ સુપર બેકર્સ નામની દુકાનમાં આજે મહાનગરપાલિકાના સેનેટરી વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવતા લેબલ લોગો અને ઉત્પાદન એક્સપાયેલી તારીખ વગરના ૫૦૦થી વધુ પાઉંના પેકેટ મળી આવતા મનપા તંત્ર દ્વારા આ જથ્થો જપ્ત કરી સુપર બેકર્સ દુકાન અને તેની બાજુમાં આવેલ ગોડાઉનને સીલ કરી દેવામાં આવ્યું છે.

# ડીસા ખાતે AC પાઈપોની વારંવાર ચોરીથી વેપારીઓમાં ભારે રોષ

ડીસા, તા.૮
ડીસા જૂની કોર્ટ સામે આવેલા શોપિંગ સેન્ટરમાં છેલ્લા કેટલાક સમયથી અજાણ્યા તસ્કરો દ્વારા દુકાનોની બહાર લાગેલા એસીના આઉટડોર યુનિટમાંથી કિંમતી કોપર પાઈપો કાપીને ચોરી જવાની ઘટનાઓ બની રહી છે. જેમાં ગતરોજ પંચરત્ન જ્વેલર્સ અને જલારામ જ્વેલર્સના એસીની કોપર પાઈપો ચોરી થવા પામી છે. જોકે વારંવાર થતી આ ચોરીઓના કારણે વેપારીઓને આર્થિક નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે.

તાજેતરમાં બનેલી ચોરીની ઘટના દરમિયાન એક ઈસમ એસીની પાઈપ ચોરી કરતો સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ ગયો છે. સીસીટીવી ફૂટેજમાં ચોર ઈસમ બિંદાસપણે પાઈપ કાપીને ફરાર થતો નજરે પડે છે. વેપારીઓએ પોલીસ તંત્ર પાસે માંગ કરી છે કે આ સીસીટીવીના આધારે ચોર ઈસમની ઓળખ કરી તેની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે.


**Change Of Name**
Old Name : **PATHAN MUMTAJKHAN**
New Name : **PATHAN MEMUNABIBI MUMTAJKHAN**
**Add : 2/4/101, Jajanvado, Nr.Santhbazar At-Vijapur Dist - Mehsana**

**Change Of Name**
Old Name : **SAIYAD ABIDHUSEN INAYATHUSEN**
New Name : **SAIYAD AABIDHUSEN INAYATHUSEN**
**Add : 4/A, Anandnagar Society, Khansarovar Road, At-Patan Dist - Patan**

ગુજરાત ટુડે
ટચુકડી જાહેર ખબર

મકાન અને જમીન ભાડે-વેચાણ

**ભાડે આપવાનું છે**
ડુપ્લેક્ષ સંપૂર્ણ સગવડવાળો, નીચે રૂમ, કિચન, વોશ એરિયા, ઉપર ૨ રૂમ બાથરૂમ સાથે, હૈદરીબાગ, હાર્ટીમાર્ટ પાસે, સરખેજ
9824166580

5 BHK યુનિયન પાર્કમા ટાઈટલ ક્લિયર બંગલો વેચાણ આપવાનો છે
9377420400

નારોલમાં ટાઈટલ ક્લિયર બે-રોડ રસ્તાનું ગોડાઉન વેચાણ આપવાનું છે.
9377420400

લગ્ન વિષયક

**નિકાહ નેટવર્ક્સ**
**મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

**જૂની ઘડિયાળો લેનાર**
ROLEX/OMEGA/ZENITH/PATEK-PHILIPPE/JAEGER/CARTIER/VACHERON/IWC/HARWOOD/UNIVERSAL/LONGINES/MOVADO
શીપક્રોનોમીટર
9227200413



**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ (નારોલ-૫)ના મણીનગર તાલુકાના મોજે બહેરામપુરાની સીમમાં આવેલ સર્વે નં-૨૨૯ તથા ૨૩૨ની જમીન પર આવેલ પ્લોટ નં-૪ જેના સ.ચો.વાર ૯૪૫ તથા પ્લોટ નં-૫ જેના સ.ચો.વાર ૯૪૫ તથા પ્લોટ નં-૬ જેના સ.ચો.વાર ૯૪૫ મળી કુલ જમીન ૨૮૩૫ સ.ચો.વારની પ્લોટવાળી જમીનમાં શેડના કુલ ૩૩૭૫.૭૦ સ.ચો.મી.તે પૈકીના બાંધકામવાળી ભાડાપટ્ટાવાળી મિલકત કે જે "સેવન પ્રોસેસ" તરીકે ઓળખાય છે અને પાણીની પરમીશન તેમજ જી.એસ.ટી. સેવન પ્રોસેસના નામે છે. જે મીલકતના માલીક ઉમર ફારૂક ઐયુબભાઈ રંગરેજ નાઓની માલીકીની તથા પ્રત્યક્ષ કબ્જા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાથી મુક્ત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે આથી ઉપરોક્ત જણાવેલ મિલકત ઉપર કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિસ્સો, ગીરો, બોજો આવેલ હોય તો તે તમામને આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરી તેની પાકી પહોંચ મેળવી લેવી. તેમાં કસુર થયેથી મુદત વિત્યેથી ઉપરોક્ત મિલકત ઉપર કોઈપણ પ્રકારનો કોઈપણ વ્યક્તિનો હક્ક હિસ્સો બોજો કે અધિકાર વિગેરે આવેલા નથી અને આવેલા હોય તો તેમને ઉપરોક્ત જણાવેલ માલીકની તરફેણમાં જતા (વેવ) કર્યા છે. તેમ માનીને અમારા અસીલને ટાઈટલ ક્લીયર સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે. જેની તમામે નોંધ લેવી.

સ્થળ-અમદાવાદ
તા- /૦૯/૨૦૨૬
મારી સુચના અને ફરમાઈશથી
FOR,SEVEN PROCESS
સહી
-PROPRIETOR
ઉમર ફારૂક ઐયુબભાઈ રંગરેજ
1.(N.G SHAIKH)
સહી
2.(S.K SHAIKH)
સહી
Advocates
મોબાઈલ નંબર :- ૯૮૨૫૦૨૫૧૭૬
સરનામું :- એફ.એફ-૨, સદર મંઝીલ, મીર સાહેબની મહોલત, ત્રણ ખુણીયા બગીચા પાસે, મીરઝાપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

**તંત્રીલેખ .........**

**ગુજરાત ટુડે**

# જર્જરિત ઈમારતો : મોતનો ખતરો દેખાય છે, છતાં તંત્ર કેમ આંખ બંધ કરીને બેઠું છે ?

શહેરોમાં વિકાસની ચમક વચ્ચે એક ભયાનક વાસ્તવિકતા સતત આપણી સામે ઊભી છે - જર્જરિત ઈમારતો. વર્ષો જૂની, તિરાડો પડેલી, નબળી પડેલી અને ક્યારેક તો ગમે ત્યારે ધરાશાયી થઈ શકે તેવી ઈમારતોમાં આજે પણ લોકો રહેવા મજબૂર છે. માત્ર દિલ્હી કે મુંબઈ જ નહીં પરંતુ દેશના કોટા શહેરની આ જ કહાણી છે. ઈમારત તૂટી પડે ત્યારે જાનહાનિ થાય છે અને થોડા દિવસ માટે સરકારી તંત્ર સક્રિય બને છે; તપાસના આદેશ થાય છે, જવાબદારી નક્કી કરવાની વાત થાય છે અને વળતરની જાહેરાતો થાય છે. પરંતુ સમય પસાર થતાં ફરી બધું યથાવત્ થઈ જાય છે. આ માત્ર અકસ્માત નથી, પરંતુ તંત્રની નિષ્ફળતાનો ગંભીર પુરાવો છે.

જર્જરિત ઈમારત અચાનક જોખમી બનતી નથી. તેની દીવાલોમાં પડેલી તિરાડો, છતમાંથી ટપકતું પાણી, સડી ગયેલા પાયા, કાટ લાગેલા સળિયા અને નબળા થયેલા પિલર - આ બધાં જોખમના સ્પષ્ટ સંકેતો છે. એટલે ઈમારત ધરાશાયી થાય તે પહેલાં તેને ઓળખવાની પૂરતી તક હોય છે. સવાલ એ છે કે આ સંકેતો દેખાયા પછી પણ તંત્ર કાર્યવાહી કેમ કરતું નથી ? મોટા શહેરોમાં મકાનોનું નિયમિત સ્ટ્રક્ચરલ ઓડિટ થવું જોઈએ. જોખમી ઈમારતોની વૈજ્ઞાનિક તપાસ કરીને તેમને સુરક્ષિત, સમારકામ યોગ્ય અને સંપૂર્ણપણે ખતરનાક એવી શ્રેણીમાં વહેંચવાની જરૂર છે. પરંતુ ઘણી વખત કાગળ પરની તપાસ વાસ્તવિક કાર્યવાહી સુધી પહોંચતી નથી. પરિણામે જે ઈમારતને ખાલી કરાવવાની જરૂર હોય તેમાં લોકો રહેતા જ હોય છે અને જે મકાનને તાત્કાલિક સમારકામ જોઈએ તેનું કામ વર્ષો સુધી અટવાયેલું રહે છે.

બીજી મોટી સમસ્યા છે પુનર્વિકાસની જટિલ પ્રક્રિયા. જૂની ઈમારત ખાલી કરાવવી, માલિકો-ભાડૂઆતોની સંમતિ મેળવવી, ડેવલપર નક્કી કરવો અને નવી ઈમારત ઊભી કરવી - આ પ્રક્રિયા ઘણી વખત લાંબી ખેંચાય છે. બીજી તરફ મકાનમાં રહેતા સામાન્ય પરિવારો પાસે બીજે રહેવા માટે પૂરતા આર્થિક સાધનો હોતા નથી. ઘર ખાલી કરવાની નોટિસ મળે તો પણ તેઓ ક્યાં જાય ? આ પ્રશ્નનો જવાબ આપ્યા વિના માત્ર નોટિસ આપવી એ સમસ્યાનો ઉકેલ નથી.

જર્જરિત ઈમારતોનો પ્રશ્ન માત્ર મહાનગરો પૂરતો મર્યાદિત નથી. નાના શહેરો અને નગરોમાં પણ અનેક જૂની ઈમારતો યોગ્ય જાળવણીના અભાવે જોખમી બની રહી છે. ભારે વરસાદ, પૂર, ભૂકંપ, ભેજ અને તાપમાનમાં થતા ફેરફારો જૂના બાંધકામને વધુ નબળું બનાવે છે. નિષ્ણાત અભ્યાસોમાં પણ જર્જરિત ઈમારતોમાં યોગ્ય જાળવણી, સમારકામ અને પુનર્વસનની જરૂરિયાત પર ભાર મૂકાયો છે.

અહીં જવાબદારી માત્ર મકાનમાલિકની નથી. સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની પણ એટલી જ જવાબદારી છે. જો કોઈ ઈમારત વર્ષોથી જોખમી સ્થિતિમાં હોય છે અને તંત્રને તેની જાણ હોય છે, તો અકસ્માત પછી માત્ર માલિકને દોષી ઠેરવીને સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. જોખમની ઓળખ, સમયસર નોટિસ, સ્થળાંતર, વૈકલ્પિક રહેઠાણ અને પુનર્વિકાસ - આ આખી પ્રક્રિયા માટે જવાબદાર તંત્રની સ્પષ્ટ વ્યવસ્થા હોવી જોઈએ.

સૌથી જરૂરી છે કે ઈમારતોના સુરક્ષા ઓડિટને કાગળની કાર્યવાહી ન બનાવવામાં આવે. દરેક શહેરમાં જોખમી ઈમારતોનું ડિજિટલ રજિસ્ટર બનાવવું જોઈએ. તેમાં ઈમારતની ઉંમર, સ્ટ્રક્ચરલ સ્થિતિ, છેલ્લું ઓડિટ, માલિકી, રહેવાસીઓની સંખ્યા અને જરૂરી કાર્યવાહી જેવી વિગતો જાહેર હોવી જોઈએ. ગંભીર જોખમ ધરાવતી ઈમારતો માટે સમયમર્યાદા નક્કી કરીને સમારકામ કે પુનર્વિકાસ (રિડેવલોપમેન્ટ) ફરજિયાત કરવો જોઈએ.

આ સાથે જવાબદારી પણ નક્કી થવી જોઈએ. કોઈ અધિકારીને જોખમી ઈમારત અંગે વારંવાર ફરિયાદો મળી હોવા છતાં કાર્યવાહી ન કરી હોય અને પછી અકસ્માત સર્જાય, તો તેની જવાબદારી નક્કી થવી જોઈએ. માત્ર તપાસ સમિતિ બનાવીને ફાઈલ બંધ કરી દેવાની પરંપરા હવે ચાલવી ન જોઈએ.

વિચિત્ર વાત એ છે કે ઈમારત ધરાશાયી થયા પછી બચાવ કામગીરી માટે કરોડો રૂપિયા અને અસંખ્ય માનવ કલાકો ખર્ચાય છે, જ્યારે અકસ્માત પહેલાં થોડા પ્રમાણમાં ખર્ચ કરીને તેનું સમારકામ કે પુનર્વસન કરી શકાય છે. એટલે સરકાર માટે પણ 'અકસ્માત પછી રાહત' કરતાં 'અકસ્માત પહેલાં રોકથામ' સસ્તી અને માનવતાપૂર્ણ નીતિ છે. દરેક જર્જરિત ઈમારત માત્ર ઈંટ-સિમેન્ટનું માળખું નથી. તેની અંદર કોઈનું ઘર છે, કોઈનું બાળપણ છે, કોઈ વૃદ્ધની આખી જિંદગીની બચત છે. તેથી વિકાસનો અર્થ માત્ર નવી ઊંચી ઈમારતો ઊભી કરવો નહીં, પરંતુ જૂના મકાનોમાં રહેતા નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવી પણ છે. જો ઈમારત તૂટે ત્યારે તેને 'દુર્ઘટના' કહેવી સરળ છે, પરંતુ જો જોખમ અગાઉથી ખબર હતી તો એ દુર્ઘટના નહીં, તંત્રની બેદરકારી છે. હવે પ્રશ્ન એ નથી કે જર્જરિત ઈમારત ક્યારે પડશે; પ્રશ્ન એ છે કે તે પડે તે પહેલાં તંત્ર ક્યારે જાગશે ?

# મદુરાઈમાં દલિત કિશોરીની આત્મહત્યા બાદ માતાએ મુખ્ય શિક્ષિકાની ધરપકડની માંગ કરી

**ઘટનાને યાદ કરતાં, થાવામણીએ મીડિયાકર્મીઓને જણાવ્યું કે નિસંતી અને તેણી બંનેને રૂમમાં જતા પહેલા ૩૦ મિનિટથી વધુ રાહ જોવાનું કહેવામાં આવ્યું હતું**

(એજન્સી) મદુરાઈ, તા.૮

૨૫ ઓગસ્ટના રોજ આત્મહત્યા કરનાર ૧૬ વર્ષની અનુસૂચિત જાતિની છોકરીની માતાએ સોમવારે મદુરાઈ જિલ્લા કલેક્ટર સમક્ષ ફરિયાદ નોંધાવી હતી, જેમાં ઉસીલમપટ્ટીમાં એક સરકારી શાળાની જાતિ હિન્દુ મુખ્ય શિક્ષિકાની ધરપકડની માગણી કરવામાં આવી હતી. ઉસીલમપટ્ટીના થોટ્ટાપનાયકનુરના આંબેડકર નગરની રહેવાસી પી થવામણિ (૪૦)એ જણાવ્યું હતું કે ઉસીલમપટ્ટીની સરકારી મોડેલ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષક વિમલાદેવીએ ૨૪ ઓગસ્ટના રોજ પ્રવેશ મેળવવા માટે શાળા પરિસરમાં પહોંચ્યા પછી તેમનું અપમાન કરીને તેમનું અપમાન કર્યા બાદ તેમની પુત્રી પી થવામણિએ પોતાનું જીવન સમાપ્ત કરી દીધું હતું. આ ઘટનાને યાદ કરતાં, થવામણિએ મીડિયાકર્મીઓને જણાવ્યું હતું કે નિસંતિ અને તેણી બંનેને રૂમમાં જતા પહેલા ૩૦ મિનિટથી વધુ રાહ જોવાનું કહેવામાં



આવ્યું હતું. એચએમ વિમલાદેવીને નિસંતિની ઓળખપત્રો વિશે ખાતરી નહોતી, જોકે તેની અગાઉની શાળાના એક શિક્ષકે સકારાત્મક ટિપ્પણીઓ આપી હતી. થવામણિએ હાથ જોડીને વિનંતી કરતા એચએમ ગુસ્સે થયા. તેણીએ તરત જ થવામણિના હાથ દબાવી દીધા અને ગુસ્સાથી માતા અને તેની પુત્રીને પ્રવેશ આપવામાં આવશે નહીં એમ કહીને પરિસરમાંથી દૂર જવા કહ્યું. થવામણિએ દાવો કર્યો હતો કે વિમલા પણ જાતિવાદી અપશબ્દો બોલતી હતી. નિસંતીને દુઃખ થયું, જોકે અમે તેને ખાતરી આપી હતી કે અમે તેના નર્સિંગના સ્વપ્નને સાકાર કરવા માટે એક અલગ શાળા શોધીશું, પરંતુ તેણે પોતાનું જીવન સમાપ્ત કરી લીધું. "મુખ્યમંત્રીની અપમાનજનક ટિપ્પણીઓ અને વર્તનથી મારી પુત્રીનું મોત નીપજ્યું. હું તેના મૃત્યુ માટે ન્યાય ઈચ્છું છું." મુખ્યમંત્રીની ધરપકડ થવી જોઈએ, કેસમાં ચાર્જશીટ બે મહિનાના નિર્ધારિત સમયગાળામાં દાખલ થવી જોઈએ અને પરિવારને યોગ્ય વળતર મળવું જોઈએ," તેણીએ રડતા રડતા કહ્યું. વિમલાદેવી સામે અગાઉ ૨૫ ઓગસ્ટના રોજ BNSS ૧૯૪ (અકુદરતી મૃત્યુ) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો, જોકે BNS કલમ ૧૦૮ (આત્મહત્યા માટે ઉશ્કેરણી) અને SC/ST કાયદાની કલમ ૩(૨)(v) પછીથી લાગુ કરવામાં આવી હતી. (આત્મહત્યા વિચારો દૂર કરવા માટે, તમિલનાડુ આરોગ્ય વિભાગની હેલ્પલાઈન ૧૦૪ અને સ્નેહાની આત્મહત્યા નિવારણ હેલ્પલાઈન ૦૪૪-૨૪૬૪૦૦૫૦નો સંપર્ક કરો.)

# જામીન પર મુક્ત થયેલા એક શખ્સની હવે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (POCSO) કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી છે... મથુરામાં દલિત સગીરા પર બળાત્કારનો આરોપ

(એજન્સી) તા.૮

ઉત્તરપ્રદેશના મથુરા જિલ્લામાં જામીન પર મુક્ત થયેલા એક વ્યક્તિની દલિત સગીર પર બળાત્કાર કરવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી છે. એજન્સી અનુસાર, એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે મોરા ગામના રહેવાસી જય કિશન (૨૫) તરીકે ઓળખાતા આરોપીને ૫ સપ્ટેમ્બરના રોજ બાટી મઘેરા ક્રોસિંગ નજીક સ્થાનિક પોલીસે ધરપકડ કરી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે ૩ સપ્ટેમ્બરના રોજ, સગીર છોકરી ખેતરોમાં કામ કરી રહી હતી ત્યારે જય કિશન તેને નજીકના એકાંત વિસ્તારમાં લઈ ગયો અને તેના પર બળાત્કાર કર્યો. તેઓએ જણાવ્યું હતું કે કિશને છોકરીને ઘટના વિશે કોઈને જણાવવા પર ગંભીર પરિણામો ભોગવવાની ધમકી આપી હતી અને ભાગી ગયો હતો. સૂત્રોએ



**મથુરામાં જામીન પર મુક્ત થયેલા એક વ્યક્તિ પર દલિત સગીર પર બળાત્કાર કરવાનો આરોપ છે, પોલીસે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (POCSO) અને SC/ST કાયદા હેઠળ કેસ નોંધીને તેની ધરપકડ કરી છે**

જણાવ્યું હતું કે ફરિયાદના આધારે, કિશન વિરુદ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ ૬૫(૧) (બળાત્કાર) અને ૩૫૧(૩) (ગુનાહિત ધાકધમકી) તેમજ જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ (POCSO) અધિનિયમ અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની અનેક કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપીનો અગાઉનો ગુનાહિત રેકોર્ડ છે અને લગભગ એક વર્ષ પહેલા ત્રણ વર્ષની સજા ભોગવ્યા બાદ તેને જામીન પર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ૨૦૨૨માં, જય કિશન તેના ગામના એક વ્યક્તિ સાથે ઝઘડામાં સામેલ હતો, જે દરમિયાન તેણે કથિત રીતે તેની આંગળીઓથી પીડિતાની આંખો કાઢી નાખી હતી. પોલીસે જણાવ્યું હતું કે ૫ સપ્ટેમ્બરના રોજ તેની ધરપકડ બાદ, આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કેસમાં આગળની કાનૂની કાર્યવાહી ચાલી રહી છે.

# દલિત સફાઈ કર્મચારીએ કથિત બે ગ્લાસની સિસ્ટમના કારણે આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો

**મેલુર નજીક કમ્બુર પંચાયતની ૩૭ વર્ષીય દલિત સફાઈ કાર્યકરએ રવિવારે આત્મહત્યાનો પ્રયાસ કર્યો, થોડા દિવસો પહેલા આરોપ લગાવ્યો હતો કે તેણીને કામ પર અલગ ડિસ્પોઝેબલ કપનો ઉપયોગ કરવાની ફરજ પાડવામાં આવી હતી અને તેણીની જાતિના કારણે પંચાયત સચિવના પગરખાં હાથે લઈ જવાની ફરજ પાડવામાં આવી હતી**

(એજન્સી) મદુરાઈ, તા.૮

કમ્બુરની રહેવાસી શશિકલા છેલ્લા આઠ વર્ષથી ગામમાં સફાઈ કાર્યકર તરીકે કામ કરતી હતી. તેણીએ અગાઉ મદુરાઈ જિલ્લા કલેક્ટર નિશાંત કૃષ્ણને કથિત જાતિ ભેદભાવ અને ધમકીઓ અંગે કાર્યવાહી કરવા માટે અરજી કરી હતી. પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, રવિવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ શશિકલા તેના ઘરની બહાર ઉલટી કરતી જોવા મળી હતી. તેણીની હાલત જોતા એક પાડોશીએ તેણીને મેલુર સરકારી હોસ્પિટલમાં લઈ ગયા, જ્યાં ડોક્ટરોને જાણવા મળ્યું કે, તેણીએ જંતુનાશક દવા પીધી છે. તેણીને સારવાર માટે દાખલ કરવામાં આવી હતી અને તેણી ગંભીર સંભાળ હેઠળ છે. તેણીના પતિ ટી પ્રકાશે આરોપ લગાવ્યો હતો કે, પંચાયત સચિવ રૂપા, જે કલ્લર સમુદાયની છે, દલિત સફાઈ કાર્યકર સાથે ભેદભાવપૂર્ણ વર્તન કરતી હતી. 'દલિત કામદારોને ચા



માટે સામાન્ય ધાતુના ટમ્બલરનો ઉપયોગ કરવાની મંજૂરી નહોતી. તેમને અલગ-અલગ નિકાલજોગ કપનો ઉપયોગ કરવાનું કહેવામાં આવ્યું હતું,' પ્રકાશે TOIને જણાવ્યું. તેમણે આરોપ લગાવ્યો કે કામદારોએ વાંધો ઉઠાવ્યો હોવા છતાં આ પ્રથા ચાલુ રહી. તેમણે સચિવ પર જાતિના આધારે કામ સોંપવાનો અને અપમાનજનક ટિપ્પણી કરવાનો પણ આરોપ લગાવ્યો. 'કેટલાક પ્રસંગોએ, મારી પત્નીને દલિત સમુદાયની હોવાથી રૂપાના ચંપલ હાથમાં રાખવાની ફરજ પાડવામાં આવી હતી,' તેમણે કહ્યું. પ્રકાશે વધુમાં આરોપ લગાવ્યો કે, પંચાયતની કામગીરી અંગે ફરિયાદો ઉઠાવ્યા બાદ શશિકલાને દબાણનો સામનો કરવો પડ્યો હતો. 'રૂપાના સહયોગીઓ વારંવાર અમને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી રહ્યા છે અને મારી પત્નીને પોલીસ ફરિયાદ પાછી ખેંચવા માટે કહી રહ્યા છે,' તેમણે કહ્યું. કલેક્ટરને આપેલા પોતાના નિવેદનમાં શશિકલાએ કહ્યું કે, અગાઉ સ્થાનિક અધિકારીઓ અને પોલીસને ફરિયાદો રજૂ કરવામાં આવી હતી. તેમણે આરોપ લગાવ્યો કે તેમને અને તેમને ટેકો આપનારા અન્ય કાર્યકરને પાછળથી ધમકી આપવામાં આવી હતી અને નિશાન બનાવવામાં આવ્યા હતા. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, કોટ્ટમપટ્ટી પોલીસે શુક્રવાર, ૪ સપ્ટેમ્બરના રોજ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૯૬(b) અને ૩૫૧(2) હેઠળ કેસ નોંધ્યો હતો, જે અનુક્રમે અશ્લીલ કૃત્યો અને ગુનાહિત ધાકધમકી સાથે સંબંધિત છે, તેમજ SC/ST (અત્યાચાર નિવારણ) અધિનિયમની સંબંધિત જોગવાઈઓ પણ છે.

### રાજ્યના શ્રમિકોની સુરક્ષા માટે મહત્ત્વનો નિર્ણય

# ૧૦થી વધુ શ્રમિકોના ઔદ્યોગિક/વ્યાપારી એકમો માટે રજિસ્ટ્રેશન ફરજિયાત

**શ્રમ સેતુ પોર્ટલ પર કોડ લાગુ થતાં નોંધણી કરાવવી પડશે**

(સંવાદદાતા દ્વારા) ગાંધીનગર, તા.૮

રાજ્યમાં શ્રમિકોની સુરક્ષા, આરોગ્ય અને કામકાજની સ્થિતિને વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશથી શ્રમ આયુક્તની કચેરી દ્વારા એક મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકારના 'ધી ઓક્યુપેશનલ સેફ્ટી, હેલ્થ એન્ડ વર્કિંગ કંડિશન કોડ, ૨૦૨૦' (OSH&WC Code) અને ગુજરાત સરકાર દ્વારા લાગુ કરાયેલા નિયમો અંતર્ગત હવે ૧૦ કે તેથી વધુ શ્રમયોગીઓ ધરાવતા તમામ કારખાના, બાંધકામ સ્થળો, ઔદ્યોગિક તેમજ વ્યાપારી સંસ્થાઓ માટે ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત રહેશે. રાજ્યની તમામ પાત્રતા ધરાવતી સંસ્થાઓ સરળતાથી નોંધણી પ્રક્રિયા પૂર્ણ કરી શકે તે હેતુથી ગુજરાત સરકાર દ્વારા કાર્યરત કરવામાં આવેલા શ્રમ સેતુ પોર્ટલ મારફતે અરજી કરવાની રહેશે. આ જોગવાઈ મુજબ, નવી સ્થપાતી સંસ્થાઓએ કોડ લાગુ થયાના ૬૦ દિવસની અંદર 'ફોર્મ-૧' ઓનલાઈન ભરીને નોંધણી પ્રમાણપત્ર મેળવી લેવાનું રહેશે. જ્યારે જૂના શ્રમ કાયદા હેઠળ પહેલેથી નોંધાયેલી હાલની ચાલુ સંસ્થાઓએ કોડ અમલમાં આવ્યાના ૧૮૦ દિવસની અંદર 'ફોર્મ-૧' ઓનલાઈન ભરીને પોતાનું નોંધણી પ્રમાણપત્ર ફરજિયાત પણે અપડેટ કરાવવાનું રહેશે. આ ઉપરાંત, તમામ માલિકોએ મેળવેલું નોંધણી પ્રમાણપત્ર સંસ્થાના મુખ્ય સ્થળે પ્રત્યક્ષ અથવા ડિજિટલ સ્વરૂપે સ્પષ્ટ દેખાય તે રીતે પ્રદર્શિત કરવું અનિવાર્ય રહેશે. સંબંધિત કાર્યક્ષેત્રની તમામ સંસ્થાઓ નિર્ધારિત સમય મર્યાદામાં આ પ્રક્રિયા પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા શ્રમ આયુક્તની કચેરીની યાદીમાં જણાવાયું છે.

### બંગાળની ખાડીમાં બનશે નવી સિસ્ટમ

# ગુજરાતમાં બે દિવસ યલો એલર્ટની સાથે ભારે વરસાદ પડવાની આગાહી

**રિપોર્ટ પ્રમાણે તા.૮થી ૧૪ સપ્ટેમ્બર સુધી છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮

ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસથી વરસાદનું જોર ઘટ્યું છે. અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે, પરંતુ અપેક્ષા મુજબનો વરસાદ વરસી રહ્યો નથી. ત્યારે વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતો અને સામાન્ય લોકો માટે હવામાન વિભાગે રાહતના સમાચાર આપ્યા છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, આ વરસાદની સિઝનમાં હજી વરસાદની ઘટ છે અને ખેડૂતો અને સામાન્ય માણસો વરસાદની રાહ જોઈ રહ્યા છે. ગુજરાતમાં હાલ દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. ત્યારે આજે અમદાવાદના હવામાન વિભાગના વેધર રિપોર્ટમાં ગુજરાતમાં બે દિવસમાં ભારે વરસાદની સાથે યલો એલર્ટની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગની આજની નવી આગાહી મુજબ, આગામી દિવસોમાં રાજ્યમાં ફરી વરસાદી માહોલ સક્રિય થવાની શક્યતા છે. અમદાવાદ હવામાન વિભાગના રિપોર્ટ પ્રમાણે, ૮ સપ્ટેમ્બરથી ૧૪ સપ્ટેમ્બર સુધી ગુજરાતના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. ખાસ કરીને ૧૨ અને ૧૩ સપ્ટેમ્બરે દક્ષિણ ગુજરાત સહિત કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ સાથે ગાજવીજ અને પવનની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ૧૨ સપ્ટેમ્બરે નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. આ દરમિયાન ગાજવીજ સાથે પવન ફૂંકાવાની પણ શક્યતા છે. પવનની ઝડપ ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાક સુધી રહેવાની આગાહી છે. આ સિવાય રાજયના અન્ય જિલ્લાઓમાં પણ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. એટલે આગામી બે દિવસમાં દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં વરસાદનું જોર વધે તેવી સંભાવના છે. ૧૩ સપ્ટેમ્બરે દક્ષિણ ગુજરાત સાથે સૌરાષ્ટ્રમાં પણ ભારે વરસાદની આગાહી - ૧૩ સપ્ટેમ્બરે નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ ઉપરાંત સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે. આ વિસ્તારોમાં પણ ગાજવીજ સાથે ૩૦થી ૪૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. જયારે રાજયના બાકીના જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે.

## ગીતા જયંતિએ અમદાવાદ બનશે વિશ્વ વિક્રમનું સાક્ષી

અમદાવાદ, તા.૮

ભગવદ્ ગીતાનો સંદેશ માત્ર એક ધાર્મિક ગ્રંથ પૂરતો સીમિત નથી, પરંતુ જીવન જીવવાની કળા, કર્તવ્ય, કર્મ, આત્મવિશ્વાસ અને માનવતાનો માર્ગ દર્શાવે છે. આ દિવ્ય સંદેશને જન-જન સુધી પહોંચાડવા અને ગીતા જયંતિના પાવન પર્વને ઐતિહાસિક બનાવવાના ઉદ્દેશ્ય સાથે શ્રી ભગવદ્ ગીતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમદાવાદના નિકોલ ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે ૨૦ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં સૌથી મોટું આકર્ષણ સમગ્ર ભારતમાંથી 'ગીતા' નામ ધરાવતી ૨૫,૦૦૦ બહેનોનો મહાસંગમ રહેશે. આટલી વિશાળ સંખ્યામાં 'ગીતા' નામ ધરાવતી મહિલાઓને એક મંચ પર એકત્ર કરી વર્લ્ડ રેકોર્ડ સ્થાપવાનો પ્રયાસ કરવામાં આવશે.

## ગુજરાતી કોમેડી ફિલ્મ 'રફુચક્કર'નું અમદાવાદ ખાતે મુહૂર્ત કરાયું

અમદાવાદ, તા.૮

કેતુદાદા એન્ટરટેઈનમેન્ટના બેનર હેઠળ બની રહેલી આગામી ગુજરાતી કોમેડી ફિલ્મ 'રફુચક્કર'નું મુહૂર્ત આજે અમદાવાદ ખાતે ઉત્સાહપૂર્ણ વાતાવરણ વચ્ચે સંપન્ન થયું છે. આ પ્રસંગે ફિલ્મની સમગ્ર સ્ટારકાસ્ટ, ટેકનિકલ ટીમ તેમજ ગુજરાતી સિનેમાના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને ટીમને નવી સફર માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## એલસીસી પ્રોજક્ટ્સે આઈપીઓ માટે પ્રાઈઝ બેન્ડ નક્કી કર્યો

અમદાવાદ, તા.૮

એલસીસી પ્રોજેક્ટ્સ લિમિટેડે શુક્રવાર, ૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ તેના આગામી આઈપીઓ માટે પ્રતિ ઈક્વિટી શેર રૂા.૧૩૯-૧૪૬નો પ્રાઈઝ બેન્ડ નક્કી કર્યો છે. રૂા.૪૨૭ કરોડનો આઈપીઓ ૯ સપ્ટેમ્બરે સબસ્ક્રીપ્શન માટે ખુલશે અને ૧૧ સપ્ટેમ્બરે બંધ થશે. ઈપીસી કંપનીના આઈપીઓમાં રૂા.૨૫૮ કરોડ સુધીના ફ્રેશ ઈશ્યૂ અને ૧,૧૫,૮૫,૦૦૦ શેર સુધીની ઓફર ફોર સેલ (ઓએફએસ)નો સમાવેશ થાય છે.

## રેન્ટોમોજો લિમિટેડનો આઈપીઓ આજે ખુલશે

અમદાવાદ, તા.૮

રેન્ટોમોજો લિમિટેડ ઈક્વિટી શેર્સના તેના આઈપીઓ સંદર્ભે બિડ/ઓફર બુધવાર, ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખોલશે. ઓફરનો પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા.૩૮૪થી રૂા.૪૦૪ નક્કી કરવામાં આવ્યો છે. બિડ્સ લઘુત્તમ ૩૭ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૭ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે.

**ગુજરાત ટુડે**
**ટચુકડી જાહેર ખબર**

**મકાન અને જમીન ભાડે-વેચાણ**

**ભાડે આપવાનું છે**
ડુપ્લેક્ષ સંપૂર્ણ સગવડવાળો, નીચે રૂમ, કિચન, વોશ એરિયા, ઉપર ૨ રૂમ બાથરૂમ સાથે, હૈદરીબાગ, હાર્ટીમાર્ટ પાસે, સરખેજ
9824166580

5 BHK યુનિયન પાર્કમા ટાઈટલ ક્લિયર બંગલો વેચાણ આપવાનો છે
9377420400

નારોલમાં ટાઈટલ ક્લિયર બે-રોડ રસ્તાનું ગોડાઉન વેચાણ આપવાનું છે.
9377420400

**લગ્ન વિષયક**

**નિકાહ નેટવર્ક્સ**
**મુસ્લિમ મેરેજ બ્યુરો**
લોકલ તથા NRI
એજ્યુકેટેડ અનએજ્યુકેટેડ
રિશ્તા માટે સંપર્ક કરો
9825215334
9904969895

**જૂની ઘડિયાળો લેનાર**
ROLEX/OMEGA/ZENITH/PATEK-PHILIPPE/JAEGER/CARTIER/VACHERON/IWC/HARWOOD/UNIVERSAL/LONGINES/MOVADO
શીપક્રોનોમીટર
9227200413

### મુસાફરનો સામાન લઈ લીધાના આક્ષેપો વગેરે મુદ્દે તપાસ હાથ ધરાઈ

# એરપોર્ટ પર ફરજ બજાવતા કસ્ટમ્સના ચાર અધિકારીઓને વિભાગે કર્યા સસ્પેન્ડ

**અધિકારીઓના બોડીવોર્ન કેમેરા બંધ હતા; બે સુપ્રિ. તથા બે ઈન્સ્પેક્ટર સામે તપાસ**

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૮

અમદાવાદ-સુરત આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પેસેન્જર અને કસ્ટમ વિભાગના અધિકારીઓ વચ્ચે અવારનવાર ઘર્ષણ થતાં હોય છે. તેના કારણે આક્ષેપો પણ થતાં હોય છે. આ પરિસ્થિતિને ખાળવા માટે જ કસ્ટમ વિભાગ તરફથી એરપોર્ટ પર ફરજ બજાવતા કસ્ટમ વિભાગના અધિકારીઓને બોડી વોર્ન કેમેરા આપવામાં આવ્યા હતા. પરંતુ જેમની સામે સામાન લઈ લેવાનો આક્ષેપ થયો છે તે અધિકારીઓના બોડીવોર્ન કેમેરા બંધ હતા. જેથી આ અંગે કસ્ટમ વિભાગે તપાસ હાથ ધરી છે. અત્યારસુધીમાં બે સુપ્રિટેન્ડેન્ટ વિનય અરોરા તથા કુલદીપ પાલીવાલ અને બે ઈન્સ્પેક્ટર ભરતભાઈ મીણા તેમજ કૌશલકુમારને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. દુબઈથી અમદાવાદ આવેલી ફ્લાઈટમાં શુક્રવારે સવારે આવેલા મુસાફરો પૈકીના બે મુસાફરોને રોકીને પૂછતાછ કરવામાં આવી હતી. આ મુસાફરો પૈકી સુરતના પ્રવાસી દ્વારા કસ્ટમ વિભાગના અધિકારીઓ દ્વારા સામાન લઈ લેવામાં આવ્યો હોવાની ફરિયાદ કસ્ટમના ઉચ્ચ અધિકારીને ફોન કરીને ફરિયાદ કરવામાં આવી હતી. આ ફરિયાદના પગલે ઉચ્ચ અધિકારી એરપોર્ટ પર પહોંચી ગયા હતા. જો કે પેસેન્જર ત્યાંથી રવાના થઈ ગયા હતા અને તેમનો ફોન પણ બંધ કરી દીધો હતો. જેથી કસ્ટમ વિભાગે તપાસ હાથ ધરીને સુરતના કોસંબા ખાતે પહોંચી જઈને તેમનું પ્રાથમિક સ્ટેટમેન્ટ લીધું હતું. આ નિવેદનના પગલે કસ્ટમના ઉચ્ચ અધિકારીઓએ એરપોર્ટ પર ફરજ બજાવતા કસ્ટમ વિભાગના બે સુપ્રિટેન્ડેન્ટ અને બે ઈસ્પેક્ટરને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ અંગે ઝીણવટભરી ખાતાકીય તપાસ હાથ ધરવામાં આવી છે. જેમાં અધિકારીઓએ મુસાફરના આક્ષેપો નકારી કાઢ્યા છે. કસ્ટમ વિભાગના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ, મુસાફરનું સ્ટેટમેન્ટ લેવામાં આવી રહ્યું છે. ત્યારબાદ કસ્ટમ્સ અધિકારીઓના નિવેદન લેવામાં આવશે. ત્યાં સુધી કે મુસાફરને એરપોર્ટ પર બોલાવીને તેમની સાથે કઈ જગ્યાએ શું ઘટના બની હતી તે અંગે રિહર્સલ કરાવવામાં આવશે.

# એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડનો આઈપીઓ આજે ખુલશે

અમદાવાદ, તા.૮

એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની (ઈન્ડિયા) લિમિટેડ (the Company) બુધવાર, ૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા તેના ઈક્વિટી શેર ("Equity Shares")નો આઈપીઓ ("Offer") શરૂ કરવાની દરખાસ્ત ધરાવે છે. એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગની તારીખ બિડ/ઓફર શરૂ થવાની તારીખના કામકાજના એક દિવસ પહેલા એટલે કે મંગળવાર, ૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે. બિડ/ઓફર બંધ થવાની તારીખ શુક્રવાર, ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ છે.

ઓફર માટેનો પ્રાઈઝ બેન્ડ રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેર માટે રૂા.૧૩૨થી રૂા.૧૩૯ નક્કી કરવામાં આવ્યો છે. બિડ રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઓછામાં ઓછા ૧૦૭ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ રૂા.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ૧૦૭ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે.

**Change Of Name**
I Have Changed My Old Name From **MANSURI SAYRABEN NOORHUSEN** To New Name **MANSURI SAYRABEN NURHUSEN.**
**Residence : D-2-208, HILL PARK RESIDENCY, CANAL ROAD, VATVA, DASKROI, AHMEDABAD, 382440**

**જાહેર નોટિસ**

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ રઈસ બી.શેખ ઓફિસ-૭૦૮, સીટીગેટ કોમ્પ્લેક્ષ, વિશાલ સર્કલ, વાસણા, અમદાવાદના તે અમારા અસીલ પઠાણ રહીસ અબ્દુલહમિદખાન ઉ.વ.૩૯ રહે. સર્વે નં.૨૫૫, પ્લોટ નં.-બી/૩૮, ટ્રીપ્લેક્ષ-૪, જાવેદ પાર્ક-૨, પ્રાચીના સોસાયટીની સામે, ગ્યાસપુર, અમદાવાદનાઓની સુચના ફરમાઈશથી આથી જાહેર જનતાને જણાવવાનું કે,

૧. અમારા અસીલ ઉપરોક્ત દર્શાવેલ સરનામે તેમના ઘર પરિવાર સાથે રહે છે અને અમારા અસીલના બે સગા ભાઈ અને એક બહેન છે. તે પૈકી અમારા અસીલના સગા ભાઈ પઠાણ ઈનાયતુલ્લાખાન અબ્દુલહમિદખાનનાઓ છેલ્લા ૧૦ વર્ષથી તેની પત્ની પસમીનાબાનુ અને બાળકો સાથે અમારા અસીલથી જુદો અલગ રહે છે અને છેલ્લા ૧૦ વર્ષથી અમારા અસીલનો અને તેના ભાઈ પઠાણ ઈનાયતુલ્લાખાન અબ્દુલહમિદખાન અને તેની પત્ની સાથે કોઈ સંબંધ નથી. અને તે અમારા અસીલના અને તેમના ઘરના લોકોના કહ્યા નથી. અને તે પોતાની મરજી મુજબનું જીવન જીવે છે. અમારા અસીલના અને તેમના ભાઈ પઠાણ ઈનાયતુલ્લાખાન અબ્દુલહમિદખાન નાઓ વચ્ચે મિલકતનું પણ બધું વ્યવહાર ૧૦ વર્ષ પહેલાં જ પૂરૂં થઈ ગયેલ છે. અને અમારા અસીલની તમામ સ્થાવર, જંગમ મિલકતમાં પણ હવે તેના ભાઈનો કોઈ લાગ ભાગ હક્ક હિત હિસ્સો નથી. જેથી કોઈ વ્યક્તિએ તેની સાથે કોઈપણ જાતનો નાણાકીય કે આર્થિક કે સામાજિક કે કોઈપણ વ્યવહાર કરવો કરાવવો નહીં અને જો કરવામાં આવશે તો અમારા અસીલ કે તેમના ઘરના લોકોની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં. જેની જાહેર જનતાએ તથા લાગત ઈસમોએ નોંધ લેવી
અમદાવાદ
તા.૦૮/૦૯/૨૦૨૬

સહી/-
મારી સૂચના અને ફરમાઈશથી
(પઠાણ રહીસ અબ્દુલહમિદખાન)
સહી/-
**રઈસ બી. શેખ** (એડવોકેટ અને નોટરી)
મો.નં.૯૯૯૮૮૪૭૭૮૪

**જાહેર નોટિસ**

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ડિસ્ટ્રીક્ટ સબ ડિસ્ટ્રીક્ટ અમદાવાદ (નારોલ-૫)ના મણીનગર તાલુકાના મોજે બહેરામપુરાની સીમમાં આવેલ સર્વે નં-૨૨૯ તથા ૨૩૨ની જમીન પર આવેલ પ્લોટ નં-૪ જેના સ.ચો.વાર ૯૪૫ તથા પ્લોટ નં-૫ જેના સ.ચો.વાર ૯૪૫ તથા પ્લોટ નં-૬ જેના સ.ચો.વાર ૯૪૫ મળી કુલ જમીન ૨૮૩૫ સ.ચો.વારની પ્લોટવાળી જમીનમાં શેડના કુલ ૩૩૭૫.૭૦ સ.ચો.મી.તે પૈકીના બાંધકામવાળી ભાડાપટ્ટાવાળી મિલકત કે જે "સેવન પ્રોસેસ" તરીકે ઓળખાય છે અને પાણીની પરમીશન તેમજ જી.એસ.ટી. સેવન પ્રોસેસના નામે છે. જે મીલકતના માલીક ઉમર ફારૂક ઐયુબભાઈ રંગરેજ નાઓની માલીકીની તથા પ્રત્યક્ષ કબ્જા ભોગવટાની તથા તમામ પ્રકારના બોજાથી મુક્ત હોવાનું જણાવી અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે આથી ઉપરોક્ત જણાવેલ મિલકત ઉપર કોઈપણ વ્યક્તિનો કોઈપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિસ્સો, ગીરો, બોજો આવેલ હોય તો તે તમામને આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરી તેની પાકી પહોંચ મેળવી લેવી. તેમાં કસુર થયેથી મુદત વિત્યેથી ઉપરોક્ત મિલકત ઉપર કોઈપણ પ્રકારનો કોઈપણ વ્યક્તિનો હક્ક હિસ્સો બોજો કે અધિકાર વિગેરે આવેલા નથી અને આવેલા હોય તો તેમને ઉપરોક્ત જણાવેલ માલીકની તરફેણમાં જતા (વેવ) કર્યા છે. તેમ માનીને અમારા અસીલને ટાઈટલ કલીયર સર્ટીફીકેટ ઈશ્યુ કરવામાં આવશે. જેની તમામે નોંધ લેવી.
સ્થળ-અમદાવાદ
તા- /૦૯/૨૦૨૬
મારી સુચના અને ફરમાઈશથી
FOR,SEVEN PROCESS
સહી
-PROPRIETOR
ઉમર ફારૂક ઐયુબભાઈ રંગરેજ
1.(N.G SHAIKH)
સહી
2.(S.K SHAIKH)
સહી
Advocates
મોબાઈલ નંબર :- ૯૮૨૫૦૨૫૧૭૬
સરનામું :- એફ.એફ-૨, સદર મંઝીલ, મીર સાહેબની મહોલત, ત્રણ ખુણીયા બગીચા પાસે, મીરઝાપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

# 'BAPS' હિન્દુ જૂથની મુલાકાત દરમિયાન મહિલા કર્મચારીઓને 'દૂર રહેવાનું' કહેવામાં આવ્યા બાદ કર્મચારીઓના વિરોધ સાથે એફિલ ટાવર બંધ

## પેરિસ અધિકારીઓએ ઘટનાની તપાસનો આદેશ આપ્યો છે; BAPSએ માફી માંગી, અને કહ્યું કે કોઈને પણ એફિલ ટાવરમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા નથી

(એજન્સી) તા.૮

આ સપ્તાહના અંતે એક હિન્દુ ધાર્મિક પ્રતિનિધિમંડળની મુલાકાત દરમિયાન એફિલ ટાવર પર મહિલા કર્મચારીઓને દૂર રહેવા કહેવામાં આવ્યું હતું, જેના કારણે સ્ટાફે વિરોધ કર્યો હતો અને પેરિસ શહેર સત્તાવાળાઓ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી. સોમવારે મોડી રાત્રે આ સ્મારક બંધ કરવામાં આવ્યું હતું કારણ કે કર્મચારીઓએ આ ઘટના અંગે બેઠક યોજી હતી, કર્મચારીઓ ગુસ્સે થયા હતા અને ફ્રેન્ચ રાજકારણીઓની ટીકા કરી હતી.





શનિવારે, હિન્દુ જૂથ બોચાસણવાસી અક્ષરપુરૂષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા, અથવા BAPS સાથે જોડાયેલા લગભગ ૧૦૦ લોકોના પ્રતિનિધિમંડળે એફિલ ટાવરની ખાનગી મુલાકાત લીધી હતી. યુનિયનના પ્રતિનિધિ ડાયેન ડેવોઈને રોઈટર્સને જણાવ્યું કે, પ્રતિનિધિમંડળ પસાર થતાં, મહિલાઓને તેમના વર્કસ્ટેશન છોડી દેવાનું કહેવામાં આવ્યું જેથી પુરૂષો તેમની જગ્યા લઈ શકે. તણાવ વધી ગયો, તેથી આજે સવારે, કર્મચારીઓએ મળવાનું નક્કી કર્યું : પ્રથમ, મેનેજમેન્ટ સાથે વાતચીત શરૂ કરવા, અને બીજું, એ ખાતરી કરવા માટે કે કંપનીમાં મહિલાઓ સાથે ફરી ક્યારેય આ પ્રકારનો વ્યવહાર ન થાય. સોમવારે ટાવરના પાયા પર લખેલું છે : "ઓપરેશનલ કારણોસર એફિલ ટાવરનું ઉદ્ઘાટન વિલંબિત છે." ડેવોઈને કહ્યું કે મેનેજમેન્ટે આ ઘટના અંગે સ્ટાફની માફી માંગી છે. પેરિસના મેયર ઈમેન્યુઅલ ગ્રેગોઈરે કહ્યું કે "શક્ય તેટલી વહેલી તકે" તપાસ શરૂ કરવામાં આવશે. તેમણે કહ્યું કે તેઓ કર્મચારીઓના ગુસ્સાથી વાકેફ છે અને સંમત થયા કે તેમનો અસંતોષ વાજબી હતો.

BAPSના પ્રતિનિધિઓ પેરિસ ઉપનગરોમાં એક હિન્દુ મંદિરના ઉદ્ઘાટન સંબંધિત ઉજવણી માટે ફ્રાન્સમાં અવય હતા, તેમણે એક નિવેદનમાં જણાવ્યું હતું કે એફિલ ટાવરની મુલાકાત ખુલવાના સમયની શરૂઆતમાં જ ગોઠવવામાં આવી હતી જેથી તેમના પ્રતિનિધિમંડળના કદને કારણે અન્ય લોકોને ખલેલ ન પહોંચે. અમારી શ્રેષ્ઠ જાણકારી મુજબ, કોઈપણ સમયે કોઈને એફિલ ટાવરમાં પ્રવેશ અટકાવવામાં આવ્યો ન હતો. તેમ છતાં, કોઈપણ પીડા અથવા અસુવિધા માટે અમે દિલથી માફી માંગીએ છીએ. સ્મારકનું સંચાલન કરતી કંપની, SETEના પ્રવક્તાએ ટિપ્પણી માટેની વિનંતીનો તાત્કાલિક જવાબ આપ્યો ન હતો.

નેશનલ એસેમ્બલીના પ્રમુખ, યાએલ બ્રૌન-પિવેટે X પર એક પોસ્ટમાં લખ્યું : 'બીજાઓનું સ્વાગત કરવાનો અર્થ ક્યારેય આપણા મૂલ્યોનો ત્યાગ કરવાનો નથી. ફ્રાન્સમાં, મહિલાઓ જાહેર જીવનમાં સંપૂર્ણ રીતે હાજરી છે. કોઈ તેમને દૂર થવાનું કહેવું વાજબી નથી.

# મ્યાનમારમાં 'સશસ્ત્ર જૂથોને તાલીમ આપવાના' આરોપમાં ધરપકડ બાદ NIAએ એક અમેરિકન અને ૬ યુક્રેનિયનો સામે આતંકવાદના આરોપો રદ કર્યા

(એજન્સી) નવી દિલ્હી, તા.૮

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA)એ મ્યાનમારમાં ભારત વિરોધી વંશીય સશસ્ત્ર જૂથોને તાલીમ આપવાના આરોપમાં ધરપકડ કરાયેલા છ યુક્રેનિયન અને એક યુએસ નાગરિક સામે કડક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ અથવા UAPAની જોગવાઈઓ રદ કરી છે. દિલ્હીની એક ખાસ NIA કોર્ટ સમક્ષ મંગળવારે દાખલ કરાયેલ ચાર્જશીટમાં, NIAએ ઈમિગ્રેશન અને વિદેશી અધિનિયમ, ૨૦૨૫ની માત્ર કલમ ૨૧ અને ૨૩ લાગુ કરી હતી – જે બંને વિદેશી પ્રાદેશિક નોંધણી કાર્યાલયના સ્તરે કમ્પાઉન્ડેબલ ગુનાઓ છે. એજન્સી તરફથી હાજર રહેલા સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર રાહુલ ત્યાગીએ કોર્ટને માહિતી આપી હતી કે એજન્સીએ આ ચાર્જશીટમાં UAPAની કલમોનો ઉપયોગ કર્યો નથી. જોકે, તેમણે કોર્ટને જણાવ્યું હતું કે UAPA હેઠળના ગુનાઓની તપાસ વધુ તપાસ માટે પેન્ડિંગ રાખવામાં આવી છે. જો કાયદા હેઠળ ગુનો સાબિત થાય તો એજન્સી પૂરક ચાર્જશીટ દાખલ કરી શકે છે. આતંકવાદ વિરોધી કાયદા અમલીકરણ એજન્સીએ UAPAની કલમ ૧૮ હેઠળ યુએસ નાગરિક મેથ્યુ એરોન વાનડાઈક, યુક્રેનિયન નાગરિકો હુર્બા પેટ્રો, સ્લિવિયાકતારાસ, ઈવાન સુકમાનોવસ્કી, સ્ટેફનકિવ મેરિયન, હોનચારુક મેક્સિમ અને કામિન્સકી વિક્ટર સામે કેસ નોંધ્યો હતો અને ધરપકડ કરી હતી. આ કલમ આતંકવાદી પ્રવૃત્તિઓ માટે કાવતરું ઘડવા અને આતંકવાદી શિબિરોનું આયોજન કરવાના ગુનાઓ સાથે સંબંધિત છે. માર્ચમાં કોલકાતા એરપોર્ટ પર વાનડાઈકની અટકાયત કરવામાં આવી હતી, ત્યારે યુક્રેનિયનોને દિલ્હી અને લખનૌના એરપોર્ટ પર પકડી લેવામાં આવ્યા હતા. NIAની ચાર્જશીટનો જવાબ આપતા, વાનડાઈકના વકીલોએ તેમના ક્લાયન્ટની



ન્યાયિક કસ્ટડીના સમયગાળાને વધારવા માટે NIAની ટીકા કરતાં કહ્યું કે, NIAએ મારા ક્લાયન્ટ પર ભારતની રાષ્ટ્રીય સુરક્ષા માટે હાનિકારક કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો અને છ મહિનાના સમયગાળા પછી, તેઓએ ચાર્જશીટ દાખલ કરી છે જેમાં કહેવામાં આવ્યું છે કે તેમને UA(P)A હેઠળ આરોપ લગાવવા માટે કોઈ પુરાવા મળ્યા નથી. આ અભિગમ NIAની તપાસ પર આંગળી ઉઠાવે છે. ધરપકડ કરાયેલા યુક્રેનિયન નાગરિકોની વાત કરીએ તો, એડવોકેટ નીતિન સલુજાએ કોર્ટને જણાવ્યું હતું કે તેઓ તેમના ક્લાયન્ટ્સની નિર્દોષતા અંગે દલીલ કરી રહ્યા હતા. NIAના UAPA હેઠળ આરોપ ન લગાવવાથી તેમનો મુદ્દો સાબિત થયો છે. NIAએ કોર્ટને જણાવ્યું હતું કે, આ સાત વિદેશી નાગરિકો મ્યાનમાર જતા પહેલા મિઝોરમમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ્યા હતા, જ્યાં તેઓએ ભારતમાં કાર્યરત આતંકવાદી સંગઠનોને ટેકો આપવા અને મ્યાનમારના જુન્ટાને નિશાન બનાવવા માટે જાણીતા વંશીય સશસ્ત્ર જૂથો (EAGs)ને તાલીમ આપી હતી. કોર્ટને જાણ કરવામાં આવી હતી કે તેઓએ EAG ઓપરેટિવ્સને ડ્રોન યુદ્ધ, ડ્રોન કામગીરી અને એસેમ્બલી અને જામિંગ ટેકનોલોજીમાં "પૂર્વ-નિર્ધારિત તાલીમ" આપી હતી. તપાસ દરમિયાન, NIAએ વાનડાઈક અને અન્ય લોકો પર મ્યાનમારમાં એક પેસેન્જર ફ્લાઈટને નિશાન બનાવવા અને સાધનો ભેગા કરવાનો આરોપ મૂક્યો હતો. તેણે આરોપ લગાવ્યો કે કસ્ટડીના શરૂઆતના સમયગાળા દરમિયાન, ધરપકડ કરાયેલા આરોપીઓએ "ષડયંત્ર" સંબંધિત "મહત્વપૂર્ણ ખુલાસાઓ" કર્યા હતા, જેમાં "AK-47 રાઈફલ વહન કરતા આતંકવાદીઓ સાથે" સીધા સંપર્કમાં રહેવાનો સમાવેશ થાય છે. આ ચાર્જશીટમાં, NIAએ આરોપીઓના જપ્ત કરેલા ફોનમાંથી કાઢવામાં આવેલા પુરાવા રજૂ કર્યા હતા જે સાયબર સુરક્ષા જોખમોનો સામનો કરવા માટે જવાબદાર નોડલ એજન્સી CERT-INને ફોરેન્સિક તપાસ માટે મોકલવામાં આવ્યા હતા. થોડા દિવસો પહેલા, વાનડાઈકના પરિવારે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રને વાનડાઈકની મુક્તિ માટે રાજદ્વારી રીતે હસ્તક્ષેપ કરવા વિનંતી કરી હતી. તેની માતા શેરોન વાનડાઈકે X પર પ્રકાશિત એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ અમારા પરિવાર માટે માનવતાવાદી કટોકટી છે. મેથ્યુએ માનવીય વેદનાનું દસ્તાવેજીકરણ કરવામાં અને કટોકટીમાં લોકોને ટેકો આપવામાં પોતાનું જીવન વિતાવ્યું છે. તે નિર્દોષ છે અને અમે યુનાઈટેડ સ્ટેટ્સ સરકારને તેને સુરક્ષિત રીતે ઘરે લાવવા માટે વિનંતી કરી રહ્યા છીએ.

## સ્પેસએક્સ-સ્ટારલિંકની મદદથી ૨૦૨૭માં મિશન પાર પાડવા યોજના

# લ્યો...પૃથ્વી પર જમીન ખૂટી પડતાં સ્પેસમાં ડેટા સેન્ટર બનાવવાની ઈલોન મસ્કની તૈયારી

(એજન્સી) વૉશિંગ્ટન, તા.૮

દુનિયાના સૌથી ધનવાન ઉદ્યોગપતિ ઈલોન મસ્ક અંતરીક્ષમાં ડેટા સેન્ટર બનાવવાનું સપનું જોઈ રહ્યા છે. એટલું જ નહીં, તેમણે તો ૨૦૨૭ના અંત સુધીમાં આ પ્રોજેક્ટ લોંચ કરવાનો ટાર્ગેટ પણ સેટ કર્યો છે. જોકે, મસ્કના આ આઈડિયાને અત્યારના ટેક્નોલોજી એક્સપર્ટ્સ તુક્કો ગણાવી રહ્યા છે. તેમના મતે હજુ એક દશકા સુધી આવી શક્યતા ખૂબ પાંખી છે. સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવા સામે અનેક પડકારો અત્યારે છે ને પહેલાં એના જવાબો શોધવા પડશે. ઈલોન મસ્ક ડેટા સેન્ટર્સ સ્પેસમાં બનાવીને અનેક ઉકેલ શોધવા માંગે છે. ડેટા સેન્ટર્સ સામે દુનિયાભરમાં વિરોધ વધતો જાય છે. કારણ કે તેની પાછળ ઈલેક્ટ્રિસિટી વધારે વપરાશે. કૂલિંગ માટે પાણીની જરૂર પડશે અને ડેટા સેન્ટર્સ માટે જમીનની પણ જરૂરિયાત પડે છે. એઆઈ ટેક્નોલોજીના ઉદય પછી હવે ડેટા સેન્ટર્સની ડિમાન્ડ વધી છે. સતત વધતી જવાની છે. જો સ્પેસમાં

**સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવા હજુ પૂરતી ટેક્નોલોજીનો અભાવ, નવી શોધો થતાં એક દશકો લાગશે, મસ્કનો પ્રોજેક્ટ તુક્કો : નિષ્ણાતો**



ડેટા સેન્ટર્સ બનાવવામાં આવે તો એનર્જી ક્રાઈસિસ નિવારી શકાય છે. વળી, માતબર જમીનની જરૂરિયાત પણ રહેતી નથી. આ વિચાર સાથે ઈલોન મસ્કે સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવાનો મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટ વિચાર્યો છે. ૨૦૨૭માં આ પ્રોજેક્ટ લોંચ થશે. સ્પેસએક્સ અને સ્ટારલિંક જેવી કંપનીઓની મદદથી મસ્ક આ પ્રોજેક્ટ પાર પાડવા ધારે છે. જોકે, તેની સામે સવાલો પણ ખડા થયા છે. એક્સપર્ટ માને છે કે આ પ્રોજેક્ટ સમય કરતાં એક દશકા વહેલો છે. હજુ આપણી ટેકનોલોજી સ્પેસમાં ડેટા સેન્ટર્સ બનાવવા માટે તૈયાર નથી. ઓપનએઆઈના સહસ્થાપક સેમ ઓલ્ટમેન માને છે કે આ તુક્કો માત્ર છે. હજુ એવી ટેક્નોલોજી વિકસી નથી. ઓર્બિટલ ગેટવેના સ્થાપક બ્લેઈન કર્સિયો માને છે કે અત્યારે આ નાકામ અસાઈનમેન્ટ બની રહેશે. કેટલાક એક્સપર્ટ્સ માને છે કે સ્પેસમાં ડેટા સેન્ટર્સ માટે કૂલિંગની વ્યવસ્થા કરવી તે અત્યારે લગભગ અશક્ય જેવી વાત છે. સ્પેસની ડસ્ટથી ડેટા સેન્ટર્સને કેવી અને કેટલી અસર થશે એ કહી શકાય તેમ નથી. સ્પેસની હીટ અથવા તો ઉલ્કા સહિતના ફેક્ટર્સ પણ અવરોધક બની શકે છે.

# બંગાળમાં બાગેશ્વર બાબા વિરૂદ્ધ પોલીસ ફરિયાદ, શાકાહારી ખોરાકના 'ફરમાન'થી ભાજપે પોતાને દૂર રાખ્યું

## કોંગ્રેસે ધીરેન્દ્ર શાસ્ત્રી સામે એફઆઈઆરની માગ કરી છે; મંત્રી દિલીપ ઘોષે કહ્યું કે સંતો પોતાના દૃષ્ટિકોણથી વાત કરે છે, શાકાહારી ભોજન સ્વાસ્થ્ય માટે સારૂં હોવાનું કહે છે

(એજન્સી) કોલકાતા, તા.૮

પશ્ચિમ બંગાળમાં દુર્ગાપૂજા દરમિયાન માંસાહારી ભોજનને લઈને બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીએ કરેલી ટિપ્પણીઓનો વિવાદ વધ્યો છે. કોલકાતામાં તેમની સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે શાસ્ત્રીએ પોતાની ટિપ્પણીઓ દ્વારા બંગાળના લોકો અને દુર્ગાપૂજાની ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. આ વિવાદ વચ્ચે ભારતીય જનતા પાર્ટીના નેતાઓએ પણ શાસ્ત્રીની ટિપ્પણીઓથી અંતર રાખવાનો પ્રયાસ કર્યો છે. ભાજપના કેટલાક નેતાઓએ સ્પષ્ટ કહ્યું છે કે બંગાળના લોકોને શું ખાવું અને શું ન ખાવું તે નક્કી કરવાનો અધિકાર કોઈ બહારની વ્યક્તિને નથી.

દક્ષિણ કોલકાતા જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રદીપ પ્રસાદે મંગળવારે ભવાનીપુર પોલીસ સ્ટેશનમાં ધીરેન્દ્ર શાસ્ત્રી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે હાવડાના લિલુઆમાં આયોજિત એક કાર્યક્રમમાં મહત્ત્વના મહાનુભાવો, અધિકારીઓ અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની હાજરીમાં શાસ્ત્રીએ એવી ટિપ્પણીઓ કરી હતી, જે બંગાળના લોકોની લાગણીઓને ગંભીર રીતે ઠેસ પહોંચાડનારી અને સામાજિક સૌહાર્દ માટે જોખમી છે.

ફરિયાદમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે બંગાળમાં ભાષા કે અન્ય કોઈ આધાર પર લોકો વચ્ચે કોઈ ભેદભાવ નથી અને રાજ્યના લોકો બંગાળી તરીકે ઓળખાય છે. ફરિયાદી અનુસાર, શાસ્ત્રીએ દુર્ગાપૂજા દરમિયાન શું ખાવું અને શું ન ખાવું તે અંગે અપમાનજનક ભાષામાં ઉપદેશ આપ્યો હતો.

મધ્ય પ્રદેશના રહેવાસી અને બાગેશ્વર ધામના પ્રમુખ ધીરેન્દ્ર શાસ્ત્રી ગયા સપ્તાહના અંતે પશ્ચિમ બંગાળની મુલાકાતે આવ્યા હતા. રવિવારે હાવડાના લિલુઆમાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે બંગાળીઓના માંસ અને માછલી ખાવાની પરંપરા અંગે વિવાદાસ્પદ ટિપ્પણી કરી હતી. શાસ્ત્રીએ બંગાળમાં નવરાત્રિ અને દુર્ગાપૂજા દરમિયાન માંસાહારી ભોજન કરનાર લોકોને 'પાખંડી' ગણાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે દુર્ગાપૂજાના પંડાલોની પાછળ માંસાહારી ભોજન બનાવવામાં આવે છે અને આ પ્રકારના લોકોનો બહિષ્કાર થવો જોઈએ. તેમણે કોલકાતાના હિન્દુઓને નવરાત્રિ દરમિયાન જાગૃત થવાની અપીલ કરતાં કહ્યું હતું કે દુર્ગાપૂજા દરમિયાન માંસાહારી ભોજન કરનાર લોકો ધાર્મિક રીતે પવિત્ર નથી.

આ ટિપ્પણીઓ બાદ બંગાળમાં ભારે વિરોધ શરૂ થયો હતો. કોંગ્રેસે શાસ્ત્રી સામે તાત્કાલિક વહીવટી કાર્યવાહી અને એફઆઈઆર નોંધવાની માગ કરી છે. પ્રદીપ પ્રસાદે પોતાની ફરિયાદમાં લખ્યું હતું કે બંગાળના લોકોનું અપમાન કરવામાં આવ્યું છે અને આવી ટિપ્પણીઓથી સમાજમાં વિભાજન થઈ શકે છે. તેમણે પોલીસને જરૂરી કાયદાકીય કાર્યવાહી કરીને આરોપીની ધરપકડ કરવાની પણ માગ કરી હતી.

ધીરેન્દ્ર શાસ્ત્રીની ટિપ્પણીઓ બાદ બંગાળ ભાજપના નેતાઓ મુશ્કેલીમાં મુકાયા હોવાનું જોવા મળ્યું. રાજ્યના પંચાયત મંત્રી દિલીપ ઘોષે મંગળવારે સ્પષ્ટ કહ્યું કે દુર્ગાપૂજા દરમિયાન માંસાહારી ભોજન કરવું કોઈ વિવાદનો વિષય નથી. તેમણે કહ્યું કે સંતો પોતાના દૃષ્ટિકોણથી વાત કરતા હોય છે અને શાકાહારી ભોજન સ્વાસ્થ્ય માટે સારું હોવાનું માને છે. પરંતુ બંગાળની પોતાની પરંપરા છે અને અહીં લોકો શું ખાવું તે પોતાની પસંદગીથી નક્કી કરી શકે છે. દિલીપ ઘોષે બંગાળમાં દુર્ગાપૂજા દરમિયાન પ્રચલિત બલિદાનની પરંપરાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે અહીં બકરાનું બલિદાન આપવામાં આવે છે અને ત્યારબાદ તેનો પ્રસાદ તરીકે ઉપયોગ કરવામાં આવે છે. તેમના જણાવ્યા મુજબ, બંગાળમાં બકરાનું માંસ ખાવું કોઈ વિવાદાસ્પદ બાબત નથી.

તેમણે પોતાનો વ્યક્તિગત ખોરાકનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તેઓ માછલી સિવાય બીજું કંઈ ખાતા નથી, પરંતુ જે વ્યક્તિને જે ખાવું હોય તેને પોતાની પસંદગીનો ખોરાક ખાવાની છૂટ હોવી જોઈએ. બંગાળની ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાનો ઉલ્લેખ કરતાં ઘોષે સ્વામી વિવેકાનંદને ટાંકીને કહ્યું કે જ્યાં સુધી દેશ અસ્તિત્વમાં રહેશે ત્યાં સુધી મા કાળી બકરાનું માંસ ગ્રહણ કરશે અને ભગવાન શિવ ડમરુ વગાડશે.

દિલીપ ઘોષે અગાઉની તૃણમૂલ કોંગ્રેસ સરકાર પર પણ લોકોની ખાણીપીણીની પસંદગીમાં દખલ



કરવાનો આરોપ મૂક્યો હતો. તેમણે કહ્યું કે અગાઉ એવી વાતો કરવામાં આવતી હતી કે આ ખાઈ શકાય નહીં અને તે ખાઈ શકાય નહીં. તેમના જણાવ્યા અનુસાર, દરેક વ્યક્તિને પોતાની પસંદગી કરવાની સ્વતંત્રતા મળવી જોઈએ. બંગાળના લોકોને દુર્ગાપૂજા કેવી રીતે ઉજવવી તે શીખવવામાં આવી રહ્યું હોવાના પ્રશ્નના જવાબમાં ઘોષે કહ્યું કે વર્ષોથી દુર્ગાપૂજાના પરંપરાગત મૂલ્યોમાં પરિવર્તન આવ્યું છે.

દિલીપ ઘોષે દુર્ગાપૂજા માટે સરકારી નાણાંનો ઉપયોગ કરવા સામે પણ વાંધો ઉઠાવ્યો હતો. તેમણે કહ્યું કે દુર્ગાપૂજાનું આયોજન મુખ્યત્વે સમાજ દ્વારા થવું જોઈએ. તેમણે કહ્યું કે જો પૂજા કરવા માટે સરકારના પૈસાની જરૂર પડે તો આવી પૂજા કરવાની જરૂર શું છે ? સમાજ પોતે જ પૂજાનું આયોજન કરી શકે છે. ઘોષે આરોપ મૂક્યો કે સરકારમાં રહેલા કેટલાક લોકો દુર્ગાપૂજાને પોતાના નિયંત્રણમાં લેવા માગતા હતા, જેમ અગાઉ ડાબેરી શાસન દરમિયાન થયું હતું. તેમણે કહ્યું કે દુર્ગાપૂજાનો વિકાસ રાજાઓ અને જમીનદારો દ્વારા આયોજિત ઉત્સવમાંથી સામૂહિક તહેવાર છે. તેથી સરકારે તેમાં કેટલી હદ સુધી ભૂમિકા ભજવવી જોઈએ તે અંગે પણ તેમણે પ્રશ્ન ઉઠાવ્યો હતો.

ઘોષે કહ્યું કે દેશના લોકો પાસે નાણાંની અછત નથી અને સમાજમાં સદભાવના પણ છે. પરંતુ રાજકારણીઓ જ ઘણી વખત સમસ્યાઓ ઊભી કરે છે. તેમણે અફવાઓને રાજકારણથી દૂર રાખવા અને સરકારી નાણાંને પણ ધાર્મિક ઉત્સવોથી દૂર રાખવાની વાત કરી હતી. જોકે, તેમણે એમ પણ કહ્યું કે ગામડાંમાં એવી પૂજા સમિતિઓને સરકાર સહાય આપી શકે છે, જેમની પાસે ખરેખર પૂરતા સાધનો નથી.

સરકારી જાહેરાતમાં ૧૧ હાથવાળી દુર્ગાની પ્રતિમા દર્શાવવામાં આવી હોવાના વિવાદ અંગે પણ દિલીપ ઘોષે પ્રતિક્રિયા આપી હતી. અગાઉ રાજ્યના પર્યટન વિભાગના એક વિડિયોમાં બંગાળના કોઈ જાણીતા સ્થળને સ્થાન ન મળતાં પણ વિવાદ થયો હતો. ઘોષે કહ્યું કે તેમને ખબર નથી કે આવી ભૂલો કોણ કરી રહ્યું છે. શક્ય છે કે કોઈ જૂની પરંપરાના આધારે આવું કરવામાં આવતું હોય, પરંતુ સંબંધિત વિભાગના મંત્રી અને અધિકારીઓએ સાવચેત રહેવું જોઈએ. તેમણે આરોપ મૂક્યો કે અગાઉની સરકાર દરમિયાન જે પ્રકારની અવ્યવસ્થા ઊભી કરવાની ટેવ હતી તે હજુ પણ કેટલાક લોકોમાં જોવા મળે છે.

ધીરેન્દ્ર શાસ્ત્રીની ટિપ્પણીઓએ સમગ્ર બંગાળમાં ભારે રોષ પેદા કર્યો છે. વિરોધી પક્ષોના નેતાઓ ઉપરાંત સામાન્ય નાગરિકોએ પણ આ ટિપ્પણીઓની ટીકા કરી છે. બંગાળની વિવિધ પ્રકારના ભોજનની પરંપરા અને ખાસ કરીને દુર્ગાપૂજા દરમિયાન માછલી અને માંસના ઉપયોગને ત્યાંની સાંસ્કૃતિક ઓળખનો મહત્વપૂર્ણ ભાગ ગણાવવામાં આવે છે. અર્થશાસ્ત્રી સંજીવ સાન્યાલે લખ્યું હતું કે શક્ત પરંપરાના હિન્દુઓમાં માંસનું વિશેષ સ્થાન છે. પ્રાચીન ધાર્મિક પરંપરા અનુસાર મા દુર્ગા અને મા કાળીને માંસ અર્પણ કરવામાં આવે છે. તેમણે કહ્યું કે દુર્ગાપૂજાની નવમી અને દશમીના દિવસે ભક્તો જે પ્રસાદ ગ્રહણ કરે છે તેમાં પણ માંસનો સમાવેશ થાય છે. આ પ્રાચીન ધાર્મિક પરંપરામાં કોઈપણ પ્રકારની દખલ સ્વીકારવામાં આવશે નહીં.

આ વિવાદ વધતાં બંગાળ ભાજપના પ્રદેશ પ્રમુખ અને રાજ્યસભાના સભ્ય સમિક ભટ્ટાચાર્યે પણ મીડિયા સમક્ષ આવીને સ્પષ્ટતા કરવી પડી હતી. તેમણે ધીરેન્દ્ર શાસ્ત્રી વિશે કહ્યું કે તેઓ અલગ પરંપરા અને અલગ દુનિયામાંથી આવે છે. બંગાળના લોકો શું ખાશે અને શું નહીં ખાય તે નક્કી કરવાનો તેમને કોઈ અધિકાર નથી. ભટ્ટાચાર્યે કહ્યું કે બંગાળીઓ માછલી અને માંસ ખાતા રહેશે અને સ્વામી વિવેકાનંદે પણ બંગાળીઓ દ્વારા માછલી અને માંસ ખાવાનું સમર્થન કર્યું હતું. રાજ્યના શહેરી વિકાસ મંત્રી અગ્નિમિત્રા પૌલે પણ કહ્યું કે બંગાળીઓની ખાણીપીણીની આદતો કોઈ નક્કી કરી શકે નહીં. તેમણે કહ્યું કે રાજ્ય ભાજપના પ્રમુખે આ મુદ્દે પહેલેથી જ સ્પષ્ટતા કરી દીધી છે. બહારથી આવતી કોઈ વ્યક્તિ બંગાળની સંસ્કૃતિ અને પરંપરાને સંપૂર્ણ રીતે સમજી શકે નહીં. અન્ય રાજ્યોમાં તહેવારના દિવસોમાં લોકો શાકાહારી ભોજન કરતા હોઈ શકે છે પરંતુ બંગાળમાં અલગ પરંપરા છે. દરેક રાજ્યની પોતાની સાંસ્કૃતિક અને ધાર્મિક પરંપરા હોય છે. બંગાળના લોકો શું ખાશે, શું પહેરશે અને ક્યારે ઘરે પાછા આવશે તે કોઈ અન્ય વ્યક્તિ નક્કી કરી શકે નહીં.

ધીરેન્દ્ર શાસ્ત્રીની ટિપ્પણીઓએ પશ્ચિમ બંગાળમાં માત્ર ખાણીપીણીનો નહીં, પરંતુ સાંસ્કૃતિક ઓળખ, ધાર્મિક પરંપરા અને વ્યક્તિગત સ્વતંત્રતાનો પણ વિવાદ ઊભો કર્યો છે. કોંગ્રેસે પોલીસ કાર્યવાહી અને એફઆઈઆરની માગ કરી છે, જ્યારે ભાજપના બંગાળના નેતાઓએ પણ શાસ્ત્રીની વાતોથી અંતર રાખીને બંગાળની પરંપરાનો બચાવ કરવાનો પ્રયાસ કર્યો છે. આ સમગ્ર વિવાદમાં એક વાત સ્પષ્ટ છે કે દુર્ગાપૂજા દરમિયાન માછલી અને માંસનું સેવન બંગાળના મોટા વર્ગ માટે માત્ર ખોરાકની પસંદગી નથી, પરંતુ લાંબા સમયથી ચાલી આવતી ધાર્મિક અને સાંસ્કૃતિક પરંપરાનો ભાગ છે. તેથી બહારથી આવીને બંગાળના લોકોને તેમની ખાણીપીણીની આદતો અંગે ઉપદેશ આપવાના પ્રયાસ સામે રાજ્યમાં વ્યાપક વિરોધ જોવા મળી રહ્યો છે.

# ૨૦૨૭ની ચૂંટણી માટે SPની નવી ઈમેજ ? અખિલેશનો બ્લુ ગમછો, જીન્સ અને ટી-શર્ટ પાછળનો રાજકીય સંકેત

## સમાજવાદી પાર્ટી પોતાના પરંપરાગત લાલ-લીલા રંગને બદલે બ્લુ કલર અને કેઝ્યુઅલ લુક અપનાવીને દલિતો તેમજ યુવા વર્ગને આકર્ષવાનો પ્રયાસ કરી રહી છે

(એજન્સી) લખનૌ, તા.૮

ઉત્તરપ્રદેશમાં ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીઓ નજીક આવી રહી છે ત્યારે સમાજવાદી પાર્ટી (SP) પોતાના પરંપરાગત રાજકીય દેખાવમાં મોટો બદલાવ કરતી જોવા મળી રહી છે. સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ તાજેતરમાં પક્ષના પરંપરાગત લાલ અને લીલા રંગના ગમછાને બદલે વાદળી (બ્લુ) રંગનો ગમછો (સ્ટોલ) પહેરેલા નજરે પડ્યા હતા. આ ફેરફાર માત્ર રંગ પૂરતો સીમિત નથી પરંતુ પક્ષ તેની વિઝ્યુઅલ આઈડેન્ટિટી બદલીને દલિતો અને જન-ઝી (Gen-Z) એટલે કે યુવા મતદાતાઓ સુધી પહોંચ વધારવાનો પ્રયાસ કરી રહ્યો હોય તેવું રાજકીય વિશ્લેષકો માની રહ્યા છે.

પક્ષના સુપ્રીમો ઉપરાંત SPની સ્ટુડન્ટ વિંગ (વિદ્યાર્થી પાંખ) પણ આ નવા બ્લુ-થીમ આધારિત લુક તરફ આગળ વધી રહી છે. વિદ્યાર્થી પાંખના સભ્યોને હવે કુરતા-પાયજામા કે રાજકીય ટોપીઓના બદલે બ્લુ ટી-શર્ટ અને જીન્સ પહેરવા જણાવવામાં આવ્યું છે. અખિલેશ યાદવ પોતે પણ છેલ્લા કેટલાક સમયથી જીન્સ અને ટી-શર્ટ જેવા કેઝ્યુઅલ પહેરવેશમાં જાહેરમાં દેખાઈ રહ્યા છે. આ ફેરફાર દ્વારા SP પોતાના પરંપરાગત 'PDA'



(પિછડા, દલિત અને અલ્પસંખ્યક) સમીકરણને જાળવી રાખીને યુવા વર્ગ સાથે એક નવો સેતુ રચવા માંગે છે.

રાજકીય ક્ષેત્રે બ્લુ (વાદળી) રંગ લાંબા સમયથી દલિત રાજકારણ, બહુજન ચળવળ અને ડૉ.બી.આર. આંબેડકરની વિચારધારા સાથે જોડાયેલો રહ્યો છે. બહુજન સમાજ પાર્ટી (BSP) ઐતિહાસિક રીતે આ રંગનો ઉપયોગ કરતી આવી છે. તેથી SP દ્વારા વાદળી રંગ અપનાવવો એ દલિત મતદારોને આકર્ષવાનો સીધો રાજકીય સંકેત આપે છે. બીજી તરફ, જીન્સ અને ટી-શર્ટ જેવો અનૌપચારિક પહેરવેશ યુવાનો અને કેમ્પસ પોલિટિક્સમાં પેઢીગત પરિવર્તનનો સંદેશ આપે છે. SPનો આ નવો મેકઓવર એવા સમયે આવ્યો છે જ્યારે પક્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીની સફળતા બાદ ૨૦૨૭ માટે પોતાની પકડ મજબૂત કરવા માંગે છે. પક્ષ મહિલાઓ, લઘુમતીઓ અને યુવાનોના પ્રશ્નો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે, જેમાં ડિમ્પલ યાદવની સક્રિયતા પણ આ સમાવેશી છબીનો જ એક ભાગ માનવામાં આવે છે. ભાજપના યુપી ઈનચાર્જ વિનોદ તાવડે દ્વારા હાલમાં જ SPના PDA સ્ટ્રેટેજી પર પ્રહારો કરવામાં આવ્યા હતા, જેના જવાબરૂપે SP પોતાની આ નવી છબીથી વિરોધીઓને ઘેરવાનો પ્રયાસ કરી રહી છે. જો કે, નિષ્ણાતોનું માનવું છે કે, માત્ર રંગ કે પહેરવેશ બદલવાથી ચૂંટણી જીતી શકાતી નથી. ડૉ.ભીમરાવ આંબેડકર યુનિવર્સિટી, લખનૌના રાજકીય વિજ્ઞાન વિભાગના વડા શશિકાંત પાંડેના જણાવ્યા અનુસાર SPનો આ પ્રયાસ પોતાના PDA રાજકારણનો વ્યાપ વધારવાનો છે પરંતુ આ સંકેતોનો વાસ્તવિક રાજકીય ફાયદો ત્યારે જ મળશે જ્યારે પક્ષ દલિતોને સંસ્થાકીય પ્રતિનિધિત્વ આપશે અને યુવાનો માટે રોજગાર, શિક્ષણ, સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ભરતી જેવા વાસ્તવિક મુદ્દાઓ પર મજબૂત નીતિ રજૂ કરશે.

# ડભોઇ-સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય માર્ગ પર નર્મદા કેનાલના નાળાની બિસ્માર હાલત

(સંવાદદાતા દ્વારા) ડભોઇ, તા.૮

વિશ્વવિખ્યાત પ્રવાસન સ્થળ સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડતા અત્યંત વ્યસ્ત અને મહત્વપૂર્ણ એવા ડભોઇ-નાદોદી ભાગોળ માર્ગ પર તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. નાદોદી ભાગોળ સ્થિત ચોતરીયા પીર દરગાહ નજીકથી પસાર થતી નર્મદા કેનાલના નાળા પર મોટા પાયે ગાબડાં પડ્યા છે અને સ્લેબ તૂટી જતાં લોખંડના અણીદાર સળિયા બહાર આવી ગયા છે. આ ગંભીર પરિસ્થિતિને કારણે રોજેરોજ અહીંથી પસાર થતાં હજારો વાહનચાલકોના જીવ જોખમમાં મુકાયા છે. મુખ્ય સમસ્યાઓ અને વાહનચાલકોની હાલાકી વાહનોને નુકસાન પુલિયા પરથી બહાર નીકળેલા તીક્ષ્ણ લોખંડના સળિયા વાહનોના ટાયરમાં ખૂંપી જવાથી અવારનવાર ગાડીઓના ટાયર ફાટવા અને પંચર થવાની ફરિયાદો ઉઠી છે અકસ્માતનું જોખમ ખાડાઓ અને સળિયા બચાવવાના ચક્કરમાં અચાનક બ્રેક મારતા પાછળ આવતા વાહનો અથડાય છે. ખાસ કરીને રાત્રિના સમયે યોગ્ય લાઈટિંગ ન હોવાથી ખાડા ન દેખાતા નાના-મોટા અકસ્માતો રોજિંદી બાબત બની ગયા છે પ્રવાસીઓ માટે મુશ્કેલી આ માર્ગ સીધો સ્ટેચ્યુ ઓફ યુનિટી તરફ જતો હોવાથી દેશ-વિદેશના પ્રવાસીઓ ઉપરાંત એસ.ટી. બસો અને ભારે વાહનોની ૨૪ કલાક અવરજવર રહે છે. રસ્તાની આવી બદતર હાલતથી પ્રવાસીઓમાં પણ તંત્રની કામગીરી સામે રોષ જોવા મળી રહ્યો છે માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ હાઈવે)ના અધિકારીઓ આ જ માર્ગ પરથી વારંવાર અવરજવર કરતા હોવા છતાં, તેમની આંખ સામે રહેલા આ જીવલેણ ખાડા અને બહાર નીકળેલા સળિયા કેમ નજરે નથી ચડતા ? તે એક મોટો સવાલ છે. આ જીવલેણ બનેલા નાળાનું તંત્ર તાત્કાલિક સમારકામ કરે તેવી લોકમાંગ છે.


(તસવીર : આઈ.જી. બોડીવાલા, ડભોઈ)

# હડાદથી અંબાજી થઈ રણુજા જતા ભક્તોને લૂંટતી ગેંગનો પર્દાફાશ, પાંચની ધરપકડ

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૮

ભાદરવી પૂનમના મેળા પૂર્વે હડાદ પોલીસને મોટી સફળતા મળી છે. હડાદ તરફથી અંબાજી થઈ રણુજા તરફ જતા ભક્તોને નિશાન બનાવી લૂંટનો પ્રયાસ કરતી ગેંગનો પોલીસે પર્દાફાશ કરી પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

મળતી માહિતી મુજબ, ગનાપીપળી ઢાળ નજીક બદમાશોએ ભક્તોની કારને નિશાન બનાવી કાર પર પથ્થરમારો કર્યો હતો. ત્યારબાદ ધારદાર હથિયારો બતાવી કારમાં સવાર લોકોને ધમકાવી લૂંટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઘટનાની જાણ થતાં હડાદ પોલીસે સમગ્ર મામલાને ગંભીરતાથી લઈ તપાસ હાથ ધરી હતી.ભાદરવી પૂનમના મેળાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પોલીસે બાતમીદારો તેમજ હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તાબડતોબ કાર્યવાહી કરી લૂંટના પ્રયાસ સાથે સંકળાયેલા પાંચ આરોપીઓને ઝડપી પાડ્યા હતા.પોલીસે ઝડપાયેલા આરોપીઓ પાસેથી ગુનામાં ઉપયોગમાં લેવાયેલા હથિયારો તેમજ લૂંટના પ્રયાસમાં ઉપયોગમાં લેવાયેલી મોટરસાઈકલ પણ કબજે કરી છે. પોલીસે આરોપીઓની પૂછપરછ સહિતની વધુ તપાસ હાથ ધરી છે.

આ મામલે હડાદ પોલીસ સ્ટેશનમાં પાંચેય આરોપીઓ વિરૂદ્ધ લૂંટ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

# ગેડિયા ગામે પિતા-પુત્ર એન્કાઉન્ટર કેસમાં DYSPની રિવિઝન અરજી પણ કોર્ટે ફગાવી દીધી




(સંવાદદાતા દ્વારા) સુરેન્દ્રનગર, તા.૮

પાટડી તાલુકાના ગોડિયા ગામે પિતા-પુત્રના એન્કાઉન્ટર કેસમાં ધ્રાંગધ્રા ડીવાયએસપી દ્વારા રજૂ કરાયેલી રિવિઝન અરજી પણ કોર્ટે ફગાવી કેસ આગળ ચલાવવાનો આદેશ આપ્યો છે. જાણવા મળતી વિગત અનુસાર નવેમ્બર ૨૦૨૧માં બજાણા પોલીસ ગેડિયા ગામે રહેતા હનીફખાન મલેકને પકડવા ખાનગી વાહનોમાં પહોંચી હતી. આ દરમિયાન હનીફ ખાન અને પોલીસ વચ્ચે બોલાચાલી થઈ હતી. પોલીસે હનીફ ખાન અને તેના ૧૩ વર્ષના પુત્ર મદીનખાન પર ફાયરિંગ કર્યું હતું. આ ઘટનાને પિતા-પુત્રનું એન્કાઉન્ટર ગણાવવામાં આવ્યું હતું.આ કેસ કોર્ટમાં ચાલી રહ્યો હતો. તેની તપાસ માટે એક SIT (સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ) બનાવવામાં આવી હતી. ધાંગધ્રાના ડીવાયએસપી જુગલ પુરોહિતને તેના મુખ્ય અધિકારી બનાવાયા હતા.હનીફખાન અને મદીનખાનના એન્કાઉન્ટર કેસમાં વકીલે પુરાવા રજૂ કર્યા હતા. પોલીસે દાવો કર્યો હતો કે તેમણે આત્મરક્ષણ માટે ફાયરિંગ કર્યું હતું. જોકે, તપાસ અને FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)ના પુરાવા મળ્યા પછી જાણવા મળ્યું કે મૃતકો દ્વારા માત્ર બોલાચાલી કરવામાં આવી હતી.પોલીસે જે ધારિયા વડે હુમલો થયો હોવાનું જણાવ્યું હતું, તેના પર લોહીના કોઈ નિશાન મળ્યા ન હતા. FSL રિપોર્ટમાં પણ આ વાત સાબિત થઈ હતી. કોર્ટે PSI વી.એન. જાડેજા સહિત સાત પોલીસકર્મીઓ સામે ગુનો દાખલ કરવાનો આદેશ આપ્યો હતો. SIT ટીમને તેમના વિરૂદ્ધ ફરિયાદ દાખલ કરવા કહેવામાં આવ્યું હતું.જોકે, ફરિયાદ દાખલ થયા પછી ધાંગધ્રા ડીવાયએસપી જુગલ પુરોહિતે ચાર્જશીટ રજૂ કરવાને બદલે કેસમાં સમરી (બંધ કરવાની અરજી) ભરી દીધી હતી. વકીલે કોર્ટમાં તેનો વિરોધ કર્યો. પાટડી કોર્ટે આ સમરી રદ કરી દીધી હતી. પાટડી કોર્ટે સમરી રદ કરીને કેસ આગળ ચલાવવાનો આદેશ આપ્યો હતો. પરંતુ, ડીવાયએસપી જુગલ પુરોહિતે આ અંગે ધાંગધ્રા કોર્ટમાં રિવિઝન અરજી કરી હતી.આ રિવિઝન અરજી પર કોર્ટે બંને પક્ષોને સાંભળ્યા અને જરૂરી પુરાવા તપાસ્યા. પુરાવાના આધારે, કોર્ટે ડીવાયએસપી દ્વારા કરાયેલી રિવિઝન અરજી ફગાવી દીધી છે. કોર્ટે કેસ આગળ ચલાવવાના આદેશ આપ્યા છે. ધાંગધ્રા ડીવાયએસપી જુગલ પુરોહિત દ્વારા સમરી ભરવામાં આવતા દલીલો કરવામાં આવી હતી. કોર્ટે બંને બાજુના પુરાવાઓ જોઈને સમરી રદ કરી નાખી હતી અને ચાર્જસીટ રજૂ કરવા આદેશ આપવામાં આવ્યા હતા. આ અંગે હવે કેસ આગળ વધી રહ્યો છે. ત્યારે ધાંગધ્રા કોર્ટમાં રિવિઝન અરજી પણ દાખલ કરવામાં આવી હતી તે પણ કોર્ટ દ્વારા ફગાવી દેવામાં આવી છે. હાલના તબક્કામાં કોર્ટ દ્વારા પુરાવાઓને ધ્યાને લઈને આગળ સુનાવણી હાથ ધરવામાં આવી રહી છે.

# માંગરોળ બાયપાસ પોરબંદર રોડ પર અકસ્માતમાં બાઈક ચાલકનું મોત



(તસવીર : યુસુફ ચુડલી, માંગરોળ)

(સંવાદદાતા દ્વારા) માંગરોળ, તા.૮

જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતેના બાયપાસ પોરબંદર રોડ પર અકસ્માતમાં બાઈક ચાલકનું મોત નિપજ્યું હતુ. બાઈક પર બે બાળકો સહીત ચાર વ્યક્તિઓ સવાર હોવાનું જાણવા મળે છે. બાઈક ડીવાયડર સાથે અથડાતા બાઈક પર સવાર એકનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે બે બાળકો સહીત ત્રણને ઈજાઓ પહોંચી હતી. એકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. બાઈક ચાલક દેવી પુજક રામજી પરમાર નામના યુવકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતુ. ૧૦૮ મારફતે પ્રથમ માંગરોળ સારકારી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા. ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે જૂનાગઢ રીફર કરવામા આવ્યા છે.

### કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

# મોડાસામાં માર્ગો પહોળા કરવા કોંગ્રેસના મ્યુ. સભ્યોની માંગ

(સંવાદદાતા દ્વારા)મોડાસા, તા.૮

મોડાસા શહેરમાં ટ્રાફિકનો સતત વધારો થઈ રહ્યો છે મોડાસા નગરપાલિકાના કોંગ્રેસી કોર્પોરેટરોએ શહેરમાંથી પસાર થતા મોડાસા ચાર રસ્તાથી રાણાસૈયદ સુધીના સ્ટેટ હાઈવે પહોળો કરવા, રોડની બંને સાઈડ વાઈન્ડીંગ કરવા અને રોડ પર યોગ્ય લાઈટિંગની વ્યવસ્થા કરવા અને રોડ પર પડેલા ખાડાઓથી વારંવાર અકસ્માતની ઘટનાઓ બનતા રીપેરીંગ કરવાની માંગ સાથે અરવલ્લી જિલ્લા કલેક્ટર મિલિંદ બાપનાને આવેદન પત્ર આપી ન્યાયની માંગ કરી હતી. મોડાસા નગરપાલિકા કોંગ્રેસના કોર્પોરેટરોએ જણાવ્યું હતું કે, મોડાસા માર્ગ અને મકાન વિભાગમાં રોડ રસ્તા અને અનેક રજૂઆત કરવા છતાં પેટનું પાણી નથી હલતું ચાર રસ્તાથી રાણાસૈયદ ચોકડી સુધીનો રોડ ટ્રાફિકથી ભરચક રહેતા રોડ પરથી પસાર થતા વાહનચાલકો, રાહદારીઓ અને આજુબાજુ સોસાયટીમાં રહેતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હોવાથી રોડ પહોળો કરવામાં આવે તેમજ રોડની બંને બાજુમાં વાઇન્ડિંગ અને લાઇટની સુવિધા ઊભી કરવામાં આવે આ અંગે દરખાસ્ત થઈ ગઈ છે પણ ઝડપી અમલવારી થાય તે જરૂરી હોવાનું જણાવ્યું હતું તદુપરાંત ડુઘરવાડા રોડ, કલંદરી મસ્જિદથી પહાડપુર રોડ સાંકડો હોવાથી વારંવાર અકસ્માતની ઘટનાઓ બનતી રહે છે અને ભેરૂંડા રોડ તેમજ શાહીનબાગ (વોરા કોલોની)થી પહાડપુર સુધીનો રોડ પહોળો કરવા માંગ કરી હતી.


(તસવીર : યુસુફ જમાદાર, મોડાસા)

### નવીન બિલ્ડિંગને મંજૂરી

# પાલનપુર તાલુકા પંચાયતની સામાન્ય સભામાં વિકાસના વિવિધ મુદ્દે ચર્ચા

(સંવાદદાતા દ્વારા) પાલનપુર, તા.૮

પાલનપુર તાલુકા પંચાયતની સામાન્ય સભા આજે તાલુકા પંચાયતના હોલ ખાતે યોજાઈ હતી. બેઠકમાં તાલુકાના વિકાસને લગતા વિવિધ મહત્વના મુદ્દાઓ અંગે સભ્યો દ્વારા વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. ગ્રામ્ય વિસ્તારોમાં ચાલી રહેલા વિકાસકાર્યોની સમીક્ષા સાથે પાણી, રસ્તા, સફાઈ, શિક્ષણ સહિતની પ્રાથમિક સુવિધાઓ અંગે સભ્યોએ રજૂઆતો કરી જરૂરી સૂચનો આપ્યા હતા.

તાલુકાના વિવિધ ગામોમાં લોકોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણ આવે તે માટે સંબંધિત વિભાગો દ્વારા સમયસર યોગ્ય કાર્યવાહી કરવા ભાર મૂકવામાં આવ્યો હતો. તેમજ આગામી સમયમાં હાથ ધરાનારા વિકાસકાર્યો અને તાલુકાના સર્વાંગી વિકાસને લઈને પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં પાલનપુર તાલુકા પંચાયતના નવા બિલ્ડિંગને લઈને મહત્ત્વની જાહેરાત સામે આવી છે. રાજ્ય સરકાર દ્વારા પાલનપુર તાલુકા પંચાયતના નવીન બિલ્ડિંગ માટે બસ પોર્ટની સામે કોલેજ રોડ પર જગ્યા ફાળવવાની મંજૂરી આપવામાં આવી છે. અંદાજિત રૂા.૫ કરોડના ખર્ચે આધુનિક સુવિધાઓથી સજ્જ નવીન તાલુકા પંચાયત કચેરીનું નિર્માણ કરવામાં આવશે.

નવું બિલ્ડિંગ બનવાથી તાલુકા પંચાયતની કામગીરી માટે વધુ સુવિધા ઉપલબ્ધ થશે અને અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિવિધ કામો માટે આવતા ગ્રામજનોને પણ સુવિધા મળશે. બેઠકમાં તાલુકા પંચાયતના હોદ્દેદારો, સભ્યો તથા અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાના હસ્તે

# પાલીતાણા તાલુકામાં શૈક્ષણિક સુવિધાનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરાયું

(સંવાદદાતા દ્વારા) પાલીતાણા, તા.૭

શિક્ષક દિન નિમિત્તે પાલીતાણા તાલુકાના મોટી પાણીયાળી અને અનીડા ડેમ ખાતે તત્કાલીન સાંસદ અને કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવીયાની ગ્રાન્ટમાંથી તૈયાર થયેલ શૈક્ષણિક સુવિધાઓના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કેન્દ્રીય શ્રમ અને રોજગાર યુવા બાબતો અને રમત ગમત મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.મોટી પાણીયાળી સ્થિત શ્રી કસ્તુરબા ઉત્તર બુનિયાદી સંસ્થા ખાતે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયાના હસ્તે નવનિર્મિત સભાખંડ અને સાયન્સ લેબનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળામાં વધુ સારી શૈક્ષણિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે ચાર નવા વર્ગખંડોના નિર્માણનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવ્યું હતું.ત્યારબાદ કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા અને કેન્દ્રીય રાજ્ય મંત્રી નીમુબેન બાંભણિયાના હસ્તે અનીડા ડેમ ગામની શ્રી અનીડા ડેમ પ્રાથમિક શાળાના નવનિર્મિત વર્ગખંડોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા એ શિક્ષક સમાજના ઘડવૈયા હોવાનું જણાવી શિક્ષણ સંસ્થાઓ સાથે સમાજનો નાતો વધુ મજબૂત બનાવવાની હિમાયત કરી હતી. શિક્ષકએ સમાજનું ઘરેણું છે. શિક્ષક સમાજના ઘડવૈયા છે. જે સમાજે શિક્ષકોનું સન્માન કર્યું છે અને શિક્ષકોનું મહત્વ સમજ્યું છે તે સમાજ ગુણવાન, પ્રગતિશીલ અને વિકાસશીલ બન્યો છે. ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. આ તકે આગેવાન કુમારભાઈ શાહ, અભય સિંહ ચૌહાણ, ધવલ દવે, ગોપાલભાઈ વાઘેલા, સહિતના જિલ્લા તાલુકાના આગેવાનો તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : આરીફ શેખ, પાલીતાણા)

# ઈકરા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ, અંકલેશ્વરમાં આધાર કાર્ડ નોંધણી-અપડેટ કેમ્પ યોજાયો

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૮

અંકલેશ્વરની ઈકરા ઈંગ્લિશ મીડિયમ હાઈસ્કૂલ ખાતે વિદ્યાર્થીઓ અને વાલીઓની સુવિધાને ધ્યાનમાં રાખીને આધાર કાર્ડ નોંધણી તથા અપડેટ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. શાળા પરિસરમાં યોજાયેલા આ કેમ્પનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને બહારના કેન્દ્રો પર જવાની અગવડતા વિના શાળા કક્ષાએ જ આધાર સંબંધિત સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો હતો. આ લોકઉપયોગી કેમ્પનું આયોજન UIDAI, ભરૂચ પોસ્ટ ઓફિસના સુપરિન્ટેન્ડેન્ટ બી.વાય. તહસીલદાર તથા ભરૂચના GDC ઈન્દ્રજીત ઠાકોરના સહયોગથી કરવામાં આવ્યું હતું.

શાળાના પ્રમુખ મૌલાવી સુલેમાન ભૈયાત અને આચાર્ય મેહવિશબાનુ શેખના માર્ગદર્શન હેઠળ સમગ્ર આયોજન સુચારૂ રીતે પાર પડ્યું હતું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ કેમ્પનો લાભ લીધો હતો.

વિદ્યાર્થીઓ અને તેમના પરિવારોની સુવિધા અને કલ્યાણ માટે આવા લોકઉપયોગી કાર્યક્રમોનું આયોજન કરવા બદલ વાલીઓ દ્વારા શાળા પ્રશાસનની કામગીરીને આવકારવામાં આવી હતી.


(તસવીર : અયાઝ શેખ, અંકલેશ્વર)

# નડિયાદ RPFની ઉમદા કામગીરી
# મદ્રેસામાંથી ભાગેલા બિહારના ૩ બાળકોનું પરિવાર સાથે પુનઃમિલન



(સંવાદદતા દ્વારા) નડિયાદ, તા.૮

નડિયાદ રેલવે સ્ટેશનથી મળી આવેલા બિહારના મુઝફ્ફરપુરના ૩ બાળકોને RPF, ચાઈલ્ડ હેલ્પલાઈન અને જિલ્લા બાળ સુરક્ષા એકમના સંયુક્ત પ્રયાસોથી સુરક્ષિત રીતે તેમના પરિવારજનોને સોંપવામાં આવ્યા છે.

મુઝફ્ફરપુરના એક મદ્રેસામાંથી નીકળી અમદાવાદ જવા નીકળેલા આ બાળકો નડિયાદ સ્ટેશને પહોંચ્યા હતા. ફરજ પરના RPF કર્મચારીઓએ બાળકોને જોઈ તુરંત ચાઈલ્ડ હેલ્પલાઈન-૧૦૯૮ને જાણ કરી હતી. બાળ કલ્યાણ સમિતિના આદેશથી બાળકોને હિન્દુ અનાથ આશ્રમ, નડિયાદ ખાતે આશ્રય આપી કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું.કાઉન્સેલિંગ દરમિયાન બાળકો બિહારના હોવાનું જણાતાં, નડિયાદ બાળ સુરક્ષા એકમે મુઝફ્ફરપુર બાળ કલ્યાણ સમિતિ સાથે સંપર્ક કરી પરિવારની માહિતી ચકાસી હતી. ત્યારબાદ પોલીસ એસ્કોર્ટ અને સંસ્થાકીય અધિકારી સાથે બાળકોને મુઝફ્ફરપુર મોકલી કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરીને પરિવારને સુપ્રત કરાયા હતા.

કલેક્ટર એન.વી. ઉપાધ્યાય અને જિલ્લા સમાજ સુરક્ષા તંત્રના માર્ગદર્શન હેઠળ વિવિધ વિભાગોના સંકલનથી આ સફળ પુનઃમિલન શક્ય બન્યું હતું.

### વડોદરાથી વડાપ્રધાને વર્ચ્યુઅલી શુભારંભ કરાવ્યો

# ન્યુ ઉમરગામ સ્ટેશનો માલગાડીને લીલીઝંડી આપી કોરિડોરનો પ્રારંભ

(સંવાદદાતા દ્વારા) વાપી, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાથી વીડિયો કોન્ફરન્સના માધ્યમથી આજે રૂા.૩૫ હજાર કરોડના વિકાસના કામોના ખાતમુહૂર્ત અને લોકાપર્ણના વિકાસ કામોની ભેટ ધરી હતી. જેના ભાગરૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ત્રણ મહત્ત્વપૂર્ણ ખંડોનો શુભારંભ કરી દેશના કુલ ૨૮૦૦ કિ.મી.ના ફ્રેઈટ કોરિડોરનો પ્રોજેક્ટ દેશને સમર્પિત કર્યો હતો.આજે વડાપ્રધાનના હસ્તે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી રૂા.૨૦ હજાર ૭૦૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા ન્યુ સાણંદ (નોર્થ)-ન્યુ મકરપુરા, ન્યુ ઉમરગામ-ન્યુ સફાલે અને ન્યુ જેએનપીટીના ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરના ૩૨૬ કિ.મી.ના સેકશનન પર માલગાડીને લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવી આ સેકશનોનો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે જિલ્લાના ન્યુ ઉમરગામ સ્ટેશન ખાતે વલસાડ જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન પટેલ, ઉમરગામ ધારાસભ્ય રમણલાલ પાટકર અને ડીએફસીસીએલના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : શકીલ સૈયદ, વાપી)

### વડાપ્રધાન મોદીએ વડોદરાથી લીલી ઝંડી આપી

# પ્રતાપનગર-ટાંડા રોડ MEMU ટ્રેન સેવા શરૂ, બોડેલી પહોંચતા મુસાફરોમાં આનંદ

(સંવાદદાતા દ્વારા) બોડેલી, તા.૮

ગુજરાત અને મધ્યપ્રદેશના મુસાફરો માટે રેલવે તરફથી મહત્વના સમાચાર સામે આવ્યા છે. પ્રતાપનગરથી મધ્યપ્રદેશના ટાંડા રોડ વચ્ચે નવી MEMU ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાથી લીલી ઝંડી આપી ટ્રેનને ટાંડા રોડથી રવાના કરી, અને છોટાઉદેપુર થઈ બોડેલી રેલવે સ્ટેશને આવી પહોંચતા નગરજનોમાં આનંદની લાગણી જોવા મળી હતી. દેકાકુંડ થઈને શરૂ થયેલી આ નવી ટ્રેન સેવાના કારણે છોટાઉદેપુર સહિતના ગ્રામ્ય અને આદિવાસી વિસ્તારોના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ, વેપારીઓ તેમજ રોજિંદા મુસાફરોને મોટી રાહત મળશે. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળની દરખાસ્તને રેલવે બોર્ડની મંજૂરી મળ્યા બાદ નવી MEMU રેક ઉપલબ્ધ કરાવવામાં આવી છે અને આ રૂટ પર સીધી ટ્રેન સેવા શરૂ કરવામાં આવી છે. પ્રતાપનગરથી સવારે ૫ વાગ્યે ઉપડતી MEMU ટ્રેન બોડેલી રેલવે સ્ટેશન પર સવારે ૬ વાગ્યે ૮ મીનિટે આવશે આશરે સવારે ૯ વાગ્યે ૩૫ મિનિટે ટાંડા રોડ પહોંચશે. જ્યારે ટાંડા રોડથી પરત ફરતી ટ્રેન સાંજે ૫ વાગ્યે ૫ મિનિટે ઉપડશે અને બોડેલી રેલ્વે સ્ટેશન પર રાતે ૭વાગ્યે ૫૫ મિનિટે આવશે ૯ વાગ્યે ૨૫ મિનિટે પ્રતાપનગર પહોંચશે. ટ્રેન પ્રતાપનગરથી ડભોઈ, બોડેલી, પાવી, છોટાઉદેપુર સહિતના મહત્વના સ્ટેશનોને જોડતી દેકાકુંડ થઈ ટાંડા રોડ સુધી જશે. નવા રેલ સેક્શન પર મુસાફર ટ્રેન શરૂ થતાં આ વિસ્તારના લોકોને સીધી રેલવે કનેક્ટિવિટીનો લાભ મળશે. નવી સેવા માટે ૧૨ કોચની MEMU રેક ઉપલબ્ધ કરવામાં આવી છે.

# આમોદના સમની ગામે સ્વચ્છતા અભિયાનના દાવા પોકળ !

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૮

સ્વચ્છતા અભિયાનના દાવા વચ્ચે સમની ગામમાં ગંદકીના ઢગલાજોવા મળે છે ! માં અંબાના ધાર્મિક સ્થળના કમ્પાઉન્ડમાંથી દારૂની ખાલી પોટલીઓનો જથ્થો મળી આવતા ચકચાર મચી છે.

દર મહિનાના પ્રથમ રવિવારે સ્વચ્છતા મિશન અંતર્ગત સફાઈ અભિયાન ચલાવવાના દાવા વચ્ચે ધાર્મિક સ્થળની આવી સ્થિતિએ તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. જ્યાં શ્રદ્ધાળુઓ પૂજા-અર્ચના માટે આવે છે, ત્યાં દારૂની ખાલી પોટલીઓનો કચરો જોવા મળતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિકોનો આક્ષેપ છે કે ગામમાં સફાઈના નામે માત્ર જાહેર માર્ગની થોડી ક જગ્યાએ સફાઈ કરી કામગીરીનો દેખાડો કરવામાં આવે છે, જ્યારે ધાર્મિક સ્થળ જેવા મહત્ત્વના વિસ્તારોની ઉપેક્ષા થઈ રહી છે.આમોદ તાલુકા પંચાયતના સભ્યના પતિ દીગુભા રાઠોડે સમગ્ર મામલે નારાજગી વ્યક્ત કરી તાત્કાલિક તપાસ અને કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

## વઢવાણ લોકમેળામાંથી બાઈકના સ્પેર પાર્ટસની ચોરી

સુરેન્દ્રનગર, તા.૮

વઢવાણ લોકમેળામાં મોટરસાયકલ લઈ અને મેળાની મજા માણવા ગયેલા પરિવારને ચાલીને ઘરે જવું પડ્યું હોય તે પ્રકારના ઘાટ સર્જાયો છે અને પોતાનું મોટરસાયકલ પણ છકડામાં નાખી અને લઈ જવું પડ્યું હોય તે પ્રકારની પરિસ્થિતિ સર્જાઇ છે મોટર સાયકલના ટાયર અને જમ્પર મેગવીલ સહિતની વસ્તુઓની ચોરી કરી અને તસ્કરો ફરાર થઇ ગયા છે. આ અંગે બાઈક ચાલક દ્વારા પોલીસને જાણ કરવામાં આવી છે. જો કે, મેળામાં રાખવામાં આવેલી સિક્યુરિટી અને મેળામાં રાખવામાં આવેલા કેમેરા અને સુરક્ષા સામે પણ સવાલ ઉઠવા પામ્યા છે.

### BCAના પ્રતિનિધિ તરીકેની નિમણૂંક અમાન્ય ઠેરવાઈ

# BCCI ચૂંટણીમાં બરોડા ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ પ્રણવ અમીનને મોટો ઝટકો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૮

બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA)ના પ્રતિનિધિ તરીકે BCCIની ૧૮ સપ્ટેમ્બરે યોજાનારી ચૂંટણીમાં ભાગ લેવા માટે પ્રણવ અમીનની કરવામાં આવેલ નોમિનેશન અંગે BCCIના ઈલેક્ટોરલ ઓફિસર એ.કે. જોટીએ મહત્વપૂર્ણ નિર્ણય આપ્યો છે. પ્રણવ અમીનને BCAના પ્રતિનિધિ તરીકે ફાઈનલ. ઈલેક્ટોરલ રોલમાં સામેલ કરવા માટેની અરજીને અપૂર્ણ ગણાવી તેમની ઉમેદવારીને મંજૂરી આપવામાં આવી નથી. BCAના ઓર્ડિનરી મેમ્બર કલ્પેશ જનકસિંહ પરમારે ૨ સપ્ટેમ્બરે પ્રણવ અમીનના નોમિનેશન સામે વાંધો નોંધાવ્યો હતો. તેમણે દલીલ કરી હતી કે ગુજરાત હાઈકોર્ટના ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના આદેશ બાદ BCAનું Apex Council 19 ફેબ્રુઆરીથી સમાપ્ત થઈ ગયું છે અને જૂના ઓફિસ બેરર્સને માત્ર કેરટેકર બોડી તરીકે રોજિંદા વહીવટી કાર્યો કરવા માટે ચાલુ રાખવામાં આવ્યા છે. તેથી BCCI ચૂંટણી માટે પ્રતિનિધિની નિમણૂક કરવાનો અધિકાર કેર ટેકર બોડી પાસે નથી. આ વાંધા અંગે પ્રણવ અમીને જવાબ રજૂ કરીને જણાવ્યું હતું કે હાઈકોર્ટના આદેશથી કેર ટેકર બોડીને BCAના રૂટિન અને રોજિંદા એડમિનિસ્ટ્રેશન ના કામ કરવાની સત્તા આપવામાં આવી છે. BCAના બંધારણના Clause 15(6) મુજબ BCCI માટે પ્રતિનિધિની નિમણૂક કરી શકાય છે અને આ નિમણૂક માત્ર ૧૮ સપ્ટેમ્બરની BCCI AGM માટે એક વખતની છે, તેથી તેને લાંબા ગાળાની નિમણૂક ગણી શકાય નહીં. ઈલેક્ટોરલ ઓફિસર એ.કે. જોટીએ પોતાના ૮ સપ્ટેમ્બરના નિર્ણયમાં જણાવ્યું કે એપેક્ષ કાઉન્સિલ અસ્તિત્વમાં ન હોવાથી કેર ટેકર બોડી BCA તરફથી BCCI ચૂંટણી માટે પ્રતિનિધિની નિમણૂક કરી શકે નહીં. પરિણામે પ્રણવ અમીનની ઉમેદવારી માટે જરૂરી યોગ્ય એપોઈન્ટિંગ ઓર્થોરિટી નો ઠરાવ ઉપલબ્ધ ન હોવાથી અરજી અપૂર્ણ ગણાઈ છે. આ સાથે કલ્પેશ જનકસિંહ પરમાર દ્વારા કરવામાં આવેલ ઓબ્જેક્શન સ્વીકારી લેવામાં આવ્યો છે અને પ્રણવ અમીનને ૧૮ સપ્ટેમ્બરે યોજાનારી BCCI Election 2026 માટે BCAના પ્રતિનિધિ તરીકે Final Electoral Rollમાં સામેલ કરવા માટે અયોગ્ય ઠેરવવામાં આવ્યા છે.

# વીરપુરમાં મોંઘવારી મુદ્દે કોંગ્રેસનું જન આંદોલન



વીરપુર ખાતે મોંઘવારી મુદ્દે કોંગ્રેસ દ્વારા જન આંદોલન યોજાવામાં આવ્યું હતું. વીરપુર સી એમ દેસાઈ હાઈસ્કૂલ ચોકડી ખાતે ચીની પે ચર્ચા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ નાથુસિંહ પરમાર, યુવા પ્રમુખ સંજયભાઈ ખાટ, પ્રભારી પ્રદીપસિંહ, નારણભાઈ પટેલ તાલુકા સદસ્ય નટુભાઈ પરમાર, વિરોધ પક્ષ નેતા, પ્રભાતસિંહ સોલંકી કિસાન મોરચા પ્રમુખ, બક્ષીપંચ મોરચા પ્રમુખ કોંગ્રેસ લઘુમતિ સેલ, ઓબીસી એસ સી એસ ટી સેલના હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : નબીજી શેખ, વીરપુર)

# ભાજપના નેતા ગૌરવ ભાટિયાએ વિવાદાસ્પદ પોસ્ટ અંગે CJP નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકા વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં રૂા. ૨ કરોડનો માનહાનિનો દાવો દાખલ કર્યો

**ભાજપના નેતા ગૌરવ ભાટિયાએ સોશિયલ મીડિયા પર શેર કરાયેલા વિવાદાસ્પદ ગ્રાફિક પર કોકરોચ જનતા પાર્ટીના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની વિરુદ્ધ દિલ્હી હાઈકોર્ટમાં રૂા. ૨ કરોડનો માનહાનિનો દાવો દાખલ કર્યો છે, ભાટિયાએ પોસ્ટને નકલી ગણાવી અને તેને દૂર કરવા અને બિનશરતી માફીની માંગ કરી, દાસે બાદમાં પોસ્ટ ડિલીટ કરી દીધી પરંતુ માફી માંગી નહીં, જેના કારણે ભાટિયાએ કાનૂની કાર્યવાહી હાથ ધરી છે**

(એજન્સી) તા.૮

ભાજપના નેતા ગૌરવ ભાટિયાએ કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતાઓ સૌરવ દાસ અને આશુતોષ રાંકાની વિરુદ્ધ માનહાનિનો દાવો દાખલ કર્યો છે. મંગળવાર, ૮ સપ્ટેમ્બરના રોજ X પર એક પોસ્ટમાં ભાટિયાએ જણાવ્યું હતું કે, દાવો રૂા.૨ કરોડના નુકસાનની માંગ કરે છે. ભાટિયા કહે છે કે, માનહાનિના દાવાની સુનાવણી દિલ્હી હાઈકોર્ટમાં થશે. ભાટિયાએ કહ્યું કે, જ્યારે આરોપો સીમા પાર કરે છે, ત્યારે કાયદો તેની સીમા રોકે છે. રૂા.૨ કરોડનો માનહાનિનો દાવો કરવામાં આવ્યો છે. આવતીકાલે આ માનહાનિનો કેસ માનનીય દિલ્હી હાઈકોર્ટ સમક્ષ સુનાવણી માટે સૂચિબદ્ધ કરવામાં આવશે. કોઈ સોશિયલ મીડિયા ટ્રાયલ નહીં. કોઈ શબ્દ યુદ્ધ નહીં. ફક્ત તથ્યો, પુરાવા અને કાયદાના શાસન સાથે સત્યનું પરીક્ષણ થવું જોઈએ અને તે કોર્ટમાં કરવામાં આવશે. ભાટિયા અને દાસ વચ્ચેનો આ વિવાદ ૫ સપ્ટેમ્બરનો છે, જ્યારે દાસે ભાજપના નેતાને દર્શાવતો ગ્રાફિક પોસ્ટ કર્યો હતો. ગ્રાફિકમાં ભાટિયાને નીચેના નિવેદનનો શ્રેય આપવામાં આવ્યો હતો: સ્વતંત્ર ભારદ્વાજ નામનો એક યુવાન માનસિક રીતે વિકલાંગ નક્સલવાદી છે, જે જાતિવાદી ઝેર છે અને તેનો ભાજપ સરકાર સાથે કોઈ લેવાદેવા નથી. ભાટિયાએ પોસ્ટ દૂર કરવાની અને બિનશરતી માફીની માંગ કરી હતી. આ ગ્રાફિક્સના પ્રસાર પછી ભાટિયાએ પોસ્ટને નકલી ગણાવી અને માફી સાથે તેને દૂર કરવાની માંગ કરી. દાસ ઓન એક્સને સંબોધતા તેમણે લખ્યું, 'તમારી પાસે આને દૂર કરવા અને બિનશરતી માફી માંગવા માટે ૨૪ કલાક છે.' દાસે સ્વીકાર્યું કે ગ્રાફિક AIનો ઉપયોગ કરીને જનરેટ કરવામાં આવ્યો હોઈ શકે છે પરંતુ ભાજપના નેતાઓને પોતે જ આ આરોપનું પુનરાવર્તન કરવાનો પડકાર ફેંક્યો. તેમણે કહ્યું કે, મને કહેવામાં આવ્યું છે કે, તે AIનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યો છે. તેમ છતાં હું કોઈપણ ભાજપ નેતાને આનું પુનરાવર્તન કરવાનો પડકાર ફેંકું છું. આમ કરવામાં શું સમસ્યા છે ? ચિરાગ પાસવાને ગુંડાથી પોતાને દૂર રાખ્યા છે અને FIR પણ નોંધાવી છે. ભાજપમાં કોઈ કેમ કંઈ કહી રહ્યું નથી ? શું તેઓ ગુંડાઓને ટેકો આપી રહ્યા છે ? દાસે આ પોસ્ટ કાઢી નાખી પરંતુ માફી માંગી નહીં. ભાટિયાએ પછી પોસ્ટ હટાવવા તરફ ઈશારો કર્યો અને પોતાની માગણીને પુનરાવર્તિત કરતા કહ્યું કે, પોસ્ટ ડિલીટ કરવામાં માત્ર ૮૩ મિનિટ લાગી. હજુ સુધી બિનશરતી માફી માંગવામાં આવી નથી. જો બિનશરતી માફી માંગવામાં નહીં આવે તો કાલે FIR દાખલ થઈ શકે છે. તમે અયોગ્ય પ્રચાર ફેલાવી શકતા નથી અને પછી ફક્ત પોસ્ટ ડિલીટ કરી શકો છો અને તેનાથી બચી શકો નહીં. આ વિવાદ સ્વતંત્ર ભારદ્વાજ પર કેન્દ્રિત છે, જેણે CJP વિરોધ પ્રદર્શન દરમિયાન નિશુ આઝાદના પિતા પર હુમલો કર્યો હતો. ભારદ્વાજની ટિપ્પણીએ ત્યારબાદ વિવાદ ઊભો કર્યો અને CJP દ્વારા વિરોધ પ્રદર્શનો કરવામાં આવ્યા. બાદમાં દિલ્હી પોલીસે તેની ધરપકડ કરી હતી.

# UK સરકારે વેસ્ટ બેંકની ઈઝરાયેલી વસાહતોના માલ પર પ્રતિબંધ મૂક્યો

**ઈઝરાયેલના વિદેશ પ્રધાન ગિડીઓન સાર ચેતવણી આપી હતી કે, 'જો બ્રિટન ઈઝરાયેલ વિરુદ્ધ કાર્યવાહી કરશે તો ઈઝરાયેલ બ્રિટન વિરુદ્ધ કાર્યવાહી કરશે'**

(એજન્સી) લંડન, તા.૮

યુનાઈટેડ કિંગડમ સરકારે મંગળવાર, ૮ સપ્ટેમ્બરના રોજ જણાવ્યું હતું કે, તે કબજા હેઠળના પશ્ચિમ કાંઠે ઈઝરાયેલી વસાહતો સાથે વેપાર પર પ્રતિબંધ મૂકી રહ્યું છે, જ્યાં તેમનું કહેવું છે કે, 'વસાહતી આતંકવાદીઓ' પેલેસ્ટીનીઓની વંશીય સફાઈ કરી રહ્યા છે. વિદેશ સચિવ એડ મિલિબેન્ડે જણાવ્યું હતું કે, ફ્રાન્સ અને કેનેડા આંતરરાષ્ટ્રીય ગઠબંધનના ભાગરૂપે માલ પર પ્રતિબંધ મૂકવામાં તેની સાથે જોડાશે. તેમણે કહ્યું કે, ડેનમાર્ક, ફિનલેન્ડ, આઈસલેન્ડ, પોલેન્ડ, પોર્ટુગલ અને સ્વીડને 'આગળની કાર્યવાહીને ટેકો આપવા' વચન આપ્યું છે. તેમણે કહ્યું કે, નેધરલેન્ડ્સ, આયર્લેન્ડ, બેલ્જિયમ, સ્પેન અને નોર્વેએ વસાહતોમાંથી માલ પર પ્રતિબંધ મૂક્યો છે અથવા તેમ કરવાની પ્રક્રિયામાં છે. મિલિબેન્ડે કહ્યું કે, યુકે પ્રતિબંધ મૂકશે અને ફાઈનાન્સિંગ, બાંધકામ, માળખાગત સુવિધા, રિયલ એસ્ટેટ અને વસાહતો માટે જાહેરાત સહિતની કેટલીક સેવાઓ પર પ્રતિબંધ મૂકશે. ઈઝરાયેલ પ્રત્યે બ્રિટનના વલણમાં આ નોંધપાત્ર કડકતા છે, ઈઝરાયેલી વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુના શાસનકાળમાં પેલેસ્ટીનીઓ પ્રત્યેના વર્તનની યુકે અને અન્ય ઈઝરાયેલી સાથીઓ દ્વારા વધુને વધુ ટીકા કરવામાં આવી રહી છે. નેતાન્યાહુની અતિરાષ્ટ્રવાદી સરકાર હેઠળ, પશ્ચિમ કાંઠે વસાહતોના બાંધકામમાં વધારો થયો છે. આંતરરાષ્ટ્રીય સમુદાય આવા બાંધકામને ગેરકાયદેસર અને શાંતિમાં અવરોધ માને છે. 'બ્રિટિશ સરકાર સંમત છે કે, પશ્ચિમ કાંઠાના વિસ્તારોમાં વસાહતી આતંકવાદીઓ દ્વારા પેલેસ્ટીનીઓની વંશીય સફાઈ કરવામાં આવી રહી છે,' મિલિબેન્ડે કહ્યું. તેમણે કહ્યું કે, 'ઘરો તોડી પાડવામાં આવ્યા છે, રસ્તાઓ અને જાહેર માળખાકીય સુવિધાઓનો નાશ કરવામાં આવ્યો છે, પરિવારોને તેમના ઘરમાંથી વિસ્થાપિત કરવામાં આવ્યા છે.' તેમણે કહ્યું કે, તેઓ 'આંતરરાષ્ટ્રીય સમુદાયની નજર સમક્ષ પેલેસ્ટાઈનમાં જે બન્યું છે તે અંગે શરમની ઊંડી લાગણી અનુભવે છે.' ઈઝરાયેલના લાંબા સમયથી સાથી રહેલા યુનાઈટેડ કિંગડમે બે-રાજ્ય ઉકેલ પ્રાપ્ત કરવાના પ્રયાસમાં ગયા વર્ષે પેલેસ્ટીની રાજ્યત્વને માન્યતા આપી હતી. મધ્ય-ડાબેરી લેબર પાર્ટીની સરકારે અગાઉ પેલેસ્ટીનીઓ સામે હિંસા અને પશ્ચિમ કાંઠે ગેરકાયદેસર વિકાસને કારણે કેટલાક ઈઝરાયલી વસાહતીઓ અને ગેરકાયદેસર ચોકીઓને મંજૂરી આપી છે. યુકેના વડાપ્રધાન એન્ડી બર્નહામે ઈઝરાયેલ દ્વારા મંજૂર કરાયેલ E1 વસાહત પ્રોજેક્ટ અંગે ચિંતા વ્યક્ત કરી છે, જે ઘરસંકારક રીતે પ્રદેશને બે ભાગમાં વિભાજીત કરશે. પેલેસ્ટીનીઓ અને અધિકાર જૂથો કહે છે કે, તે ભાવિ પેલેસ્ટીની રાજ્યની આશાઓને નષ્ટ કરી શકે છે. ઘણા લેબર મતદારો અને કાયદા નિર્માતાઓ દ્વારા વસાહતો પર કડક વલણનું સ્વાગત કરવામાં આવે તેવી શક્યતા છે, જેમણે સરકારને ઈઝરાયેલ પર પ્રતિબંધો મૂકવા અને પેલેસ્ટીનીઓને ટેકો આપવા માટે વધુ આગળ વધવા વિનંતી કરી છે. પરંતુ કેટલાક લેબર સભ્યોએ ચિંતા વ્યક્ત કરી હતી કે, આ પગલું નેતાન્યાહુ માટે સમર્થન વધારી શકે છે, જેઓ ઓક્ટોબરમાં ફરીથી ચૂંટણી માટે મુશ્કેલ યુદ્ધનો સામનો કરી રહ્યા છે અથવા બ્રિટિશ યહૂદીઓ પર હુમલાઓ તરફ દોરી શકે છે. ઈઝરાયેલના રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગે કહ્યું કે, આ પ્રતિબંધ એક ગંભીર ખોટી ગણતરી હશે, એક એવો નિર્ણય જે ઈતિહાસની ખોટી બાજુએ પડશે. 'હાલના સંદર્ભમાં તે એક સાર્વભૌમ રાષ્ટ્રની લોકશાહી ચૂંટણીઓમાં ઘોર દખલગીરી હશે,' તેમણે કહ્યું. વરિષ્ઠ ઈઝરાયેલી મંત્રીઓએ યુકે સરકારની આગામી જાહેરાતની નિંદા કરી હતી. વિદેશ મંત્રી ગિડીઓન સાર ચેતવણી આપી હતી કે, 'જો બ્રિટન ઈઝરાયેલ વિરુદ્ધ કાર્યવાહી કરશે, તો ઈઝરાયેલ બ્રિટન વિરુદ્ધ કાર્યવાહી કરશે.' ઈઝરાયેલના કટ્ટરપંથી જાહેર સુરક્ષા મંત્રી ઈટામાર બેન-ગ્વિરે નેતાન્યાહુને દક્ષિણ એટલાન્ટિકમાં આવેલા બ્રિટિશ વિદેશી પ્રદેશ, ફોકલેન્ડ ટાપુઓ પર આર્જેન્ટિનાના દાવાને માન્યતા આપવા હાકલ કરી હતી, જે આર્જેન્ટિનામાં ઈસ્લાસ માલવિનાસ તરીકે ઓળખાય છે. ઈઝરાયેલમાં યુએસ રાજદૂત માઈક હુકાબી દ્વારા પણ આ પગલાની ટીકા કરવામાં આવી હતી, જેમણે કહ્યું હતું કે, તે 'યહૂદી લોકો સામે ભેદભાવ' છે. તેમણે કહ્યું કે, જો યુકે પ્રતિબંધો લાદશે તો તેને અમેરિકા તરફથી 'પ્રતિક્રિયા અથવા બદલો'નો સામનો કરવો પડી શકે છે. ઘણા યુએસ રાજ્યોમાં એવા વ્યવસાયો સાથે કરારો અથવા રોકાણો પર પ્રતિબંધ મૂકવાના કાયદા છે જે વેસ્ટ બેંકમાં સ્થિત કંપનીઓ સહિત ઈઝરાયેલી કંપનીઓનો બહિષ્કાર કરે છે. ફ્લોરિડા રિપબ્લિકન, યુએસ પ્રતિનિધિ રેન્ડી ફાઈન્સે સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, યુકે પ્રતિબંધ બ્રિટિશ વ્યવસાયો અને ફ્લોરિડા વચ્ચેના વેપારમાં 'અબજો ડોલર' જોખમમાં મૂકી શકે છે. બર્નહામના કાર્યાલયે જણાવ્યું હતું કે, વડાપ્રધાને સોમવારે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી હતી અને 'પ્રદેશમાં શાંતિ અને સુરક્ષા તરફ કામ કરવા અને બે-રાજ્ય ઉકેલ પ્રાપ્ત કરવા માટે યુકેની પ્રતિબદ્ધતા' રજૂ કરી હતી. ટ્રમ્પે કેવી પ્રતિક્રિયા આપી તે અંગે કોઈ શબ્દ નહોતો. ૧૯૬૭ના મધ્યપૂર્વ યુદ્ધમાં ઈઝરાયેલે પશ્ચિમ બેંક પર કબજો કર્યો હતો, જે ભાવિ પેલેસ્ટીની રાજ્યનો મુખ્ય ભાગ બનશે. નેતાન્યાહુની સરકાર પશ્ચિમ બેંકને જુએ છે યહૂદી લોકોના બાઈબલના અને ઐતિહાસિક વતન તરીકે અને પેલેસ્ટીની રાજ્યની રચનાનો વિરોધ કરે છે.

# TMCએ EDની તપાસને બદલો લેવાની નીતિ અને દિલ્હીમાં ઈમારત તૂટી પડવાની ઘટનાથી લોકોનું ધ્યાન ભટકાવવાની કાર્યવાહી ગણાવી

**TMCએ ભાજપની આગેવાની હેઠળની સરકાર અને કેન્દ્રીય તપાસ એજન્સીઓ પર રાજકીય વિરોધીઓને નિશાન બનાવવા માટે EDનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે**

(એજન્સી) તા.૮

તૃણમૂલ કોંગ્રેસ (TMC)એ સોમવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) પર 'રાજકીય બદલો' લેવાનો આરોપ લગાવ્યો છે, એજન્સીએ તેમના દ્વારા પ્રમોટ કરાયેલા ઉર્દૂ અખબાર સાથે સંકળાયેલા મની લોન્ડરિંગ તપાસના સંદર્ભમાં પાર્ટીના રાજ્યસભા સાંસદ નદીમુલ હક સાથે જોડાયેલા પરિસરમાં દરોડા પાડ્યા હતા. TMC રાજ્યસભાના નેતા ડેરેક ઓ'બ્રાયને આરોપ લગાવ્યો કે આ દરોડા દિલ્હીમાં મકાન ધ્વંસમાં વિદ્યાર્થીઓના મૃત્યુ પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે કરવામાં આવ્યા હતા. પાર્ટીએ એવો પણ આરોપ લગાવ્યો કે EDની કાર્યવાહી રાજકીય રીતે પ્રેરિત હતી અને વિપક્ષને નિશાન બનાવવા અને મીડિયા સ્વતંત્રતા પર અંકુશ લગાવવાનો પ્રયાસ છે. ટીએમસીના જણાવ્યા અનુસાર, પાર્ટીના દિલ્હી કાર્યાલય, જે હકના સત્તાવાર નિવાસસ્થાન તરીકે પણ કાર્ય કરે છે, ત્યાં EDની શોધ લગભગ બે કલાકમાં પૂર્ણ થઈ અને લગભગ ૧ વાગ્યે પૂર્ણ થઈ. જો કે, પાર્ટીએ દાવો કર્યો હતો કે અધિકારીઓ લગભગ ૧૦ કલાક સુધી પરિસરમાં રહ્યા, કથિત રીતે વધુ સૂચનાઓની રાહ જોતા, ૧૦ વાગ્યા પછી રવાના થયા હતા. પાર્ટીએ દાવો કર્યો હતો કે અધિકારીઓને શોધ દરમિયાન કંઈ નોંધપાત્ર મળ્યું નહીં અને એક જૂનો મોબાઈલ ફોન, એક જૂનો આઈપેડ અને મતદાર યાદી ડેટા ધરાવતી ઘણી હાર્ડ ડિસ્ક લઈ ગયા. ટીએમસીએ આ ડેટાને જાહેરમાં ઉપલબ્ધ માહિતી ગણાવી હતી. આ દરમિયાન, EDએ અખબાર-એ-મશ્રીક પ્રાઈવેટ લિમિટેડ, જે ઉર્દૂ દૈનિક અખબાર-એ-મશ્રીક પ્રકાશિત કરે છે, તેની મની લોન્ડરિંગ તપાસના ભાગ રૂપે, કોલકાતા, દિલ્હી અને રાંચીમાં સાત પરિસરમાં શોધખોળ હાથ ધરી હતી. હક કંપનીના ડિરેક્ટર છે. ઈડીના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કેસ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ નોંધવામાં આવ્યો છે અને તે બિધાનનગર પોલીસ કમિશનરેટ દ્વારા દાખલ કરાયેલી FIR અંગે છે. સોમવારે સંસદની સરકારી ખાતરી સમિતિની બેઠક માટે હક રાંચીમાં હતા ત્યારે દરોડા પાડવામાં આવ્યા હતા. ઓ'બ્રાયને જણાવ્યું હતું કે હકે બેઠક દરમિયાન આ મુદ્દો ઉઠાવ્યો હતો, અને ED પર મીડિયામાં એવી છાપ ઉભી કરવાનો આરોપ પણ લગાવ્યો હતો કે સાંસદ ગુમ છે. જ્યારે ઈડી દરોડા પાડી રહી હતી, ત્યારે નદીમુલ હક સરકારી ખાતરી સમિતિ માટે રાંચીમાં હતા. ઓ'બ્રાયને એવો પણ આરોપ લગાવ્યો હતો કે ED અધિકારીઓએ પાર્ટીના દિલ્હી કાર્યાલયમાં પ્રવેશ અંગે TMC સ્ટાફને ધમકી આપી હતી. તેમણે દાવો કર્યો હતો કે અધિકારીઓએ ચેતવણી આપી હતી કે જો ચાવીઓ આપવામાં નહીં આવે તો તેઓ તાળું તોડી નાખશે, અને ઓફિસ સ્ટાફ અસ્થાયી રૂપે વ્યક્તિગત કામ માટે પરિસર છોડી ગયો હતો. TMC નેતાએ દરોડાઓને 'બદલો લેવાનું કૃત્ય' ગણાવ્યો આરોપ લગાવ્યો હતો કે આ કાર્યવાહી દિલ્હીની ઈમારત ધરાશાયી થવા અને વિદ્યાર્થીઓના મૃત્યુથી ધ્યાન હટાવવાના પ્રયાસનો ભાગ છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે હકને મુસ્લિમ હોવાને કારણે નિશાન બનાવવામાં આવી રહ્યો છે અને દાવો કર્યો હતો કે EDની કાર્યવાહી વિપક્ષી રાજકારણીઓ અને મીડિયા બંનેને નિશાન બનાવી રહી છે. નદીમુલ પૂર્વીય ભારતનું સૌથી મોટું ઉર્દૂ અખબાર ચલાવે છે, આ તપાસ સ્વતંત્ર મીડિયા અવાજોને દબાવવાનો પ્રયાસ છે. જો કે, EDના આરોપો TMC દ્વારા કરવામાં આવેલા રાજકીય દાવાઓથી અલગ છે. એજન્સીના અધિકારીઓએ જણાવ્યું હતું કે તપાસ અખબાર સાથે સંકળાયેલી કથિત ગેરરીતિઓ અંગે છે, જેમાં સાંપ્રદાયિક વિસંગતતાને પ્રોત્સાહન આપતી સામગ્રીના પ્રકાશન અને પ્રસાર, બિનહિસાબી રોકડ વ્યવહારો અને શંકાસ્પદ સ્ત્રોતોમાંથી ભંડોળનો સમાવેશ થાય છે. એજન્સીના જણાવ્યા અનુસાર, અખબારે સરકારી જાહેરાતો મેળવવા માટે તેના પરિભ્રમણના આંકડાઓને કથિત રીતે વધારે પડતો દર્શાવ્યો હતો. ED અધિકારીઓએ એવો પણ આરોપ લગાવ્યો હતો કે તેનું મોટાભાગનું ભંડોળ પૂર્વ TMC-નેતૃત્વ હેઠળની પશ્ચિમ બંગાળ સરકાર પાસેથી એક જાહેરાત એજન્સી દ્વારા આવ્યું હતું જેનો દુબઈ સ્થિત એક સંસ્થા સાથે સંબંધ છે. TMCએ આ આરોપોને નકારી કાઢ્યા છે અને ભાજપ-નેતૃત્વ હેઠળની સરકાર અને કેન્દ્રીય તપાસ એજન્સીઓ પર રાજકીય વિરોધીઓને નિશાન બનાવવા માટે EDનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. આ ઘટનાક્રમથી TMC અને ભાજપ વચ્ચે રાજકીય મુકાબલો વધ્યો છે. ED અખબાર અને તેના નાણાકીય બાબતોની તપાસ કરે છે ત્યારે વિરોધ પક્ષ તેને રાજકીય રીતે પ્રેરિત કાર્યવાહી તરીકે પડકારવાનું વચન આપ્યું છે.

# એક આશ્ચર્યજનક પગલામાં, NIAએ અમેરિકાના ભાડૂતી સૈનિક વેનડાઈક અને અન્ય યુક્રેનિયન સામેના આતંકવાદી આરોપો રદ કર્યા

**વેનડાઈક અને છ અન્ય યુક્રેનિયન નાગરિકોની વિવિધ એરપોર્ટ પર ધરપકડ થયાના સાત મહિના પછી NIA ચાર્જશીટમાં તેઓ ભારતમાં કેવી રીતે પ્રવેશ્યા અને મ્યાનમારમાં તેમની પ્રવૃત્તિઓની વિગતો આપવામાં આવી છે**

(એજન્સી) તા.૮

NIAએ અમેરિકન ભાડૂતી મેથ્યુ એરોન વેનડાઈક અને છ યુક્રેનિયન નાગરિકો સામે તેની ચાર્જશીટમાં આતંકવાદ વિરોધી કાયદાનો ઉપયોગ કર્યો નથી, જેમની માર્ચમાં મ્યાનમારમાં ભારત વિરોધી વંશીય સશસ્ત્ર જૂથોને તાલીમ આપવાના આરોપમાં ધરપકડ કરવામાં આવી હતી. ભારતીય એજન્સીઓ દ્વારા હાથ ધરવામાં આવેલા ગુપ્ત ઓપરેશનમાં વિવિધ એરપોર્ટ પર ધરપકડ કરવામાં આવ્યા બાદ શરૂઆતમાં તેમના પર કડક ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) કાયદા હેઠળ આરોપ મૂકવામાં આવ્યો હતો. તેના બદલે હવે NIAએ વેનડાઈક અને અન્ય લોકો પર ઈમિગ્રેશન અને વિદેશી કાયદાની કલમ ૨૧ અને ૨૩ હેઠળ આરોપ મૂક્યો છે. આ કલમો ભારતમાં વિદેશીઓના પ્રવેશ, હિલચાલ અને રોકાણ સંબંધિત ઉલ્લંઘનો સાથે સંબંધિત છે. ભાડૂતી સૈનિકો સામે આતંકવાદી આરોપો પડતા મૂકવા અંગે પૂછવામાં આવતા MEAએ કોઈ કારણ આપ્યું ન હતું અને કહ્યું હતું કે, તે કાનૂની બાબત છે. NIAએ જણાવ્યું હતું કે, આ જૂથ માન્ય વિઝા પર ભારતમાં પ્રવેશ્યું હતું અને પછી મિઝોરમ ગયા. ચાર્જશીટમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે, તેઓ પછી મ્યાનમારમાં પ્રવેશ્યા હતા. ૧૩ માર્ચે કોલકાતા એરપોર્ટ પર વેનડાઈકની અટકાયત કરવામાં આવી હતી, જ્યારે યુક્રેનિયનોને દિલ્હી અને લખનૌના એરપોર્ટ પર અટકાયતમાં લેવામાં આવ્યા હતા. NIAના જાળમાં આવેલ સૌથી મહત્ત્વપૂર્ણ વેનડાઈક હતી- જે વિશ્વભરના સંઘર્ષ વિસ્તારોમાં જાણીતું નામ છે. અમેરિકાના રાજ્યનો ભાગ માનવામાં આવતા વેનડાઈક સન્સ ઓફ લિબર્ટી ઈન્ટરનેશનલ (SOLI)ના સ્થાપક છે - જે એક બિન-લાભકારી સુરક્ષા કંપની છે જે સરમુખત્યારશાહી શાસન સામે લડતા જૂથોને તાલીમ પૂરી પાડે છે. તેણે અગાઉ લિબિયા અને સીરિયામાં સશસ્ત્ર સંઘર્ષોનો ભાગ લીધો છે - આ એવા બે દેશો છે જ્યાં તેમના નેતાઓને પદ પરથી ઉથલાવી દેવામાં આવ્યા હતા. મિઝોરમથી મ્યાનમારમાં પ્રવેશ્યા પછી વેનડાઈક અને અન્ય લોકો વંશીય સશસ્ત્ર જૂથો (EAGs)ના સંપર્કમાં આવ્યા હતા. આ EAGs ૨૦૨૧ના બળવાથી મ્યાનમાર જુન્ટા સામે સશસ્ત્ર સંઘર્ષનું નેતૃત્વ કરી રહ્યા છે. NIAએ આરોપ લગાવ્યો છે કે, આ EAGs ભારતમાં કાર્યરત બળવાખોર સંગઠનો સાથે જોડાયેલા હતા. ચાર્જશીટમાં એવો પણ આરોપ લગાવવામાં આવ્યો છે કે, યુએસ ભાડૂતી અને યુક્રેનિયન નાગરિકો યુરોપથી ભારત દ્વારા મ્યાનમાર ડ્રોનનો મોટો જથ્થો લાવ્યા હતા. ગયા અઠવાડિયે NIAએ કોર્ટને જણાવ્યું હતું કે, આ જૂથ મ્યાનમારમાં એક નાગરિક વિમાન પર ડ્રોન હુમલામાં સામેલ હતું. આ વર્ષની શરૂઆતમાં મ્યાનમારના સ્થાનિક અહેવાલોમાં જણાવાયું હતું કે, એક પેસેન્જર વિમાન જ્યારે મંડલે જવાની તૈયારી કરી રહ્યું હતું ત્યારે તેને આત્મઘાતી ડ્રોન દ્વારા ટક્કર મારવામાં આવી હતી. જો કે, NIA આ ચોક્કસ હુમલાનો ઉલ્લેખ કરી રહ્યું છે કે કેમ તે સ્પષ્ટ નથી. NIAએ કહ્યું કે, તે મ્યાનમાર સ્થિત આતંકવાદી માસ્ટરમાઈન્ડ્સ સાથે જૂથના કથિત સંબંધોની પણ તપાસ કરી રહી છે. દિલ્હી કોર્ટે આ કેસને ૧ ઓક્ટોબરના રોજ સૂચિબદ્ધ કર્યો છે.

# 'બ્લ્યુ રંગમાં પરત' : વર્લ્ડકપના હોબાળા પછી હોકી ઈન્ડિયાએ એશિયન ગેમ્સ માટે કેસરી રંગની જર્સીનો નિર્ણય પાછો ખેંચ્યો

નવી દિલ્હી, તા.૮

હોકી ઈન્ડિયાએ ભારતીય હોકી ટીમોનો મુખ્ય રંગ કેસરી રંગ બનાવવાના વિવાદાસ્પદ નિર્ણયને પાછો ખેંચી લીધો છે, જેમાં પુરૂષો અને મહિલા બંને ટીમો જાપાનમાં આગામી એશિયન ગેમ્સમાં તેમની પરંપરાગત વાદળી જર્સી પર પાછા ફરવાની તૈયારીમાં છે. નેધરલેન્ડ્સ અને બેલ્જિયમમાં FIH હોકી વર્લ્ડકપમાં કેસરી રંગની કીટ ચર્ચાનો મુખ્ય મુદ્દો બન્યાના થોડા અઠવાડિયા પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે. હોકી ઈન્ડિયાએ ટુર્નામેન્ટ પહેલા તેની લાંબા સમયથી ચાલતી વાદળી જર્સીથી કેસરી રંગમાં ફેરવી દીધો હતો, જેમાં વાદળી રમતની સપાટી સામે દૃશ્યતા અંગે ટેકનિકલ ચિંતાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જો કે, આ ફેરફારથી ભારતના ઘણા પૂર્વ કેપ્ટનો તરફથી ટીકા થઈ હતી અને ફેડરેશનમાં આંતરિક વિવાદ પણ થયો હતો. હવે જેમ-જેમ ટીમો એશિયન ગેમ્સ માટે તૈયારી કરી રહી છે, તેમ-તેમ વાદળી રંગ ફરી એકવાર પ્રથમ પસંદગીનો રંગ રહેશે, કેસરી રંગને ગૌણ વિકલ્પ તરીકે જાળવી રાખવામાં આવશે. 'ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન (IOA)એ અમને કીટની પસંદગી માટે પૂછ્યું અને HIએ વાદળી રંગને પ્રથમ પસંદગી આપી છે, જેમાં ગૌણ રંગ કેસરી છે,' હોકી ઈન્ડિયાના ખજાનચી શેખર મનોહરને મંગળવારે જણાવ્યું હતું. હોકી ઈન્ડિયાએ ૨૭ જુલાઈના રોજ ફેરફારની જાહેરાત કરી હતી અને દલીલ કરી હતી કે, આ નિર્ણય ખેલાડીઓ અને કોચના પ્રતિસાદ પર આધારિત છે. ફેડરેશનના જણાવ્યા મુજબ વાદળી મેદાન સામે વાદળી જર્સી મેદાન પર દૃશ્યતાને અસર કરી શકે છે, જ્યારે પીળો અને નારંગી શક્ય વિકલ્પો તરીકે ઉભરી આવ્યા હતા. જો કે, આ પગલું ઝડપથી વિવાદાસ્પદ બન્યું. પરગત સિંહ, ધનરાજ પિલ્લે, અજિત પાલ સિંહ અને વિરેન રાસક્વિન્હા સહિત ભારતના પૂર્વ કેપ્ટનોએ ભારતીય હોકી સાથે લાંબા સમયથી સંકળાયેલા રંગથી દૂર જવાના નિર્ણય પર સવાલ ઉઠાવ્યા હતા. હોકી ઈન્ડિયાના પ્રમુખ દિલીપ તિર્કીએ આંતરિક વાતચીત દ્વારા જાહેર કર્યું કે આ ફેરફાર અંગે તેમની સાથે સલાહ લેવામાં આવી નથી ત્યારે ચર્ચા વધુ તીવ્ર બની. ટિર્કીએ સ્પષ્ટ કર્યું કે તેમનો વાંધો ફક્ત પોતાને ભગવા રંગ આપવાનો નથી પરંતુ ફેડરેશનના ચૂંટાયેલા



નેતૃત્વ અને એક્ઝિક્યુટિવ બોર્ડ સમક્ષ રજૂ કર્યા વિના નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે રીતે આ મુદ્દો રાજકીય ક્ષેત્રે પણ છવાઈ ગયો, જેમાં ઓડિશાના પૂર્વ મુખ્યમંત્રી નવીન પટનાયકે આ પગલાની ટીકા કરી અને આરોપ લગાવ્યો કે આ ફેરફાર રાજકીય રીતે પ્રેરિત છે. ભારતની વર્લ્ડકપ ઝુંબેશ ટેકનિકલ વાજબીપણાની ચર્ચાને શાંત કરવામાં બહુ ઓછી મદદ કરી. પુરૂષોની ટીમ છ મેચમાં બે જીત પછી આઠમા સ્થાને રહી, જ્યારે મહિલા ટીમે ટુર્નામેન્ટમાં ભારતનો અત્યાર સુધીનો શ્રેષ્ઠ પ્રદર્શન કર્યો, જેમાં પાંચમું સ્થાન મેળવ્યું. બ્લ્યુ ટીમમાં વાપસી બંને ટીમો માટે એક મહત્ત્વપૂર્ણ ટુર્નામેન્ટમાં આવી છે. ભારત ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક માટે ક્વોલિફાય થવા માંગે છે ત્યારે એશિયન ગેમ્સનું મહત્ત્વ વધશે. રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ બંને ટીમોના કોચ, કેપ્ટન અને હોકી ઈન્ડિયાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી અને તેમને વર્લ્ડકપ ઝુંબેશને પાછળ છોડીને ઓલિમ્પિક લાયકાત પડકાર પર ધ્યાન કેન્દ્રિત કરવા વિનંતી કરી. હરમનપ્રીત સિંહની આગેવાની હેઠળની પુરૂષ ટીમ એશિયન ગેમ્સમાં ડિફેન્ડિંગ ચેમ્પિયન તરીકે પ્રવેશ કરશે અને અભૂતપૂર્વ પાંચમા ગોલ્ડ મેડલનો પીછો કરશે. દરમિયાન મહિલા ટીમ ૨૦૨૨ આવૃત્તિમાં ત્રીજા સ્થાને રહીને એશિયન ગેમ્સના ખિતાબ માટે ૪૪ વર્ષની રાહ જોવાનો અંત લાવવાનું લક્ષ્ય રાખશે.

# નિતેશ રાણેએ નવરાત્રીના કાર્યક્રમોમાં મુસ્લિમોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવાના VHPના આહ્‌વાનને સમર્થન આપ્યું

(એજન્સી) તા.૮

મહારાષ્ટ્રના મંત્રી નિતેશ રાણેએ રાજ્યમાં નવરાત્રી ગરબા અને દાંડિયા કાર્યક્રમોમાં મુસ્લિમોને હાજરી આપવાથી રોકવાના વિશ્વ હિન્દુ પરિષદના આહ્‌વાનને સમર્થન આપ્યું છે અને આરોપ લગાવ્યો છે કે, જમણેરી જૂથો દ્વારા ધાર્મિક તહેવારો દરમિયાન 'લવ જેહાદ'ના કિસ્સાઓ વધે છે. સોમવારે PTI વીડિયોઝ સાથેની એક મુલાકાતમાં ભાજપના નેતાએ પ્રસ્તાવ મૂક્યો હતો કે, ઉત્સવોમાં પ્રવેશ મેળવવા માંગતા લોકોએ ઓળખ ચકાસણી કરાવવી જોઈએ અને હનુમાન ચાલીસાનો પાઠ કરવો જોઈએ. 'લવ જેહાદ' એ શબ્દ છે જેનો ઉપયોગ જમણેરી કાર્યકરો દ્વારા એવો આરોપ લગાવવા માટે કરવામાં આવે છે કે, મુસ્લિમ પુરૂષો હિન્દુ મહિલાઓ સાથે ધર્માંતરણના ઈરાદાથી સંબંધો બાંધે છે. આ અભિવ્યક્તિનો વિરોધ કરવામાં આવે છે અને આવા દાવાઓ વારંવાર રાજકીય અને સાંપ્રદાયિક વિવાદ પેદા કરે છે. VHPએ અગાઉ જાહેરાત કરી હતી કે, ૧૧ ઓક્ટોબરથી શરૂ થનારા આગામી નવરાત્રિ ઉત્સવ દરમિયાન મહારાષ્ટ્રમાં મુસ્લિમોને ગરબા અને દાંડિયા સ્થળોએ પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં. સંગઠને માર્ગદર્શિકા પણ જારી કરી હતી જેમાં કાર્યક્રમના આયોજકોને તેમના આધાર કાર્ડ દ્વારા સહભાગીઓની ચકાસણી કરવા અને તેમના કપાળ પર તિલક લગાવવા જણાવ્યું હતું. આ માંગણીને સમર્થન આપતા રાણેએ દલીલ કરી હતી કે, જે લોકો મૂર્તિ પૂજા કરતા નથી તેઓએ હિન્દુ ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લેવો જોઈએ નહીં. તેમણે કહ્યું કે, હાજરી આપનારાઓએ પ્રવેશ આપતા પહેલા તેમની ઓળખ જાહેર કરવી જોઈએ અને હનુમાન ચાલીસાનો પાઠ કરવો જોઈએ. મંત્રીએ આગામી ગણેશ ઉત્સવ દરમિયાન ડીજે સાઉન્ડ સિસ્ટમના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાના આહ્‌વાન અંગે કહ્યું કે, અવાજને નિયંત્રિત કરતા નિયમો ધાર્મિક સમુદાયોમાં સમાન રીતે લાગુ કરવા જોઈએ. જો ગણેશ ઉજવણી દરમિયાન ડીજે પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હોય, તો ઈદના સરઘસો પર પણ સમાન પ્રતિબંધો લાગુ થવા જોઈએ. રાણેએ આરોપ લગાવ્યો હતો કે, તાજેતરના ઈદના સરઘસો દરમિયાન મોડી રાત સુધી મોટેથી સંગીત વગાડવામાં આવતું હતું, જ્યારે હિન્દુઓએ કોર્ટના નિર્દેશો અને અવાજ નિયંત્રણ નિયમોનું પાલન કર્યું હતું. રાણેએ ઉત્તરપ્રદેશના કેટલાક ભાગોમાં કાવડ યાત્રા દરમિયાન કથિત રીતે અભદ્ર પ્રદર્શન અંગેની ટિપ્પણીઓ પર મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેની પણ ટીકા કરી હતી. તેમણે પ્રશ્ન કર્યો હતો કે, મુસ્લિમ ધર્મગુરૂઓ દ્વારા આપવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનોને સમાન ધ્યાન આપવામાં આવતું નથી ત્યારે હિન્દુ પ્રથાઓ પર ટીકા શા માટે કરવામાં આવી રહી છે. મંત્રીએ આરોપ લગાવ્યો હતો કે, હિન્દુ ધર્મ અને સનાતન ધર્મને બદનામ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રાહુલ ગાંધીના 'છાત્રોં કી ગૂંજ' વિદ્યાર્થી સંપર્ક અભિયાન અંગે રાણેએ કોંગ્રેસના નેતા પર હિન્દુ સંસ્કૃતિને બદનામ કરવા માટે મનુસ્મૃતિ અને હિન્દુ પરંપરાઓનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે, ચૂંટણીમાં મતદારો કોંગ્રેસને જવાબ આપશે. રાણેએ પૂર્વ સેલિબ્રિટી મેનેજર દિશા સલિયનના મૃત્યુ અંગે શિવસેના (UBT)ના ધારાસભ્ય આદિત્ય ઠાકરે પર નિશાન સાધ્યું હતું. તેમણે પ્રશ્ન કર્યો હતો કે, જો ઠાકરેના વકીલનો આ કેસ સાથે કોઈ સંબંધ ન હોય તો તેમણે કોર્ટ સમક્ષ હસ્તક્ષેપ અરજી કેમ કરી હતી. ૨ સપ્ટેમ્બરના રોજ બોમ્બે હાઈકોર્ટે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનને સાલિયનના મૃત્યુની તપાસ કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે મુંબઈ પોલીસની છ વર્ષ સુધી પ્રથમ માહિતી અહેવાલ નોંધવામાં નિષ્ફળ રહેવા બદલ પણ ટીકા કરી હતી અને અવલોકન કર્યું હતું કે, અગાઉની તપાસમાં જવાબો કરતાં વધુ પ્રશ્નો ઊભા થયા હતા. રાણેએ દાવો કર્યો હતો કે, આ મામલો રાજકારણ કરતાં મહિલાના કથિત સામૂહિક બળાત્કાર અને હત્યાનો છે અને કહ્યું કે, કેસના તમામ પાસાઓ હવે તપાસમાં બહાર આવશે.

**મહારાષ્ટ્રના મંત્રીએ ઓળખ ચકાસણી અને હનુમાન ચાલીસાના પાઠનો પ્રસ્તાવ મૂક્યો છે અને દરેક ધાર્મિક તહેવારોમાં ધ્વનિ પર પ્રતિબંધ સમાન ધોરણે મૂકવાની હાકલ કરી છે**

# રાજ ઠાકરેએ ગણેશ ઉત્સવ દરમિયાન સાંપ્રદાયિક તણાવ ઊભો કરવાના પ્રયાસો સામે ચેતવણી આપી

**મનસે વડાએ હિન્દુઓ અને મુસ્લિમોને સતર્ક રહેવા વિનંતી કરી, કહ્યું કે; બેરોજગારી અને આર્થિક ચિંતાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવામાં આવી રહ્યું છે**

(એજન્સી) થાણે, તા.૮

મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના વડા રાજ ઠાકરેએ ચિંતા વ્યક્ત કરી છે કે, આગામી ગણેશ ઉત્સવ દરમિયાન સાંપ્રદાયિક તણાવ ઊભો કરવાના પ્રયાસો થઈ શકે છે, તેમણે હિન્દુઓ અને મુસ્લિમો બંનેને સતર્ક રહેવા અને પોતાને સંઘર્ષમાં ન આવવા દેવા વિનંતી કરી છે. રવિવારે અહીં પાર્ટીના પદાધિકારીઓની બેઠકને સંબોધતા ઠાકરેએ કહ્યું કે, ૧૪ સપ્ટેમ્બરથી શરૂ થતા ગણેશ ઉત્સવ સમયગાળા દરમિયાન મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં ધાર્મિક તણાવ અથવા રમખાણો જાણી જોઈને ભડકાવવામાં આવી શકે છે. તેમણે કહ્યું કે, મુંબઈમાં તાજેતરમાં નોંધાયેલી નાની ઘટનાઓ આવા પ્રયાસોનો પ્રારંભિક સંકેત હોઈ શકે છે. ઠાકરેએ આરોપ લગાવ્યો કે, રાજ્ય અને દેશ સામેના મુખ્ય મુદ્દાઓ પરથી લોકોનું ધ્યાન હટાવવામાં આવી રહ્યું છે. બેરોજગારી ચિંતાજનક સ્તરે પહોંચી ગઈ છે અને અર્થતંત્ર નબળું પડી રહ્યું છે. GDPમાં સુધારાના દાવા છતાં લોકોને સોનું ન ખરીદવા અથવા વિદેશ પ્રવાસ ન કરવા કહેવામાં આવી રહ્યું છે. શાળાઓ અને કોલેજોની બહાર ડ્રગ્સનું નેટવર્ક ફેલાઈ રહ્યું છે, તેમણે કહ્યું. મુખ્ય પ્રવાહના મીડિયાના કેટલાક ભાગોની ટીકા કરતા તેમણે દાવો કર્યો કે, આમાંના ઘણા મુદ્દાઓને પૂરતું કવરેજ મળી રહ્યું નથી, જે લોકોને માહિતી માટે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ તરફ દોરી રહ્યું છે. પેપર લીક વિવાદનો ઉલ્લેખ કરતા ઠાકરેએ કહ્યું કે, જનરલ ઝેડના સભ્યો પહેલાથી જ આ મુદ્દા પર રસ્તા પર ઉતરી ચૂક્યા છે અને સૂચન કર્યું કે વ્યાપક જાહેર વિરોધ થઈ શકે છે. તેમણે આરોપ લગાવ્યો કે વિવિધ સમુદાયોના યુવાનો એકબીજા સાથે સંઘર્ષમાં ફસાઈ રહ્યા છે જ્યારે વધુ મહત્ત્વપૂર્ણ સામાજિક અને આર્થિક ચિંતાઓનો ઉકેલ આવ્યો નથી. મનસે નેતાએ એવો પણ દાવો કર્યો હતો કે, મુંબઈ અને પુણેમાં કિંમતી જમીન, જેમાં મોટા વિકાસ પ્રોજેક્ટ્સ અને વન વિભાગની મિલકતો સાથે જોડાયેલી જમીનનો સમાવેશ થાય છે, ખાનગી હિતોને સોંપવામાં આવી રહી છે જ્યારે જાહેર ધ્યાન ધાર્મિક અને રાજકીય વિવાદો પર કેન્દ્રિત રહ્યું છે. બુદ્ધિશાળી હિન્દુઓ અને બુદ્ધિશાળી મુસ્લિમોએ જાગૃત અને સતર્ક રહેવું જોઈએ જેથી કોઈ તેમના નામે વિભાજન ન કરી શકે, રમખાણો ઉશ્કેરી ન શકે અને નિર્દોષ લોકોના જીવ જોખમમાં ન મૂકી શકે, એમ તેમણે કહ્યું. ઠાકરેએ પોતાના ભાષણ દરમિયાન પુણેની એક કોલેજમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફોટાને દૂર કરવાના વિવાદ પર પણ ટિપ્પણી કરી. ૩૧ ઓગસ્ટના રોજ સંસ્થામાં એક પ્રદર્શનમાંથી પ્રધાનમંત્રીનો ફોટો હટાવતી વખતે મનસે નેતા અમિત ઠાકરે હાજર હતા ત્યારે આ મુદ્દો ઊભો થયો હતો. કોલેજ વહીવટીતંત્રની ફરિયાદ બાદ અમિત ઠાકરે અને ૨૦ અન્ય લોકો સામે FIR નોંધવામાં આવી હતી. કોલેજે પાછળથી ફોટોગ્રાફ ફરીથી સ્થાપિત કર્યો હતો. છ દિવસ પછી રાજ ઠાકરેએ આ કાર્યવાહીનો બચાવ કર્યો અને કહ્યું કે, જ્યારે પ્રધાનમંત્રીનો ફોટો સરકારી કચેરીઓમાં પ્રદર્શિત કરી શકાય છે, ત્યારે તેને છત્રપતિ શિવાજી મહારાજ, ડૉ.બી.આર. આંબેડકર અને મહાત્મા જ્યોતિબા ફુલેના ચિત્રો સાથે ન લગાવવો જોઈએ. 'વડાપ્રધાન મોદીનો ફોટો સરકારી કચેરીઓમાં પ્રદર્શિત થવો જોઈએ પરંતુ અલગ દીવાલ પર. છત્રપતિ શિવાજી મહારાજ, ડૉ.બાબાસાહેબ આંબેડકર અને મહાત્મા જ્યોતિબા ફુલેને બીજા કોઈની સાથે એક જ લાઈનમાં મૂકી શકાય નહીં,' તેમણે કહ્યું. ઠાકરેએ તેમના સંબોધન દરમિયાન પ્રધાનમંત્રી મોદી અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની પણ ટીકા કરી હતી, જ્યારે ગણેશ ઉત્સવની મોસમ પહેલા સાંપ્રદાયિક સૌહાર્દ અને જાહેર તકેદારી માટેના તેમના આહ્‌વાનનો પુનરાવર્તન કર્યો હતો.

### નવસારી ખાતે જાહેરસભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી

# સમાજ હંમેશા સેવાના ઋણને આશીર્વાદરૂપે ચૂકવે છે, તેમાંથી નવા સેવા કાર્યોની પ્રેરણા મળે છે

## સૌરાષ્ટ્રવાસીઓ અહીં ઘણાં છે, માવા આવ્યા છે કે નહિ ? પિચકારી મારવા પર ટકોર કરતા તમાકુમુક્ત બનવા મોદીનું આહ્વાન

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરાનો કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ નવસારીની મુલાકાત લીધી હતી. અહીં તેમણે નેશનલ હાઈવે ગ્રીડ નજીક ભારતીય જનતા પાર્ટીના દેશના સૌપ્રથમ AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) આધારિત અત્યાધુનિક કાર્યાલય 'નમો કમલમ'નું લોકાર્પણ કર્યું હતું. આ ઐતિહાસિક કાર્યક્રમમાં દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર જિલ્લામાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યક્રમ સ્થળે ૫૦૦૦થી વધુ આગેવાનો અને કાર્યકરો પ્રત્યક્ષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા, જ્યારે સમગ્ર જિલ્લામાં ૪૦૦૦ સ્ક્રીન મારફતે ૧.૧૫ લાખ લોકો આ ક્ષણના સાક્ષી બન્યા હતા. પોતાના સંબોધનમાં વડાપ્રધાને નવસારીમાં વસતા સૌરાષ્ટ્રના લોકોની પાન-મસાલા અને માવા ખાવાની કુટેવ પર કટાક્ષ કરતા માર્મિક ટકોર કરી હતી. તેમણે કહ્યું કે, "અહીં સૌરાષ્ટ્રના ઘણા ભાઈઓ રહે છે, તેમણે નવસારીને માવાની ટેવ આપી છે કે નહીં તે મને ખબર નથી, પરંતુ કેટલાક લોકો 'ભારત માતા કી જય' બોલે છે અને તરત જ પિચકારી મારે છે." પીએમ મોદીએ કેન્સરના નિષ્ણાત તબીબોની ચિંતાનો ઉલ્લેખ કરતા લોકોને માવા અને તમાકુથી મુક્તિ મેળવવા હાકલ કરી હતી. નોંધનીય છે કે, ગુજરાતમાં તમાકુ, ગુટખા અને માવાના વધુ પડતા સેવનને કારણે મોઢાના અને ગળાના કેન્સરના કેસો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. મોઢું ન ખૂલવું (OSMF) અને લ્યુકોપ્લેકિયા જેવા કેન્સર પૂર્વેના લક્ષણો યુવાનોમાં પણ જોવા મળી રહ્યા છે, ત્યારે વડાપ્રધાનની આ સ્વાસ્થ્યલક્ષી અપીલ અત્યંત સૂચક છે. આ ઉપરાંત, પીએમ મોદીએ સરકારની લોકકલ્યાણકારી નીતિઓનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, અગાઉ લારીવાળાઓ ભારે વ્યાજના બોજ હેઠળ દબાયેલા હતા, પરંતુ ભાજપ સરકારે તેમની સાચી ચિંતા કરી છે. તેમણે કહ્યું કે, ભાજપે આપણને સેવાના સંસ્કાર આપ્યા છે; આપણા માટે સમાજ સર્વોપરી છે અને જનતા જનાર્દન એ જ ભગવાનનું સ્વરૂપ છે. વડાપ્રધાને સ્વચ્છતાને માત્ર એક ઝૂંબેશ ન રાખતા તેને ઉત્સવ અને રોજિંદા સંસ્કાર બનાવવા પર વિશેષ ભાર મૂક્યો હતો. આરોગ્ય ક્ષેત્રે વાત કરતા તેમણે જણાવ્યું કે, જિલ્લાને કુપોષણ મુક્ત બનાવવો એ દરેક માતાના આશીર્વાદ મેળવવા સમાન છે. વધુમાં તેમણે ઉમેર્યું કે, આધુનિક સારવારના કારણે હવે ૬ મહિનામાં ટીબી (TB) જેવા ગંભીર રોગમાંથી પણ સંપૂર્ણપણે મુક્તિ મેળવી શકાય છે.



લારીવાળાઓને ભારે વ્યાજના બોજમાંથી બહાર લાવવા ભાજપ સરકારે ચિંતા કરી છે : મોદી

નવસારીના વિકાસમાં કાર્યકરોના અથાગ પરિશ્રમની પ્રશંસા કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, અહીંના લોકોએ ભાજપને ખોબલે ખોબલે મત આપીને જંગી લીડથી જિતાડીને આખા હિન્દુસ્તાનમાં એક મોટો રેકોર્ડ બનાવ્યો છે. સંગઠન અને વ્યવસ્થા બંને માત્ર ને માત્ર સેવા માટે જ સમર્પિત છે. કાર્યક્રમમાં ઘણા જૂના જોગીઓ (કાર્યકરો)ના દર્શન કરવાનો અને તેમને મળવાનો અવસર મળ્યો તેનો આનંદ વ્યક્ત કરતા તેમણે કહ્યું કે, જનતા દ્વારા આવતું પરિવર્તન હંમેશા સ્થાયી હોય છે અને કાર્યકર્તાઓની નિસ્વાર્થ તપસ્યાના કારણે જ આજે પાર્ટીને જનતાના આશીર્વાદ પ્રાપ્ત થઈ રહ્યા છે. તેમણે વધુમાં ભાજપ કાર્યકરો માટે સત્તા, પદ અને પ્રતિષ્ઠા જનતાની સેવા માટે છે, એમ જણાવતા ઉમેર્યું કે, કાર્યકર્તાઓના પરિશ્રમ અને સેવાના કારણે દેશભરમાં ભાજપને લોકોનો પ્રેમ અને આશીર્વાદ મળે છે. ભાજપ કાર્યાલયને દુઃખિયારાઓનો આશરો અને અન્યાય સામે આશાનું કિરણ બનાવવાની તેમણે હાકલ કરી હતી. મુખ્યમંત્રી તરીકેના શરૂઆતના દિવસોમાં ૪૪ ડિગ્રી ગરમીમાં કન્યા કેળવણી માટે કરેલા પ્રયાસોને પીએમ મોદીએ યાદ કર્યા. દીકરીઓને ભણાવવા માટે તેઓ તેમના માતા-પિતાને સમજાવતા અને આ કામને પોતાની જવાબદારી માનતા હોવાનું કહ્યું. વડાપ્રધાન હેલિપેડ પર ઉતર્યા ત્યારે તેમનું ભવ્ય અને પરંપરાગત શૈલીમાં સ્વાગત કરાયું હતું. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ ૧૧૦૦ બહેનો માથે કળશ મૂકીને તેમના આગમનને વધાવ્યું. ૫૦૦ જેટલા પુરુષોએ વિશેષ ડમરુ વાદન કરીને સમગ્ર વાતાવરણને શિવમય બનાવ્યું. આ સિવાય ૩૦ બહેનોએ ઢોલ-ત્રાંસાના તાલ સાથે પરંપરાગત વાદ્યો વગાડીને વાતાવરણ ગજવી નાખ્યું. વડાપ્રધાન 'નમો કમલમ' પરિસરની મુલાકાત લઈને વિગતવાર સમીક્ષા કરી. તેમણે મુખ્ય કાર્યાલય, અદ્યતન મીડિયા સેન્ટર અને ડિજિટલ કોલ સેન્ટરની કાર્યપ્રણાલીનું નિરીક્ષણ કર્યું. આ ઉપરાંત આધુનિક લાઈબ્રેરી તેમજ સાંસદ અને ધારાસભ્ય માટે બનાવાયેલી ખાસ કેબિનની મુલાકાત લીધી. આ સાથે જ તેમણે પંડિત દીનદયાળ મીટિંગ હોલ, તથા અટલ સભાખંડ વગેરેનું પણ નિરીક્ષણ કર્યું.ત્યારબાદ વડાપ્રધાન મોદી સભાસ્થળે પહોંચ્યા હતા, જ્યાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી સી. આર. પાટીલ, ઉપમુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માસહિતના મહાનુભાવોએ તેમનું સ્વાગત કર્યું હતું.

### યુવાઓ સાથે સંવાદમાં લોકપ્રિય 'મિમ કલ્ચર'નો મોદીએ ઉપયોગ કરતા હાસ્યભર માહોલ

# વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોંગ્સ-ટ્યુન સાથે રેમ્પ પર ચાલી યુવાઓનું ઝીલ્યું અભિવાદન

## Gen-z વડાપ્રધાન પર ઓળઘોળ, "મોદીજી સ્માઈલ પ્લીઝ" જેવા મેસેજ ડિસ્પ્લે કર્યા



(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૮

વડોદરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાઓ સાથે સીધો અને જીવંત સંવાદ સ્થાપિત થાય તેવો માહોલ સર્જ્યો હતો. મંડપની વચ્ચે તૈયાર કરવામાં આવેલા વિશેષ રેમ્પ પરથી વડાપ્રધાને યુવાઓ વચ્ચે ચાલીને તેમની સાથે આત્મીયતા વ્યક્ત કરી હતી. કાર્યક્રમ થકી જેન-ઝીને આકર્ષવા તમામ પ્રયાસો કરાયા હતા. વડાપ્રધાનના રેમ્પ પર ધુરંધર ફિલ્મના ગીત પર આગમન સાથે જ યુવાનોએ હર્ષનાદ અને ઉલ્લાસભેર વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું. આ લાગણી અને ઊર્જાનો વડાપ્રધાને પણ સહજતાથી સ્વીકાર કરી, સમગ્ર વાતાવરણને વધુ જીવંત બનાવ્યું હતું. તેમના આગમનને ટ્રેડિંગ સોંગ્ઝ અને ટ્યુન સાથે વધાવવામાં આવતા યુવાઓ ઝૂમી ઉઠ્યા હતા. યંગ જનરેશન સાથેના સંવાદ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજના યુવા વર્ગમાં લોકપ્રિય બનેલી 'મિમ કલ્ચર'ની ભાષાશૈલીનો પણ અસરકારક ઉપયોગ કર્યો હતો. ગંભીર અને મહત્ત્વપૂર્ણ મુદ્દાઓને સરળ, રમૂજી તથા યુવાનોને સ્પર્શે તેવી શૈલીમાં રજૂ કરતાં તેમણે યુવાનોને હસાવ્યા પણ હતા અને પોતાની વાત પણ સચોટ રીતે પહોંચાડી હતી. કેટલાક યુવાનોએ કલા પ્રદર્શિત કરતા વડાપ્રધાને ચાલુ ભાષણ દરમિયાન જ એ કૃતિઓનો સ્વીકાર કરી પોતાની પાસે મંગાવી હતી. સમગ્ર કાર્યક્રમનું પ્રસારણ જાણે કોઈ સ્પોર્ટ્સ ઈવેન્ટનું જીવંત પ્રસારણ થઈ રહ્યું હોય તેવી શૈલીમાં કરવામાં આવ્યું હતું. મંચ પર ચાલી રહેલી પ્રવૃત્તિઓની સાથે યુવાનોની પ્રતિક્રિયાઓ અને લાગણીઓને પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યું હતું. વડાપ્રધાનના સંબોધન દરમિયાન વિશાળ સ્ક્રીન પર યુવાનોની લાગણીઓ અને પ્રતિભાવો પણ સતત પ્રદર્શિત થતા રહ્યા હતા. અનેક યુવાનો ચારથી પાંચ મોબાઈલ ફોનને એકસાથે જોડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રત્યેના પોતાના વિચારો અને લાગણીઓ વ્યક્ત કરતા જોવા મળ્યા હતા. ટેક્નોલોજી સાથે યુવા અભિવ્યક્તિના આ સમન્વયે કાર્યક્રમને ડિજિટલ યુગની નવીન જીવંત સંવાદશૈલી સાથે જોડ્યો હતો. જેમાં એક તરફ વડાપ્રધાનનું સંબોધન હતું, તો બીજી તરફ યુવાનોની ભાષા, ટેક્નોલોજી, ડિજિટલ કન્ટેન્ટ અને જીવંત પ્રસ્તુતિ દ્વારા કાર્યક્રમને તેમની સાથે વધુ સુસંગત બનાવવામાં આવ્યો હતો. આ દરમિયાન મોદી ફેન્સ વિવિધ પ્રકારના પોસ્ટર્સલઈને આવ્યા હતા. જેમાં "મોદીજી સ્માઈલ પ્લીઝ... મોટિવેશન મિલ જાયેગા... અને આપકા ઓરા હી અલગ હૈ..." જેવા વાક્યો લખેલા હતા. મોબાઈલમાં હાર્ટના સિમ્બોલ સાથે મોદીજી લખીને મેસેજ ડિસ્પ્લે કર્યા હતા.

### JNPTથી દિલ્હી-NCR સુધી માલગાડી કનેક્ટિવિટી ઝડપી બનશે

# વડાપ્રધાન મોદીએ વડોદરાથી WDFCના અંતિમ ત્રણ સેક્શનનું લોકાર્પણ કર્યું

## ગુજરાત સરકારના રૂા.૨,૬૦૦ કરોડના પ્રોજેક્ટ્સને પણ મંજૂરી, રૂા.૧,૭૮૦ કરોડના રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રોજેક્ટ્સ,ચાર માલગાડીઓને લીલી ઝંડી



(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વડોદરામાં રિમોટ માધ્યમથી રૂા.૩૫ હજાર કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ, ખાતમુહૂર્ત અને રાષ્ટ્રને સમર્પણ કર્યું હતું. રેલવે, માર્ગ, પાણી, આવાસ અને ઊર્જા ક્ષેત્રના વિવિધ પ્રોજેક્ટ્સને કારણે ગુજરાત સહિત દેશના માળખાકીય વિકાસને વધુ વેગ મળવાની શક્યતા છે. વડાપ્રધાને વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોરના ૩૨૬ રૂટ કિલોમીટરને આવરી લેતા અને રૂા.૨૦,૭૦૦ કરોડથી વધુના ખર્ચે વિકસાવવામાં આવેલા ત્રણ મહત્વપૂર્ણ વિભાગો રાષ્ટ્રને સમર્પિત કર્યા હતા. તેમાં ન્યૂ સાણંદ (ઉત્તર)-ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ-ન્યૂ સફાળે અને ન્યૂ સફાળે-ન્યૂ જેએનપીટી વિભાગનો સમાવેશ થાય છે. વડાપ્રધાને ન્યૂ સાણંદ (ઉત્તર), ન્યૂ મકરપુરા, ન્યૂ ઉમરગામ અને ન્યૂ જેએનપીટીથી માલગાડી સેવાઓને લીલી ઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ ઉપરાંત ટાંડા રોડ અને વડોદરા-પ્રતાપનગર વચ્ચે નવી મુસાફર ટ્રેન સેવાનો પણ પ્રારંભ કરાવવામાં આવ્યો હતો.છોટા ઉદેપુર-ધાર રેલવે પ્રોજેક્ટના ભાગરૂપે વિકસાવવામાં આવેલી જોબટ-ટાંડા રોડ નવી રેલવે લાઇન પણ રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવી હતી. વડાપ્રધાને કુલ ૩૨૯ કિલોમીટરમાં ફેલાયેલા અને રૂા.૯,૭૦૦ કરોડથી વધુના ખર્ચના ત્રણ રેલવે પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કર્યું હતું. વડોદરા-રતલામ ત્રીજી અને ચોથી રેલવે લાઇન, મિયાગામ કરજણ-ચોરંડા-માલસર ગેજ રૂપાંતરણ, વિશ્વામિત્રી-ડભોઈ રેલવે લાઇનનું દ્વિમીકરણ પ્રોજેક્ટનો સમાવેશ થાય છે. વડાપ્રધાને આશરે રૂા.૧,૭૮૦ કરોડના ત્રણ રાષ્ટ્રીય રાજમાર્ગ પ્રોજેક્ટ્સનું પણ ખાતમુહૂર્ત કર્યું હતું. વડાપ્રધાને ગુજરાત સરકારના આશરે રૂા.૨,૬૦૦ કરોડના વિવિધ વિકાસકાર્યોનું પણ ખાતમુહૂર્ત અને ઉદ્ઘાટન કર્યું હતું. તેમાં વડોદરા અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીના રિંગ રોડ ફેઝ-૨, કડાણા ડેમ ખાતે ૧૧૦ મેગાવોટનો તરતો સૌર ઊર્જા પ્રોજેક્ટ અને વડોદરા મહાનગરપાલિકાની નવી કચેરીના નિર્માણ સહિતના પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. આ ઉપરાંત પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળના આવાસ પ્રોજેક્ટ્સ તેમજ પૂર્વ વડોદરાના ૧૧ ગામો માટેની પાણી પુરવઠા યોજના સહિતના પ્રોજેક્ટ્સનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

### વડોદરાથી મુંબઈની મુસાફરી માત્ર ૧.૫ કલાકમાં થશે : કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવ

વડોદરામાં આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંગે મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. રેલવે મંત્રીએ જણાવ્યું કે બુલેટ ટ્રેનનું કામ પૂરઝડપે ચાલી રહ્યું છે અને સુરતથી વાપી વચ્ચેનો સેક્શન આ વર્ષે ડિસેમ્બર સુધીમાં સંપૂર્ણપણે તૈયાર થઈ જશે. નિર્માણ કાર્ય પૂર્ણ થયા બાદ આ ટ્રેક પર ૩ મહિના સુધી સુરક્ષા અને ગતિના ટ્રાયલ્સ યોજાશે, ત્યારબાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે બુલેટ ટ્રેનનું ઔપચારિક ઉદ્ઘાટન કરવામાં આવશે. અશ્વિની વૈષ્ણવે વડોદરાવાસીઓને ખાતરી આપી હતી કે જ્યારે બુલેટ ટ્રેન દોડશે ત્યારે વડોદરાથી મુંબઈનું અંતર માત્ર દોઢ કલાકમાં કાપી શકાશે.

### વડોદરાની જનતાએ સ્વછતા અને વૃક્ષારોપણથી સ્વાગતનો સંદેશ આપ્યો : મુખ્યમંત્રી

વડોદરામાં યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં થયેલા વિકાસ કાર્યોનો ઉલ્લેખ કરી સરકારની કામગીરી ગણાવી હતી. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે વડોદરાવાસીઓએ સ્વચ્છતા અને વૃક્ષારોપણ કરીને વડાપ્રધાનના સ્વાગતનો સંદેશ આપ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારતની શક્તિનો વિશ્વને પરિચય થયો છે. દેશ અને ગુજરાતમાં રેલવે, રસ્તા, રમતગમત સહિતની માળખાકીય સુવિધાઓમાં ઝડપી વિકાસ થયો છે. જે વિઝનને એક સમયે અશક્ય માનવામાં આવતું હતું, તેને વડાપ્રધાને શક્ય કરી બતાવ્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે રેલવે અને માર્ગોના વિસ્તરણથી કૃષિ અને ઔદ્યોગિક ક્ષેત્રે અવરજવર વધુ સરળ બનશે. ખેડૂતો તેમજ ઉદ્યોગોને પરિવહનની વધુ સારી સુવિધા મળવાથી વિકાસને વેગ મળશે. મુખ્યમંત્રીએ સરકારની આવાસ યોજનાઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે જરૂરિયાતમંદ પરિવારો માટે પાકા મકાનો બનાવવામાં આવ્યા છે, જ્યારે વિવિધ યોજનાઓના માધ્યમથી લોકોને શુદ્ધ પીવાનું પાણી પહોંચાડવામાં આવ્યું છે.

### SD PAY અને અપના પે નામની મોબાઈલ એપ્લિકેશન દ્વારા રોકાણ પર ઊંચા વળતરની લાલચ અપાઈ હતી

# ગુજરાતમાં અત્યાર સુધીના સૌથી મોટા રૂા.૬૩૫ કરોડના સાયબર કૌભાંડનો કરાયો પર્દાફાશ

**● રાજ્યમાં ૧.૫૦ લાખ લોકો લૂંટાયા : ૭ આરોપીની કરાઇ ધરપકડ ● તપાસ માટે SITની રચના : ૮૩ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો**

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

અમરેલી પોલીસે ગુજરાતના સૌથી મોટા કરોડો રૂપિયાના ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. SD Pay અને અપના પે નામની મોબાઈલ એપ્લિકેશન દ્વારા રોકાણ પર દૈનિક ઊંચા વળતરની લાલચ આપીને આ સાયબર કૌભાંડ આચરવામાં આવ્યું હતું. આ કૌભાંડમાં ગુજરાતના લાખો રોકાણકારો સાથે ૬૩૫ કરોડ રૂપિયાની ઠગાઈ થઈ છે અને પોલીસે ૬ આરોપીઓની ધરપકડ કરી છે. આ કરોડોના કૌભાંડને આચરવા માટે આરોપીઓએ એસ.ડી. હબ, શિવ ધરતી કોમ્યુનિકેશન અને ઉપાય ડીજી જેવી કુલ ૭ બોગસ કંપનીઓ ઊભી કરી હતી. આ કંપનીઓના અલગ-અલગ ૧૫ બેંક ખાતાઓમાં ૬૩૫ કરોડ રૂપિયાથી વધુ રકમના ટ્રાન્ઝેક્શન અને જમા રકમ મળી આવી છે. આ મામલે IPS જયવીર ગઢવીના નેતૃત્વ હેઠળ SITની રચના કરવામાં આવી છે અને તપાસ શરૂ કરાઈ છે. આ સાયબર કૌભાંડના તાર ગુજરાત રાજ્યમાં ચારે તરફ ફેલાયેલા છે. ગાંધીનગર, અમદાવાદ, મહેસાણા, સુરત સહિતના મહાનગરોમાં સૌથી વધુ નાના રોકાણકારો આ ઠગાઈનો ભોગ બન્યા છે. આરોપીઓએ SD Pay એપ્લિકેશન બનાવીને પ્લે સ્ટોર પર મૂકી હતી, જેના કારણે ૧૦ લાખથી વધુ ડાઉનલોડ અને યુઝર્સ હોવાનું સામે આવ્યું છે. પકડાયેલા આરોપીઓએ પોતાના રેફરન્સથી લગભગ પોણા બે લાખ લોકોને આ નેટવર્કમાં જોડ્યા હતા. આ સિવાય, NCCAP પોર્ટલ પર પણ આ કંપનીઓના ખાતાઓ વિરૂદ્ધ દેશભરમાંથી ૮૩ જેટલી સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાઈ ચૂકી છે. SD Pay એપમાં ૧,૦૦૦ રૂપિયાથી ૨૫,૦૦૦ રૂપિયા સુધીના રોકાણ પર દૈનિક ૦.૧૫ ટકા, ૨૫,૦૦૦ રૂપિયાથી ૧ લાખ રૂપિયા સુધી ૦.૨૦ ટકા, ૧ લાખ રૂપિયાથી ૫ લાખ રૂપિયા સુધી ૦.૨૫ ટકા અને ૫ લાખ રૂપિયાથી વધુના રોકાણ પર દૈનિક ૦.૩૦ ટકા કેશબેક આપવાની લાલચ આપવામાં આવતી હતી. આ ઉપરાંત, એપમાં બિલ પેમેન્ટ, મોબાઈલ રિચાર્જ સહિતની સુવિધાઓ સાથે રેફરલ સિસ્ટમ પણ હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પોલીસનો દાવો છે કે, તેમાં અલગ-અલગ લેયર મારફતે કેશબેક બોનસ આપવાની લાલચથી વધુ લોકોને જોડવામાં આવતા હતા.

આ મામલે ધરપકડ કરાયેલા ૬ આરોપીઓમાં આશિષભાઈ છગનભાઈ ગેડીયા (સુરત), ભાવેશભાઈ ધીરૂભાઈ ચૌહાણ (સુરત), નિશિ સત્યનારાયણ પ્રસાદ (મહેસાણા), સોહિલભાઈ જીતેન્દ્રકુમાર મકવાણા (મહેસાણા), નિવરકુમાર અરવિંદભાઈ પટેલ (મહેસાણા) અને સૂર્યસિંહ જગતસિંહ રાઠોડનો સમાવેશ થાય છે. આ તમામ આરોપીઓ મહાનગરોના રહેવાસી છે. ઓનલાઈન એપ્લિકેશન અને મોહક વચનો આપીને લોકો પાસેથી કરોડો રૂપિયાનું રોકાણ કરાવવાના એક મોટા કૌભાંડનો ખુલાસો થતાં પોલીસ તંત્ર હરકતમાં આવ્યું છે. આ કેસમાં તપાસ કરી રહેલી જિલ્લા પોલીસે મુખ્ય આરોપીઓ ધવલ પટેલ, હિરેન શાહ અને નરેન્દ્રસિંહ સોલંકી તથા તેમની સાથે જોડાયેલા નેટવર્ક સામે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. પોલીસ અધિકારીએ પત્રકાર પરિષદમાં માહિતી આપતા જણાવ્યું હતું કે, આ ઠગાઈમાં વપરાયેલી ઓનલાઈન એપ્લિકેશન્સ અને તેના દ્વારા થતા વ્યવહારો તાત્કાલિક અસરથી બંધ કરાવવા માટે સંબંધિત કંપનીઓને જિલ્લા પોલીસ તરફથી રિપોર્ટ મોકલી દેવામાં આવ્યો છે. તપાસ દરમિયાન પોલીસને આ એપ્લિકેશનમાં નામ અને મોબાઈલ નંબર સાથે રજિસ્ટર થયેલા આશરે સાડા ત્રણ લાખ (૩.૫ લાખ) લોકોનો ડેટા પ્રાપ્ત થયો છે. પોલીસના અંદાજ મુજબ, જો આમાંથી ૨૦થી ૫૦ ટકા લોકોએ પણ મિનિમમ ૧,૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હોય, તો પણ રોકાણનો આંકડો ખૂબ મોટો થઈ જાય છે. અત્યારસુધીની પ્રાથમિક વિશ્લેષણ અનુસાર, જિલ્લા પોલીસ પાસે આશરે ૬૫ કરોડ રૂપિયાના રોકાણનો આંકડો સામે આવ્યો છે.

### જૂનાગઢમાં જૈન સમાજના વાયરલ પોસ્ટરે વિવાદ સર્જ્યો

# કૃષ્ણ ભગવાનને જૈન સાધુ દ્વારા આશીર્વાદ આપતા દર્શાવાતા હિન્દુ સમાજમાં રોષ

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૮

તાજેતરમાં જન્માષ્ટમી તહેવાર ઉપર જૈન સંપ્રદાયના જૈન મુનિ દ્વારા ભગવાન શ્રીકૃષ્ણને આશીર્વાદ આપતા પોસ્ટરો અને ભાવવંદના કાર્યક્રમ આપી જૈન મુનિ કૃષ્ણ ભગવાનને આશીર્વાદ આપતા હોય એ પ્રકારનીપોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ થતા સનાતન અને સંતોમાં ભારે નારાજગી અને આક્રોશ જોવા મળે છે અને તેનો જબ્બર વિરોધ કરવામાં આવી રહ્યો છે. જૈન સમાજ દ્વારા ચોક્કસ રીતે ટાર્ગેટ બનાવી અને અવાર નવાર ગતકડા ઉભા કરે છે. ત્યારે આવું કરનારાઓ સામે કડક પગલા ભરવાની માંગણી પણ ઉઠવા પામી છે. જૈન મુનિએ જે પોસ્ટ મુકી છે સોશિયલ મીડિયામાં તેમાં ભગવાન કૃષ્ણને જૈન મુનીનાં આર્શિવાદ લેતા હોય તેવું દર્શાવ્યું છે. જેને લઈને સંતો તેમજ હિન્દુ સમાજમાં પણ ભારે રોષની લાગણી ઉઠવા પામી છે. દરમ્યાન મહામંડલેશ્વર સુખરામ બાપુએ આ બાબતે ભારે નારાજગી વ્યક્ત જણાવ્યું છે કે, જૈન સમાજ છાસવારે હિન્દુ દેવી-દેવતાઓને અપમાનિત કરવા આવા ગતકડાઓ કરી રહ્યા છે જે નીંદનીય છે. આ બાબતે આ પોસ્ટ જેણે પણ રિલીઝ કરી છે એની સામે સખતમાં સખત પગલા ભરવા તંત્ર અને સરકાર પાસે સુખરામ બાપુએ માંગણી કરેલી છે.

# ગુજરાત હાઈકોર્ટે બળાત્કાર કેસના દોષિત આસારામની અસ્થાયી જામીન અરજી ફગાવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૮

ગુજરાત હાઈકોર્ટે ૨૦૧૩ના બળાત્કાર કેસમાં ગાંધીનગર કોર્ટ દ્વારા આજીવન કેદની સજા પામેલા આસારામની અસ્થાયી જામીનની અરજી મંગળવારે ફગાવી દીધી છે. જસ્ટિસ ગીતા ગોપી અને જસ્ટિસ એલ. એસ. પીરઝાદાની ખંડપીઠે આ સુનાવણી હાથ ધરી હતી.



આસારામના વરિષ્ઠ વકીલે રાજસ્થાન હાઈકોર્ટના ગત મહિનાના આદેશનો હવાલો આપીને અન્ય બળાત્કાર કેસમાં ૨૦ દિવસના પેરોલ મંજૂર થયા હોવાનું જણાવી ગુજરાતમાં ૨૦ દિવસના અસ્થાયી જામીન માટે અપીલ કરી હતી. જોકે, રાજ્ય સરકારના વકીલે આનો સખત વિરોધ કરતા જણાવ્યું હતું કે, અરજદારે વિવેકાધીન સત્તાનો ઉપયોગ કરવા માટે કોઈ સ્વતંત્ર આધાર રજૂ કર્યો નથી અને માત્ર અન્ય કોર્ટના આદેશ પર આધાર રાખી શકાય નહીં. સુનાવણી દરમિયાન હાઈકોર્ટે સુપ્રીમ કોર્ટના તાજેતરના આદેશ અને એઈમ્સ જોધપુરના તબીબી અહેવાલની નોંધ લીધી હતી. અદાલતે અવલોકન કર્યું હતું કે, સુપ્રીમ કોર્ટે અગાઉના આદેશમાં અરજદારની તબિયત બગડે તો સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાની સ્વતંત્રતા આપી છે. આથી, હાલના તબક્કે આ અરજી પર વિચાર કરવાનું કોઈ યોગ્ય કારણ જણાતું નથી તેમ જણાવી હાઈકોર્ટે આસારામની અસ્થાયી જામીન અરજી રદ કરી દીધી હતી.



● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com